

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું માસિક • ૧૦, ઓક્ટોબર–નવેમ્બર ૨૦૨૨ (સંયુક્ત અંક) | ₹ ૭૫
વિશ્વકર્મા વિશ્વ
દીપોત્સવી
વિશેષાંક-૨૦૨૨

### તૃતીય વાર્ષિક પુણ્યતિથીએ

# ભાવભીની હૃદયાંજલી



-: કર્મયોગી :-

## સ્વ. શ્રી લાલજીભાઈ નાનજીભાઈ ગજ્જર (તલસાણિયા)

જન્મ : તા. 14-07-1942 । કૈલાશવાસ : તા. 26-09-2019

જીવન એવું જીવી ગયા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા સૌના હૃદયમાં ગુંજયા કરે, ધર્મ કદી ભુલ્યા નહીં, વ્યવહાર કદી ચુકયા નહીં, સુખ-દુઃખમાં સદા હસતા અને હસાવતા રહયા. આપના સ્નેહભર્યા સ્વભાવની મીઠી સુવાસ અમારા હૈયે રહેશે. ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના સહ...

વિજયભાઈ અને અલ્પાબેન તલસાણિયા । પ્રદ્યુમનભાઈ અને અર્પણાબેન તલસાણિયા
જાગૃતિબેન અને રાગેશકુમાર વિશરોલીયા
મિરલ, વિવેક, ધૈર્ય, નમ્રતા
સ્વ. શ્રી રામજીભાઈ નાનજીભાઈ તલસાણિયા પરિવાર
સ્વ. શ્રી હરજીવનભાઈ નાનજીભાઈ તલસાણિયા પરિવાર
પંચશીલ ઈન્ટરપ્રાઈઝ । જે. હસમુખરાય એન્ડ કંપની । ઈક્વિટી મોટર્સ (રાજકોટ) પ્રા. લિ.
ઈક્વિટી એલ.એન.ટી. ઓટોહબ પ્રા. લિ. । એલિટ ઓટોલિંક । એન્ટિટી મોટર્સ પ્રા. લિ.

**જય શ્રીકૃષ્ણ, જય શ્રી વિશ્વકર્મા**


SiddhiVinayak Ford
Ford
WHERE ?
GET YOUR CAR SERVICED
Ford, Kuch alag si, family wali feeling.
Rajkot - 7574970035 Bhavnagar - 7574970025


ENJOY YOUR FESTIVAL TRIP
WITHOUT ANY HASSLE
FOR ANY
BREAKDOWN SERVICE / SUPPORT
CALL US @ 75677 75677
SIDDHIVINAYAK
AUTOCARS
COMMITMENT
QUALITY
SATISFACTION


JAI GANESH
Valuing Relationship.
JAI GANESH TOYOTA
NOW IN RAJKOT
TOYOTA
Awesome
25 Years
Trust and Relationship of
JAI GANESH
CAll US: 97695 77000
SALES
Jai Ganesh Toyota,
Near Gujarat Gas Office,
150 Feet Ring Road, Rajkot - 360005
9769577000
SERVICE
Opp ShitalPark Busstop,
150 Feet Ring Road, Rajkot - 360005
9769544000


SiddhiVinayak
Autolink
KINETIC GREEN
ONE OF THE BIGGEST
ELECTRIC VEHICLE SHOWROOM
IN RAJKOT
2 & 3 WHEELER SHOWROOM
HIGH POWER,
ON HIGH MILEAGE
FOR INQUIRY
2 WHEELER: 84002 84004
3 WHEELER: 84008 84002
SIDDHIVINAYAK AUTOLINK, ANKIT PARTY PLOT,
KUVADVA ROAD, RAJKOT, INDIA, GUJARAT

HAPPY Diwali

: શુભેચ્છક :
મહેશભાઈ બદ્રકિયા
મો. ૯૯૭૯૮ ૮૫૪૫૩



MI
Maruti International
Importer of : ALL GOODS
Scan for more info
104, Shanti Sadan-II, Opp. Mama Pir Mandir, Near De-Mart, 50' Road, Kuvadva Road, RAJKOT-3 (Gujarat-India). E-mail : mdbadrakia@gmail.com | Web : https://marutiinternational.info

EYE CARE OPTIC
COMPUTTERISED EYE TESTING
SUN GLASSES • CONTACT LENSE
104, Shanti Sadan-II, Opp. Mama Pir Mandir, Near De-Mart, 50' Road, Kuvadva Road, RAJKOT-3 (Gujarat-India) Mo. : 88660 07008.


Vijay electronics
|| mega store ||
મોલથી સસ્તુ, ઓનલાઇનથી
ઓછા ભાવે મળશે ફક્ત વિજયમાં
આ દિપાવલી પર આપને મળે ખુશીઓનો ખજાનો
દિપાવલી અને નવવર્ષની
હાર્દિક શુભકામનાઓ
LG NanoCell
LG OLED
LG | Panasonic ideas for life | MITSUBISHI ELECTRIC Changes for the Better | IFB | DAIKIN | BOSCH Invented for life
nextview | JBL | VU | Haier | Treeview | SIEMENS | BAJAJ
Carrier | miniMAX | HAVELLS | Symphony | TRUVISON | BPL
મલ્ટી બ્રાન્ડ શો-રૂમ
વિજય ઇલેક્ટ્રોનિક્સ મેગા સ્ટોર
ઇમ્પિરીયલ હાઇટ્સ
બિગ બઝાર સામે, 150 ફૂટ રીંગ રોડ,
રાજકોટ. M: 90999 70086
સર્વેશ્વર ચોક
ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ.
M: 90999 70315
કોઠારીયા મેઇન રોડ
સન પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ.
M: 93286 11117
ગોંડલ –ગુંદાળા રોડ
ધોરાજી – સ્ટેશન રોડ
ઉપલેટા – બાવલા ચોક
સુરેન્દ્રનગર – મિલન ટોકીઝ રોડ

# Arvee Mechatech®

Advance machinery solution for Eyewear industries.
Advance machinery solution for Laser cutting Industries.

*Best Wishes from*


Mr. Ramesh Vadgama
[B.sc. In Physics]
Mr. Akash Vadgama
[Mechatronics System Developer]
+91 7487 99 5758

E-mail : arvee.mechatech@hotmail.com
export.arvee@hotmail.com
+91 7874 9393 92


## WE KNOW HOW BETTER

Our current machines are the result of more than 40 years of experience in the field of Eyewear manufacturing and so that we, better understand customer's needs and fixing their material removing and joining processes issues with standard or customized solution.

## MACHINE DESIGN

Driven by innovation and quality. Our goal is to design performing and long lasting machines, based on leading edge technologies. Every new project is a challenge and we push our R&D to always aim for excellence.

## MACHINE MANUFACTURING

Every machine is assembled in our facilities and many serve quality checks are carried out before the delivery. Our special care goal is to only provide value to out customers.

## READY FOR INDUSTRY 4.0


In market increasingly oriented towards automation and the new standards imposed by the 4.0 industrial revolution, we decided to take our offer to a higher level, by implementing cutting-edge technology solutions. By adapting our experiences and advance knowledge in the field of Eyewear industries, we have developed high speed CNC machines for standard and customized machining processes


High Speed cnc solution

1. VMC400 E series
   production 120 to 140 frames/min (Single operations)
2. VMC400 S serise
   production 160 to 180 frame/min (Single operations)
3. VMC400 XF series
   production 1 frame/min (Full operations)
4. VMC400 X Line
   production 1 frame/ 20 second (Full operations)
5. VMC400 B serise
   Specially for bespoke Eyewear designer

Customized Machine Solution

#Automatic Frame Buffing Machine with closed loop system
#Automatic Modular Tumbler set
#3D inspection machine for quality check
#Fully automatic Core Inserting Machine
#Frame and temple Leveling machine
#Continuous Co2 laser cutting machine Acetate Sheet
#Conveyor System for assembly
#Fully automatic matt finish machine
#Fully automatic hinges inserting machine
#Laser soldering CNC machine





Unit 1
Madhapar circle, Opp. Gandhi Society, Madhapar industrial area, Near kishan steel, Rajkot-360005,Gujara India.

Unit 2 (Forthcoming facilities)
Kalawad Road, Kevalam Valley Resort Gate, besides Teraflow Engineering Pvt. Ltd. Village Devada, Lodhika, Rajkot - 360021, Gujarat ,India.

VISHWAKARMA VISHAWA
(GUJARATI-MONTHLY)
RNI REGD. NO.GUJGUJ/2013/49269




Volume No.-11, Issue No.9-10
(October-November Dipotsvi Special)
Date : 10-10-2022

Page : 104
Retail Price Rs.50/-
Annual Subscription Rs. 300/-

**Editor :** Pravin Dayaljibhai Gajjar (Bhadeshia)

**Graphic Design :** Amit Vaghela

**Web Editor :** Parth Gajjar

**Marketing :** Rameshbhai Vaghasana

**Office :** Vishwakarma Vishwa, Ramy Publication, 320, Heera Panna Complex, Dr. Yagnik Road, Rajkot-360001. Ph. 0281-2461858

**Editor-Publisher-Owner & Printer**: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)

**E-mail:** vishwakarmavishwa@yahoo.com
**Web:** vishwakarmavishwa.com
www.fb.com/vishwakarmavishwa

**'વિશ્વકર્મા વિશ્વ'માં પ્રકાશિત થતી વાંચન સામગ્રીમાં વ્યક્ત થતા વિચારો જે-તે લેખકના છે. એની સાથે તંત્રી/સંપાદક હંમેશા સંમત જ છે તેમ માનવું નહીં. કાનૂની ક્ષેત્ર રાજકોટ રહેશે.**



# આવો આપણે સૌ પ્રેમનો પ્રકાશ પાથરીએ

સમાજના પ્રત્યેક વર્ગના જીવનને ઉજાસથી ભરી દેતું પર્વ એટલે દીપોત્સવી અને આ દીપોત્સવી પર્વનો આનંદ નાના-મોટા, ગરીબ-શ્રીમંત એમ તમામ વર્ગ કોઈપણ જાતના ભેદભાવ વગર માણે છે. સમગ્ર વિશ્વને ભારતીય સંસ્કૃતિની આ અનોખી દેન છે. દીપોત્સવી પર્વમાં ઘેર-ઘેર પ્રગટાવતો નાનો દીવો અસીમ અંધકાર સાથે લડે છે. અને પરિણામે અસમાની ગાઢ અંધકાર ભરી રાતને કરોડો દીવાના પ્રકાશમાં ઓગળી જવું પડે છે.

જેવી રીતે દીવાળીને દિવસે ઘેર-ઘેર પેટાવાતો દીવાનો પ્રકાશ અનેરી પ્રેરણા પણ આપી જાય છે. પ્રત્યેક માણસમાં રાગ-દ્વેષ-અહંકાર-સંપત્તિનો સફળતાનો કે મોટાઈનો કેફ પણ જામી જતો હોય છે. અને આવો કેફ વધારે માણસનું પતન નોતરે છે. તેની ખુદને પણ જાણ હોતી નથી. દીપોત્સવીના દિપકના પ્રકાશમાં આવો, આપણે સૌ આપણામાં છાને ખુણે પણ કોઈના પ્રત્યે રાગ-દ્વેષ અહંકાર-ઈર્ષા જેવા દુર્ગુણો પડ્યા હોય તો તેને દીપોત્સવીના દીપના પ્રકાશમાં ઓગાળી નાખીએ. મતભેદો પણ દીપોત્સવી પર્વના દિપકમાં ઓગાળી નાખીએ અને સમાજમાં અનેરા ભાઈચારાનું-સંગઠનનું વાતાવરણ નિર્માણ કરીને અને સમગ્ર સમાજનો આર્થિક-સામાજીક, સાંસ્કૃતિક વિકાસ કરવાની દિશામાં આગળ વધવાનો ભારતીય સંસ્કૃતિના મહાપર્વ દીપોત્સવીના દિવસે સંકલ્પ કરીને તેનો અમલ કરીએ. જેથી નવા વર્ષનું પ્રભાત એક અનેરા ભાવ-પ્રેમ, ઉજાસ ફેલાવનારું અને ભાઈચારાની ભાવના કેળવવાનો સંદેશ આપતું બની રહે. નવા વર્ષનો આવો સંદેશ ભૂલીને આવો આપણે સૌ એક નવા જ સમાજનું નિર્માણ કરીએ. આમ કરવાની સમગ્ર સૃષ્ટિના સર્જક વિશ્વકર્મા પ્રભુજી સૌ કોઈને પ્રેરણા આપે તેવી પ્રાર્થના સાથે વિશ્વકર્મા વિશ્વ પરિવાર તરફથી સૌને નૂતન વર્ષાભિનંદનની સાથે સમગ્ર વિશ્વકર્મા પરિવાર એકતાનો દીપ પ્રજ્વલિત કરીને સમાજમાં આર્થિક, સામાજીક, સાંસ્કૃતિક, ઉન્નતિ પ્રદાન કરે તેવી અભ્યર્થના..

◆ પ્રવિણ ગજ્જર

**નોંધ :** વિશ્વકર્મા વિશ્વમાં પ્રસિદ્ધ થતી વાંચનસામગ્રીનો અમારી પરવાનગી વગર ઉપયોગ કરવો નહીં નહીંતર કાયદેસરના પગલા લેવાશે તેની નોંધ લેવી. - **તંત્રી**

દીપોત્સવી વિશેષાંક-૨૦૨૨

# અનુક્રમણિકા...

વિશ્વકર્મા વિશ્વ


૧. દિવાળી – ચોખ્ખું કરવાનું પર્વ ........ બાબુભાઈ ડી. મેવાડા ........ ૯
૨. ઉત્સવી પર્વોનું – શુભેચ્છા ઝરણુ ........ શાંતિભાઈ ખોદડિયા ........ ૧૦
૩. નવલા દિવસે કેવો સંકલ્પ કરીશું ? ........ પ્રા. ડી. જે. બાવળેચા ........ ૧૧
૪. સ્નેહમિલનમાં સ્નેહ જરૂરી ........ દિનેશ એન. ગજ્જર ........ ૧૨
૫. જિંદગીમાં ચેકમેટ જેવી સ્થિતિ આવે ત્યારે પણ માણસ કંઈક નવું કરી શકે છે ........ આશુ પટેલ ........ ૧૪
૬. નેગેટિવિટીના નામનું નાહી નાખો ........ ગીતા માણેક ........ ૨૦
૭. 'માનસ–માતુ ભવાની' : કથા અને કલાનું અનુષ્ઠાન ........ નીતિન વડગામા ........ ૨૨
૮. સમર્પણનો અર્થ ........ આનંદમૂર્તિ ગુરુમા ........ ૨૪
૯. 5G ટેકનોલોજી : ઇન્ફર્મેશન યુગનું નવું નજરાણું ........ લલિત ખંભાયતા ........ ૩૧
૧૦. હું કરી શકીશ ........ અનિલ અંબાસણા ........ ૩૪
૧૧. સોરઠિયાણીની આમનયા ........ જોરાવરસિંહ જાદવ ........ ૩૬
૧૨. માનવ હોવું એટલે ........ નટવર આહલપરા ........ ૩૮
૧૩. જુદી જિંદગી છે મિજાજે – મિજાજે..! ........ ડો. વિષ્ણુ પ્રજાપતિ ........ ૪૩
૧૪. કરકસર – ફકત પૈસાની જ ?? ........ કોમલ દીપેન બકરાણિયા ........ ૪૬
૧૫. આપણા કેટલાક હુલામણા નામો ........ પ્રફુલ્લ ઘોરેચા ........ ૪૭
૧૬. જયકિશનભાઇ પેશાવરીયા : કારીગરી છોડી બન્યા આર્ટીસ્ટ ........ જયંતીભાઈ નગેવાડિયા ........ ૪૮
૧૭. લોલક (વાર્તા) ........ પલ્લવી જિતેન્દ્ર મિસ્ત્રી ........ ૫૦
૧૮. મળેલા જીવ (વાર્તા) ........ ભાવિન કશ્રેચા ........ ૬૨
૧૯. અથવા... અથવા... અથવા... (વાર્તા) ........ હસમુખ બોરાણિયા ........ ૬૫
૨૦. સંસ્કાર સિંચન (વાર્તા) ........ જયોતિ ગજ્જર ........ ૭૧
૨૧. સમાધાનની લાપીસ (હાસ્યલેખ) ........ કે.રાજ ........ ૭૩
૨૨. કાવ્યો (શીતલ બી. ભાડેશીયા, નટવર આહલપરા, જયોતિ ગજ્જર, રૂપલ ગજ્જર) ........ ૭૫
૨૩. ભવ્યા ગજ્જરને ન્યુઝીલેન્ડમાં માસ્ટર ઓફ આર્કીટેકટની પદવી એનાયત .... પ્રવીણ ગજ્જર ........ ૭૭
૨૪. દિવાળી સ્પેશ્યલ વાનગીઓ ........ શુભદ્રા ભટ્ટી ........ ૧૦૦
૨૫. હરેનભાઈનું અવસાન : મધ્યાહને સુરજ આથમ્યો (શબ્દાંજલી) ........ પ્રવીણ ગજ્જર ........ ૧૦૧
૨૬. ભનુભાઈ બકરાણિયાની સેવા–સુગંધ સમાજમાં સદાય મધમધતી રહેશે(શબ્દાંજલી) ........ પ્રવીણ ગજ્જર ........ ૧૦૨



: કુલ પાના :
૧૦૮

**ટાઈટલ ફોટો :**
મોડલ : **દીશીતા શાસ્ત્રી મહેદાવાદીયા**
ફોટો : **બીપીન ભટ્ટી** (ફોટોગ્રાફી)

માર્કેટીંગ : **રમેશભાઈ વાઘસણા**

# દિવાળી - ચોખ્ખુ કરવાનું પર્વ





બાબુભાઈ ડી. મેવાડા

દિવાળી આવવાની હોય એટલે વરસાદની મોસમ પુરી થાય છે. આકાશ સ્વચ્છ બને છે. રાત્રે આકાશમાં તારા અને ચંદ્ર સ્પષ્ટ દેખાય છે. રસ્તા પર ઠેર ઠેર ભરાયેલા ખાડા ખાબોચીયા સુકાઇ જાય છે. નદી, તળાવના નીર નીતરીને ચોખ્ખા થાય છે. ઝાડના પાન અને રસ્તા વરસાદથી ધોવાઇને ચોખ્ખા બને છે.

દિવાળીના સ્વાગતમાં જો કુદરત આટલી તૈયારી કરે તો માણસો કેમ નહીં ? માણસો પોતાના ઘર, મેડી, માળીયા સાફ કરે છે. ઘરની દિવાલો ચુનાથી ધોળવામાં કે રંગવામાં આવે છે. પહેલાના જમાનામાં ઘરના આંગણા છાણ માટીથી લીપીને ચોખ્ખા કરવામાં આવતા. તાંબા, પિતળના મોટા વાસણોની વપરાશ હતી. વાસણોથી ઘર સજાવવામાં આવતું, વાસણો એ તો ઘરની શોભા અને જાહોજલાલી હતી. આવા મોટા મોટા વાસણોને વર્ષમાં એકવાર દિવાળી આવવાની હોય ત્યારે ઉટકીને ચોખ્ખા સ્વચ્છ કરવામાં આવતા. ગામની નદી, તળાવ કે કુવા કાંઠે ઢગલા બંધ મોટા વાસણોની સફાઇ થતી હોય ત્યારે લાગે કે દિવાળી આવી રહી છે.

પહેલાના જમાનામાં વેપારીઓ પોતાના હિસાબી ચોપડા દિવાળીએ ચોખ્ખા કરવા પ્રયત્ન કરતા. હવે તો વેપારીઓ માર્ચ મહિનામાં અને કેટલાક વેપારી હજુ પણ દિવાળીએ તેમના હિસાબી ચોપડા ચોખ્ખા કરવા પ્રયત્ન કરે છે. દિવાળી આવવાની હોય એટલે ઉઘરાણી વસુલ કરવા અને ચુકવવાની રકમ ચુકવવા પ્રયત્નો કરે છે તેથી ખાતાવહીમાં તેટલા ખાતા ઓછા થઇ ચોપડા ચોખ્ખા થાય છે. જુના વર્ષના દેવા-લેણા બને તેટલા ચુકતે કરી ચોપડા ચોખ્ખા કરે છે ભુલ ચુકના હવાલા નાખીને પણ ચોપડા ચોખ્ખા કરે છે.

દિવાળી આવવાની થાય એટલે :-

૧. કુદરત આકાશ, ધરતી, નદી, તળાવ ચોખ્ખા કરે છે.

૨. માણસો ઘર, આંગણા, મેડી, કપડાં અને વાસણો ચોખ્ખા કરે છે.


૩. વેપારીઓ હિસાબી ચોપડા ચોખ્ખા કરે છે.

કારણ કે દિવાળી એ તો ચોખ્ખુ કરવાનું પર્વ છે. તો પછી મનની ચોખ્ખાઇ પણ કરવી જોઇએ. વર્ષ દરમ્યાન અનેક પ્રકારનો કચરો મનમાં ભરાઇ ગયો હોય છે. કોઇનાથી મનદૂઃખ થયું હોય, આપણાથી કોઇને મનદુઃખ થયું હોય, ગેરસમજ થઇ હોય તો ક્ષમા માગીને કે ક્ષમા આપીને મનને પણ ચોખ્ખું કરવૂં જોઇએ. મન ચોખ્ખું કરીને નવા વર્ષની શરૂઆત કરવામાં આવે તો દિવાળીનું પર્વ સાચા અર્થમાં ઉજવ્યું ગણાય. એ માટે તો બેસતા વર્ષે સવારમાં સૌ મંદિરમાં જાય છે અને ભગવાન આગળ ભૂલોનો એકરાર કરી માફી માગી મનને ચોખ્ખુ કરે છે. ત્યારપછી સગા-સંબંધી અને પડોશીઓને મળવાનો રિવાજ છે. કોઇના ઘેર આખું વર્ષ ના ગયા હોઇએ, ના જવાયું હોય, ના બોલ્યા હોય તો તેમના ઘેર દિવાળી નિમિત્તે લોકો જાય છે. જો કે સમયના પ્રવાહની સાથે આમાં પણ પરિવર્તન આવ્યું છે. હવે તો લોકો ટેલીફોન અને મોબાઇલમાં જ મેસેજ મોકલીને નવા વર્ષની શુભેચ્છા પાઠવે છે. જો કે આ બધું તો યંત્રવત બની ગયું છે. રૂબરૂ મળવાનું થાય, એકબીજાની આંખ મળે, વાતચીત થાય, બોડી લેગ્વેજ જોવામાં આવે તેવી મઝા આ સાધનોમાં નથી. આજના જમાનામાં લોકો પાસે સમય નથી. તેથી જે સમયે જેનો વપરાશ હોય તેને માન આપવું જ પડે.

દિવાળીનો તહેવાર તો અંધારા ઉલેચી અજવાળા પાથરવાનો તહેવાર છે. અજવાળાને ગંદકી કે કચરો ગમતો નથી. આ પર્વ તો ચોખ્ખું કરવાનું પર્વ છે. ઘર, ગામ અને મન ચોખ્ખું કરીને હલકાફુલ બની નવા વર્ષની શરૂઆત કરીએ.

"LET US CHERISH EACH MOMENT IT BEHOLDS"

# ઉત્સવી પર્વોનું – શુભેચ્છા ઝરણુ



> દિપોત્સવ દૈવી શકિતનું આસુરી શકિત પર જયઘોષનું પ્રતિક છે. ચાલો, ભૂતકાળની બદતર ઘટનાઓને ભંડારી નવી ઉર્જાનો સંચાર કરીએ. સુષુપ્ત ક્ષમતાને ઉજાગર કરીએ. પુજા જોશ, જોમ અને હૈયા ઉછાળથી પર્વોની ઉજવણી કરીએ.



શાંતિભાઇ ખોદડિયા

દિપોત્સવી તથા નવલા વર્ષ ૨૦૭૯નું આશાસભર આગમન, પ્રકાશ, પ્રતિક દીપોત્સવ તથા પગલા ભરતુ નૂતન વર્ષ ૨૦૭૯ શાનભેર વર્ષ ૨૦૭૮ને અલવિદા કરી આપણે બારણે ટકોરા દઈ રહયું છે. ઉર્મીસભર પગરવ માંડી રહયું છે. ઉલ્લાસ અન ઉમંગી અવસરના વધામણા કાજે લોકહૈયે થનગનાટ અને આનંદની તલપાપડતાની ઉછાળ દશ્યમાન છે. આનંદોત્સવના પૂરા મિજાજમાં છે, હર્ષોન્માદમાં છે

આ પરબોને માણવા, મહાલવા લોક બેબાક તૈયારીઓ કરી રહયા છે. એમાંય ગુજરાતી તો આફતને અવસરમાં પરિવર્તિત કરનારો નર બંકો–ઝંકૃત ગુજરાતી માનુસ... ભરતી ઓટ – તડકી–છાંયડી જીવન પરની પગદંડીનું અભિન્ન અંગ છે તેવુ માની પળેપળનું પાન કરનારાઓ આ ગરવિલો ગુજરાતી... આ આપણા અમુલ્ય અને અનોખા તહેવારો છે. તેનો રોમાંચ, જોશ–ખરોશ કંઈક અલગ જ હોય છે. ઘરના ગવાક્ષમાં કોડીયામાં ઝળહળતો દિવડો અંધકારગ્રસ્ત માર્ગને, પ્રકાશિત કરે છે. રંગોળીના રંગમાં હરખ અને હૈયુ ઉમેરાય છે. અજવાળા સંગ જીવંત વાર્તાલાપ થાય છે. સંબંધોમાં સુધા અને માધુર્ય ભળે છે. આ જ તો આ પર્વોની મનોહરતા અને આકર્ષણ છે. નવા શમણા, સ્ટીક સંકલ્પો અને ધબકતી ચેતનાઓથી સૌનુ જીવન પલ્લવિત થઇ જાય છે. દિપોત્સવ દૈવી શકિતનું આસુરી શકિત પર જયઘોષનું પ્રતિક છે. ચાલો, ભૂતકાળની બદતર ઘટનાઓને ભંડારી નવી ઉર્જાનો સંચાર કરીએ. સુષુપ્ત ક્ષમતાને ઉજાગર રકીએ. પુજા જોશ, જોમ અને હૈયા ઉછાળથી પર્વોની ઉજવણી કરીએ.

ચાલો ઇશ્વરે બક્ષેલા પુરસ્કારને આલિંગન કરીએ. મોજના દરિયાનો આનંદ લુટીએ. કૃષ્ણ સંદેશ છે. KINDLE THE LIGHT OF LOVE & ENJOY THE BLESSED LARGESSE TO THE FULLEST. આપણી મંજિલ ટુંકી નથી, ગંતવ્ય દુરવર્તી અને શાશ્વત છે. તેથી સૌએ એકમેકના સગાથી બનવાનું છે. હમસફર અને હમદર્દ બનવાનું છે. વર્ષ ૨૦૭૮ કિનારે છે. અને મનગમતા મનોરથો અને અનેરા અરમાનોનું નવલી વર્ષ ૨૦૭૯નું પ્રભાત ફુટશે. ગતવર્ષના સરવૈયાનું આકલન કરી, ૨૦૭૯ના વર્ષના સંકલ્પોને આકારિત કરો. અન્યના જીવનમાં મહેક ઉમેરી દો. ગુસ્સો, નફરત, પંચાત, ભય, સખળડખળ જેવા કચરાનો સફાયો કરો. અગ્નિદાહન દો.

આ પાવન–ઉચ્છરંગી અવસરે સર્વે અભિજાત–વંદનીય સમાજ પરિવાર તથા સૌ આત્મજનો અંતરંગ મિત્રો, શુભચિંતકો નિરામય રહે, સદાબહાર રહે, હરક્ષેત્રમાં આકાશી ઉત્થાન થાય, પચંડ માત્રામાં રિદ્ધિ–સિદ્ધિના આશિષવંત બને તેવી, સૌ સમર્પિત સેવકોને શત્ શત્ મંગલકામનાઓ.

# નવલા દિવસે કેવો સંકલ્પ કરીશું ?



> આજનો બાળક આજનો માખણચોર કૃષ્ણ છે. જે આવતીકાલ ગોવર્ધનધારી સુદર્શન ચક્રધારી બનવાનો છે. જીવનના કુરુક્ષેત્રમાં અર્જુનના રથનને દોરવાનો છે અને યુદ્ધના આરંભે નવી ગીતાનું ગાન ગાવાનો છે.



પ્રા. ડી.જે. બાવળેચા

નવા વર્ષે જે સુરજ ઉગવાનો છે તે સૂરજ ગઇકાલે ઉગ્યો હતો અને યુગોથી ઉગે છે. નવલા દિવસે ઉગનારા સુરજની સાક્ષીએ કયો કેવો સંકલ્પ કરીશું.

કદાચ એવો સંકલ્પ કરી કરીએ જેનાથી આપણા જીવનને અસાધારણ અનન્ય નૂતન કલ્યાણકારી દીશા મળે ! પોતાનું પરિવારનું, સમાજનું ભલું થાય સારું થાય એવું પરિણામ આવે.

વર્ષોથી અને આજે વડીલો સરકારે અને સમાજે બાળકોને સાચી ચિંતા કરી નથી. બાળકોના ગાલે ચિટિયા ભર્યા છે, ફુટપટ્ટી મારી છે. સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે રીમઝીમ આ વૃત્તિ અને આ પ્રવૃત્તિથી બાળકનું ભાવિ ઉજ્જવળ થશે તેવી માન્યતામાં સનાતન સત્ય નથી. અજ્ઞાનમાંથી જ્ઞાનતરફ અને અસાધારણ કૌશલ્ય પ્રાપ્ત કરવા મથતો પળેપળે પ્રવૃત્ત બાળક તમારાથી ડરતો થશે અને તમારાથી દુર જશે.

આપણે ભુલી જઇએ છીએ કે બાળકે માત્ર ભણવાનું નથી રમવાનું પણ છે તમારા ખભે ચડીને રાખવાનું છે. તમારી આંગળી પકડી ફરવાનું છે. વહેતા ઝરણાંનો આકાશ ચાંદ સીતારા, અંધકારના વીજ ઝબકાર જોવાના છે ઘુઘવતા સાગરને જોવાનો સાંભળવાનો છે – અપાર ધરતીના ખોળે ખોલવાનું અને ખેલવાનું છે.

આજનો બાળક આજનો માખણચોર કૃષ્ણ છે. જે આવતીકાલ ગોવર્ધનધારી સુદર્શન ચક્રધારી બનવાનો છે. જીવનના કુરુક્ષેત્રમાં અર્જુનના રથનને દોરવાનો છે અને યુદ્ધના આરંભે નવી ગીતાનું ગાન ગાવાનો છે. તેને ચિટિલારહી ફુટપટ્ટી મારી, નિશાળે જ મોકલીને લેશન જ કરાવવાની આપણી વૃત્તિથી બાળકૃષ્ણ ભકિત કે પુજા કરવાનું કામ કરવામાં આપણે ભુલ કરી રહ્યા છીએ.

ચાલો.. બાળકની આંગળી પકડીને બાળકને રમતના મેદાનમાં લઇ જઇએ આજના બાળક કૃષ્ણકનૈયાને તોફાન કરવા દઇએ, બારી પાસે બેસાડી દેવાને સરિતા–સાગર–સરોવરનાં કાંઠે લઇ જઇએ. ઉગતા સૂરજને દેખાડીયે, ખીલતા ફુલને દેખાડીયે, ઉગતા પતંગિયાને દેખાડીયે, પંખીને પાંખે બેસી ઉડવાનું સ્વપ્ન દેખાડીયે ભણવાનું જીવનભર છે. કાળ–સંશોધન તો જીવનભર કરવાનું છે બાળકને જે કરવું હોય તે કરવા દો. બાળકની આંગળી પકડી આપણે ચાલીયેજેથી બાળક આપમેળે આપબળે ચાલતા શીખી શકશે. આપણને માણસની ચાલતા આવડતું નથી તો આપણે બાળક માણસની જેમ ચાલતા શીખી શકશે.


આપણે મોજથી જીવીને આપણા બાળકને મોજપૂર્વક જીવવાનું ઉદાહરણ પુરુ પાડીયે જેથી બાળક મોજપૂર્વક ભણશે રમવાનું શીખશું અને તેનો સંપૂર્ણ વિકાસ થશે.

ચિટિયો ભરવાનું ભુલી જઇએ. ફુટપટ્ટી મારવાનું ભુલી જઇએ બાળકો સાથે રમીયે રમવાનું શીખીયે તેજ સાચી બાળકૃષ્ણની પૂજા છે. બાળકૃષ્ણની સાચી પુજા કરવાનો કરવાનો સંકલ્પ નવા–નૂતન સૂર્યોદયની સાથે કરીએ.

# સ્નેહમિલનમાં સ્નેહ જરૂરી



> નૂતનવર્ષના સ્નેહમિલનમાં સ્નેહ વધવો જોઈએ, મતભેદ ભુલાવા જોઈએ. નવી શરૂઆત થવી જોઈએ. એક જ સોસાયટી, ગામ કે શહેરમાં પરિવારનું કે સમાજનું સ્નેહમિલન થાય તો એ જ બીજા લોકો કે બીજું સંગઠન એમાં હાજરી આપતું નથી.



દિનેશ એન. ગજજર

વ્હાલા વાચકમિત્રો, આપ સૌને નવા વર્ષની શુભેચ્છાઓ. આવનારું વર્ષ સ્નેહાળ બની રહે તેવી પ્રાર્થના. નૂતનવર્ષમાં સ્નેહમિલન થશે. કુટુંબનું, સોસાયટીઓનું, પરિવારજનોનું, સમાજનું સ્નેહમિલન યોજાશે જેમાં સ્નેહથી આમંત્રણો અપાશે અને ભાવતા ભોજનીયા પીરસાશે. નૂતનવર્ષના સ્નેહમિલનમાં સ્નેહ વધવો જોઈએ, મતભેદ ભુલાવા જોઈએ. નવી શરૂઆત થવી જોઈએ. એક જ સોસાયટી, ગામ કે શહેરમાં પરિવારનું કે સમાજનું સ્નેહમિલન થાય તો એ જ બીજા લોકો કે બીજું સંગઠન એમાં હાજરી આપતું નથી. કયારેક તો એક જ ટ્રસ્ટ આયોજીત સ્નેહમિલનમાં બીજા ટ્રસ્ટીઓ પણ હાજરી આપતા નથી. અર્થાત્ નૂતનવર્ષ પ્રતિવર્ષ ઉજવાય છે, પ્રતિવર્ષ સ્નેહ વધે તે માટે સ્નેહમિલનો થાય છે પરંતુ સ્નેહ વધતો નથી. કેટલીક જગ્યાએ તો સ્નેહમિલનથી વિવાદ વધુ વકરે છે અને આ કડવી વાસ્તવિકતા છે.

આયોજકોને કોઈપણ આયોજનમાં થાક લાગતો નથી, મહિનાઓ સુધી તૈયારીઓ, સુંદર વ્યવસ્થા અને ભોજનની તૈયારીઓ બધુ જ યોગ્ય રીતે સંભાળી શકે છે. મહિનાઓ સુધી પોતાનો વ્યવસાય કે બિઝનેસ કે નોકરીમાં પણ ઘસાય છે. પરંતુ આયોજનપછી જે વિવાદો થાય એનાં પરિણામે આયોજકો કેટલાક જરૂરી અને નિયત ફરજીયાત કાર્યક્રમો જ કરે છે. એ સિવાય સમાજ ઉપયોગી નવા બીજા કાર્યક્રમો કરવાનું આયોજકો વિચારતા નથી તેનું મુખ્ય કારણ વિવાદો હોય છે.

ગુજરાતી કહેવત છે કે 'જયાં વેર હોય ત્યાં વાંધો હોય, પ્રેમ હોય ત્યાં તો સાંધો હોય.' આ કહેવત મુજબ જેમને આયોજકો સાથે સ્નેહ છે તેઓ તો આયોજકોની અનેક ભુલો અને ક્ષતિઓને નજરઅંદાજ કરીને પણ આયોજન કરવા બદલ આયોજનોને બિરદાવશે. જે કામ કરશે તેમની ભુલો થશે, જે કાંઈ કરતાં જ નથી એમની તો કોઈ ભુલ થવાની જ નથી, જયારે કયાંક મતભેદથી મનભેદ થયાં હોય તેવી પરિસ્થિતિમાં લોકો આયોજકોની ભુલો કયાં પડે તે શોધવા માટે અથવા ભુલો કરાવીને વિવાદ કરવા માટે જ કાર્યક્રમમાં હાજરી આપતા હોય છે. કેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું જેનાથી એક સંસ્થાનું સફળ આયોજન, મહિનાઓની મહેનત અને ઉજાગરાંને નિષ્ફળ જાય ! સમય જયાં પરિણામ એવું આવે છે કે એક સંસ્થા બીજા સંસ્થાના આયોજનમાં જે રોલ ભજવે તે રોલ બીજી સંસ્થા એમના આયોજનમાં ભજવે છે. જો સહકાર મળશે તો સહકાર આપશે. જો નડવાનું કાર્ય થશે તો એ લોકો પણ નડવાનું કાર્ય કરશે. આવી જ વિચારધારાથી સોસાયટી, કુટુંબ, ગ્રામ્યની કે શહેરની વિવિધ સંસ્થાઓ એકબીજાને સહકાર આપે છે અથવા તો એકબીજાને નડવાનું કાર્ય કરે છે. વાસ્તવમાં જોઈને તો તમામ સંસ્થાઓ, કુટુંબના આગેવાનો પોતાની રીતે સમાજસેવાની ભાવનાથી જ મહેનત કરે છે, શ્રેષ્ઠ આયોજન કરે છે અને સમાજને ઉપયોગી થાય છે. જયારે કોઈ એક વિવાદ વકરે ત્યારે સમાજની આવી સંસ્થાઓનું ધ્યેય ડાયવર્ટ થાય છે. સરવાળે નુકસાન કુટુંબને, સોસાયટીને કે સમાજને જાય છે. આપણે જોઈએ જ છીએ કે જે સોસાયટી, કુટુંબ કે શહેરમાં તમામ લોકો, સંસ્થાઓ, સંગઠનો જયારે

એકબનીને કાર્ય કરે છે ત્યારે અકલ્પનીય પરિણામ આવે છે અને સ્નેહ વધે છે.

નૂતન વર્ષમાં બસ એટલી પ્રાર્થના કરીએ કે સ્નેહમિલનોમાં સ્નેહ વધે. સ્નેહ વધે તે માટે વ્યકિતગત રીતે કેટલાક વિચારોને અમલમાં મુકીએ, સોસાયટી, પરિવાર કે સમાજના સંગઠનો જે આયોજ્ન કરે તેમાં સહકાર આપીશું. તન, મન કે ધનથી સહકાર ન આપી શકીએ તોય કાંઇ નહીં પણ આયોજકોની ભુલો કાઢીને વિવાદ નહીં કરીએ. એકબીજા ગામ કે શહેરમાં મતભેદ થવાના કારણોમાં મંચવ્યવસ્થા અને વકતવ્યની તક મહત્વનો રોલ ભજવે છે. મને મંચ પર સ્થાન ન મળ્યું ! મને બોલવા ન દીધો ! ખરેખર અલગ અલગ સંસ્થાઓના આગેવાનોએ પ્રોગ્રામને માણવા માટે પધારવાનું નિમંત્રણ હોય છે પરંતુ કેટલાક આગેવાનો એટલે હાજરી આપે છે કે પોતાની નોંધ લેવાય, પોતાનું સન્માન થાય કે પોતાને વકતવ્ય મળે, જો સારી નોંધ લેવાય, સારું સન્માન થાય અને સ્પીચ મલે તો એ આયોજનમાં ચાર ચાંદ લાગી ગયા તેવા વખાણ થાય અને જો પોતાને કોઇ મહત્વ ન મળ્યું તો એમની મહિનાઓની મહેનત પર પાણી ફરી જાય

> **નૂતન વર્ષમાં બસ એટલી પ્રાર્થના કરીએ કે સ્નેહમિલનોમાં સ્નેહ વધે. સ્નેહ વધે તે માટે વ્યકિતગત રીતે કેટલાક વિચારોને અમલમાં મુકીએ, સોસાયટી, પરિવાર કે સમાજના સંગઠનો જે આયોજ્ન કરે તેમાં સહકાર આપીશું.**

છે. દરેક કુટુંબ, પરિવાર કે સમાજનાં સમગ્ર આયોજને દરેક વ્યકિતઓ પોતાને આપેલ મહત્વ કે પોતાની દ્રષ્ટિથી મુલવે છે વાસ્તવમાં તટસ્થ રીતે તે આયોજનને મુલવવું જોઇએ. જયારે સમાજમાં એકબીજા તરફ સ્નેહ હશે તો આયોજકોની તમામ ભુલો માફ થઇ જ જાય છે અને ખરા અર્થમાં સ્નેહમિલન થાય છે.

અર્થાત્ સમાજનાં હિતમાં સમાજમાં વિકાસમાં એક મુદ્દો મહત્વનો છે, સ્નેહ હોવો જરૂરી છે. એકબીજાને સહકાર આપીએ, કોઇપણ કાર્યક્રમમાં હાજરી આપીએ ત્યારે આપણને સ્ટેજ મળે, નોંધ લેવાય કે સન્માન થાય તેવા ઉદ્દેશ્યથી નહી પણ ખરેખર એ કાર્યક્રમને માણીએ એવા ઉદ્દેશ્યથી હાજરી આપીએ. આયોજન કરશે એની ક્ષતિઓ થવાની જ છે. ભગવાનની પણ ભુલો શોધનારો સમાજ છે સાહેબ, પરંતુ આયોજકોની ભુલોને નજરઅંદાઝ કરીને એમનાં પ્રયત્નોને બિરદાવીએ ત્યારે ભવિષ્યમાં તમામ સંગઠનો એક થઇ શકશે અને સ્નેહમિલન ખરા અર્થમાં સ્નેહમિલન હશે.

## વિશ્વકર્મા વિશ્વ

## હવે પછીનો અંક ડીસેમ્બરમાં

**'વિશ્વકર્મા વિશ્વ'નો ૧૦૮ પાનાનો અંક ઓકટોબર-નવેમ્બરનો સંયુકત અંક છે. હવે પછીનો અંક ડીસેમ્બરમાં પ્રસિદ્ધ થશે.**

**- તંત્રીશ્રી**



Designing | Printing | Advertising

સૌરાષ્ટ્ર, ગુજરાત કે દેશના કોઈ પણ અખબાર અને મેગેઝીનમાં
કોમર્શિયલ, શુભેચ્છા, કલાસીફાઈડ કે અન્ય કોઈ પણ જાહેરાત આપવા માટે સંપર્ક કરો

ફોર કલર વીઝીટીંગ કાર્ડ, બીલ બુક, લેટર પેડ, કવર, બ્રોશર, પેમ્પલેટ,
આમંત્રણ કાર્ડ, પરિવાર પરિચય ગ્રંથ અને બુક વર્ક સહિતના પ્રીન્ટીંગ કામ માટે સંપર્ક કરો


Ramy Ads | Pravin Gajjar +91-90999 49565

320, Heera Panna Complex Dr. Yagnik Road, Rajkot - 360 001 Ph. 0281-2461858
web : www.vishwakarmavishwa.com - e-mail : vishwakarmavishwa@yahoo.com

# જિંદગીમાં ચેકમેટ જેવી સ્થિતિ આવે ત્યારે પણ માણસ કંઈક નવું કરી શકે છે



> કોઈ વ્યક્તિ તમારા અત્યંત વિકટ સંજોગોમાં તમને હૂંફભર્યા શબ્દો કહે, સકારાત્મક વાત કરે, તમને એન્કરેજ કરે તો એકદમ જ ખરાબ સ્થિતિમાં પણ કંઈક સારું લાગે



**આશુ પટેલ**

## વાપીનાં નર્સરી ટીચર હર્ષા ઘોઘારીની જિંદગીમાં ઝંઝાવાત આવી ગયો એ પછી...

આજે વાત કરવી છે, વાપીનાં હર્ષા ઘોઘારીની. તેઓ કોઈ સેલિબ્રિટી નથી કે કોઈ બિઝનેસ ટાઈકૂન નથી કે કોઈ સફળ રાજકારણી નથી, પણ છતાં તેમના જીવનની વાત જાણવા જેવી છે.

હર્ષા ઘોઘારી આમ તો સુરતના વતની, પણ બે દાયકા અગાઉ તેમના લગ્ન થયા પછી એ વાપી સાસરે ગયાં અને ત્યાં નર્સરી ટીચર તરીકે નોકરી કરવા લાગ્યાં. લગ્નજીવન દરમિયાન તેમને બે સંતાનો થયા. એક સંતાનની ઉંમર ૧૭ વર્ષ છે, બીજાની ઉંમર ૧૪ વર્ષ છે.

અહીં સુધી તો હર્ષાબેનની જિંદગી અન્ય કરોડો ભારતીય સ્ત્રીઓની જેમ જ પસાર થઈ રહી હતી, પણ થોડા વર્ષો અગાઉ તેમના જીવનમાં એક અણધાર્યો વળાંક આવ્યો. હર્ષાબેનને શારીરિક રીતે ખૂબ તકલીફ થવા લાગી. શ્વાસ લેવામાં પ્રોબ્લેમ થવા માંડ્યો. પાંચ ડગલા ચાલે તો હાંફી જાય. તેમની તબિયત ખરાબ થતી ગઈ. ૨૦૧૭માં તો તેમને નવસારીની એક હોસ્પિટલમાં એડમિટ કરવા પડ્યા એવી નોબત આવી ગઈ. તેઓ થોડું પણ ચાલી ન શકે, સહેજ ચાલે ત્યાં એકદમ હાંફી જાય.

નવસારીની હોસ્પિટલમાં તેમની ટ્રીટમેન્ટ શરૂ થઈ પણ તેમની તબિયતમાં કશો ફરક ન પડ્યો. ડોક્ટરે તેમને અમદાવાદ યુ.એન. મહેતા હોસ્પિટલમાં એડમિટ થવા માટે ભલામણ કરી. યુ.એન. મહેતા હોસ્પિટલમાં તેમની તકલીફ જાણવા માટે અનેક જાતના નિદાન થયા ત્યારે ખબર પડી કે તેમનાં ફેફસાં નબળા પડી ગયા છે અને હૃદયમાં કાણું છે.

એ પછી તેમને રેગ્યુલર દવા શરૂ થઈ. તેમને સંપૂર્ણ આરામ કરવાની અને કોઈ પણ ભારે કામ ન કરવાની સલાહ અપાઈ. આ દરમિયાન ધીમેધીમે તેમનું વજન ઓછું થવા માંડ્યું, શરીર કૃશ થવા માંડ્યું. તેમને હતાશાએ ઘેરી લીધા અને તેઓ માનસિક રીતે પડી ભાંગ્યાં. એ પછી તો તેમની તબિયત વધુ બગડી. શ્વાસ લેવામાં અસહ્ય તકલીફને કારણે તેમને છ મહિના પછી ફરી હોસ્પિટલમાં એડમિટ કરવા પડ્યા. ત્યાં તેમને આઈસીયુમાં ઓક્સિજન પર રખાયા. ૭૦ ટકાથી પણ ઓછું ઓક્સિજન લેવલ રહેવા લાગ્યું હતું.

એ સ્થિતિ જ્યારે કાબૂમાં આવી ત્યારે ડોક્ટરે તેમને હૃદય અને ફેફસાના ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપી. એ માટે મુંબઈની એક મોટી હોસ્પિટલમાં જવા માટે સલાહ આપી. એ માટે ૪૦ લાખ રૂપિયાનો ખર્ચ થશે એવું કહ્યું. આર્થિક રીતે સામાન્ય પરિવાર માટે આટલી રકમ ઊભી કરવાનું મુશ્કેલ હતું. હર્ષાબેનનો નાનો ભાઈ તેજસ શેરબજારની એક કંપનીમાં જોબ કરે છે

(વધુ પાના નં. ૧૯ ઉપર)

# YAMUNA®





HÖFLER HELIX

## MAXIMUM FLEXIBILITY WITH GEAR GRINDING



**YAMUNA GEARS PVT. LTD.**
Plot No. : 138/141, Survey No.: 43/1, B/h Jackgon Co., 150 Feet Ring Road,
Vavdi, Rajkot - 360 004. (Gujarat) INDIA. Mo. : +91 99798 49922 | 99798 49933
Email : info@yamunagears.com | sales@yamunagears.com
Website : www.yamunagears.com


Wishes everyone
Happy Diwali &
Prosperous New Year
Glory Star
Diamond Manufacturers, Importers & Exporters
Glory Star, 702C - B Wing, Tanvi Diamoda, S. V. Road, Dahisar(East), Mumbai: 400 068.



CRYSTAL INDUSTRIES
Nilay Gajjar 98258 47199
Amit Gajjar 94272 56659
Crystal
Quality Springs
FACTORY : PLOT NO. 370, G.I.D.C.-II, DARED, JAMNAGAR-361 004 Telefax : +91 - 288 - 2730196
e : crystalindjam@yahoo.com

Mukesh Bhadeshiya - Mo. 98250 23890
Hiten Bhadeshiya - Mo. 97129 23890

# Heat Treated plant
# With ISPM-15 Certificate



Vishwakarma
WOODEN WORKS

All Kind of Plywood & Wooden Merchant &
Mfg. of Plywood & Wooden Box & Pellets

Plot No. 40/41, Kishan Gate, Saffron Ind Area,Ahead of Digvijay Engineering,
Vill. Pardi (Shapar), Rajkot.-360024.

અને બીજો ભાઈ દિલીપ એક ખાનગી કંપનીમાં જોબ કરે છે. જો એક આવી સ્થિતિમાં પણ હર્ષાબેનનું પિયર મદદે આવ્યું. સરકારી સહાય અને સેવાભાવી સંસ્થાઓની મદદથી આ પડકારને પહોંચી વળીશું, એવી હિંમત તેમના માતાપિતા અને ભાઈઓએ આપી. તેમના ભાઈ દિલીપે તેઓ જ્યાં નોકરી કરે છે એ કંપનીના સંચાલકો જીજ્ઞેશ દેસાઈ અને નીરજ ચોકસીને વાત કરી. તેમણે સુરતનાં ડોક્ટર વિકાસ દેસાઈ પાસે જઈ સલાહ લેવાનું કહ્યું. ડોક્ટર વિકાસ દેસાઈ ૭૫ વર્ષના લેડી ડોક્ટર છે. તેઓ અત્યારે નિવૃત છે, પણ બહોળો અનુભવ ધરાવે છે.

તેઓ સૌ ડોક્ટર વિકાસ દેસાઈ પાસે ગયાં. ડોક્ટર દેસાઈએ કહ્યું કે તમે ચેન્નઈ જાવ અને ત્યાં ડોક્ટર કે.એમ. ચેરિયન પાસે જઈને નિદાન કરાવો (ડોક્ટર ચેરિયન પદ્મશ્રી છે અને તેમણે ૨૯ હજારથી વધુ ઓપરેશન્સ કર્યા છે. તેમણે 'હેન્ડસ ઓફ ગોડ' નામનું પુસ્તક પણ લખ્યું છે. તેઓ ઓસ્ટ્રેલિયા રહેતા હતા પછી ત્યાંનો મોહ છોડીને પાછા ભારત આવી ગયા અને ચેન્નઈમાં તેમણે હોસ્પિટલ શરૂ કરી.

હર્ષા ઘોઘારી ફેમિલી સાથે ચેન્નઈ ગયા. એ અગાઉ તેમને વાપીના ડોક્ટરે સલાહ આપી હતી કે તમે મુંબઈની ચોક્કસ હોસ્પિટલમાં ટ્રીટમેન્ટ માટે જાઓ. તેઓ ચેન્નઈ જઈને ડોક્ટર ચેરીયનને મળ્યા. ત્યાં ડોક્ટર ચેરિયન સાથે કામ કરતા ડોક્ટર રાઘવ સુબ્રહ્મણ્યમે બધા રિપોર્ટ્સ કાઢ્યા. ડોક્ટર ચેરિયન અને સુબ્રમણ્યમે એમને કહ્યું કે 'અત્યારે તમારા ફેફસાના ટ્રાન્સપ્લાન્ટેશનની જરૂર નથી. ભવિષ્યમાં તમારા ફેફસાનું ટ્રાન્સપ્લાન્ટ કરવું પડશે, પણ તમે પોઝિટિવ રહીને વિચારો. તમે માનસિક રીતે પડી ભાંગશો તો તમને આ સ્થિતિ વધારે તકલીફ આપશે.. એટલે તમે અત્યારે શક્ય એટલા પોઝિટિવ થિંકિંગ સાથે જીવવાની કોશિશ કરો.'



ચેન્નાઈ ગયા પહેલાં તેમને સતત અજંપો થતો હતો, વિચારો આવતા હતા કે શું કરવું અને શું નહીં. આ વિચારોથી ઘણા લાંબા સમય સુધી તે મૂંઝાયા. તેઓ ૨૦૧૭માં હોસ્પિટલાઈઝ્ડ થયા, ૨૦૧૮માં હોસ્પિટલાઈઝ્ડ થયા ને ૨૦૧૯માં ચેન્નઈ ગયા. સ્વાભાવિક રીતે તેમ્ને હતાશાજનક વિચારો ઘેરી વળ્યા હતા તેમને તેમની મુશ્કેલીનો કોઈ અંત દેખાતો નહોતો અને નકારાત્મકતાએ તેમના મન પર કબજો જમાવી લીધો હતો. પણ ડોક્ટર ચેરિયન અને ડોક્ટર સુબ્રમણ્યમને મળ્યા પછી તેમના મનમાં નવા ઉત્સાહનો સંચાર શરૂ થયો. જાણે નવજીવન મળ્યું હોય એવા ઉમંગ સાથે તેઓ ચેન્નઈથી પાછા આવ્યા.

ચેન્નાઈથી આવ્યા પછી તેમણે વાસ્તવિકતા સ્વીકારીને જીવન આગળ ધપાવવાનું નક્કી કર્યું.

ઘણી વખત તમારી આજુબાજુ કોઈ મિત્રો, આશાવાદી કે સકારાત્મક વિચારોવાળા માણસો હોય તો ફરક પડે. અને એવું જ હર્ષા ઘોઘારીના કિસ્સામાં પણ બન્યું. તેમને ડોક્ટર ચેરીયન અને ડોક્ટર સુબ્રમણ્યમને મળીને એટલું સારું લાગ્યું કે તેઓ અલગ રીતે વિચારવા લાગ્યા કે મારે હિંમત હારીને બેસી રહેવાને બદલે કંઈક કરવું જોઈએ. તેઓ અત્યારે નર્સરી ટીચર તરીકે તો જોબ કરી શકતા નથી કેમ કે તેઓ વાપી રહી શકે એમ નથી. પણ તેમણે પોતાના વિચાર, પોતાની મૂંઝવણને ડાયરીમાં લખવાનું શરૂ કર્યું. એ રીતે તેમણે લેખન તરફ પોતાની જાતને વાળી તો તેમને વધુ સારું લાગવા માંડ્યું. તેમણે નક્કી કર્યું કે હવે હું રાઈટર બનીશ.

વાપીના પોલ્યુટેડ વાતાવરણમાં એમની તબિયત વધારે ખરાબ થતી હતી એટલે અત્યારે હર્ષાબેન સુરત રહે છે. હર્ષા ઘોઘારી સાથે હમણાં થોડા દિવસ પહેલાં મારે વાત થઈ. તેમના અવાજમાં ઉત્સાહ હતો. તેમની તબિયતમાં સુધારો થયો છે, પણ હજી ફેફસાના ટ્રાન્સપ્લાન્ટેશનની નોબત આવી શકે છે એ તેમને ખબર છે. પરંતુ હવે તેઓ માનસિક રીતે કોઈ પણ સ્થિતિને પહોંચી વળવા તૈયાર છે.

હર્ષા ઘોઘારીના કિસ્સા પરથી બે સાર નીકળે છેઃ કોઈ વ્યક્તિ તમારા અત્યંત વિકટ સંજોગોમાં તમને હૂંફભર્યા શબ્દો કહે, સકારાત્મક વાત કરે, તમને એન્કરેજ કરે તો એકદમ જ ખરાબ સ્થિતિમાં પણ કંઈક સારું લાગે. અને બીજું એ કે માણસે કોઈ પણ વિકટ સ્થિતિ આવી પડે ત્યારે વાસ્તવિકતા સ્વીકારી વિચારવું જોઈએ કે એમાંથી હું શું રસ્તો કાઢી શકું. હર્ષા ઘોઘારીએ લેખન તરફ પોતાનું મન વાળ્યું. તેમને વાંચનનો પણ શોખ છે એ તેમના માટે મદદરૂપ બન્યો.

જીવનમાં ક્યારેય કોઈ હતાશાભરી કે નિરાશાભરી પળો આવે ત્યારે હર્ષા ઘોઘારી જેવા કિસ્સાઓ યાદ કરવા જોઈએ. વ્યક્તિની જિંદગીમાં ચેકમેટ જેવી સ્થિતિ આવે ત્યારે પણ એ કંઈક નવું કરી શકે છે!

# નેગેટિવિટીના નામનું નાહી નાખો



**નેગેટિવિટી અથવા નકારાત્મકતા આપણા શરીરને નુકસાન કરે છે એ માહિતી આજના ડિજીટલ યુગમાં લગભગ બધા પાસે જ છે, પરંતુ આપણી મુશ્કેલી એ છે કે આ નેગેટિવિટી આપણા શરીર, મન અને જીવન માટે નુકસાનકારક છે એની જાણ હોવા છતાં આપણે એમાંથી મુક્ત થઈ શકતા નથી.**



ગીતા માણેક

છઠ્ઠા ધોરણમાં ભણતી એક ગુજરાતી છોકરીને આખું વરસ એક ટીચર સાથે પનારો પાડવો પડ્યો હતો. એ શિક્ષિકા તેને મુદ્દલે ગમતી નહોતી. અંગ્રેજી ભાષા શીખવતી આ શિક્ષિકા આમ તો આખા ક્લાસમાં કોઈને ય ગમતી નહોતી. વિદ્યાર્થીઓ તેની પીઠ પાછળ તેની ટીકા કરતા રહેતા. તે શિક્ષિકાને ભણાવતા નહોતું આવડતું એવું આ ગુજરાતી છોકરીને પણ લાગતું હતું. તે ટીચર કારણ વગર હરહંમેશ ચીડાતા રહેતા હતા. બીજા શબ્દોમાં કહીએ તો આ છોકરીને અંગ્રેજીનો વિષય શીખવાડતી એ ટીચર માટે ખૂબ નેગેટિવિટી હતી. ટીચર ન ગમતી હોવા છતાં આખું વરસ તેને સહન કર્યા સિવાય ક્લાસમાંના અન્ય વિદ્યાર્થીઓની જેમ આ છોકરી પાસે બીજો કોઈ વિકલ્પ તો હતો જ નહીં. છઠ્ઠા ધોરણની છેલ્લી પરીક્ષા પૂરી થઈ એ દિવસે આ અગિયાર વર્ષની છોકરીએ એક મોટો કાગળ લીધો અને એ કાગળ પર મોટા અક્ષરે તેની આ અણગમતી ટીચરનું નામ લખ્યું અને પછી જાણે ભીતર ભરાયેલી બધી જ નેગેટિવિટીને બહાર ઠાલવતી હોય એમ આક્રોશ સાથે એ કાગળના નાના-નાના ટુકડા કર્યા અને કારની બારીમાંથી બહાર ઉડાડી દીધા. તે અણગમતી ટીચર વિશેનો અણગમો ભીતર સંગ્રહી રાખવાને બદલે એને કાગળ પર ઠાલવી, એ કાગળના ટુકડે-ટુકડા કરી બારીની બહાર અને એ રીતે પોતાની સિસ્ટમની બહાર ફેંકી દેવાની આગવી રીત આ છોકરીએ શોધી કાઢી હતી.

આનાથી તદ્દન વિપરીત કહી શકાય એવા એક કિસ્સામાં ૭૨ વર્ષના રમણીકભાઈ અચાનક તેની સાથે સ્કૂલમાં ભણતા યોગેશભાઈને પચાસેક વર્ષ પછી મળ્યા. થોડીક ઔપચારિક વાતચીત પછી રમણીકભાઈએ કહ્યું, ‘‘યોગેશ, તને યાદ છે પાંચમા ધોરણમાં તેં મારો નવોનક્કોર કંપાસબોક્સ તોડી નાખ્યો હતો.’’ યોગેશભાઈને આમાંનું કશું યાદ નહોતું પણ રમણીકભાઈએ આટલા વર્ષો તેના આ દુઃખને સંગ્રહી રાખ્યું હતું.

નેગેટિવિટી અથવા નકારાત્મકતા આપણા શરીરને નુકસાન કરે છે એ માહિતી આજના ડિજીટલ યુગમાં લગભગ બધા પાસે જ છે, પરંતુ આપણી મુશ્કેલી એ છે કે આ નેગેટિવિટી આપણા શરીર, મન અને જીવન માટે નુકસાનકારક છે એની જાણ હોવા છતાં આપણે એમાંથી મુક્ત થઈ શકતા નથી.

વેલ, એનું એક કારણ કદાચ એ છે કે આપણને આપણા દુઃખ સાથે મહોબ્બત થઈ જાય છે. માન્યામાં ન આવે એવી વાત છે ને! પણ જો ભીતર ડોકિયું કરશો તો તમને કદાચ આ વાતનો અહેસાસ થશે. આ વાતને સમજાવતા માઈન્ડ મેકેનિઝમ નામના પુસ્તકમાં એક બહુ જ સરસ અને સાચુકલું ઉદાહરણ આપવામાં આવ્યું છે.

ફ્રેન્ચ ક્રાંતિ વખતે અનેક લોકોને સૂર્યનું એક પણ કિરણ ન પ્રવેશી શકે એવી અંધારી કોટડીઓમાં પૂરવામાં આવ્યા હતા. આ કોટડીઓમાં બાથરૂમ કે જાજરૂની પણ વ્યવસ્થા નહોતી અને કેદીઓને સાંકળોથી બાંધવામાં આવ્યા હતા એટલે એવી ગંધાતી કોટડીઓમાં તેઓ લાંબા સમય સુધી પૂરાયેલા રહ્યા હતા. ક્રાંતિકારીઓ જ્યારે પોતાની ચળવળમાં સફળ થયા ત્યારે તેમણે સત્તાધીશો દ્વારા કોટડીમાં પૂરવામાં આવેલા આ કેદીઓને આઝાદ કરવા માંડ્યા. પરંતુ તેમના આશ્ચર્ય વચ્ચે એક વિચિત્ર ઘટના બની. જે કેદીઓને તેમણે છોડાવ્યા હતા તે કેદીઓ પોતે જ ફરી પાછા તે કોટડીઓમાં જઈને બેસી જતા અને જાતે જ હાથ-પગમાં સાંકળો બાંધી લીધી. જ્યારે આ કેદીઓને પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે હવે આ કોટડીઓમાં જ રહેવાની તેમને આદત થઈ ગઈ છે અને તેઓ આટલો


બધો સૂર્યપ્રકાશ સહન નથી કરી શકતા.

શક્ય છે કે પહેલી નજરે કોઈને આ વાત વાહિયાત લાગે પણ આપણે ય આપણી અંદર એવી કેટલીય નક્કામી અને ગંધાતી લાગણીઓ લઈને નથી જીવી રહ્યા? અમારી એક પરિચિત મહિલાના ભાઈનો રેડીમેડ કપડાંનો શોરૂમ હતો. બહેનની આર્થિક સ્થિતિ બહુ સધ્ધર નહોતી એટલે તે પોતાના ભાઈની દુકાનેથી પતિ માટે અને બાળકો માટે કપડાં લઈ આવતી. તેના ભાઈની દુકાનમાં તેનું ખાતું હતું અને વર્ષમાં એકાદવાર જ્યારે બહેન પાસે પૈસાની સગવડ થાય ત્યારે તે બાકી રાખેલી રકમ ચૂકવી આવતી. એક વખત ભાઈ–બહેન વચ્ચે કંઈ ઝઘડો થયો અને લાંબો સમય સુધી તેમની વચ્ચે અબોલા રહ્યા. આ દરમિયાન ભાઈને પૈસાની જરૂર પડી હશે કે ગમે તેમ પણ તેણે દુકાનના માણસ હસ્તક બાકી રહેલી રકમનું બિલ મોકલી આપ્યું. આને કારણે બહેનને વધારે માઠું લાગ્યું. આ બહેને રકમ તો ચૂકવી દીધી પણ વર્ષો સુધી બિલનું એ કાગળિયું પોતાના કબાટમાં રાખી મૂક્યું. જ્યારે–જ્યારે તે એ બિલ જુએ ત્યારે તે આખી ઘટના યાદ કરીને તે રડી પડતી હતી. થોડા સમય બાદ ભાઈ–બહેન વચ્ચે સમાધાન પણ થઈ ગયું અને આજે તો તે ભાઈ હયાત પણ નથી છતાં એ બિલ બહેને સાચવી રાખ્યું છે.

આપણને કંઈ વાગે તો આપણે એ ઝડપથી રુઝાઈ જાય એના પ્રયાસ કરીએ પણ જો કોઈએ ગાળ આપી હોય, દુઃખ કે પીડા આપી હોય તો એ જખમને વરસો સુધી ખોતર–ખોતર કરીને એને તાજું રાખીએ. કોઈ સ્વજન કે મિત્ર દ્વારા આપણી સાથે ખરાબ વ્યવહાર કરવામાં આવે તો આપણને દુઃખ થાય એ સ્વાભાવિક છે, પણ એક વખત એ સમય પસાર થઈ ગયો અને આપણે પણ પ્રતિભાવમાં જે કંઈ કરવાનું હતું એ કરી દીધું પછી એ સ્મૃતિનો બોજ લઈને આખી જિંદગી ચાલ્યે રાખવાથી કોઈ ફાયદો તો થતો જ નથી નુકસાન જ નુકસાન થાય છે.

આપણામાંના મોટાભાગના લોકો આવી નેગેટિવ સ્મૃતિઓના પોટલાંના પોટલાં ઉંચકી–ઉંચકીને ફરે છે અને પછી એના ભાર નીચે દબાઈ મરે છે.

વારે–તહેવારે આપણે આપણા ઘર કે ઑફિસના કબાટ, ખાનાંઓ વગેરે સાફ કરતા રહીએ છીએ. નક્કામી ફાઈલો અને કાગળિયાઓનો નિકાલ કરી નાખીએ છીએ. ઘણાં લોકોને તો પોતાનું ઈ–મેઈલ બોક્સ પણ સાફસુથરૂં રાખવાની ટેવ હોય છે. પોતાના પર આવેલા ઈ–મેઈલનો પ્રત્યુત્તર આપવાનો હોય તો એ આપીને અથવા એમાં જે સંદેશાઓની આપ–લે થઈ હોય એ પ્રોજેક્ટ પૂરો થાય એટલે તેઓ એને ડિલીટ કરી નાખે છે. આવું જ આપણે આપણા મનનું પણ કરીએ તો? નેગેટિવીટીને ટ્રેશ બોક્સમાં પણ ન નાખવી પણ કાયમ માટે જ ડિલીટ કરી દેવી.



આ રીતે નકારાત્મકતાને ફગાવી દેવાના અનેક રસ્તાઓ છે. દર વર્ષે આપણે યોગ દિવસ ઊજવીએ છીએ. હકીકતમાં રોજ જ યોગ દિવસ હોવો જોઈએ. મનમાં જ નહીં પણ શરીરના કોષમાં પણ ભરાઈ ગયેલી નકારાત્મકતાને બહાર ધકેલી દેવા માટે યોગના આસનો, પ્રાણાયામ અને કેટલીક યૌગિક શુદ્ધ ક્રિયાઓ સૌથી અસરકારક સાધન છે. યોગ તેમ જ અન્ય શાસ્ત્રોમાં આપેલી કેટલીક ધ્યાનવિધિઓ પણ શરીર અને મનમાં પલાંઠી વાળીને બેસી ગયેલી નકારાત્મકતાને ચોટલો ઝાલીને બહાર કાઢી શકે છે અને કેટલાક આધુનિક ગુરુઓએ ટેક્નોલોજીની મદદથી આપણને એ ઉપલબ્ધ પણ કરી આપી છે.


આપણે દિવાળીમાં ઘર સાફ કરીએ છીએ ત્યારે નક્કામી વસ્તુઓની સાથે–સાથે નક્કામી લાગણીઓ, દુઃખ, પીડા, ગેરસમજો પણ મનમાંથી કાઢી નાખીએ એવો એક ભાવ હોય છે. ફક્ત ભારતમાં જ નહીં પણ દુનિયાના ઘણાં દેશોમાં નેગેટિવિટીને મનમાંથી ધક્કા મારીને બહાર કરી દેવાની જાતભાતની ટેક્નિકો છે. ઈટાલીમાં તો એવી પરંપરા છે કે દર વર્ષની ૩૧મી ડિસેમ્બરે લોકો ઘરમાંની નકામી વસ્તુઓનો રીતસર બારીમાંથી ઘા કરે છે. ૩૧મી ડિસેમ્બરે રાહદારીઓ રસ્તા પર પણ સાચવી–સાચવીને ચાલે છે કારણ કે ક્યા ઘરની બારીમાંથી કઈ વસ્તુ માથે આવી પડશે કંઈ કહેવાય નહીં! વસ્તુઓ ફેંકવી પ્રતીકાત્મક છે ખરેખર તો લોકો પોતાની નેગેટિવિટી ફેંકવાનો પ્રયાસ કરતા હોય છે.

આપણે ત્યાં આપણે દશેરામાં રાવણનું પૂતળું સળગાવી આપણી ભીતરની રાક્ષસી વૃતિઓનું દહન કરીએ છે. અમેરિકા ખંડના ઉત્તર તરફ આવેલા ઈક્વેડર નામના નાનકડા દેશમાં વર્ષના અંતમાં પ્રતિકાત્મક રીતે એ વર્ષની નનામી બાળવાની પરંપરા છે. જે વર્ષ વીતી ગયું એમાં જે કંઈ નકારાત્મક બાબતો બની હોય એને સળગાવી નાખવાની. જેમ આપણે દિવાળીમાં ઘર સાફ કરીએ છીએ અને એક સ્વચ્છ, સુઘડ ઘરમાં રિદ્ધિ, સિદ્ધિ અને લક્ષ્મીજીનો અને મનમાં વિષ્ણુનો વાસ થાય એવો ભાવ રાખીએ છીએ એમ જાપાનમાં પણ વર્ષના અંતે 'ઓસોજી' કરવામાં આવે છે. ઓસોજી એટલે ઘર–દુકાન–ઑફિસની સાથે–સાથે મનની સાફસફાઈ. ઓસોજી કરીને તેઓ 'તોસીગામી–સામા' એટલે કે નવા વર્ષના દેવને આવકારે છે.

લગભગ દરેક ધર્મ અને પરંપરાઓમાં મનને નકારાત્મકતાથી ખાલી કરી નાખવાની પોતપોતાની આગવી રીત છે. આવી કોઈ રીતરસમ દ્વારા કે પછી શરૂઆતમાં જે નાનકડી છોકરીની વાત કરી એ રીતે પોતાની કોઈ આગવી રીત શોધીને કે ગમે તેમ પણ નેગેટિવિટીમાંથી મુક્ત થઈ જવું. બીજું કંઈ ન સૂઝે તો ચોમાસામાં એકાદ દિવસ ધોધમાર વરસાદમાં ઊભા રહીને નેગેટિવિટીના નામનું નાહી જ નાખજો. ઉનાળાની ગરમીમાં સૂકાઈ ગયેલા, ધૂળથી આચ્છાદિત વૃક્ષ વરસાદ પડવાની સાથે જેમ ગરમીની ગઈ ગુજરીને ભૂલી જઈ લીલુંછમ્મ થઈ જાય છે એમ મન પણ તરોતાજા થઈ જશે. ચોમાસું વીતી ગયું હોય તો આવતા વરસ સુધી રાહ જોવાની જરૂર નથી. બાથરૂમમાં શોવર નીચે ઊભા રહીને કે બાલદી ભરીને પાણી લઈ માથા પર રેડીને મનમાં એ ભાવ રાખીને પણ નેગેટિવિટીના નામનું નાહી શકાય છે.

# 'માનસ–માતુ ભવાની' : કથા અને કલાનું અનુષ્ઠાન





અવસર - વિશેષ
નીતિન વડગામા

મોરારિબાપુની વ્યાસપીઠ છેલ્લાં ઘણાં વર્ષોથી નવરાત્રિના દિવસો દરમિયાન કોઇને કોઇ શક્તિપીઠ પર જઇને આદ્યશક્તિ મા જગદંબાનું મહિમાગાન કરે છે. 'માનસ–આદિશક્તિ' (માતાનો મઢ, કચ્છ), 'માનસ–અંબિકા'(અંબાજી), 'માનસ–ચામુંડા' (ચોટીલા), 'માનસ–માતૃદેવો ભવ' (વૈષ્ણોદેવી),'માનસ–શ્રીદેવી' (વિંધ્યાચલધામ), 'માનસ–જવાલાદેવી' (જવાલામુખી), 'માનસ–જગદંબા' (ગિરનાર, જૂનાગઢ) જેવી અનેક કથાઓ અને હૈયાવગાં ઉદાહરણો છે. એ શૃંખલામાં તાજેતરમાં ચોવીસ નવેમ્બરથી બીજી ઓક્ટોબરના દિવસોમાં ભવાની–મંદિર (કતપર–મહુવા)ના પાવન પ્રાંગણમાં બાપુએ 'માનસ–માતુ ભવાની' રામકથાનું ગાન કર્યું. આ અવસરે અરબી સમુદ્ર જેનાં ચરણકમલનું પ્રક્ષાલન કરી રહ્યો છે એવી મા ભવાનીના આંગણામાં નવલા નોરતામાં જાણે કે રામકથા ગરબે ઘૂમવા આવી હતી.

ભાવનગર જિલ્લાના મહુવાથી પાંચેક કિલોમીટર દૂર કતપર ગામ પાસે આવેલું ભવાની–મંદિર ભગવાન શ્રીકૃષ્ણ અને રુકમણિજીના પ્રેમનું પ્રતીક મનાય છે. મા ભવાનીના આ પવિત્ર અને પ્રસિદ્ધ સ્થાનમાં બાપુએ પરામ્બા ભગવતીને કેન્દ્રમાં રાખીને પોતાનું સાત્ત્વિક–તાત્ત્વિક દર્શન પ્રગટ કર્યું. બાપુ વાવેલું ઊગી શકે એટલા માટે ગ્રામવિસ્તારમાં કથા હોય ત્યારે દેહાતી લોકોને સમજાય એવી સહજ–સરળ ભાષામાં વાત કરી જાણે છે. અહીં પણ તળના લોકો સુધી વ્યાસપીઠની વાત પહોંચે એવા આશયથી બાપુએ તળપદી બોલીમાં અને ગામડાંગામનાં દષ્ટાંતો સાથે જ પોતાની વાતો મૂકી.

તુલસીદાસજીએ 'રામચરિતમાનસ'માં 'માતુ ભવાની' શબ્દનો ત્રણ વાર પ્રયોગ કર્યો છે, એની નોંધ લઇને બાપુએ ત્રિસત્યનો મહિમા કર્યો અને કન્યારૂપ, પત્નીરૂપ અને માતૃરૂપ જેવાં મા જગદંબાનાં ત્રિવિધરૂપ પણ રેખાંકિત કરી આપ્યાં. આ ઉપરાંત એ ત્રણેય રૂપનું આગવું અર્થઘટન કરતાં બાપુએ જણાવ્યું કે કન્યારૂપે મા ભવાની સત્યરૂપા છે; પત્નીરૂપે પ્રેમરૂપા છે અને માતારૂપે આખા જગતનું કલ્યાણ કરે છે ત્યારે એ કરુણારૂપા છે.

'માનસ' સ્વયં નવદુર્ગા છે, એવું સૂત્રાત્મક નિવેદન કરીને બાપુએ 'માનસ' અંતર્ગત માનાં નવ પ્રકારનાં રૂપનો વિવિધ કથા પ્રસંગોને આધારે પરિચય આપ્યો હતો અને મા ભવાનીના કન્યારૂપ, પત્નીરૂપ અને માતૃરૂપ પર પોતાના વિચારોને વિશેષ કેન્દ્રિત કર્યા હતા. આ ઉપરાંત માનાં નવ રૂપમાંહેના મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતી એ ત્રણ રૂપો 'રામચરિતમાનસ'માં ક્યાં ક્યાં ને કેવી કેવી રીતે જોવા મળે છે એના પર પણ બાપુએ પ્રકાશ પાડ્યો હતો. તો સાથેસાથે 'ગીતા'કથિત કીર્તિ, શ્રી, વાક્, સ્મૃતિ, મેધા, ધૃતિ અને ક્ષમા જેવી સાત બાબતોને અનુલક્ષીને માતૃશક્તિનાં સાત રૂપોને પણ સુપેરે ઉદ્‌ઘાટિત કરી આપ્યાં હતાં.

નામ–મહિમાની વાત કરતાં બાપુએ જણાવ્યું હતું કે રામ, કૃષ્ણ, મહાદેવ જે આદિ–અનાદિ છે, એનું નામ મહામંત્ર છે તેમજ અખિલ બ્રહ્માંડના નાયકનું બિરુદ કેવળ રામને, કૃષ્ણને અને મહાદેવને જ આપી શકાય. આ ઉપરાંત સનાતન ધર્મના પંચદેવોનું માહાત્મ્ય સ્વીકારીને બાપુએ એવું નિવેદન પણ કર્યું કે માની પૂજામાં





પંચદેવોની પૂજા આવી જાય છે. વળી બલિ ચડાવીને થતી માના રૌદ્ર રૂપની પૂજાથી દૂર રહીને માના સૌમ્ય રૂપની સાધના કરવાની હિમાયત પણ બાપુએ કરી. એ સાથે જ આધુનિક રાસ-ગરબાને બદલે ગરબાની આપણી પ્રાચીન પરંપરાનું મૂલ્ય સમજાવતા બાપુએ યુવાપેઢીને ઉદ્દેશીને એમ પણ કહ્યું કે એ જ પટાંગણમાં ગરબી રમવા જજો. જયાં મધ્યમાં માની સ્થાપના થઇ હોય.




રામકથાના માધ્યમથી મોરારિબાપુ આપણી આધ્યાત્મિક સંપદાનો પરિચય તો આપણને કરાવે છે જ, સાથોસાથ સામાજિક જાગૃતિનું પુણ્યકાર્ય પણ કરતા રહે છે. સમાજમાં વ્યાપેલા વહેમ કે અંધશ્રદ્ધા દૂર થાય અને પરસ્પર સંવાદની સ્થાપના થાય એ માટેની પણ તેઓ કોશિશ કરે છે. આ કથામાં પણ એવો એક વિશેષ અનુભવ થયો. કથાસ્થળની આસપાસનાં કતપર, બંદર વગેરે ગામોમાં બે જ્ઞાતિ-સમાજ વચ્ચે વર્ષોથી વિસંવાદ છે, એવું જાણવા મળતાં બાપુ કથા પૂરી કરીને એ ગામમાં ગયા, એ લોકોને ભેગા કર્યા ને રામાયણજીની આરતીમાં પણ એમના પ્રતિનિધિઓને બોલાવ્યા. મતલબ કે જયાં વિખવાદનું વિષ રેલાયું છે ત્યાં પણ વ્હાલનું વાવેતર થાય એ માટે બાપુની વ્યાસપીઠ સંનિષ્ઠ પ્રયત્નો કરે છે અને એનાં રૂડાં પરિણામો પણ આવ્યાં છે.

'માનસ-માતુ ભવાની' રામકથા દરમિયાન એક બાજુ સૌને આધ્યાત્મિક દર્શનનો ઓડકાર આવ્યો, તો બીજી બાજુ સાહિત્ય-સંગીતનો સ્વાદ પણ માણવા મળ્યો. હા, સવારે ચારેક કલાક બાપુની વ્યાસપીઠ પરથી તાત્ત્વિક વિચારોની ગંગા વહે, તો સાંજે ત્રણેક કલાક તલગાજરડાના ચિત્રકુટધામમાં 'સાવિત્રી વટ'ની છાયામાં ને હનુમાનજી મહારાજની નિશ્રામાં શબ્દ અને સૂરનો મેળો ભરાય. એ સોહામણી સંધ્યાના સહજ વહેતા પ્રવાહમાં ત્રણેક દિવસ હિન્દી-ઉર્દુના મશહૂર શાયર ફેહમી બદાયૂની તથા રાજ કૌશિક અને ચરાગ શર્માની ગઝલોના ઘૂંટ પીવા મળ્યા. એક દિવસ હિન્દી-ગુજરાતી કાવ્યપાઠનો એક સાથે લ્હાવો મળ્યો, જેમાં એ ત્રણેય હિન્દી શાયરો ઉપરાંત ગુજરાતી ભાષાના સર્વશ્રી વિનોદ જોશી, દલપત પઢિયાર, રઘુવીર ચૌધરી, હર્ષદ ચંદારાણા, હરિશ્ચન્દ્ર જોશી, પ્રણવ પંડ્યા, નીતિન વડગામા વગેરેની કવિતાઓ પણ રજૂ થઇ.

તલગાજરડા પ્રત્યેના સહજ પ્રેમાદરથી ખેંચાઇને આવેલા અનેક લોકસાહિત્યકારોને પણ એમનું લોકસાહિત્ય પીરસી સૌને ધન્ય કર્યાં. આ દિવસોમાં લક્ષ્મણ બારોટ, નિરંજન પંડ્યા, પરસોતમ પરી, શૈલેશ મહારાજ, દીપકબાપુ હરિયાણી, નારાયણ ઠાકર, માયાભાઇ આહીર, જયશ્રી માતાજી, ભારતીબહેન વ્યાસ, ધીરુભાઇ સરવૈયા, દિગુભા જાડેજા, સુખદેવ ધામેલિયા અને અન્ય અનેક કલાકારોએ પણ એમની લોકકલાથી સંધ્યાને શણગારી. બાપુ બધાંનો સમનવ્ય સાધે છે ત્યારે આ સાંધ્ય કાર્યક્રમોમાં પણ લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્યનો સમન્વય સધાયેલો જોવા મળ્યો.

એવી જ એક ઉપલબ્ધિ એટલે નવરાત્રિ દરમિયાન કૈલાસ ગુરુકુળના પાવન પરિસરમાં યોજાયેલા ગરબા. શ્રી પાર્થિવભાઇ હરિયાણીના માર્ગદર્શનાં ગુરુકુળમાં સરસ્વતીમાતાના સાંનિધ્યમાં પરિવારજનોએ અને કથામાં પધારેલાં ભાઇ-બહેનોએ આપણી પ્રાચીન પરંપરાને જાળવીને રાસ-ગરબાની જમાવટ કરી, એ પણ આ કથાનું એક સુખદ સંભારણું બની રહ્યું.

એમ કહીએ કે 'માનસ-માતૃ ભવાની' રામકથા નિમિત્તે નવ દિવસીય કથા અને કલાનું અનુષ્ઠાન થયું. નિમિત્તમાત્ર યજમાનશ્રી ચિમનભાઇ વાઘેલા-પરિવારનું ભાવભીનું આતિથ્ય, જયદેવભાઇ માંડકના નેતૃત્વમાં નિવાસ-વ્યવસ્થાનું સુચારુ સંચાલન અને 'સંગીતની દુનિયા'ની ટીમનું સમર્પણ સ્વાભાવિક જ સરાહનીય રહ્યું. કથા-વિરામને દિવસે એક બાજુ સૌને એક આંખમાં વ્યાસપીઠથી વિખૂટા પડવાની પીડા હતી, તો બીજી આંખમાં આવતા વર્ષની શરદપૂનમે 'માનસ-ભૂતનાથ'માં ભેગાં થઇ શકવાની પ્રસન્નતા પણ હતી.

# સમર્પણનો અર્થ



> દુનિયામાં જેમણે પણ આ દિલના અસલી કામને સમજ્યું છે અને એ કામ દિલ પાસે કરાવવાનું શરૂ કરી દીધું છે તે લોકો જ પોતાની જાતને ઈશ્વરનાં ચરણોમાં સમર્પિત કરી શક્યા છે.



આનંદમૂર્તિ ગુરુમા

એવાઘણા બધા સાધનામાર્ગ છે જે મુશ્કેલ ભલે હોય, પણ ધીમે–ધીમે અભ્યાસ કરીને આપણે એમાં પારંગત થઈ શકીએ છીએ. પરંતુ એક સાધન એવું છે જેને તમે અભ્યાસ કરીને પૂરું નથી કરી શકતા. જોવામાં, સાંભળવામાં એ જેટલું સહજ લાગે છે કરવામાં એટલો જ મુશ્કેલ માર્ગ છે – સમર્પણનો. સમર્પણને તમે કયા અભ્યાસથી પ્રાપ્ત કરી શકશો ? કારણ કે એમાં કરવાનું તો કંઈ છે જ નહીં, ફક્ત છોડવાનું જ તો છે. એમ છતાં આ બહુ મુશ્કેલ લાગે છે, આપણે છોડી નથી શકતા. આપણી હસ્તી તો કંઈ છે પણ નહીં. એમ છતાં પોતાની હસ્તીને છોડી નથી શકતા. સમર્પણ કરવાનો ભાવ તો બહુ સુંદર છે, આ સાધન પણ અતિ ઉત્તમ છે, પણ એટલું જ કઠિન સુદ્ધા છે, પ્રેમથી આ પંક્તિઓને વાંચો :

મૈં તેરી હૂં, તૂ હૈ મેરા,
હો જાયે તુઝસે પ્રેમ ઘનેરા
મૈં કો મિલે મિલાપ, તેરે ચરણોં મેં.
નામ દીવાના મુઝે બના દે,
લોભ મોહ અભિમાન મિટા દે
નષ્ટ હો પુણ્ય ઔર પાપ, તેરે ચરણોં મેં
આપા ભાવ મિટે સબ મેરા,
તન મન સબ હો જાયે તેરા
મિટે શોક સંતાપ, તેરે ચરણોં મેં

'મૈં રખ દૂં અપના આપ તેરે ચરણોં મેં જેથી ફક્ત તું જ મારો પોતાનો રહી જાય અને હું તારો થઈ જાઉં. હે પ્રભુ ! આવો ગહન પ્રેમ તારી સાથે થઈ જાય. હવે આ કઈ સાધનાના આધાર પર કોઈ પ્રાપ્ત કરી શકશે ? તમે મંત્ર જપ કરી શકો છો, પણ જપ કરી–કરીને પણ તમે પોતાની જાતને ઈશ્વરથી દુર જ રાખો છો. 'તમે મારા છો અને હું તમારો છું' એ નિશ્ચય માત્ર જપ કરવાથી પૂરો નથી થઈ જતો. કલાકો સુધી માળા ફેરવતા રહો છો, પણ માળા ફેરવી–ફેરવીને પણ મન સંસારમાંથી પાછું નથી ફરી શકતું. માળા ફરી, પણ શું તમારું મન પણ ફર્યું ?

જુઓ, જેને તમે 'દિલ' કહો છો એ દિલ સંસાર માટે બિલકુલ નથી બન્યું. શરીર તો બન્યું છે દુનિયા માટે. આંખથી જુઓ, કાનથી દુનિયાના શબ્દો સાંભળો, જીભથી ખાઓ, પગથી ચાલો, હાથોથી કામ કરો. પોતાના શરીર દ્વારા બધો કાર્ય–વ્યવહાર રકવા માટે તો આ બધી ઈન્દ્રિયો તમને મળી છે, પરંતુ હું તમને પૂછું છું કે તમે પોતાના આ દિલનું શું કરશો ?

દિલથી તો એક જ કામ થઈ શકે છે. દિલથી તે દિલબરને પ્યાર કરી શકાય છે. દિલ જગત માટે બન્યુ જ નથી. મનના માધ્યમથી જગતને જુઓ, સંકલ્પ–વિકલ્પ કરો, બુદ્ધિ દ્વારા વિચાર કરો. ચિંતન કરો. આ બધું કરો. પરંતુ સવાલ એ ઉપસ્થિત થાય છે કે દિલ શાના માટે બન્યું છે ? દિલ વડે શું કરશો તમે ? આ દિલ જે કામ માટે બન્યું છે એ કામમાં અગર એને નહીં લગાડો તો તમારું દિલ દુઃખી જ રહેશે ને !

દુનિયામાં જેમણે પણ આ દિલના અસલી કામને સમજ્યું છે અને એ કામ દિલ પાસે કરાવવાનું શરૂ કરી દીધું છે તે લોકો જ પોતાની જાતને ઈશ્વરનાં ચરણોમાં સમર્પિત કરી શક્યા છે. જે પોતાના દિલને ઈશ્વર–ચરણો સાથે જોડી શકે છે તેઓ

બહુ જલદી જ સંપૂર્ણરૂપે પરમાત્મા સાથે એકાકાર થઇ શકે છે. તો પહેલાં દિલથી જોડાઓ અને પછી દિલને સારી જગ્યાએ જોડો. દિલ જયારે સાચી જગ્યાએ જોડાશે તો જોતજોતામાં દિલ તે પરમાત્મારૂપ દિલબરનું ચિંતન કરતાં-કરતાં તેની સાથે એક થઇ જાય છે.

દિલમાં સમર્પણનો ભાવ આવતાં જ, દિલબર સાથે જોડાતાં જ ભકત પછી સમજી જાય છે કે હવે મને તીર્થ કરવા કયાંય જવાની જરૂર નથી, હવે મારું દિલ તીર્થ થઇ ચૂકયું છે. કાબામાં મુસલમાન હજ કરવા જાય છે. તેમના માટે એ જરૂરી હોય છે કે એકવાર તો હજની યાત્રા કરવા આવે. પરંતુ ભકત કહે છે કે જયારે મારું દિલ જ કાબા થઇ ગયું છે તો હવે બહાર કયા કાબામાં જાઉં ? હવે કયાંય જવાની જરૂર જ નથી રહી ગઇ.

આ નિર્મળતા ત્યારે આવે છે જયારે આપણે સંપૂર્ણતાથી સમર્પણ કરી શકીએ છીએ. પરંતુ યાદ રાખજો, સમર્પણમાં એવું નથી થઇ શકતું કે તમે પોતાના પાપ ઇશ્વર પર ચડાવીને કહો કે હવે એ પાપમાંથી મને મુકત કરાવી દે. પૂર્ણરૂપે સમર્પણ ત્યારે થઇ શકે છે જયારે આપણે આપણા પુણ્યોને પણ ઇશ્વરને ચડાવી દઇએ. ફકત આપણા અવગુણ જ નહીં, ઇશ્વરને આપણા ગુણ પણ દઇ દઇએ. ત્યારે આપણે નિર્ભાર, બોજરહિત થઇ શકીએ છીએ. પછી જે થવું હોય એ થાય. પછી તો આપણે જેવા પણ છીએ તેના જ છીએ. જયારે પોતાપણાનો ભાવ જ ખતમ થઇ ગયો, જયારે 'હું' પણાનો ભાવ ખતમ થઇ ગયો તો પછી હવે શોક શેનો થશે ? સંતાપ થશે કોને ? મિટે શોક સંતાપ તેરે ચરણોં મેં

અસલી ભકત બહુ સમજદાર હોય છે, બહુ બુદ્ધિમાન હોય છે. જયારે હારવાનું જ છે તો હું લડું જ શા માટે ? તો તે પહેલાં જ હાથ ઉંચા કરી દે છે કે હું લડવામાં પોતાનો સમય અને શકિત બરબાદ નહીં રકું. જયારે તારી જ ઇચ્છા પુરી થવાની છે તો હું પોતાની ઇચ્છા રાખુ જ શું કામ ? તો પછી તો તારી જ ઇચ્છા પુરી જાય. હવે તો હું એક જ ઇચ્છા રાખું છું કે જે ઇચ્છા તારી હોય એ જ ઇચ્છા મારી હોય.

પ્રેમમાં આવો જ વ્યવહાર કરીએ છીએ કે જેનાથી આપણને પ્રેમ હોય તેની દરેક ચીજ આપણી પ્યારી થઇ જાય છે. એ જ રીતે અગર પરમાત્મા સાથે તમને વાસ્તવિક પ્રેમ છે તો પછી તેની દરેક વસ્તુ તમને વહાલી લાગવા માંડશે. પછી એ વસ્તુ તમને સુખ દે તો પણ વહાલી અને દુ:ખ દે તો પણ વહાલી. ભકત કહે છે કે અગર તે મને દુ:ખનો માર મારવા લાગે તો તેના મારને પણ હું એમ સમજી કે જાણે કોઇ મા‌ા પર ફુલની વર્ષા કરી રહ્યું છે. રાજી છું તેની મરજીમાં. જે તેની મરજી હોય એ જ પુરી થાય. આને કહે છે સમર્પણ.

ભકત કહે છે, 'તમે મારું બધું જ છો. તમે મારી મા છો, મારા પિતા છો, મારા બંધુ છો, મારા સખા છો. પ્રભુ મારા બા સંબંધો તમારી જ સાથે છે. તમે મારા સર્વસ્વ છો. તમે મારા જ છો, હું તમારો જ છું. ઇશ્વર સંપૂર્ણ બ્રહમાંડનો નાયક, સ્રષ્ટા, કર્તા, નિયંતા છે અને તે જ ઇશ્વરનું હું સંતાન છું.' હવે મને કહો કે જે મિલકત, જે રુઆબ પિતાનો હોય છે શું એ જ બધું તેના પુત્રનું નથી થઇ જતું ? અગર ફકત પરમાત્મા સાથે જ મારો બંધ છે, અગર મારો સબંધ તેની સાથે જ છે, તે જ મારી માતા છે, પિતા છે, બંધુ છે, સખા છે, સર્વસ્વ છે તો પછી હું ફકત એક મામૂલી જીવમાત્ર કઇ રીતે હોઇ શકું ? હું તો પછી દિન, હીન, કંગાળ કઇ રીતે હોઇ શકું.

ઇશ્વરને તમારી આરતી નહીં, તમારો ભાવ જોઇએ છે. ઇશ્વરને તમારા નિયમ નહીં તમારો પ્રેમ જોઇએ છે. પરંતુ આપણે ઇશ્વરને પણ આપણા નિયમોમાં ઢાળી દઇએ છીએ. આપણે ઇશ્વરને પ્રેમ નથી દઇ શકતા, ઇશ્વરને ગીત તો સંભળાવી દઇએ છીએ પણ ભાવ નથી આપી શકતા. એટલા માટે તો આખું જીવન નીકળી જવા છતાં આપણે ઇશ્વરીય પ્રેમની દિવ્યતાનો બોધ નથી કરી શકતા જીવન અધૂરું-અધૂરું જ રહી જાય છે. જીવનમાં સરસ-તા આવતી જ નથી અને સમર્પણ હજુ પણ એટલું જ મુશ્કેલ લાગે છે જેટલું પચાસ વર્ષ પહેલાં મુશ્કેલ લાગતું હતું. બાળપણથી આપણે માતા-પિતા અને સમાજ દ્વારા આપવામાં આવેલા નિયમો નિભાવતા રહીએ છીએ, પરંતુ આજે પણ એ જ વાત કહીએ છીએ કે ઇશ્વરની પાસે આત્મસમર્પણ કરવું તો બહુ કઠિન છે. કઠિન એટલા માટે નથી કે 'સમર્પણ કરવું' કઠિન છે. કઠિન એટલા માટે છે કારણ કે દિલમાં સમર્પણની ભાવના જ નથી. તો જયારે ભાવના જ નથી તો પછી બધાં કામ મુશ્કેલ જ થઇ જાય છે.

અગર તમે થોડુંક આના પર ચિંતન કરી શકો તો આજે પોતાના જ દ્રષ્ટા બનીને પોતાની પૂજાપદ્ધતિ પર જરા નજર નાખો અને ઇમાનદારીથી કહો કે પોતાના મંદિરમાં ઉભા રહીને પોતાના ઇષ્ટની સામે જે ગીત ગાયાં એ ગીતોમાં શું તમારો ભાવ સામેલ છે ? કે તમે બસ રૂટીન પૂરું કરો છો કે આરતી ગાવી જોઇએ તો ગાઇ લીધી અને મંત્ર બોલવા જોઇએ તો બોલી લીધા.

શું તમારા જીવનમાં કયારેય એવો અવસર આવ્યો કે તમે મંદાકિનીના તટ પર બેસીને એની ધારાને જોતા હો ? સવારનો સમય હોય, ઉષાનાં કિરણો ચારેય તરફ ફેલાઇ રહયાં હોય અને વહી રહેલી ગંગાની ધારાને જોતાં-જોતાં તમારું મન એવું ખીલી ગયું હોય જાણે કનક ચંપાનું ફૂલ ખીલી ઉઠે છે. શું તમે કયારેય આવો અનુભવ કર્યો છે ? આજ સુધી તમે જે સાધનો કર્યાં છે એ સાધનો અગર તમે યોગ્ય રીતે કર્યા હોત તો તમારું જીવન સંતૃપ્ત થયું હોત. પરંતુ તમે અતૃપ્ત છો. ધન, વૈભવ, પરિવાર, સુખ-સૂવિા આ બધાં ભોગનાં સાધનોને તમે ભોગવી લો છો, પરંતુ એમ છતાં મન તમારું કયાંક ને કયાંક તરસતું રહે છે. મન એટલા માટે તરસે છે કારણ કે મન એની

સાથે નથી જોડાયું જયાં જોડાઇને મનને આનંદ થાય છે.

ક્યારેક સવારના સમયે ગંગાના તટ પર બેસી જજો. વહેતી ધારાને એકાગ્ર થઇને જોજો અને મંદ–મંદ વહેનારા વાયુમાં દીર્ઘ ઉંડા શ્વાસ લેજો. પછી આ રીતે બેસીને તમારા શ્વાસમાં જે મહેક ઉઠશે અને જે કનક ચંપાના ફુલની જેમ તમારું મન ખીલી ઉઠશે એ ખીલવું અતુલનીય હશે. જો કે એ ત્યારે જ સંભવ થશે જ્યારે તમે ભાવપૂર્ણ અને પ્રેમપૂર્ણ થઇને બેસી શકો. યાદ રાખજો, તમારું ચિત્ત, અગર મીઠા ભાવથી ભરાઇ જાય તો તમારા જીવનનું અધૂરાપણું દૂર થઇ જશે.

મનુષ્ય થવા માટે પણ મૌલિક આવશ્યકતા છે 'ભાવ'. જયારે હું 'ભાવ' કહું છું તો એનો અર્થ એ નથી જે તમે સમજો છો. જયારે હું 'ભાવ' કહી રહી છું તો એનો અર્થ છે પ્રેમની પ્રગાઢતા, ભાવનાઓની સઘનતા. ભાવનાઓના અભાવમાં આપણી કરેલી પ્રાર્થનાઓ અધૂરી રહી જાય છે. આપણા દ્વારા કરવામાં આવેલું ઇશ્વરનું સ્ત્રોતગાન પણ અધૂરું રહી જાય છે. એ પૂરું થઇ જ નથી શકતું, કારણ કે ઇશ્વરને તમારા શબ્દો નહીં તમારી ભાવના જોઇએ છે, તમારી જાત જોઇએ છે. ભાવશૂન્ય થઇને તમે તેને કેટલો પણ પોકાર કરો, હૃદયમાં આહલાદની અનુભૂતિ નહીં થઇ શકે.

આપણે સમર્પણ એટલા માટે નથી કરી શકતા કારણ કે આપણું દિલ ક્યારેય ઇશ્વર સાથે જોડાયું જ નથી. દિલ તો સદાય જોડાયેલું જ રહ્યું કંચન, કામ્નિી, ધન અને યૌવન સાથે. દિલ તો સદાય જોડાયેલું રહ્યું જગત સાથે. તે ઇશ્વર સાથે તો દિલ ક્યારેય જોડાયું જ નહીં. તો જ્યારે દિલ જ ન જોડાયું તો ભાવ ક્યાંથી આવશે ? દિલ અગર જગત સાથે જોડાયું છે તો બધી ભાવનાઓ જગત માટે વહીને નષ્ટ થઇ જાય છે. ભીતર બેઠેલા ઇશ્વર માટે તો કંઇ બચતું જ નથી. તે બિચારો જોતો જ રહી જાય છે કે ભકત ક્યારે અંતર્મુખી થઇને ભાવથી મને પોકારે.

યાદ રાખજો, ઇશ્વરને વચમાં કોઇ પણ મિડલમેન કે એજન્ટ નથી જોઇતો, ન પુરોહિત કે ન કોઇ પંડો જોઇએ છે. ઇશ્વર અને તમારા મધ્યમાં કોઇ સાધુ અને ગુરુ પણ નથી જોઇતા. તેને ફક્ત 'તું' જોઇએ છે. એવું તો નથી કે આપણે સંસ્કૃતમાં પ્રાર્થના કરીશું તો જ ઇશ્વર આપણી પ્રાર્થના સાંભળશે. પોતાની પ્રાર્થના કોઇપણ ભાષામાં કહી દો, અગર ભાવના ઉંડાણથી કહેશો તો ઇશ્વર જરૂર સાંભળશે. બસ, એક ચીજ હોવી જોઇએ – ભાવનું ઉંડાણ. ભાવના ઉંડાણમાંથી આ પ્રેમનું ઝરણું વહેતું–વહેતું પોતાની સાથે તમને પણ વહાવીને લઇ જાય છે અને તમારી બધી ચિંતાઓ, બધી સમસ્યાઓ, દુઃખ, સંતાપ, શોક ઇત્યાદિ બધાથી તમે મુકત થઇ જાઓ છો. આ પ્રેમની ગંગા જયારે તમારા હૃદયમાં વહેવા માંડે છે તો તમે પાવન થઇ જાઓ છો, પવિત્ર થઇ જાઓ છો.


# ચાલો સુન્ધા માતા
(માં ચામુંડા માતા) - ઝાલોર જીલ્લો-રાજસ્થાન.

**ડેઈલી સર્વિસ - એસ.ટી. બસ
રાજકોટ થી સુન્ધામાતા
(૫૦૦ કિલોમીટર)**



રાજકોટ-ચોટીલા, લીંબડી, અમદાવાદ, મહેસાણા, ઉંઝા, પાલનપુર-ડીસા, ગુંદારી બોર્ડર, મંડાર, વડગામ, રાનીવાડા, માલવાડા, શ્રી સુન્ધામાતા મંદિર

**: ઉપડવાનો સમય :**

રાજકોટથી સુન્ધામાતા (શ્રી ચામુંડા માતાજી)
- સાંજે ૭.૩૦ કલાકે ઉપડશે
- પહોંચે ૭.૩૦ કલાકે સવારે

**: પરત ફરવાનો સમય :**

સાંજે ૫.૦૦ કલાકે ઉપડશે
પરત રાજકોટ ૫-૦૦ કલાકે સવારે
**ટીકીટ દર રૂા. ૩૦૫ જાવક**
**જેમાં એડવાન્સ બુકિંગ રૂા. ૨૭૦ થશે.**


HEW
JAW CRUSHER
The Quality Products
Manufacturer of
STONE CRUSHER, VIBRATING SCREEN & FABRICATED M/C.
Ramesh N. Kargathara : (M) 098257 09878
Hardik R. Kargathara : (M) 099791 53606
Darshan R. Kargathara : (M) 099091 75777
OM ENGINEERS
Survey No. 207, Plot No. 3, Veraval-Shapar, Dist. Rajkot - 360 024 (Guj.) INDIA
Email : inds.ashirwad@gmail.com | Web : www.ashirwadindustries.in

Copyright Reg. No. A-63597/03





Central®

સેન્ટ્રલ®

COPY RIGHT
Reg. No. A-63597/03
Reg. Trademark No. 1009900

CENTRAL IS REGISTERED TRADE MARK OF CENTRAL ENGINEERING CORPORATION




DESIGNERS, ENGINEERS & MANUFACTURERS OF TURNKEY PROJECTS

**Pradeep R. Gajjar**

## Central Engineering Exports
## Central Engineering Corporation

Bhaktinagar Station Road, Rajkot-360 002. (INDIA) | Mobile : +91-98258 09929, 72260 09929, 77779 39560
E-mail : centralpr@gmail.com | web site : www.centralrajkot.com

Matmax ®

PLYWOOD & BLOCKBOARD

Feel The Quality

PLYWOOD • BLOCKBOARD • FLUSH DOOR

RANGE OF PRODUCTS CLASSIC • PREMIUM • SILVER

VIJAY ®

trolley wheel & castor wheel

VIJAY CASTOR PVT. LTD.

Mfg.: Trolley Wheel & Castor Wheel

AN ISO 9001:2015 CERTIFIED COMPANY



OUR PRODUCT RANGE

SINCE 2005


+91 9725366689
+91 9773187494

Dhareshwar Estate, Nr. MRF Pretreads,
Atika Ind. Area, Dhebar Road (South),
Rajkot-360002 (Gujarat).

info@vijaycastorwheel.com
www.vijaycastorwheel.com

# Economical Solutions for Precision Gear Grinding

Rupkala is proud to feature its New Hofler Rapid 800L Gear Grinder, offering the latest in form grinding technology. DIN class 4 accuracy capabilities, and on board gear inspection. Assuring to meet all design specifications



**Esternal Gears:**

| | |
|---|---|
| Gear Diameter : | 20-1000mm |
| Axial stroke : | 1000mm |
| Helix angle : | -45/+120deg |
| Module range : | 1-35mm |
| Profile Depth : | 80mm |

**With over 55 years of experience, It's easy to see why industry leading manufacturers choose us as their #1 grinding source**

Rüpkala

**Rupkala Engineers Pvt Ltd.**
Plot G-1313, Road-1, Lodhika GIDC, Vill. - Metoda, Dist.:Rajkot-360021
Tel:+91-2827-287998, 287398, Fax: +91-2827-287899
Email: rupkala_ad1@sancharnet.in Website: www.rupkalaengineers.com

( AN ISO 9001-2008 CERTIFIED COMPNY )

SURELIA
WIRE-CUT PVT. LTD

# GHARANA
ENTERPRISE

**PRECISION MACHINING ON**

- CNG wire EDM
- Vertical Machining Center
- CNC Turning Machine
- CNC EDM & Micro Drill

**WIRE-CUT : 2464826**
**SPARK EROSION : 2464599**

**MAHENDRA INDUSTRIAL COMPLEX**
Nr. Maharani Laxmibai School, Tagore Road, Rajkot 360 002
Email : sureliawire@yahoo.com | website : www.sureliawire.com

# 5G ટેકનોલોજી : ઈન્ફર્મેશન યુગનું નવું નજરાણું




**ભારતે ઓક્ટોબરમાં 5G નેટવર્કની શરૂઆત કરી દીધી છે. મોટા શહેરોથી શરૂ થયેલી આ ટેકનોલોજીની ગંગા આપણા દ્વારે આવતા કદાચ થોડો સમય લાગશે. પરંતુ ત્યાં સુધીમાં આ ટેકનોલોજીની આંટીઘૂંટી સમજી લઈએ**



**લલિત ખંભાયતા**

'5G ટેકનોલોજી એ કામધેનુ છે, તેની પાસેથી માંગીએ એ મળશે.' ૧લી ઓક્ટોબરે દિલ્હીમાં ભારતના 5જી નેટવર્કનો પ્રારંભ થયો ત્યારે આ વિધાન મુકેશ અંબાણીએ કર્યુ હતું. તેમની વાત ઘણે અંશે સાચી છે. 5G ટેકનોલોજી એ ડિજિટલ કામધેનુ છે અને તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો બધી ઈચ્છા પૂરી થશે. ધાર્મિક કથા મુજબ આપણે જાણીએ છીએ કે કામધેનુ નામની ગાય તમામ પ્રકારની ઈચ્છા પુરી કરી શકે છે. આ ટેકનોલોજી પણ કંઈક એવી જ છે.

અત્યારના સમયની સૌથી મોટી જરૂરિયાત ઈન્ટરનેટ છે એ આપણે સૌ જાણીએ છીએ. બીજી મહત્વની જરૂરિયાત ઈન્ટરનેટની સારી એવી સ્પીડ છે. 4G નેટવર્ક હોવા છતાં ઘણી જગ્યાએ નેટવર્ક ન આવવાની સમસ્યાથી આપણે પીડાઈ રહ્યા છીએ. 5જી ટેકનોલોજીના આગમન પછી એ સમસ્યા દૂર થઈ જશે એવી કોઈ ખાતરી નથી. પરંતુ ઈન્ટરનેટ સ્પીડમાં ખાસ્સો વધારો થશે અને તેના કારણે ઈન્ટરનેટ આધારીત આપણા કામો વધારે સરળ થશે એ વાત નક્કી છે.

અત્યારે 4G દ્વારા મહત્તમ ૨૦ એમબીપીએસ (મેગાબાઈટ પર સેકન્ડ)ની સ્પીડ મળે છે, જ્યારે 5Gમાં એ સ્પીડ વધીને ૧૦ જીબીપીએસ (ગિગાબાઈટ પર સેકન્ડ) હશે, એટલે કે 4G કરતાં લગભગ ૨૦૦ ગણી સ્પીડ હશે. 3Gમાં કોઈ ૫૦૦ મેગાબાઈટ (એમબી)નો વિડીયો ડાઉનલોડ કરવો હોય તો ૫.૫ મિનિટ થતી, 4Gમાં ૨૦ સેકન્ડ થાય છે, જ્યારે 5Gમાં પુરી ૨ સેકન્ડ પણ નહીં થાય! અલબત્ત, હવે વાપરવાની શરૂઆત થયા પછી ખબર પડશે કે આવા દાવાઓમાં કેટલો દમ છે.

– – –

થોડા વર્ષો પહેલા લોન્ચ થયેલી 4G સ્પીડથી આપણો ઈન્ટરનેટ વાપરવાનો અનુભવ સુધર્યો છે, સ્પીડ વધી છે. સામે ઝડપથી ઉતરી જતી બેટરી, સતત મોબાઈલની સ્ક્રીનમાં ચોંટયા રહેવાની આદત, ડિવાઈસ આધારિત લાઈફ સ્ટાઈલ થવાને કારણે ઉદ્દ્ભવતી બીમારી વગેરે ગેરલાભો પણ થઈ રહ્યા છે. એ સિદ્ધાંત 5Gમાં પણ લાગુ પડશે.

– – –

આપણે યાદ કરીએ તો સમજાશે કે એક–બે વર્ષ પહેલાં ઘરમાં ઈન્ટરનેટ આધારીત જેટલા સાધનો હતા એટલા જ આજે છે? કે વધ્યા છે? મોટે ભાગે વધ્યા જ હશે. બે વર્ષ પહેલા માત્ર સ્માર્ટફોનમાં કે લેપટોપમાં ઈન્ટરનેટ વાપરતા હતા એ લોકો આજે ટીવીમાં, કારમાં, સ્પીકરમાં કે પછી ફ્રીજ–ઑવન જેવા સાધનોને પણ નેટ કનેક્ટેડ કરવા લાગ્યા છે. એટલે સીધી વાત છે કે ઈન્ટરનેટનો વપરાશ વધી રહ્યો

છે, એવા ડિવાઈસ પણ વધી રહ્યાં છે. અત્યારે તો વ્યક્તિ દીઠ એકાદ ડિવાઈસમાં જ ઈન્ટરનેટ કનેક્શન છે, પરંતુ ૨૦૨૫ સુધીમાં દરેક વ્યક્તિની આસપાસ સરેરાશ ૧૫ ડિવાઈસ હશે, જે નેટથી કનેક્ટ થયા હોય (વિવિધ ચીજ-વસ્તુ-સુવિધા-ડિવાઈસને ઈન્ટરનેટ સાથે કનેક્ટ કરવાની સ્થિતિને 'ઈન્ટરનેટ ઑફ થિંગ્સ' કહે છે). એ બધા માટે ઈન્ટરનેટ ક્યાંથી કાઢવું? કાઢવાનો તો કોઈ સવાલ નથી કેમ કે એ તો અમર્યાદિત રીતે વહેતી ગંગા છે. સવાલ માત્ર તેને વપરાશકર્તા સુધી પહોંચાડવાનો છે.

એ પહોંચાડવાની સુવિધા એટલે નેટવર્ક. જ્યારે નેટ આપણા સુધી બરાબર ન પહોંચે ત્યારે આપણે નેટવર્કના ધાંધિયા છે, એવુ ફીલ કરીએ છીએ. આ ધાંધિયા દૂર કરવા માટે હવે દુનિયાભરમાં વધુ ઝડપી અને વધુ સક્ષમ એવી 5G ટેકનોલોજી ધમધમવા લાગી રહી છે. અલબત્ત, 5G ફાસ્ટ તો છે, જ પણ તેનો વધુ ઉપયોગ મહત્તમ ડિવાઈસને ઈન્ટરનેટ સજ્જ કરવા માટે થવાનો છે. અને તેના કારણે જ સ્માર્ટ સિટી સહિતના પ્રોજેક્ટ આગળ વધારી શકાશે.

ઝડપ ઉપરાંત 5Gનો બીજો લાભ પ્રતી ચોરસ કિલોમીટરમાં દસેક લાખ કનેક્શન ધમધમતા રાખવાનો છે. ટાંકામાં મર્યાદિત પાણી હોય અને વિસ્તારમાં રહેતા લોકોની સંખ્યા વધતી જાય તો છેવટે નળમાં આવતું પાણી ઓછું થતું જાય. એ સ્થિતિ ટાળવા પાણીનો જથ્થો વધારવો જોઈએ. 5G હકીકતે આવો પાણીનો જથ્થો છે, જે પોતાના વિસ્તારમાં એક સાથે દસ લાખ નેટ કનેક્શને પહોંચી વળશે.

5Gની શરૂઆત તો ઘણા દેશોમાં થઈ ગઈ છે. એપ્રિલ-૨૦૧૯માં શરૂઆત કરનારો પ્રથમ દેશ દક્ષિણ કોરિયા હતો. ડિસેમ્બર ૨૦૧૯ સુધીના આંકડા પ્રમાણે એ દેશમાં ૪૦ લાખ લોકોએ 5G

## 5Gથી આરોગ્યને ખતરો છે ?

5G પહેલા તેનો ગેરલાભ જગત સમક્ષ આવી પહોંચ્યો છે. 5G માટે વપરાનારા રેડિયો તરંગોનો સતત સંપર્ક આપણા શરીરને માફક ન પણ આવે. એટલે લાંબે ગાળે ચામડી સબંધિત રોગો, મગજ પર અસર, હૃદય વગેરેને નુકસાન થઈ શકે છે. અલબત્ત, છેવટે તો એવો જ ચૂકાદો આવશે કે 5Gથી આરોગ્યને કોઈ ખતરો નથી. કેમ કે ખતરો છે એવુ સંશોધન જાહેર થાય તો ઘણી ટેલિકમ્યુનિકેશન કંપનીઓને દુકાન બંધ કરવી પડે !

બીજો ખતરો ઉપર ભમતા ઉપગ્રહોને છે. ખાસ કરીને અર્થ ઓબ્ઝર્વેશન માટે વપરાતા ઉપગ્રહો જેનું કામ ધરતીના વાતાવરણ-હવામાનની સ્થિતિ રજૂ કરવાનું છે. કેમ કે 5G માટે વપરાનારી ફ્રિકવન્સી અને અર્થ ઓબ્ઝર્વેશન ઉપગ્રહોની ફ્રિકવન્સી પાસપાસેની છે. બન્ને વચ્ચે ભેળસેળ થાય તો ઉપગ્રહોનું કામ અવરોધાઈ શકે છે. એટલે અમેરિકાની સ્પેસ સંસ્થાઓએ પોતાના ઉપગ્રહોને અત્યારથી જ સુરક્ષિત રાખવા 'ફેડરલ કમ્યુનિકેશન કમિશન (એફસીસી)'ને રાવ-ફરિયાદ કરી દીધી છે. ભારતમાં પણ આ અંગે ફરિયાદો થઈ રહી છે અને આગામી દિવસોમાં વિવાદ મોટો થાય એવી પુરી શક્યતા છે.

કનેક્શન લીધું છે. ૧૫૦ જીબી નેટ સરેરાશ ચાર હજાર રૂપિયાના ભાવે ત્યાં વેચાય છે. ચીને ૨૦૧૯માં એક-બે નહીં પણ ૫૦ શહેરોમાં 5G નેટવર્કનો પ્રારંભ કરી દીધો છે. ચીનની ત્રણ મોટી કંપનીઓએ 5G ડેટા પ્લાન માસિક ૧૨૮ યુઆન (૧૩૦૦ રૂપિયા)ના હિસાબે વેચવાની શરૂઆત કરી દીધી છે!

સમય પારખીને મોબાઈલ ફોન ઉત્પાદન કરતી વિવિધ કંપનીઓએ હવે 5G સાથે કામ કરી શકે એવા હેન્ડસેટ બનાવાનો આરંભ પણ કરી દીધો છે. એ રીતે જે કોઈ કંપનીઓ આવુ નેટવર્ક પુરું પાડી શકે એમ છે, એ કંપનીઓએ પોતાના દેશમાં અને પરદેશમાં પણ નેટવર્કની જાળ બિછાવાની શરૂઆત કરી દીધી છે.

--

5G ઝડપી છે, કેમ કે જેટલી જગ્યામાં 4Gના તરંગો (વેવ્સ) સમાય તેનાથી અનેકગણા વધુ વેવ્સ એટલી જ જગ્યામાં સમાય અને એક સ્થળેથી બીજા સ્થળે પ્રવાસ કરી શકે. 4Gમાં જે મેસેજ આવતા-જતાં ૨૦૦ મિલિસેકન્ડ લાગે એ જ કામ 5G ૧ મિલિસેકન્ડમાં કરી નાખે છે. આ કામગીરીને ટેકનિકલ ભાષામાં લેટન્સી કહેવામાં આવે છે. કોઈ પણ નેટની સ્પીડ માપવાનો સાચો રસ્તો પણ લેટન્સી રેટ છે, બેન્ડવિથ નહીં. લોકો એવુ માનીને ચાલતા હોય કે વધુ બેન્ડવિથ એટલે વધુ ઝડપી ઈન્ટરનેટ. એ માન્યતા સાવ સાચી નથી. બેન્ડવિથ એ પાઈપલાઈન છે, જેમાંથી નેટ પસાર થાય છે. એ નેટ એક છેડેથી બીજા છેડે કેટલી ઝડપે પહોંચે તેને લેટન્સી રેટ કહેવાય. પાઈપ ગમે તેટલી પહોળી હોય પણ નેટ જ મર્યાદિત સ્પીડે આગળ વધે તો? 5Gમાં લેટન્સી રેટ બહુ ઓછો હશે, એટલે સાદા શબ્દોમાં પાઈપલાઈનમાં ટ્રાફિક સડસડાટ આગળ વધશે.

એવી વ્યાપક માન્યતા છે કે 5Gએ 4Gનું સ્થાન લેશે. પરંતુ એવુ નથી 5G અલગ રસ્તે દોડશે, 4G તેના સ્થાને રહેશે. બધા કિસ્સામાં 5G માટે હેન્ડસેટ પણ બદલવા નહીં પડે. પરંતુ વપરાશકર્તાઓએ ફરીથી સિમકાર્ડ બદલવાની જફામાંથી પસાર થવું પડશે. 5G શરૂ કરી દીધા

પછી બધા વીડિયો ધમાકેદાર રીતે જોવા મળશે એવુ માની ન શકાય, કેમ કે વીડિયો પ્રોવાઈડર કોણ છે અને તેની શું શરતો છે, તેના પર પણ આધાર છે.

ભારતમાં હવે આ ટેકનોલોજીની શરૂઆત થઈ છે એટલે તેને સબંધિત વિવિધ પ્લસ–માઈનસ પોઈન્ટ પણ હવે સામે આવતા રહેશે.




## ટેકનોલોજીમાં જનરેશન શબ્દ ક્યાંથી આવ્યો?

લેટિનમાંથી અંગ્રેજીમાં આવીને જગતવ્યાપી બનેલા શબ્દ 'જનરેશન'ને દેખીતી રીતે ટેકનોલોજી સાથે લેવા–દેવા નથી, પરંતુ ઉત્ક્રાંતિ સાથે છે. સમાન સમયગાળામાં જન્મેલા, લગભગ સમાન અનુભવ કરનારા, સમાન સમયગાળામાં ઉછરનારા લોકોને જનરેશન (પેઢી) કહેવામાં આવે છે. એક સરખી ટેકનોલોજી જેમને મળી હોય એવી પેઢી માટે પણ જનરેશન શબ્દ વપરાતો થયો. જોકે ટેકનોલોજી તો વર્ષોથી છે, પરંતુ મોબાઈલ (સેલ્યુલર) ટેકનોલોજી આવી પછી, તેને જનરેશન તરીકે ઓળખવાની શરૂઆત થઈ. એટલે ૧૯૮૦માં જ્યારે સેલ્યુલર યુગ શરૂ થયો ત્યારનો સમયગાળો આપોઆપ ફર્સ્ટ જનરેશન (૧–જી) તરીકે ઓળખાવા લાગ્યો. ૪૦ વર્ષ પછી હવે જગત ફાઈવ–જીના દ્વારે આવી પહોંચ્યુ છે અથવા તો ફાઈવ–જી જગતના દ્વારે ઉભી છે.

## કમ્યુનિકેશનની વિવિધ જનરેશન

### ૧-જી : ૧૯૮૦

દોરડા વગર (વાયરલેસ) કમ્યુનિકેશનની જ્યારે શરૂઆત થઈ એ સ્થિતિને ફર્સ્ટ–જનરેશન કમ્યુનિકેશન ટેકનોલોજી કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો મોબાઈલ ફોન આવ્યા એ ૧–જીનો આરંભ હતો. જાપાની કંપની 'નિપ્પોન ટેલિગ્રાફ એન્ટ ટેલિફોન (એનટીટી)'એ ૧૯૭૯માં જાપાનમાં તેની શરૂઆત કરી હતી. ભારતમાં 'નોકિયા'ના ફોન મળતા થયા એ ૧–જીનો યુગ હતો. ફર્સ્ટ–જીની વિશેષતા કે મર્યાદા જે ગણો એ એનોલોગ સિસ્ટમ હતી, એટલે કે તેમાં અવાજ એક છેડેથી બીજા છેડે સળંગ દોરડાની માફક રવાના થતો હતો.

### ૨-જી : ૧૯૮૩

એનેલોગને બદલે ડિજિટલ પદ્ધતિથી (સળંગને બદલે નાના–નાના ભાગમાં વહેંચીને) અવાજ એક છેડેથી બીજા છેડે પહોંચાડવાની પ્રથા શરૂ થઈ એ પછી કમ્યુનિકેશન ટેકનોલોજીની બીજી પેઢીનું આગમન થઈ શક્યું. સિદ્ધાંત તો ૧૯૮૩માં શોધાયો પરંતુ વ્યાપક ધોરણે ઉપયોગ ફિનલેન્ડે પહેલી વખત ૧૯૯૧માં શરૂ કર્યો હતો. મોબાઈલમાં ઈન્ટરનેટની શરૂઆત થઈ. એક સ્થળેથી બીજા સ્થળે મેસેજીસ પહોંચતા થયા. રોમિંગ જેવી સેવાઓ પણ આવી. એમાં પણ વળી 'જનરલ પોકેટ રેડિયો સર્વિસ (જીપીઆરએસ)' જેવી સગવડને કારણે નેટ કનેક્ટિવિટીમાં જરા સુધારો આવ્યો. એ સુધારો ૨.૫–જી/૨.૭૫–જી તરીકે ઓળખાયો.'મલ્ટિમીડિયા મેસેજ (એમએમએસ)' પણ એ યુગમાં જ શરૂ થયા. જૂની છતાં આ ટેકનોલોજી ભારત, નેધરલેન્ડ, દક્ષિણ કોરિયા વગેરે દેશો વાપરે છે. પરંતુ ૨૦૨૦–૨૧ સુધીમાં તેનું ફિંડલું વળી જશે.


### ૩-જી : ૨૦૦૧

૨૦૦૮માં જ્યારે એપલે થ્રી–જી નેટવર્ક ધરાવતો આઈફોન લોન્ચ કર્યો ત્યારે આ ટેકનોલોજીનું વ્યાપક ધોરણે આગમન થયું. બાકી તો ટેકનોલોજીમાં આગળ રહેવા ટેવાયેલા દેશ જાપાને ૨૦૦૧માં ૩–જી સર્વિસ લોન્ચ કરી દીધી હતી. માત્ર ફોન કરવા માટે વપરાતો મોબાઈલ ઈન્ટરનેટના આગમનથી જરા રંગીન બન્યો. ઈ–મેઈલ, વેબ–બ્રાઉઝિંગ, વિડીયો વગેરેનું પ્રમાણ વધ્યું. એમાં પણ સુધારો થતો ગયો એમ ૩.૫–જી અને ૩.૭૫–જી એવા વર્ઝન આવ્યાં. આ ટેકનોલોજીએ ફોનને માત્ર વાત–ચીતનું સાધન ન રાખતા સ્માર્ટ બનાવાની શરૂઆત કરી.

### ૪-જી : ૨૦૦૮

સ્માર્ટ ફોનમાં જ ઈન્ટરનેટ ચાલુ રાખી ફિલ્મ–સિરિયલ જોઈ શકાય એ ફોર–જીની કમાલ છે. બીજી કમાલ વિડિયો–કોલ વગેરે પ્રકારની સુવિધાઓ છે. લોકોને સંપૂર્ણપણે મોબાઈલ આધારિત કરવાનું કામ પણ આ ટેકનોલોજીએ જ કર્યું. અગાઉ ક્યારેય ન ગાળ્યો હોય એટલો સમય મોબાઈલમાં જ લોકો ગાળતા થયા. એક સાથે અનેક સુવિધાઓ ફોર–જીને કારણે સ્માર્ટ ફોન દ્વારા મળતી થઈ. આ ટેકનોલોજીનો લાભ લેવા માટે લોકો ફરજિયાત પોતાના હેન્ડસેટ બદલતાં થયા. જે વિસ્તારમાં કનેક્શન શક્ય ન હતું ત્યાં પણ નેટ મળતું થયું. ફોર–જીના જરા સુધરેલા 'વર્ઝન લોંગ ટર્મ ઈવોલ્યુશન (ઈએલટી)'ની શરૂઆત ૨૦૦૯માં નોર્વે અને સ્વીડને કરી હતી.

# હું કરી શકીશ





અનિલ અંબાસણા

તમે કરી શકશો. જો તમે નહિ કરી શકો, વિશ્વની કોઈ વ્યક્તિ તે કરી શકશે નહિ. જો અન્ય વ્યક્તિ તે કરી શકે તો તમે તે કરી શકો જ. સામાન્ય રીતે ન થઇ શકતાં અને અપવાદરૂપ થતાં કાર્યોને ચમત્કાર ન સમજો. અન્ય દ્વારા અપવાદરૂપે થતાં કાર્યોને ચમત્કાર સમજવામાં તમારી માનસિક સ્થિતી જવાબદાર હોય છે. આ કાર્ય મારાથી ન થઇ શકે. મારા માટે આ કાર્ય કરવું શક્ય નથી. આ અને આવી વિચારસરણી, વલણ તમને કામયાબ થતાં રોકે છે.

હું કરી શકીશ, I CAN DO IT. આ પ્રકારનું વલણ કેળવો. માત્ર હકારાત્મક વલણ કેળવવાથી કશું જ થશે નહિ. તમે જ્યાં હશો ત્યાંના ત્યાં જ રહેશો. તમારી હાલની પરિસ્થિતિ બદલવા, પરિવર્તન લાવવા, આગળ વધવા, ઈચ્છિત ધ્યેય પ્રાપ્ત કરવા તમારે કંઈક કરવું પડે. એ માટે તમારે પ્રયાસ કરવો પડે. તમારા હકારાત્મક વલણમાં જ્યારે તમારા સંનિષ્ઠ પ્રામાણિક પ્રયાસો ભળે છે ત્યારે

> **તમારી હાલની પરિસ્થિતિ બદલવા, પરિવર્તન લાવવા, આગળ વધવા, ઈચ્છિત ધ્યેય પ્રાપ્ત કરવા તમારે કંઈક કરવું પડે. એ માટે તમારે પ્રયાસ કરવો પડે. તમારા હકારાત્મક વલણમાં જ્યારે તમારા સંનિષ્ઠ પ્રામાણિક પ્રયાસો ભળે છે ત્યારે સફળતાની સંભાવના શક્ય બને છે.**

સફળતાની સંભાવના શક્ય બને છે.

કાર્યના પરિણામનો વિકલ્પ સફળતા જ હોવો જોઈએ. સફળતાનો જો કોઈ વિકલ્પ હોય તો તે સફળતા જ છે. સફળતામાં સંશય ન કરો. સફળતામાં સંશય નિષ્ફળતાને નોંતરે છે. એક જ વિકલ્પ સફળતા અંગે ધ્યાન કેન્દ્રિત કરો. આથી સફળતા તમારા માટે અનિવાર્ય બની જશે. સફળતા માટે સફળતાની અનિવાર્યતા જરૂરી છે. અનિવાર્ય બનેલી સફળતા શી રીતે પ્રાપ્ત કરી શકાય તે જાણવું ખુબ જરૂરી બને.

૧. તમારા ધ્યેયને નિહાળો. તમારા ધ્યેયનું ચિત્રાંકન કરતાં શીખો. તમારા ધ્યેયને દૃશ્ય સ્વરૂપ આપો. તમે કેવો ધ્યેય હાંસલ કરવા માંગો છો તે નક્કી કરો. નક્કી કરેલાં ધ્યેયમાં બાંધછોડ ન કરો. જરૂર પડે તો પ્રયાસમાં પરિવર્તન કરો પણ ધ્યેયને સતત જોતા રહો.

૨. અવરોધોને ઓળખો. સફળતા પ્રાપ્તિના માર્ગમાં તમને કોણ જોખમકારક લાગે છે? તમને શું જોખમકારક લાગે છે ? તમે અને તમારા ધ્યેય વચ્ચે કોણ અડચણરૂપ છે? તમને આગળ વધતા કોણ રોકે છે?તમને શાનો ભય લાગે છે? તમે શા કારણે સંશયમાં રહ્યાં

કરો છો? આ અવરોધક પરિબળોને ઓળખો. તેમને સમજવાની કોશીષ કરો. અવરોધોને પડકારો. આ માટે હીંમત કેળવવી પડશે. માન્યતાઓ અને પુર્વગ્રહોમાંથી મુક્ત થવું પડશે. મોટા ભાગના પડકારો, અડચણો તમારા કારણે જ પેદા થતાં હોય છે. તમારી વિચારસરણી તમને નડતી હોય છે. સામાન્ય રીતે અન્ય કોઈ તમને નડતું નથી, તમે જ તમને નડતા હોવ છો, તમારી નબળી માનસિકતા તમને નડતી હોય છે. આવી માનસિકતામાંથી બહાર નીકળો.

૩. તમારા વ્યક્તિતત્વનું હકારાત્મક માનસિક ચિત્રાંકન કરો. તમારી ક્ષમતાઓ, શક્તિઓ, આવડતોને પિછાણો. તેમનો યોગ્ય રીતે, યોગ્ય જગ્યાએ, યોગ્ય સમયે ઉપયોગ કરો. તમારી મર્યાદાઓ અને નબળાઈઓને પણ ઓળખો. તેમને નાથવાના પ્રયાસો કરો. વાસ્તવિક રીતે કાર્ય શરૂ કરતા પહેલા માનસિક રીતે પુરેપુરાં સજ્જ બનો.

૪. સ્વ-શંકાઓનું સમાધાન કરો. જો તમને તમારી જાત કે સ્વ અંગે કોઈ શંકાઓ હોય તો જેમ બને તેમ ઝડપથી તેમનું નિરાકરણ લાવો. સ્વ અંગેની અસ્પષ્ટતાઓ અને લઘુતાગ્રંથીઓ તમારો આત્મવિશ્વાસ તોડી નાખશે. એટલું જ નહિ, તમારો સ્વ-આદર (Self Esteem) ઉત્તરોત્તર નીચો જતો જશે. તમે સતત નિષ્ફળતાઓના વાદળોથી ઘેરયેલા રહેશો. સર્વત્ર નિરાશાઓનો ભાસ થતો રહેશે. આથી, સ્વ-આદર કેળવો, જાળવો અને સ્વ અંગેની કોઈ શંકાઓ હોય તો તે દુર કરો. પરિણામે હું કરી શકીશ, મારાથી તે થઈ શકશે આ પ્રકારનું દ્રઢ મનોવલણ કેળવાશે.

૫. પડકારોથી ભાગો નહિ, પડકારોને પડકારો. જીવન પડકારોથી ભરેલું હોય છે. જીવન હંમેશા સરળતાથી અને આનંદથી, ખુશીથી જ પસાર થશે એ



માનવું ભૂલ ભરેલું છે. જીવનના માર્ગમાં ચડાવ ઉતાર તો અવતા જ રહેવાના છે. સારા તબક્કામાં પ્રસન્નતા અને ખરાબ તબક્કામાં સ્વસ્થતા, ધીરજ જાળવવા શીખવું જરૂરી છે. ખરાબ તબક્કામાં નાશીપાસ થવાથી સફળતાની શક્યતાઓ ઓછી થઈ જાય છે. દ્રઢ મનોબળ કેળવો. સમસ્યાઓ અને પરિસ્થિતિને સમજવાની કોશીષ કરો. પરિસ્થિતિનું પૃથક્કરણ કરવાની ટેવ પાડો. પૂર્વે કરેલાં અયોજનોનું પુનઃ આયોજન કરો. વિકલ્પો અંગે વિચારો. ચોક્કસ, કોઈને કોઈ રસ્તો મળી આવશે. યાદ રાખો ચાવી વગરનું તાળું કોઈ બનાવતું નથી. દરેક સમસ્યાનો ઉકેલ હોય જ છે. ઉકેલ વગરની કોઈ સમસ્યા હોતી નથી. સમસ્યાને એક અવસર ગણો. એને કારણે જ તમને તમારી ક્ષમતાઓ, આવડતો, અને જ્ઞાનનો ઉપયોગ કરવાની તક પ્રાપ્ત થાય છે. અન્યથા આ બધી ક્ષમતાઓ ગર્ભિત અવસ્થામાં જ રહી જાય છે. જીવનમાં તમને તે કોઈ કામમાં આવવાની નથી. જો જીવનમાં તમને કોઈ સમસ્યાનો સામનો કરવાનું બન્યું હોય તો તમે નશીબદાર વ્યક્તિ છો.

૬. સાચી દિશા અને સાચા માર્ગને વળગ્યા રહો. આયોજન સાથે, માનસિક તૈયારી સાથે પ્રારંભેલું કાર્ય તમને સફળતાની નજીક લઈ જશે. પરંતુ સરળતાથી, સજિકતાથી આગળ વધતી વખતે ક્યાંય બેદરકારી કે લાપરવાહી કબજો જમાવવા માંડે નહિ તેની તકેદારી રાખવી. બિલકુલ બેફિકર રહેવાથી ગફલતો થવાની સંભાવના રહેવાની. વધુ પડતો આત્મવિશ્વાસ ક્યારેક જોખમકારક બની શકે. જો તમે હૃદય અને નજર સાચી દિશામાં રાખશો તો પગ આપોઆપ પોતાની દિશા શોધી લેશે. દિશા ભ્રમ થવાનો સવાલ જ પેદા થશે નહિ.


૭. દુનિયાને બતાવી દો, તમે કરી શકો છો. સખ્ત પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. આ બાબતને સમજો. આ બાબતને સ્વીકારો – અપનાવો. સ્વપ્ન સેવશો તો તે સાકાર કરવાના વિચારો આવશે. વિચારો આવશે તો પ્રવૃત્તિ કરવાની પ્રેરણા મળશે. પ્રવૃત્તિ કરશો તો એ કરવાની આદત કેળવાશે. આદત કેળવાશે તો દ્રઢ ચારિત્રનું નિર્માણ થશે. અને દ્રઢ ચારિત્ર નિર્માણ થકી જ તમને તમારા અસ્તિત્વનો અહેસાસ થશે. અસ્તિત્વનો અહેસાસ થવો તે અગત્યની બાબત છે. અસ્તિત્વનો અહેસાસ સફળતા બક્ષે છે. અસ્તિત્વના અહેસાસનો અભાવ સફળતાને ઝાંઝવાના જળમાં પરિવર્તિત કરે છે. તમારા અસ્તિત્વનો અહેસાસ કરો. તેને મહેસૂસ કરો. દુનિયાને બતાવી દ્યો, તમે ધાર્યું કરી શકો છો. દુનિયાને કહી દ્યોઃ હું કરી શકીશ. આ તકે પુરેપુરી નમ્રતા જાળવવાનું ચૂકશો નહિ. જીવનમાં નમ્રતા વગર બધું જ નકામું છે.

# સોરઠિયાણીની આમનથા





**એંશી વર્ષના બુઢ્ઢા બાપને માથે શોકનાં કાળાંડિબાંગ વાદળાં ઉતરી પડ્યાં. પોતાના દીકરાને ગાદીનો વારસ બનાવીને નિરાંતનો શ્વાસ લીધો ત્યાં તો ઘડપણને ઓવારે ઉભેલા મહારાજ એભલવાળાના જીવનબાગને ઉજ્જડ બનાવીને કાળી ચૌદશનાં ભૂતડાં નાચે તેમ દુઃખનાં ઘેરાં ઓળા ચોમેર નાચવા લાગ્યા.**



**જોરાવરસિંહ જાદવ**

જોગડો ઢેઢ યુદ્ધનું નિમિત્ત બન્યો. દિલ્હી અને જેતપુર રાજ્યનાં લશ્કરોએ સામસામી તોપો અને બંદૂકોની બટાજોટી બોલાવવા માંડી. આ યુદ્ધ–ધમસાણમાં જેતપુર–નરેશ ચાંપરાજ રાજપુતને છાજે તેવી શૂરવીરતા બતાવીને સ્વર્ગની અપ્સરાઓને વરવા ચાલી નીકળ્યા.

એંશી વર્ષના બુઢ્ઢા બાપને માથે શોકનાં કાળાંડિબાંગ વાદળાં ઉતરી પડ્યાં. પોતાના દીકરાને ગાદીનો વારસ બનાવીને નિરાંતનો શ્વાસ લીધો ત્યાં તો ઘડપણને ઓવારે ઉભેલા મહારાજ એભલવાળાના જીવનબાગને ઉજ્જડ બનાવીને કાળી ચૌદશનાં ભૂતડાં નાચે તેમ દુઃખનાં ઘેરાં ઓળા ચોમેર નાચવા લાગ્યા.

એ અરસામાં એક દિવસ દરબાગઢની ડેલીએ થનગનાટ કરતી મારવાડી ઘોડી હણહણાટ કરતી ઉભી રહી. રાજ્યના શિરસ્તા મુજબ, હાથમાં ઝગારા મારતા ભાલાવાળા બે સિપાહી ઘોડીને દરબારી તબેલા તરફ દોરી ગયા. અન્ય બે જણ મહેમાનની સાથે મહેલ તરફ ચાલી નીકળ્યા.

માથે મોટી પાઘડી, રૂપાના પતરા રોખી દાઢી અને રૂની પૂણી જેવી મૂછો વચ્ચે ચકળવકળ થતી બે આંખો, વિશાળ કપાળ, ધોળું અંગરખું, કરચોલીદાર ચોરણો અને એના પર બાંધેલી ભેટ, ખભે ખેસ અને પગમાં લાલચટક ચણોઠી જેવી મોજડી પહેરેલ નવા આગંતુકે–'ઘણી ખમ્મા, મારા બાપ ! વાળા રાજપૂતનાં રાજ અમર તપો.' કહીને એંશી વર્ષના ઘરડા વાળાને બિરદાવ્યા. દરબારીઓએ ઉભા થઈને કવિરાજને માન આપ્યું. મહારાજને આસાન આપ્યું.

'ક્યાંથી આવો છો ?'

'મારવાડ દેશથી.' નગા આગંતુકે સ્વાભાવિક રીતે ઉત્તર આપ્યો.

'ખાસ કામે આવવું થયું હશે ? મહારાજએ બીજો પ્રશ્ન કર્યો.

'ના, ખાસ કામ તો નહોતું, પણ આપની બિરદાવળિયું કે'વા આવ્યો છું.'

'છેક મારવાડથી આટલે દૂર ? દેવીપુત્ર લાગો છો !'

'જી ! ઘણી ખમ્મા. મહારાજને !'

દુઃખી મનને આશ્વાસન મળશે એમ માનીને વયોવૃદ્ધ મહારાજે મારવાડના ચારણને રાજ્યના શાહી મહેમાન બનાવીને રૂડું માનપાન આપ્યું.

બીજે દિવસે દરબારગઢમાં ડાયરો ભરાયો. કાળી ધરાખ જેવા કસૂંબાની રેડીબેડી જામી. દરબારીઓ મહારાજનું દુઃખ ભુલાવવા સોગંદ આપી આપીને અંજલિઓ ઉપર અંજલિ પાવા લાગ્યા. તાજા ગોરસાની, સળી ઉભી રહે તેવી સાકર નાખેલી જાડી છાંસુની તાંસળીઓ ફરી ન ફરી ત્યાં તો ચાંદી મઢેલા હોકાઓએ ગડગડાડ મચાવી મૂક્યો.જોતજોતામાં કવિરાજ ઉભા થયા.

'ઘણી ખમ્મા, મારા બાપ !'

'સાવઝ શૂરા ! રંગ છે તારી જનેતાન.'

દરબારીઓના ભલકારા ઝીલતા કવિરાજે સ્વરચિત છંદો અને કવિતાની રમઝટ બોલાવવા માંડી અને સૂરીલ કંઠે હલકથી એક દૂહો ઉપાડ્યો :

'કે...ઈ સાવજ શૂરા વીર વાળા, ધન્ય તારી જનેતાને'

'દેવીપુત્ર ! મારી બેઅદબી માફ કરજો. એંશી વર્ષના બુઢ્ઢા બાપને મરવાં ટાણે બિરદાવવો ન હોય, મારા બહાદુર પુત્રને બિરદાવો તો મારી આંતરડી ઠરે.' મહારાજાએ ચારણ કવિરાજને વચ્ચેથી જ કહી નાખ્યું.

જામેલા વાતાવરણમાં વિક્ષેપ પડતાં ચોતરફ સુનકાર વ્યાપી ગયો. કવિરાજે બે

મિનિટ આંખો બંધ કરીને સરસ્વતીને પ્રાર્થના કરી. દેવીપુત્રીની જીભના ટેરવે સાક્ષાત્ સરસ્વતી રમવા લાગ્યાં. ભલભલાનું કઠણ કાળજું વીંધી નાખે તેવા પહાડી સાદે મરશિયા ઉપાડયા. દરબારી ડાયરામાં કરુણાની ઘેરી વાદળી છવાઇ ગઇ. 'વાહ વાહ' કરતા દરબારીઓ ઠંડાગાર બની ગયા.

મહારાજનું હૃદય વલોવવા માંડયું. એક પછી એક મરશિયાની અવિરત ધારા ચાલી વાતાવરણ થંભી ગયું. દરબારગઢમાંથી સામા પડછંદા પડવા લાગ્યા. દરબારીઓ જડવત્ બની ગયા. વહેતો વાયુ થંભી ગયો. બાજુના બગીચાનાં ઝાડવાં માથે કિલ્લોલતી કોયલોનાં મીઠા ગાન, મયૂરાનાં નર્તન અને ટહુકાય થંભી ગયા. દરબારીઓની આંખમાં અટકી રહેલાં આંસુઓને ઠેકઠેકીને બહાર પડવા મંડયા.

'બસ કરો, દેવીપૂતર ! બસ કરો, હદ થઇ, હવે નથી જીરવાતું, જે જોઇએ તે માગી લ્યો. આજ ચાંપરાજનો બુઢ્ઢો બાપ આપની કદર કરે છે. આપ જેવા વિદ્વાન કવિરાજની કદર કરવાનાં અહોભાગ્ય મારાં ક્યાંથી ?' રડતે હૈયે એભલવાળા બોલી ઉઠયા.

'કવિરાજ દેવીપૂતરને દાન કરવું એ ક્ષત્રિયનો ધરમ છે. આપ જેવા આશાભરેલા વિદ્વાન કવિરાજ વાળાને આંગણે નિરાશ થશે ?'

કવિરાજે વખત વિચારીને સોગઠી મારી : 'મહારાજ હું આપની માગણી કરું છું.' રાજપૂત હોય તો વચન પાળો, નહીં તો 'તારા બોલ ગયાને મારા ખેલ ગયા.' 'ડગળી તો નથી ચસકીને ?' એક દરબારી એંટમાં બોલી ઉઠયો. એને ધીરો પાડતા મહારાજાએ કહ્યું : 'કવિરાજ, ઘરડા બળદને કંઇ ઘૂઘરા શોભતાં હશે ? મને મારવાડ લઇ જઇને શું કરશો ? પૂજશો ?'

'ના, મહારાજ ! અમારા મારવાડ – નરેશને મેં વચન આપ્યું છે કે ચાંપરાજ વાળાના બાપુ એભલવાળાને હું અહીં લઇ આવીશ. આપના પુત્રના પરાક્રમનાં વખાણ સાંભળીને આપને મારવાડ લઇ જવા માટે આવ્યો છું. અમારે મારવાડની ભૂમિ પર બીજો ચાંપરાજ વાળો પેદા કરવો છે, મહારાજ !' કવિરાજે કૈયાના કમાડ ઉઘાડી નાખતાં કહ્યું.

'દેવીપુત્ર ! આપની સાથે વચનથી બંધાયો છું. વચન પાળવું એ વીરનો ધર્મ છે, પણ એક શરતઃ ચાંપરાજની મા જેવી રાણીઓ મારવાડમાં હોય તો આવું. નહિતર અહીં જ ભલો છું.' એમ કહીને વાળાએ વાત માંડી. હોકાના ઘુડઘુડાટ સાથે બુઢ્ઢાવાળાના મોંમાથી કથનનું કલેવર ઘડાવા માંડયું :

'એ ચાંપરાજની મા કોણ ? એ તો

**રાણીને આ પ્રસંગથી ખૂબ લાગી આવ્યું. 'હાય હાય, આ શું થયું ? હું ન શરમી, કુંવરને શું મોઢું બતાવીશ ? એ મોટો થઇને મને શું કહેશે ?' એ વિચાર વમળમાં અટવાયેલી મહારાણી જીભ કરડીને મરી... એ વાક્ય પૂરું થાય ન થાય ત્યાં તો મહારાજની આંખમાંથી આંસુનો ધોધ વછૂટયો**

મરદ હતી મરદ. મર્યાદા અને સંયમમાં રહેનારી લાજ લોપાતાં પ્રાણ કાઢી નાખનાર વીરાંગના હતી. એ બધું યાદ કરાવીને મારા માથે દૂ:ખના ડુંગરા ખડકોમા, દેવીપુત્ર !'એ કહેતાની સાથે જ મહારાજની આંખમાંથી મોતી જેવાં આંસુનો ઢગલો થઇ ગયો.

'પણ...પણ મહારાજ ! સંયમી સોરઠીયાણીને ભુલાવે તેવી સંસ્કારી અને ખાનદાન રૂપસુંદરીઓ મારવાડમાં છે, મારા બાપ !' કવિરાજથી ન રહેવાયું.

મહારાજાની સ્મૃતિના પંડળો એક પછી એક ખૂલવા લાગ્યાં. એમની યાદદાસ્ત વધુ તાજી બની અને ફરી વાતનો તંતુ સાધ્યો : 'અષાઢ માસ હતો. દરબારગઢના ઓરડામાં આવળના ફૂલ જેવી ઉજળી, ચુંબકિયાળી ચૂંદડી ધારણ કરીને ઢળકતી ઢેલ્ય જેવી મહારાણી મારી સાથે હીંડોળે હીંચકતાં હીંચકતાં સાકરિયા સાદે મીઠી મીઠી વાતોની મોજ માણી રહયાં હતાં. હસે તો જાણે ફૂલડાં ખરે !

એવામાં અચાનક કાળાં ડિબાંગ વાદળાંની વણઝાર ચડી આવી. ઝરમર વરસતો મેહુલિયો પોતાની પ્રિયતમા ધરતીને મોંઘામૂલનાં મોતીડે જાણે નવાજતો હતો હ મોરલા ટેહૂકતા હતા. ઢેલડિયો ઢુંગે વળી હતી. ઓરડામાં અત્તરની માદક ફોરમ રેલાતી હતી. વાયુની લહેરખીએ જુવાન હૈયાને હેલે ચડાવ્યાં, જેમ વેલી, વૃક્ષને વીંટાયા તેમ મહારાણીના રૂપ–નીતરતા દેહરસો વીંટળાઇને પરવાળા જેવા હોઠ પર જે ચુંબન કર્યું.

'બાજુમાં મયૂરાકરના ઝુંમર અને ઘૂઘરિયોથી મઢેલા પારણામાં ગુલાબના ગોટા જેવો કુંવર સૂતો સૂતો ગેલ કરતો હતો એના માથે જાણે કડડાટ કરતું આભલું તૂટી પડ્યું. એ અમારી પ્રેમલીલા, મીઠી મસ્તી જોઇને એ શરમાયો અને પારણામાં ઉંધો પડી ગયો.

બસ, પત્યું. રાણીના રૂપાળા મેંદીવાળા હાથે મને રોક્યો : 'કુંવરને જોતાં તમે આ શું કરવા માંડયું છે ? જરા એટલી આમન્યા તો રાખો. જેમ દીકરો માબાપની આમન્યા રાખે તેમ માબાપે પણ બાળકની આમન્યા રાખવી જ જોઇએ. જે પ્રજામાં આમન્યા ન હોય તે પ્રજા નમાલી જ થાય.'

રાણીને આ પ્રસંગથી ખૂબ લાગી આવ્યું. 'હાય હાય, આ શું થયું ? હું ન શરમી, કુંવરને શું મોઢું બતાવીશ ? એ મોટો થઇને મને શું કહેશે ?' એ વિચાર વમળમાં અટવાયેલી મહારાણી જીભ કરડીને મરી... એ વાક્ય પૂરું થાય ન થાય ત્યાં તો મહારાજની આંખમાંથી આંસુનો ધોધ વછૂટયો અને રૂંધાયેલો સ્વરે આંસુ લૂછતાં કહ્યું, 'કવિરાજ ! આવી સ્વમાનશીલ રાણીઓ તમારા દેશમાં હોય તો હું અબઘડીએ મારવાડમાં આવવા તૈયાર છું.'

'એવી સોરઠિયાણીનો જોટો મારવાડમાં તો શું, પણ જગઆખામાં જડવો મુશ્કેલ છે.' એમ કહેતાં, જીવતા જસની ગાંઠડિયું બાંધી દેનાર અને મૂઆ પછી પણ મોતનાં મીઠા મરસિયા ગાઇને જીવતા રાખનાર ચારણનું મોં ફાટી રહ્યું.

# માનવ હોવું એટલે



> જન્મે માનવ હોવા છતાં કર્મે માનવ ન હોય તે એ માનવદેહ આ ધરતી પર ભારરૂપ બનીને જ ફરી રહયો છે. માનવે ન છૂટકે એમ કહેવું પડયું છે કે, 'હે માનવી ! તું પ્રથમ માનવ થા !'



નટવર આહલપરા

માનવી પંખીની જેમ હવામાં ઉડતા અને માછલીની જેમ પાણીમાં તરતાં શીખ્યો છે, હવે તેણે 'માણસ'ની જેમ પૃથ્વી પર જીવતાં શીખવાનું છે. માનવીમાત્ર જન્મ ધરીને કંઈક થવા ઈચ્છે છે.

કયાં અને કયારે જન્મ લેવો એ ભલે માનવીના હાથની વાત નથ હોય, પણ 'શું થવું' અને 'કેવા થવું' એ તો માણસના હાથની વાત છે. આપણે ત્યાં તો બાળકને શું થયું છે એ મા–બાપે વિચારે છે ને નક્કી કરી નાખે છે. મા બાપે બનાવ્યાં તેમ બનેલા હજારો ડોકટરો, વકીલો, ઈજનેરો, વેપારીઓ વગેરેની એક આખી વણઝાર આજે સમાજમાં હરતી ફરતી જોવા મળે છે.

આ જમાનામાં, થોડા અપવાદ બાદ કરતાં, મોટા ભાગના માનવ દેહધારી હોવા છતાં સાચા અર્થમાં માનવ નથી. મનુષ્ય શ્રેષ્ઠ છે એનો મહિમા ઘણો, મનુષ્યથી વધુ શ્રેષ્ઠ એવું કયાંય કશું નથી.

પ્રથમ નજરે આત્મલક્ષી લાગણી કવિની આ પંકિત 'હું માનવી માનવ થાઉં તો ઘણું' પરલક્ષી બનીને સૌને લાગું પડે છે. આપણે સૌએ મનોમન સંકલ્પ કરવાનો છે કે 'હું ભલે બીજું કાંઇ ન થાઉં, પણ માનવ થાઉં તોય ઘણું છે.'

જન્મે માનવ હોવા છતાં કર્મે માનવ ન હોય તે એ માનવદેહ આ ધરતી પર ભારરૂપ બનીને જ ફરી રહયો છે. માનવે ન છૂટકે એમ કહેવું પડયું છે કે, 'હે માનવી ! તું પ્રથમ માનવ થા !'

માનવ થવું એટલે માનવતાભર્યું આચરણ કરવું. આપણા કોઈપણ પ્રકારના વ્યવસાયનો સંબંધ જીવંત માનવો સાથે છે એ ભૂલવું ન જોઈએ. આજે તો વ્યાપારી વર્ગ ખાદ્યચીજોમાં જીવલેણ ભેળસેળ કરે છે અને નોકરીયાત વર્ગ કામચોર, સ્વાર્થી અને લાંચિયો બની ગયો છે.

ફાયદાવાદી માનસનાં જ સર્વત્ર દર્શન થાય છે. બે સહોદર વચ્ચે પણ માનવતાભર્યા સંબંધો જોવા નથી મળતા. પેટ તો પ્રભુએ માનવને પશુ–સૌને આપ્યું છેઃ તેથી જો માનવી પશુની જેમ ગમે તેમ પેટ ભરતો થઇ જાય તો પછી માનવી અને પશુમાં કોઇ ફેર રહે ખરો ?

માનવ જવા માનવીએ મહેનત કરવી પડે, ચિંતન કરવું પડે, સહન કરવું પડે અને સ્વાર્થત્યાગ પણ કરવો પડે. ચારે બાજુ જયારે અમાનુષી વર્તન થઇ રહ્યું હોય, માનવતા મરી પરવારી હોય, માનવી માનવનાં લોહીનો તરસ્યો થયો હોય, માનવીના હાથે માનવીનાં ગળાં રહેસતા હોય અને વ્યવહારમાં કયાંય માનવતાનાં દર્શન ન થતાં હોય ત્યારે માનવીને માનવી થવાનું કહેવું એ સામા પ્રવાહે તરવાં જેવું દુષ્કર કાર્ય છે.

- 'શ્રી પવનતનય', ૧૦૧, એસ્ટર ફલેટસ, શ્યામલ સ્કાય લાઈફ એપા. સામે, આર્યલેન્ડની નજીક, સ્પીડવેલ પાર્ટી પ્લોટની પાછળ, અંબિકા ટાઉનશીપ, મવડી એરીયા, નાના મવા રોડ, રાજકોટ-૫. મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨



## Our Product Range

- CNC Turned Bearing Races
  ( 50 to 250 mm Dia. Turning Capacity)
- Ring Comparator
- Comparator Stands
- Comparators for Taper / Cylindrical Rollers
- Swell-Jaw Base and Swell-Jaws
- O.D. Clamping Devices
- I.D. Clamping Devices

Rockwell Turnomatics is a professionally managed company, having expertise in production of Bearing Races and Job Holding Devices for CNC Machining Centers.

We are equipped with state of art, accurate and precision CNC machines.

# Rockwell Turnomatics

**CNC Turned Components & Machinery Parts**

Plot No 4, Survey No. 163/1, S.I.D.C Main Road, Industrial Area, Veraval(Shapar),
Tal. Kotda Sangani, Dist. Rajkot-360 024 (Gujarat). Tele Fax : 02827-296080
Cell : 98250 42194, 99789 50407 | e-mail : rockwell.turnomatics@gmail.com

TÜV SÜD
South Asia
An ISO 9001 - 2008 COMPANY

Happy Diwali



BEST VISION Optician

**KEMIT GAJJAR**

+91 90336 83201

+91 98243 41757


bestvisionrajkot@gmail.com


KRISHNA COMPLEX,
Ambaji Kadva Main Rd,
Opp. Sarvodaya Science School,
B/H PDM College, RAJKOT - 360004

FREE COMPUTERISED EYE TESTING CLINIC

BEST VISION Optician

Contact Lens | Goggles | Optical Frames


WITH BEST COMPLIMENTS FROM
AJITBHAI GAJJAR
APOORVA GAJJAR
HAPPY DIWALI
FESTIVAL OF LIGHTS
APOORVA GUEST HOUSE
DHEBARBHAI ROAD, OPP. BUS STAND, RAJKOT - 1. PH:. 0281-2220902


Y. P. Steel Products
Industrial SPM Machine & AUTOMATION
Operated with CARD / PLC / CNC Controllers
WE ARE EXPERT IN
POWER-PRESS
AUTOMATION
SPM Cutting Machine
PLC Base Turning Machine
Address : 26 & 37, Giriraj Estate,
B/s Bhaktinagar Telephone Exchange,
Lohanagar Main Road, Rajkot - 2,
Gujarat, INDIA.
Office : +91 87803 15853
Web : www.ypsteel.in
E-mail : ypsteel@gmail.com

Wishes You A Happy Diwali
& Prosperous New year

Dharmesh Sanchania
Mo. 98980 28899
Purvesh Sanchania
Mo. 99255 60607

Mfg. All Kind of Dies, Moulds & Patterns

RADHE
CAD / CAM SERVICES

Plot No - 7/8-D, Survey No 40/1, B/h Skoda Showroom,
Near Kishan Petrol Pump, NH-27, Kangashiyali, Rajkot - 360002
Web : www.radhecadcam.com | Email : info@radhecadcam.com

CNC/VMC
DESIGNING & PROGRAMMING
TRAINING CENTER

NX CAD CAM | POWERMILL | SOLIDWORKS
ARTCAM | AUTOCAD | SOLIDEDGE
2/3/4/5 AXIS LIVE TRAINING ON MACHINE

CNC LATHE MACHINE AVILABLE FOR PRACTICAL TRAINING IN CLASSROOM

HAPPY NEW YEAR
2022


VMC 5-AXIS MACHINE AVILABLE FOR PRACTICAL TRAINING IN CLASSROOM

3D CAD CENTER

SACHIN GAJJAR
93777 77755

150FT RING ROAD , AMBEDKAR CIRCLE , NEAR FORTUNE HOTEL , RAJKOT-360004


With Best Compliments...
Alpesh Jadvani
+9194273 53407
+9194290 53407
Jagdishbhai Jadvani
+9194280 60905
ROMAN
GOODS LIFT
Mfg.
Goods Lifts, Cranes & Fabrication
15-Atika Ind. Area, Opp, Alpesh Roadways, Dhebar Road(south), RAJKOT
romangoodslift@gmail.com


Since 1988
ACCUMEN
SPINDLE
www.accumenspindle.com
100%
Best
Quality
MANUFACTURE OF
Internal Grinding Spindles,
CNC Turning Spindles,
VMC Spindles, SPM Spindles, Components for
Cincinnati Machine (USA) & Bocca (Italy).
Manufactured by :
ACCUMEN ENTERPRISE
Atlas Industrial Area, Plot No. 11/16,
Opp. Krishna Park Hotel, NH-8B,
Rajkot-Gondal Highway, Nr. Railway Crossing,
Khothariya (Rajkot-4.) | 0281-2782090 / 091 / 089
accumenentp@gmail.com / info@accumenspindle.com
+91 98255 06140 | +91 98242 98522 | +91 99245 55542
We Support



# જુદી જિંદગી છે મિજાજે - મિજાજે.!

ડો. વિષ્ણુ પ્રજાપતિ

સમયની ધારા એકધારી વહેતી જ રહે છે. તેના ચક્રમાં દિવસ– રાત, જન્મ–મરણ, વાર–તહેવાર, ઋતુ પરિવર્તન, સુખ–દુઃખ અને ઘણાં બધા નવા નવા બદલાવો સતત આવ્યા જ કરે છે. સમયની ઓળખાણ શું ? આ પ્રશ્નન મનમાં થાય તો ખરેખર સમયની પોતાની આગવી કોઈ ઓળખાણ જ નથી. સમયનું કોઈ ભૌતિક સ્વરુપ છે જ નહી. સમય ભૌગોલિક ક્રિયાઓને આનુસંગિક જોડી રાખેલી એક માત્રા છે. દરેકની દ્રષ્ટીએ સમયની જુદી જુદી વ્યાખ્યા હોય છે. ભૌગોલિક સમયની વાત ન કરતા માનવીય સમયને ધ્યાનમાં લઈએ તો સમય હાથમાંથી સરી જતી રેતી જેવો કે નદીના વહેતા પ્રવાહ જેવો છે. જે સતત આગળ આગળ ચાલ્યાં જ કરે છે. તેની સાથે આખું બ્રહ્માંડ પણ ફર્યા કરે છે. સમય એક સૂરેખ લીટીમાં સતત આગળ વધતી ગતિ છે. તે નિત્ય છે. નવી જીવસૃષ્ટી બને કે મહાવિનાશ થાય, નવી આકાશગંગા રચાય કે બ્લેકહોલમાં બધુ સમાઈ જાય સમયને કોઈની નથી પડી. તે આગળ વધ્યે જ રાખે છે. ઈતિહાસના પન્ના પર અનેક ઉગેલા સુખના સૂરજને માણવા તે એક પળ પણ રોકાયો નથી અને દુઃખના દરીયા જેવા દિવસોને જલ્દી પસાર કરી દેવા દોડ્યો પણ નથી. સમયને નિષ્ઠુર કે અસંવેદનશીલ પણ કહી શકો છો. તેને કોઈપણ પ્રકારની માનવીય લાગણી નથી. તેને તો એક જ કામ છે કે એકધારૂં ચાલ્યા કરવાનું અને તેની સાથે જોડાયેલ બધી લાગણીઓ, ઊર્જા, પરિવર્તનો, ઘટનાઓ બધુ જ એકસાથે સમેટીને આગળ વધ્યે જ જવાનું.

> **આધુનિક સમયની આંધીએ આપણાં જીવનને રોટી, કપડાં અને મકાનની વ્યાખ્યામાંથી ઘણે આગળ ફેંકી દીધાં છે. માનવજીવનને હવે આ ફક્ત ત્રણ જ જરૂરિયાત નથી રહી તેમાં સંખ્યાબંધ જરૂરિયાતો સમય સાથે ઉમેરાતી ગઈ છે.**

આપણે પોતાની જિંદગીને જ પાછું વળીને જોઈએ તો આપણી અને સમયની ગતિનો ખ્યાલ આવશે. સમય સાથે

આપણી વૃદ્ધિ થઇ છે સાથે સાથે આપણામાં અનેક પરિવર્તનો પણ આવ્યાં છે. આપણામાં શારીરિક પરિવર્તનો સાથે માનસિક અને સામાજિક પરિવર્તનો પણ આવ્યા છે. સમય બદલાયો છે, જમાનો બદલાયો છે જેવા તખલ્લૂસ કહીને આપણે ઘણી ગમતી કે અણગમતી જિંદગીને અપનાવીને દોડ્યે જ રાખીએ છીએ. આપણી જિંદગીની સેકંડો, મિનિટો, કલાકો, દિવસો, મહિનાઓ અને વર્ષો પસાર થઇ રહ્યા છે. આપણે તેના સાક્ષી બની જોઇ રહ્યાં છીએ.

આધુનિક સમયની આંધીએ આપણાં જીવનને રોટી, કપડાં અને મકાનની વ્યાખ્યામાંથી ઘણે આગળ ફેંકી દીધાં છે. માનવજીવનને હવે આ ફક્ત ત્રણ જ જરૂરિયાત નથી રહી તેમાં સંખ્યાબંધ જરૂરિયાતો સમય સાથે ઉમેરાતી ગઇ છે. એક નાનકડાં રમકડાં માટે રડેલા આપણે હવે મોટી મોટી જરૂરિયાતો માટે રડ્યા કે દોડ્યા કરીએ છીએ. હા, દોડવું એ સમયની જરૂરિયાત છે. ઘણાં લોકો પેલા ફિલસૂફની વાતને કાયમ મનમાં રાખીને એક જ ધારી જિંદગીમાં પડ્યા રહે છે.

આખી દુનિયા જીતવા નીકળેલા સિકંદરને રસ્તા વચ્ચે આરામથી સૂતેલો વ્યક્તિ મળે છે. બન્ને વચ્ચે વાતચીત થાય છે. સિકંદર કહે છે કે તું કેવો અભાગિયો છે કે દુનિયા આખી પોતપોતાના કામમાં વ્યસ્ત છે અને તું સાવ બેફિકરાઇથી આરામ કરી રહ્યો છે. પેલો વ્યક્તિ કહે છે કે સિકંદર તું આ પ્રદેશ જીતીને પછી શું કરીશ?. સિકંદર જવાબ આપે છે કે પછી બીજો દેશ જીતીશ. .. 'પછી...?' તેના આગળના પ્રશ્ન સામે સિકંદર વધુને વધુ જીતની પોતાની ઇચ્છા કહે છે... પેલો વ્યક્તિ પછી... પછી ? પ્રશ્ન કરે છે અને છેલ્લે સિકંદર કહે છે કે આખી દુનિયા જીતીને હું આરામ કરીશ. ત્યારે પેલો વ્યકિત કહે છે કે એ તો હું આ લાંબી



રઝળપાટ અને યુધ્ધો વિના પણ કરી રહ્યો છું.

આ ઉપદેશાત્મક વાતને આપણે સૌ જાણીએ છીએ. મોટા ભાગના લોકોને પેલા સૂતેલા વ્યક્તિમાં પોતાના વ્યક્તિત્વની ઝાંખી કરે છે અને આજુબાજુ સતત દોડતાં.. સફળ કે નિષ્ફળ થતાં... કાયમ વ્યસ્ત રહેતા લોકોને જોઇને આ પ્રકારની જ ફિલિંગ લાવે છે. 'આ બધી દોડધામ કરીને કરવાનું શું?' 'છેલ્લે તો લાકડામાં જ જવાનું'ને?' 'શું જોડે લઇને આવ્યા હતા અને શું સાથે લઇને જવાનું છે?' જેવી વાતોમાં તેઓ મહારાજા હોય છે.

જો કે મારું મંતવ્ય તો છે કે ઇતિહાસ તો તે આ દોડતા, સમય સાથે વ્યસ્ત રહેતા કે સમય સાથે લડતા રહેતા સિકંદર જેવા લોકોની યાદો હજારો વર્ષો સુધી લોકોના દિલમાં મુકીને જાય છે... નહિ કે સમયને પોતાની સોડમાં લઇને સૂતેલા લોકોની...!

એકવાર એક પ્રયોગમાં એક સાવ અજુગતી, બેડોળ, વાસ મારતી અને કોઇએ ક્યારેય ન જોઇ હોય તેવી લંબગોળ વસ્તુ સો લોકોના હાથમાં આપવામાં આવી. સાંજનો આઠ વાગ્યાનો સમય હતો. દરેકે તે વસ્તુને સવારે પરત આપવાની અને રાત્રે તેની સાથે શું કર્યુ અથવા તેની સાથે એક રાતનો અનુભવ કેવો રહ્યો તે જણાવવાનું હતું. લગભગ નેવુ ટકા લોકો તો માથું ખંજવાળવા લાગ્યા હતા. આખા દિવસના થાકેલા લોકોને આ રીતે રાતે કામ કરવાની કોઇ આદત નહોતી એટલે તેઓ તે વસ્તુને એમને એમ પેકિંગમાં રહેવા દઇને રાતે સૂઇ ગયા. 'શું ફર્ક પડવાનો છે?' 'ન કોઇ જીજ્ઞાસા કે ન કોઇ નવું કરવાની કે વિચારવાની આદત..!' સવારે ફરી એવાને એવા પેકિંગ સાથે ઘણાબધા લોકો પરત આવ્યાં.

આ લોકોને પૂછવામાં આવ્યું કે તમને આ વસ્તુ વિશે શું વિચાર આવ્યો? તો લગભગ બધા એમ જ કહેતા હતા કે અમને તેના વિશે જાણવામાં કોઇ દિલચસ્પી જ નહોતી અને એવો કોઇ સમય જ નહોતો કે તેના વિશે વિચારીએ.

પાંચ છ લોકોએ નાના મોટા ફેરફારો બતાવ્યા.. કેટલાકે એવું કહ્યું કે મને તો તેમાંથી તો દુર્ગંધ આવતી હતી એટલે રૂમની બહાર રાખ્યું હતું. એકે તો કહ્યું કે અંદર બોમ્બ તો નહોતો'ને એવી બીકે મને તો ઊંઘ પણ નહોતી આવી...!

પણ એક વ્યકિતએ જ્યારે તેનો અનુભવ કહ્યો ત્યારે બધા દંગ રહી ગયા.

તેને ઉભા થઇને તેનો અનુભવ કહ્યો. હું આ અજુગતિ વસ્તુ લઇને ઘરે ગયો તો મને પહેલો વિચાર એ આવ્યો કે 'આમાં કંઇક રહસ્ય તો હશે જ...! ચલો શોધવાનો પ્રયત્ન કરું..! મેં તેનું ઉપરનું આવરણ ચકાસ્યું તો તે દુર્ગંધિત મીણનું જાડું લેયર હતું. મને થયું કે મારી પાસે બાર કલાકનો સમય છે તો લાવને તેના પર કોઇ પ્રયોગ કરું... મેં તેનો ઉપરનો ભાગ તોડ્યો.. તેના મીણને પીગાળવા તેને ગરમ ઉકળતા પાણીમાં મુક્યું... થોડીવારમાં મીણ ઓગળીને ગરમ પાણીમાં ઉપર આવી ગયું મેં તે મીણને હટાવ્યું તો પાણીમાં નીચે મને આ એક વસ્તુ મળી. તેને પોતાના હાથમાં તે વસ્તુની અંદરથી મળેલો એક મૂલ્યવાન હિરો સૌને બતાવ્યો.

'ઓહ અમે સૌએ એક મૂલ્યવાન હિરા સાથે રાત વિતાવી હતી?' બધાના મોં પહોળાં થઇ ગયા. તે પ્રયોગના અંતે પ્રયોગ કરનારાની ટીમે તે વ્યક્તિને તેને મેળવેલો બહૂમૂલ્યવાન હિરો ભેંટમાં આપ્યો અને કહ્યું...'આ પ્રયોગ તમે સમય સાથે કેવી રીતે જીવો છો તેના માટેનો હતો. આપણે ભગવાને આપેલી મૂલ્યવાન હિરા જેવી વસ્તુ એટલે કે જિંદગી સાથે કંઇક નવું કરવાના વિચાર વિના આખી જિંદગી સૂતા જ રહીએ છીએ. કેટલાકને તો જિંદગી દુર્ગંધિત કે બોમ્બ જેવી વિસ્ફોટક છે તેમ સમજીને તેનાથી દૂર ભાગવાની કોશિશ કર્યા કરીએ છીએ. મોટાભાગની વ્યક્તિ આ પ્રકારે જ પોતાની જિંદગી પૂરી કરે છે... પણ જે વ્યક્તિ સમયને ઓળખીને સંઘર્ષ કરે છે અને જિંદગી વિશે કંઇક હટકે વિચારવાની શરૂઆત કરે છે તેને જ જિંદગીનું ચોક્કસ મૂલ્ય મળે છે.'

અતિ મૂલ્યવાન જિંદગીને લગભગ લોકો આ રીતે સૂવામાં કે આળસમાં... આઇ મીન પેલા વ્યક્તિની ભૂમિકામાં કે સિકંદરને પણ આરામ ફરમાવવાનું કહે છે તેવા મૂડમાં જીવતી હોય છે.



આપણી જિંદગીમાં અનેક દિવાળીઓ આવી અને ગઇ... હજુ પણ આવશે...! ક્યારેય જે જિંદગી સાથે રાતો વિતાવી છે તે મૂલ્યવાન હિરા જેવી જિંદગીની સાચી ઓળખ કરવાની તસ્દી જ નથી લીધી. જિંદગીને કાયમ સંઘર્ષ, સમસ્યા, સ્વાર્થ કે આળસના સ્વરૂપે જ નિહાળી છે. આપણે જિંદગીને ખોટી દોડધામમાં સતત થકવી રહ્યાં છીએ. એટલે જ તો આજે લગભગ જિંદગી જીવતાં જીવતાં થાકી જાય છે.

દિવાળીએ ઘરના રંગરોગાન થશે. નવું ખરીદવાની અને નવા વર્ષને આવકારવાની દિલચશ્પી જાગશે. ધૂમ ધડાકાવાળા ફટાકડા પણ ફૂટશે. આ વર્ષે દિવાળી ફક્ત ઘરમાં જ નહી પણ જિંદગીમાં લઇ આવો. જિંદગીના નવા રંગરોગાન કરતા રહો. નવા વિચારો, નવા પ્રયોગો, નવા પ્રયત્નો કરતા રહો. જો તમે તમારા પ્રયોગોમાં થાકો છો તો સમજી લો કે તમારા પ્રયત્નો ખોટાં માર્ગે છે. સંઘર્ષ હોય કે પુરુષાર્થ તે સાચી દિશામાં હોય તો હંમેશા નવી ઊર્જા અને નવી ચેતના આપે છે. ફક્ત એક જ વાર મળેલા જિંદગીના મૂલ્યવાન સમયની સાચી ઓળખ કરી જિંદગીને ઉજવતા રહો, સંબંધોમાં લાગણીઓની રંગોળી પૂરતા રહો, ધનપૂજન સાથે મનપૂજન પણ કરતા રહો, ઉત્સાહના ફટાકડા ફોડતાં રહો અને લોભ લાભની વૃત્તિ નહી પણ સર્વેના શુભલાભની પ્રાર્થના કરતા રહો.

મનુભાઇ ત્રિવેદી 'ગાફિલ'ની પ્રખ્યાત ગઝલના શબ્દો યાદ આવે છે.

જુદી જિંદગી છે મિજાજે – મિજાજે;
જુદી બંદગી છે નમાજે – નમાજે.
છે એક જ સમંદર, થયું એટલે શું ?
જુદા છે મુસાફર જહાજે – જહાજે.
ભલે હોય એક જ એ અંતરથી વહેતા,
છે સૂરો જુદેરા રિયાજે – રિયાજે.
જુદા અર્થ છે શબ્દના બોલવા પર,
છે શબ્દોય જુદા અવાજે – અવાજે.
જીવન જેમ જુદાં છે કાયામાં જુદી,
છે મૃત્યુય જુદાં જનાજે – જનાજે.
હઠી જાય ઘૂંઘટ, ઢળી જાય ઘૂંઘટ,
જુદી પ્રીત જાગે મલાજે – મલાજે.
તમે કેમ 'ગાફિલ' હજીયે છો ગાફિલ ?
જુઓ, બદલે દુનિયા તકાજે – તકાજે.


છોટુભાઇ દામજીભાઇ વાલંભિયા
૯૭૧૪૭ ૮૮૮૫૭
મહેશભાઇ વાલંભિયા
૯૮૨૫૨ ૮૮૮૫૭
મુકેશ વાલંભિયા
૯૭૧૨૯ ૮૮૮૫૭
ભાવેશ વાલંભિયા
૯૮૨૫૭ ૮૮૮૫૭
વાલંભિયા
બોડી બિલ્ડર્સ
દરેક જાતના ટ્રક બોડી, કેબીન
TATA S, TATA L.P.,
લેલન્ડ, ડમ્પરના સ્પેશ્યાલીસ્ટ

જકાતનાકા સામે, દેવાભાઇના ગેરેજની બાજુમાં,
વીરાણી અઘાટ, ઢેબર રોડ(સાઉથ), રાજકોટ.
ફોન : (ઓ.) ૨૩૭૧૦૭૯
ભુલો ભલે બીજું બધું પણ મા-બાપને ભુલશો નહી

# કરકસર - ફક્ત પૈસા ની જ??



**આપણા દરેક દિવસો દિવાળી ની જેમ હર્ષોલ્લાસપૂર્વક જીવવા હોય તો પૈસાની સાથે સાથે શબ્દો ની પણ કરકસર થવી જોઈએ એવું નથી લાગતું?? ક્યારેક આપણા જાણતા અજાણતા બોલાયેલા શબ્દો સામે વાળા ને દુઃખી કરી દેતા હોય છે,**



**કોમલ દીપેન બકરાણિયા**

દિવાળી એટલે ખરીદી નો તહેવાર, દિવાળી આવતા ની સાથે જ બધા લોકો ની ખરીદી વધી જાય છે. દુકાનદારો અને ઓનલાઇન વેચાણ કરતી કંપનીઓ પણ ઓફરો અને સેલ ની ફુલઝર લગાવી દે છે અને આપણે તેનાથી આકર્ષાય ને ઘણી વખત બિન જરૂરી ચીઝ વસ્તુઓની ખરીદી કરી લેતા હોઈએ છીએ. જે વસ્તુ જરૂરી હોય તેના પાછળ ખર્ચ કરીએ તે વ્યાજબી છે પરંતુ જે વસ્તુ જરૂરી છે જ નહિ તેના પાછળ થતો ખોટો ખર્ચ અટકાવો જોઈએ અને તેનું નામ જ છે કરકસર. કેમકે કરકસર કરવા થી થતી થોડી ઘણી બચત અમુક સમય બાદ મીઠી લાગે છે અને એટલે જ કહેવાયું છે ને કે ત્રેવડ ત્રીજો ભાઈ! પરંતુ કરકસર અને લોભ વચ્ચે એક પાતળી ભેદરેખા છે જે દરેક વ્યક્તિ માટે અલગ અલગ હોવાની છે, દરેક વ્યકિત ની કરકસર માટેની પોતાની અલગ અલગ પરિભાષા હોવાની છે પરંતુ એ જોવું જરૂરી છે કે ક્યાંક તમારી કરકસર પેલી પાતળી ભેદરેખા ઓળંગી ને લોભ માં તો નથી બદલાય જતી ને?? અને શું કરકસર ફક્ત પૈસા ની જ થવી જોઈએ??

આપણા દરેક દિવસો દિવાળી ની જેમ હર્ષોલ્લાસપૂર્વક જીવવા હોય તો પૈસા ની સાથે સાથે શબ્દો ની પણ કરકસર થવી જોઈએ એવું નથી લાગતું?? ક્યારેક આપણા જાણતા અજાણતા બોલાયેલા શબ્દો સામે વાળા ને દુઃખી કરી દેતા હોય છે, કારણ કે શબ્દો માં જે તાકાત છે એ ઘણી વખત તલવાર ના ઘા થી પણ વધુ પીડાદાયક હોય છે. ક્યારેક અમુક લોકો જ્યારે આવા શબ્દો નો બીજા લોકો પર મારો કરે છે ,તેની પોતાને ભાન થતા એવા બહાના આપે છે કે અમારો મતલબ આ નહોતો કેહેવા નો, કા તો પછી એવા બહાના આપે છે કે અમારા થી એમ જ કહેવાય ગયું પર અમારા મન માં એવુ નહોતું...તો આવા બહાના આપવા માં કરકસર થવી જોઈએ ને? અને સૌથી મોટી કરકસર તો ખોટું બોલવા મા થવી જોઇએ, ભલે આ કળિયુગ માં યુધિષ્ઠિર થઇ જીવવું મુશ્કેલ છે પરંતુ અશક્ય તો નથી જ. સાથે સાથે નિંદા કરવા માં તો સાવ કાપ જ મુકી દેવો જોઈએ ખરૂ ને? સામન્ય રીતે નિંદા બે પ્રકારે થતી હોય છે એક તો કોઈ ની પીઠ પાછળ થતી હોય અને બીજું તે વ્યક્તિ ની હાજરી માં જ થતી હોય. હવે જો આપણે કોઈ માણસ ની પીઠ પાછળ નિંદા કરીએ તો તેના થી સામે વાળા માણસ ને કોઈ જ નુકસાન કે ફાયદો નથી થવાનો પરંતુ નુકસાન તો આપણા માનસિક સ્વાસ્થ્ય અને અમૂલ્ય સમય નું થવાનું છે. અને જો આપણે કોઈ માણસ ની ઉપસ્થિત મા જ એની નિંદા કરો, અર્થાત્ કે કોઈ માણસ ની ૯૯ ટકા ખૂબીઓ ને અવગણી ને તેના માં રહેલી એક ટકા ખામી માટે તેની નિંદા કરો ક ટોક ટોક કરો એ વ્યાજબી નથી કેમ કે કોઈ માણસ સંપૂર્ણ નથી હોવાનું.

દિવાળી ના આ શુભ પર્વ પર પૈસાની કરકસરની સાથે સાથે અસત્ય બોલવાની, કટુ વચનો બોલવાની, નિંદા કૂથલી કરવાની, બહાનાબાજીની, તથા સરખામણી ની અને વણમાગી સલાહ આપવાની તેમ જ અનીતિના કાર્યો કરવા પર કરકસર નહિ પરંતુ સીધો જ કાપ જ મૂકી દઈએ એવા નિર્ણય સાથે સૌને દિવાળીની હાર્દિક શુભેચ્છા અને આ આવનારૂં નવું વર્ષ આપણા સૌના જીવનમાં નવો ઉજાસ લાવે એવી આશા સાથે સૌને Happy Diwali!!

# આપણા કેટલાક હુલામણા નામો



પ્રફુલ્લ ઘોરેચા

આજે આપણે આ જમાનાના તો નહીં પણ એ જમાનામાં જે લાડકા એટલે કે હુલામણા નામો પ્રચલિત હતા તેને મમળાવીશું.

એ જમાનામાં પણ બાળકો તો જન્મતા જ હતા, એમની છઠ્ઠી પર ફઈબા જે નામ નામ પાડતા તે તો જ્યારે બાળકને સ્કૂલે બેસાડતા ત્યારે જ યાદ કરીને લખાવવા માટે જ કામ આવતા, અલબત્ત પછીના વર્ષોમાં તો એ નામે જ આગળ વધતા, પણ પાછળના વર્ષો સુધી જે નામે એ મહાનુભાવો ઓળખાતા તે પહેલા તો તેઓ માવતરે પાડેલા લાડકા નામે જ ઓળખાતા. અરે કેટલાક નામો તો જીંદગીભર કબજો જમાવી રાખતા અને એ લોકોની ભણવાની મંઝીલ ધો. ૭, ૮ કે પછી વધુમાં વધુ મેટ્રિક ( ધો. ૧૧) સુધી જ રહેતી અને પછી બાપદાદાના ધંધામાં જોતરાઈ જતાં, આજની જેમ ગ્રેજ્યુએટ કે પોસ્ટ ગ્રેજ્યુએટ સુધી પહોંચવાની ટકાવારી ૧૦ સુધી જ રહેતી બાકી ૯૦ % માટે તો મેટ્રિક ઝિંદાબાદ.

હાં તો એ બધામાં જે બહુ જ પ્રચલીત નામ હોય તો તે છે બાબો કે બાબલો. (છોકરીઓ માટે બેબી કે બેબલી) સ્કૂલના નામની તો ઐસી કે તૈસી અને અભ્યાસનુ ધો. ૭/૮ સુધીમાં જો ફીંડલું વાળી દેતા તો પછીથી બાબુભાઇ કે બેબીબેન જીવનપર્યંત સુધી ધારણ કરવાની શક્તિ ધરાવતા. પાછલી ઝિંદગીમાં તો અસલી નામ એટ્લે કે શાળાનું નામ પણ ભુલાઈ જતું, હવે મારી વાત કરૂં તો હું હતો બાબલો અને મારી નાની બેન પ્રવીણા હતી બેબલી. પણ બેબલીએ તો થોડું બાળપણ વિતાવીને બળવો જ જાહેર કરી દીધો તો એ પ્રવીણાથી ઓળખાવા લાગી પણ આ બાબલો તો કોલેજે પહોંચ્યો ત્યાં સુધી બાબલો જ રહ્યો.

હવે આ બાબલો નામ એટલું બધુ મશહૂર હતું કે એ અરસામાં અમે ત્રણ છોકરાઓ બાબલા જ હતા. મારા કાકાનો છોકરો પ્રવીણને એક વિશેષણ મળ્યું હતું, 'મોટો' બાબલો. તો કરશન મામાનો કાંતિ 'કરશન મામાનો' બાબલો તરીકે ઓળખાતો. આ વિશેષણો વગર તો ગોટાળો જ થાય ને કે ભઈ ક્યો બાબલો? નવાઈ એ લાગતી કે આ કાંતિ જેવુ ટૂંકું નામ મૂકીને એવું લાંબુ લચક નામ જ લોકોના હોઠે ચડતું.

જ્યારે મારી જ બા દિવાળી બેન તરીકે જીવનભર ઓળખાતા રહ્યા અને મને પણ વર્ષો પછી ખબર પડી કે તેમનું અસલી નામ માણેક હતું, દિવાળી બેન કેવી રીતે પડ્યુ એ અમે એકપણ ભાંડેરુ જાણતા નથી, તેમના જીવતા અમે કોઈએ પૂછ્યુ નહી તે આજ સુધી એ રહસ્ય અકબંધ રહ્યું છે!

બીજુ એવુ જ પ્રચલીત નામ ઘોઘો કે ઘોઘી હતું. મારા પાડોશમાં એક લોહાણા પરિવાર રહેતો, વડીલ હતા લાભુમાસી. અમારે ઘર જેવા સંબંધ. આ લાભુમાસી અને દિવાળીબેન દરરોજ સવારે સાથે જ કુબેરનાથ મંદિરે અને વળતાં શાક્માર્કિટ જતાં, મારી બાના અવસાન પછી પણ એ લાભુમાસી વર્ષો સુધી પોતાના શાક બકાલા સાથે અમારા ઘરનું શાક પણ લાવતા અને ઘેર આવીને મારા ભાભીને સુપ્રત કરતા અને હિસાબ સમજી લેતા. મને બરાબર યાદ છે કે હું જ્યારે સવારે ઊઠતો ત્યારે અઠવાડિયામાં એક બે વાર તો મારા ઘરે દાતણ ખલાસ જ હોય, એ લાભુમાસીને ત્યાં જ પહોંચી જતો, મારે કોઈને પૂછવુ નહોતુ પડતુ, મને દાતણના એડ્રેસની ખબર રહેતી, ત્યાંથી દાતણ લઈ આવતો. ટૂથ બ્રશ વિ. તો અમે જોયા જ નહોતા. હાં તો એ લાભુમાસીની વિજયાબેન ઘોઘીથી જ ઓળખાતી. તેમણે પણ પ્રવીણા પહેલા જ બળવો પોકાર્યો કે જે મને વિજયાથી બોલાવશે તેમની સાથે જ બોલીશ. (પ્રવીણા પણ કદાચ ત્યાંથી જ શીખી હશે). હવે થયું શું કે એક દિવસ લાભુમાસી ઘોઘીને બોલાવવા બૂમ પાડી કે ઘો..... (ત્યાં યાદ આવ્યુ કે ઘોઘી હવે 'ઘોઘી નથી રહી', વિજયા બની ગઈ છે) ... વિજયા અર્થાત ઘો–વિજયા કહીને બૂમ પાડી. ત્યારથી થોડા દિવસ તો એ ઘોઘી યાને કી વિજયાબેન ના રહ્યા વિજયા કે ના રહ્યા ઘોઘી અને બની ગયા ઘોવિજયા. આ રીતે લાભુમાસીએ અમોને થોડા દિવસ તો મનોરંજન પૂરુ પાડ્યુ પણ એવા નામની આવરદા પણ કેટલી હોય? અલ્પજીવી જ. અને એ ઘોઘી કાયમી ધોરણે વિજયાબેન બની ગયા.

તમને આવા કોઈ નામ યાદ આવે છે? કરો, કરો, યાદ કરો, જરૂર કોઈને કોઈ નામ તો યાદ આવશે જ. અરે તમારૂ પોતાનુ જ કદાચ કોઈ હુલામણુ નામ હશે. છે ને! હોવુ જ જોઈએ.

ખૈર, આપણે આપણી સફર આગળ વધારીએ. એક નામ છે ટેણિયો. બચપણમા આ નામે કોણ ઓળખાતુ એ તો નહી કહુ, કદાચ મારા સાળા પ્રવીણભાઈ મને ખખડાવી નાખે તો!

છોકરીઓમા કોઈ ટેણી હતી કે નહી તે તો ખબર નથી, પણ હોવી જોઈએ. હાં ધ્યાન એ રાખવાનુ કે ટેણીમાંથી ટણી ના થઈ જાય નહિતર ....

એવુ જ એક પ્રચલીત નામ હતુ હકો, જે મારા ભાણેજે ધારણ કર્યુ હતુ. તે તો મોટો થયો ત્યારે પણ માનવાચક નામે હકાભાઈથી જ ઓળખાવા લાગ્યો, પણ હર્ષદ કોઈના મોં એ ચડયુ નહી. છોકરીઓમાં હકી પણ એટલી જ મશહૂર હતી.

બચુ. અરે આ પણ એક એટલુ જ લોકપ્રિય હુલામણુ નામ હતુ કે જેણે કદાચ જીવનપર્યંત સાથ આપ્યો છે. ફેર એટલો કે પછીથી એ બચુમાંથી બચુભાઈ થયા પણ કાંતિભાઈથી તો ગણ્યાગાંઠ્યા લોકો જ ઓળખતા. ટૂંકમાં આ નામે સાથ ના છોડયો તે ના જ છોડયો. વડીલો માટે તો તેઓ 'બચુ' જ રહ્યા. તો બચીબેન નામે છોકરીઓ પર કબજો જમાવ્યો હતો. ઉપર જે ઘોઘીની વાત કરી તેમના મોટા બેન તે બચીબેન. અમારાથી ઉમરમાં ઘણા મોટા પણ એ કાયમી ધોરણે બચીબેન જ રહ્યા. અસલી નામ શું છે તે આજ સુધી મને ખબર નથી. જો કે વડીલો તો બચીથી જ સંબોધતા. એમણે કદાચ બળવો કરતા નહી આવડયો હોય કે કદાચ એમને એ નામ ગમતું પણ હોય! કે કદાચ એ જ એમનુ અસલી નામ હોય, કોઈ મળે તો ખાત્રી કરવી પડશે.

તમને ખબર છે આપણા મહાન ગાયક મુકેશજીના ગુજરાતી પત્ની પણ બચીબેન જ હતા, મારા સહિત લગભગને ખબર નહી હોય કે એ અસલી નામ હતુ કે હુલામણુ!

હવે આપણે ટીનાને યાદ કરીશું? બેબલી યાને કે પ્રવીણાનો બાબો સોરી ધર્મેશે ટીનાના નામે બચપણ વિતાવી દીધું, જે નામનો આજે તો ટીનાભાઈએ સદંતર ત્યાગ કરી દીધો છે, પણ એ મજાનું નામ કાયમ રાખ્યુ હોત તો પણ કઈ ખોટુ નહોતું. ખૈર અપની અપની મરજી. તો ટીની? અરે મારી જ પુત્રવધૂ. પરંતુ અમારે ત્યાં આવી કાવ્યા તરીકે જ. પણ પિયરમાં તો હજુ આજે પણ ટીની જ હશે. ઘરે જઈને હું પણ પૂછી લઉં છુ. ભલા માણસ જાણવું તો જરૂરી છે ને!

મુન્નો નામ પણ ખુબ જ પ્રચલિત હતું, પણ મારા ભાણેજ કિશોર નો નિલેશ હજુ પણ મુન્નો તો નહીં પણ મુનિયા થી જ ઓળખાય છે. એ રીતે એ નામ મુનિયા ને વફાદાર રહ્યું કહેવાય. તો મૂન્ની પણ છોકરીઓમા ખૂબ જ લોકપ્રિય હતું. અહીં તમને એક નામ યાદ કરાઉ, પ્રબોધચંદ્ર. ઓળખો છો એમને? અરે આપણે બધા બહુ જ સારી રીતે ઓળખીએ છીએ. એ હતા પ્રબોધચંદ્ર ડે. ઓળખાણ પડી? અરે યાર આપણા મન્ના ડે! જી હાં, તેઓ તેમના હુલામણા નામે જ જીંદગીભર ઓળખાતા રહ્યા અને આપણને એ નામે જ ગીતો ગાઈને પીરસતા રહ્યા.

ભીખો, હાં એ નામ પણ જગ મશહૂર હતુ. કહેવાય છે કે જે માવતરના સંતાનો બચપણમાં જ અવસાન પામતા હોય તેઓ પોતાના સંતાનોને જિવાડવા ભિખારી બનાવતા અને નામ પણ ભીખો જ રહેતુ, જે મોટી ઉમ્મરે ભીખાલાલ કે ભીખાભાઈથી પ્રસિદ્ધ થતાં. કદાચ એનુ અસલી નામ હોય કે કદાચ ના પણ હોય! જેવી માવતરની કૃપા અને આપણામાં પણ કોઈને બહુ માંગ માંગ કરવાની ટેવ હોય તો એ માટે .... જવા દો ને યાર એ તો સાલો ભીખુ છે ભીખુ!

જ્યારે કીકો (કીકી વિષે ખબર નથી) સૌરાષ્ટ્રમાં નહિવત હતા જ્યારે સુરત વડોદરામાં એ નામનું વર્ચસ્વ તો હતુ જ.

તો થોડા મોડર્ન લોકો તેમના સંતોનોને સ્વીટુ કે સ્વીટી જેવુ લેબલ લગાડી દેતા.

આ સિવાય બીજા ઘણા નામો હશે, જે અત્યારે તો મને યાદ નથી આવતા, કદાચ તમને યાદ હોય તો તમો પણ એ નામો અને તેનો ઈતિહાસ યાદ કરીને મમળાવશો તો તમો પણ એ નશામાં ડૂબી જશો.

આવજો ત્યારે, અત્યારે તો આ બાબલાના રામેરામ.


## વિશ્વકર્મા વિશ્વ
### લવાજમ ભરવા માટે...

**મોરબી**

**રાજુભાઈ કથ્રેચા :** C/o. રાજુ વીડિયો, રુદ્ર પ્લાઝા કોમ્પ્લેક્ષ, શોપ નં. ૧૭, પહેલા માળે, શનાળા રોડ, મોરબી. મો. ૯૮૭૯૦૧૫૬૬૮

**રાજકોટ**

**રમેશભાઈ વાઘસણા** - મો. ૯૮૨૪૮ ૭૪૫૩૨

**મુંબઈ**

**પ્રવીણ બોરાણીયા** - મો. ૯૮૨૦૯ ૫૩૦૧૦

**જામનગર**

**હીનાબેન અઘેડા** - મો. ૭૪૦૫૬૫૧૭૦૮


**બરોડા**

**ચેતનભાઈ સુથાર** - મો. ૯૫૭૪૩ ૮૪૫૯૩

**ઓનલાઈન લવાજમ ભરવા માટે...**

Visit : www.vishwakarmavishwa.com

# જયકિશનભાઇ પેશાવરીયા
# કારીગરી છોડી બન્યા આર્ટીસ્ટ


**પેઇન્ટીંગ, એમ્બોમીંગ તથા એંગ્રીવીંગની કલાના આર્ટ પીસ તૈયાર કરે છે**



જયંતીભાઇ નગેવાડિયા


વિશ્વકર્માના સંતાનોમાં કોઇને કોઇ કલા, કારીગરી અને કૌશલ્ય એક યા બીજી રીતે સમાયેલ હોય છે. તેથી જ સ્કુટર અને મોટર કારના બોડીકામમાં હથોડી અને મોગરીથી ધીમે ધીમે ટક ટક કરીને અકસ્માતગ્રસ્ત વાહનની બોડીને મુળરૂપ આપતા બોડી કામના કારીગર ધીમે ધીમે આ હથોડી અને મોગરી છોડી હાથમાં પીંછી અને હળવા કોતરકામના સાધનોથી પેઇન્ટીંગ અને એમ્બોમીંગની કલા તરફ વળે છે ત્યારે થાય છે કે ખરેખર આમા કારીગરી અને કલા બંને છે. આજે આવી કારીગરી અને કલા ધરાવતી વ્યકિતની વાત કરવી છે.

આ વાત છે. રાજકોટના ૬૨ વર્ષીય ૯ ધોરણ પાસ એવા જયકિશનભાઇ જગજીવનભાઇ પેશાવરીયાની અભ્યાસપૂર્ણ કરી સ્કુટર અને મોટરમાં બોડી કામ તરફ વળ્યા અને ૨૫–૩૦ વર્ષ સુધી અકસ્માતગ્રસ્ત સ્કુટર અને મોટરની મેટલ બોડીમાં ઘોબા ઉપાડી વાહનની બોડીને ઓરીજનલ શેઇપમાં લેવાનું બોડી કામ કર્યું. ભણતા ત્યારે તેમને પેઇન્ટીંગનો શોખ હતો પરંતુ કામે લાગ્યા એટલે એ શોખમાં ધ્યાન



ન આપી શકયા. પેઇન્ટીંગના શોખના કારણે ચિત્ર–આર્ટ પ્રદર્શનો પણ જોવા જતા ધીમે ધીમે સમય મળ્યે પેઇન્ટીંગ બનાવવાનું શરૂ કર્યું અને છેલ્લા આઠ વર્ષથી સંપૂર્ણપણે આ આર્ટ કલાની લાઇનમાં આવી ગયા છે. અને હાલમાં ઓઇલ બેઇઝ પોટ્રેટ પેઇન્ટીંગ, શીટ મેટલ એમ્બોમીંગ, કારવીંગ, હેન્ડ આર્ટ તથા એક્રેલીક પેઇન્ટીંગમાં પ્રવૃત્ત છે. પોટ્રેટ પેઇન્ટીંગમાં ઓઇલ બેઇઝ, એક્રેલીક બેઇઝ તથા વોટર બેઇજ કલરથી કરે છે.

આ બાબતે જયકિશનભાઇ કહે છે, આજકાલ પોટ્રેટ વધારે ચાલે છે. બાળક, માણસ તથા ભગવાનનાં ચહેરાના પોટ્રેટના વધારે ઓર્ડર આવે છે. પોટ્રેટ બનાવવામાં પહેલા કેનવાસ ઉપર ફોટા ઉપરથી પેન્સિલથી ડ્રો કરીને પછી કલર કરું છું. ઓઇલ બેઇઝ પોટ્રેટમાં વધુ સમય લાગે છે. કારણ કે ઓઇલ બેઇઝ કલરથી કલર કર્યા પછી સુકાવા દેવું પડે છે. તે સુકાય ગયા પછી તેને બીજા રંગની ઇફેક્ટ લેવની હોય તો તે બાદમાં થાય છે. આમ એક એક વખત સુકાય ગયા પછી તેમાં આગળ















વધવું પડે છે તેથી જાજા દિવસો–સમય લાગે છે. જ્યારે એક્રેલીક તથા વોટર બેઈઝ કલર કર્યા પછી તેમાં અન્ય ઇફેક્ટ આપવા તુરંત જ તેમાં કામ કરવું હોય તો કરી શકાય છે.

મેટલની શીટમાં એમ્બોઝ કરી કોઈપણ ફોટા જેવો જ એમ્બોઝથી ફોટો પણ બનાવે છે તે દરેક મેટલ પર કરે છે. જેમાં કોપર, બ્રાસ, એલ્યુમિનિયમ, સ્ટેનલેસ સ્ટીલ, સીઆરસી પતરાની શીટ સહિત આ દરેક મેટલમાં એમ્બોમીંગ કરે છે. એમ્બોમીંગ અંગે જયકિશનભાઇ કહે છે, જે મેટલની શીટમાં એમ્બોઝ કરવાનું હોય તે શીટની બંને તરફ ડ્રો કરવો પડે છે. પછી તેમાં જોવું પડે છે કે કયો ભોગ ડીપ એટલે કે ઉંડાઇનો છે તે જોઇ પહેલા તેને ખાસ સાધનોથી ડીપ લઇ પછી બીજી બાજુથી ધીમે ધીમે તેને ઉપસાવવું પડે છે અને બંને બાજુ જોતું જવું પડે છે અને જે માણસ કે ભગવાનની ફોટો હોય તેવી ચોક્કસ ઇમેજ આવતી જાય તે રીતે ધીમે ધીમે એમ્બોઝ કરવું પડે છે. એમ્બોઝ વધારે પડતું કોપર અને બ્રાસમાં વધારે ચાલે છે.

ઉપરાંત જયકિશનભાઇ કારવીંગ કામ કરે છે તે લાકડા ઉપર વધારે ચાલે છે તેમાં પહેલા લાકડા ઉપર ફોટો ડ્રો કરીને તેને કારવીંગના જુદા જુદા ટુલથી ધીમે ધીમે લાકડાને કોતરીને નક્કર આકાર આપે છે. લાકડા ઉપર અને અન્ય મેટલ ઉપર પણ કારવીંગ કરે છે. જેમાં નાનુ ગ્રાઇન્ડર, વોટરપેપર વગેરેનો ઉપયોગ કરીને મૂર્તિ ફોટો સ્ટેચ્યુ વગેરે તૈયાર કરે છે.

જયકિશનભાઇએ આ કલાની કોઇ તાલીમ લીધી નથી. કોઇ સાથે કામ પણ કર્યું નથી. પરંતુ પોતાની અંદર રહેલ આર્ટના શોખને પોતાની રીતે જ ડેવલપર કરી આ આર્ટની લાઇનમાં આગળ વધ્યા છે. હાલમાં ઓર્ડર પ્રમાણે અને પોતાના કલેક્શન માટે કામ કરે છે. હાલમાં લોકો ભગવાનનાં ફોટા કે બાળકોના ફોટાના પોટ્રેટ તેમના જન્મદિવસે ભેટ આપવા તૈયાર કરાવે છે. નાનામાં નાની એક ઇંચથી માંડી બે–ચાર ફુટ સુધીના આ બધા આર્ટ તૈયાર કરે છે. જયકિશનભાઇએ મોનાલીસા, રવિન્દ્રનાથ ટાગોર, ઓશો, લત્તા મંગેશકર, સાંઇબાબા, વિશ્વકર્મા દાદા, સ્વામી વિવેકાનંદ, ગાંધીજી, અમિતાભ બચ્ચન તથા ધોની સહિતનાં આર્ટ તૈયાર કર્યા છે. જયકિશનભાઇને પોતાના આ બધા આર્ટનો વન–મેન શો એક્ઝીબીશન કરવાની ઇચ્છા છે. જો કે આ બધી કલાનું વર્ણન શક્ય નથી પરંતુ તેની કલાના આર્ટ જોવાથી તેમની કલાનો ખ્યાલ આવે તેમની કલા છે. જયકિશનભાઇ ઇન્સ્ટાગ્રામ પર jaykishanartsના નામથી પેઇજ ચલાવે છે તથા યુટયુબ પર jaykishan@artની ચેનલ જોવાથી તેની કલાના વીડિયો જોવા મળશે. જયકિશનભાઇનો કોન્ટેક નં. ૯૮૨૫૬ ૧૯૯૭૧.

# લોલક(વાર્તા)



'આજે અમર અને અવનીના છૂટાછેડા થઇ ગયા.' ઘરમાં પ્રવેશતાં જ સુમનરાયે સમાચાર આપ્યા. એ સાંભળીને સંતાનો દેવેન્દ્ર અને રેણુને આશ્ચર્ય અને દુઃખ થયું. પત્ની રમીલાબહેન બોલ્યા, 'જુઓને, બંનેના લવમેરેજ હતા તો પણ છેવટે આવી નોબત આવી.'



પલ્લવી જિતેન્દ્ર મિસ્ત્રી

'આજે અમર અને અવનીના છૂટાછેડા થઇ ગયા.' ઘરમાં પ્રવેશતાં જ સુમનરાયે સમાચાર આપ્યા. એ સાંભળીને સંતાનો દેવેન્દ્ર અને રેણુને આશ્ચર્ય અને દુઃખ થયું. પત્ની રમીલાબહેન બોલ્યા, 'જુઓને, બંનેના લવમેરેજ હતા તો પણ છેવટે આવી નોબત આવી.' 'એને તો બિચારાને ખાતર પર દિવેલ જેવું થયું. એક તો લગ્નનો ખર્ચ માથે પડ્યો, અને ઉપરથી પાંચ લાખ રૂપિયા અવનીને આપવા પડ્યા.' 'મૂઆ પાંચ લાખ રૂપિયા ! અવનીની અવળચન્ડાઇમાંથી અમરની સાથેસાથે ભાઈભાભી અને ઈશા બધા છૂટ્યા.' 'તારી વાત સાચી છે, ચાલો જે થયું તે સારું થયું.'

આ સાંભળીને દેવેન્દ્રના મનમાં અનેક સવાલો ઉઠ્યા, 'જે થયું તે સારું કેવી રીતે થયું ? લગ્ન પહેલાંનો બંને વચ્ચેનો પ્રેમ લગ્ન પછી ક્યાં અને કેમ ગાયબ થયો ? લવમેરેજ હતાં છતાં લગ્ન કેમ ન ટક્યા ?' અમર એટલે દેવેન્દ્રના મોટાકાકાનો દીકરો, એના લગ્ન હજી બે વર્ષ પહેલાં જ અવની સાથે થયા હતા. 'લગ્ન એટલે લાકડાના લાડુ, જે ખાય તે પણ પસ્તાય અને જે ન ખાય તે પણ પસ્તાય' દેવેન્દ્રએ અમરના મોઢેથી આ વાત ઘણીવાર સાંભળી હતી. અત્યાર સુધી તો એ એને મજાક જ સમજતો હતો, પણ વાત જ્યારે છૂટાછેડા સુધી પહોંચી ગઈ, ત્યારે દેવેન્દ્રને એની ગંભીરતા સમજાઈ.

દેવેન્દ્રને લગભગ સાતઆઠ મહિના પહેલાની વાત યાદ આવી. 'દેવુ, આજે પાર્ટીમાં આવી હતી એમાંથી કોઈ છોકરી તને પસંદ છે કે ?' દેવેન્દ્ર કમ્પ્યુટર એન્જીનિયર થઈને એક સારી કંપનીમાં વર્ષે ૨૨ લાખના પેકેજ વાળી જોબ પર લાગી ગયો. એના સેલિબ્રેશન માટે બેન્કવેટહોલમાં પાર્ટી રાખી હતી. દેવેન્દ્રના મિત્રોને અને થોડા નજીકના સગાઓને બોલાવ્યા હતા. પાર્ટી પતાવીને ઘરે આવ્યા પછી દેવેન્દ્રના પપ્પાએ એને સવાલ કર્યો.

'પપ્પા, મારે હજી કરિયર બનાવવાની બાકી છે, લગ્નનો વિચાર એ પછી' દેવુ બોલ્યો.

'જો દીકરા, હું માનું છું કે કરિયર અગત્યની છે, પણ પરિવાર પણ એટલો જ અગત્યનો છે. જો તને કોઈ છોકરી પસંદ હોય તો બોલ, નહીતર આપણી જ્ઞાતિમાંથી બે સારી છોકરીઓના માંગા આવ્યા છે, ઢીલ કરવામાં એ હાથથી નીકળી ન જવા જોઈએ.' પપ્પા બોલ્યા.

'હા, બેટા. તારા પપ્પાની વાત સાચી છે. અત્યારે સારી છોકરી જોઈને સગાઇ કરી રાખીશું. લગ્ન તો એકાદ વર્ષ પછી પણ થઇ શકે.' મમ્મીએ કહ્યું.

'મમ્મી, છોકરીને ફક્ત જોવાથી એ સારી છે કે ખરાબ એની ખબર કઈ રીતે પડે ?'

'બેટા, એ વાતની ખબર તો ક્યારેય પડશે જ નહીં.' પપ્પા હસીને બોલ્યા.

'તમે પણ શું છોકરાને મદદ કરવાને બદલે ઉપરથી મૂંઝવો છો ?' મમ્મીએ મીઠો છણકો કરતાં કહ્યું.

'મેં કંઈ ખોટું કહ્યું ? અનુભવી જનો કહી ગયા છે કે સ્ત્રીને સમજવી અઘરી જ નહીં, અશક્ય છે.' પપ્પાએ હસીને કહ્યું.

'તમે મજાક છોડો અને દેવુને પૂછો કે એને કોઈ છોકરી ગમે છે ખરી ?'

'ભાઈને એમના ફ્રેન્ડ સર્કલમાંથી સોનલ ગમે છે.' રેણુ બોલી.

(વધુ પાના નં. ૫૯ ઉપર)

# દિપાવલી તથા નૂતન વર્ષાભિનંદનની હાર્દિક શુભેચ્છા...

॥ શ્રી વિશ્વકર્મણે નમઃ ॥

SGSV

સ્થાપના ૧૯૫૦

Trust Reg. No. A/2537 - Mumbai

# શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા બાગ, મુંબઈ

૩૬/૩૭ બજાજ રોડ,વિલે પાર્લે (વેસ્ટ) મુંબઈ ૪૦૦ ૦૫૬ ફોન : ૭૯૬૯ ૩૫૧૦ / ૨૬૨૮ ૩૯૪૮ / ૮૭૬૭૪ ૪૫૨૦૨

Email : vishwakarmabaugmumbai@gmail.com | webside : www.vishwakarmabaugmumbai.com

## ટ્રસ્ટ કમિટી (૨૦૨૨ - ૨૦૨૫)



: પ્રમુખ :
શ્રી આશીતભાઈ ધીરૂભાઈ ધોરેચા



: ઉપપ્રમુખ :
શ્રી વિઠ્ઠલભાઈ બાબુભાઈ અધેડા



: સચિવ :
શ્રી તુષારભાઈ નાગજીભાઈ કથેચા



: ખજાનચી :
શ્રી તુષારભાઈ વ્રજલાલભાઈ ધ્રાંગધરિયા



: ટ્રસ્ટી :
શ્રી રસીકભાઈ સવજીભાઈ વઘાડિયા



: ટ્રસ્ટી :
શ્રી રમેશભાઈ શામજીભાઈ અંબાસણા



: ટ્રસ્ટી :
શ્રી સુરેશભાઈ સવજીભાઈ અનુવાડીયા

ઈન્ટરનલ ઓડીટર : શ્રી મનિષભાઈ કિશોરભાઈ છનિયારા

શ્રી વિશ્વકર્માદાદાની આપણા પરિવાના દરેક સભ્યો
પર અસીમ કૃપા વરસે અને આપણે બધા
ભાવિ પ્રયત્નોમાં શ્રેષ્ઠ સફળતા પ્રાપ્ત કરી શકીએ.

**‘સૌનો સાથ, સમાજનો વિકાસ’**

M-CUBE PROJECTS PVT. LTD.



# સાલ મુબારક

**HEAD OFFICE**
202/203, 2nd Floor, Kala Mandir,
Chitrakar Ketkar Road,
Behind Adarsh Petrol Pump,
Vile Parle East, Mumbai - 400057
Tel : 022 - 26100556

**WORK SHOP**
C-202, Shreyas Industrial Estate,
Jaycoach, Off Western Express
Highway, Goregaon East,
Mumbai - 400063
022 - 26851779

admin@mcubeprojects.com
info@mcubeprojects.com
www.mcubeprojects.com


Gajjar Group
Since - 1965
દિવાળીના નાના દીવાઓ
તમારા જીવનને પ્રેમ અને
ખુશીઓથી પ્રકાશિત કરે
દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ
શ્રેષ્ઠ શુભેચ્છા સાથે :
સ્પેક હાઉસ, રામચંદ્ર લેન વિસ્તાર, મલાડ પશ્ચિમ, મુંબઈ - 400064
સ્પેક્ટ વિઝન, Svy. નંબર 45, NH નં. 8, ભીલાડ, જિલ્લો - વલસાડ, ગુજરાત - 396105
Harmony
SPECTACLE FRAMES
Rajni Gold
Micron Gold Plating
Rajni Frames
Lifestyle
Sunglasses
Rajni ELITE
by GAJJAR GROUP

HAPPY Diwali

gráfica decals

**Grafica Decals**
Plot No. 92,
Survey No. 66, Waliv Phata
Opp Quick Industrial Supplier
Vasai(East) - 401208
Maharashtra, India.

# Happy Diwali
# &
# A Prosperous New Year




Civil & Turnkey Interior Contractors for Pan India Projects.

**Stencil Engineering Pvt Ltd.**

ISO: 9001:2015 – ISO: 14001:2015 – ISO: 45001:2018

205-206, Eco-Space, Off Old Nagardas Road, Mogra Village, Andheri (East) Mumbai 400 069 India.



Prashant Bakrania
Cell : 9925501439
TP
Techknow Products
Manoj Bakrania
Cell : 9879173762
Double Head Turning & Threading M/c
Turning M/c
Wire Draw Machine
Double Head Slotting M/c
Rod & Section Cutting Machine
Hinges Slot Machine
Threading & Tapping M/c
Light Slotting Machine
Number Punching M/c
Milling Machine
Hinges Face Machine
Mfrs. of : Brass, M. S. Parts Machinery, S. P. M. Machine For Non Ferrous Metal & Sanitary Parts
Biren Bakrania
Cell : 9825125406
PMP
P. M. Products
Pradeep Bakrania
Cell : 9925510945
B-4, Udyognagar, Shanker Tekri, JAMNAGAR-361 004. Ph. : +91-288-(F.) 2561668 / 2560699
R. 2712854 / 2712456 Email : techknow07@rediffmail.com # pmproducts07@rediffmail.com




Dhirajlal L. Talsania
Nitesh D.Talsania
Ashvin D. Talsania
Mob : + 91 94269 98131
Mob : +91 940 940 46 01
CNC WIRE CUT JOB WORK
Dress Hooks
Seet Metal Dies
Specialist In : Injection Moulding Dies, Sheet Metal Dies,
Investment Casting Dies & S.P.M. Machines & Also
MFG BY: Dress Hooks
HEENA
ENTERPRISE
130 - Giriraj Estate, Lohonagar, Telephone Ex.,
Rajkot-360 004 (INDIA) E-Mail: heenaent130@yahoo.in




HAPPY Diwali
RI
Pramod Sanklecha
+91 99246 35541
+91 94295 62241
Mfg :
• All Types of Shaft
• All Types CNC & VMC Work
Ratan
INDUSTRIES
Opp. Krishna Park, Maldhari Railway Cross, Somnath Industry Area-5,
Street No.3, Plot No.-54, Kothariya, Rajkot
ratanindustriess@yahoo.com www.ratanindustries.in





**NARENDRA R. VADGAMA**
Director
Cell : +91 9619188953

**KETUL N. VADGAMA**
Director
Cell : +91 98337 89164

# VMW Mould Pvt. Ltd.

AN ISO 9001:2015 CO.

## MFRS & EXPORTERS OF BLOW & INJECTION MOULD

**Unit-1 :**
A-9 Ground Floor, Virvani Ind. Estate
Goregaon (E) Mumbai - 400 063
Tel.: 91 22 29271719, 29271720
email: admin@vmwmould.com
website : www.vmwmould.com

**Unit-2 :**
Unit No. 10, Ground Floor, Dhuri Industrial Complex I
Premises Co-Op Soc LTD, Madhu Vrinda Industrial
Estate, Phase III, Waliv Phata, Sativali Road,
Vasai East, Paldhar,
Maharashtra, 401208

# દિવાળીની શુભકામના

ઝગમગતા દીવાની ચમકથી પ્રકાશિત આ દિવાળી તમારા ઘર આંગણામાં ધન, ધાન્ય, સુખ અને સમૃદ્ધિ સાથે લઈને આવે એવી દિવાળીની શુભકા-

**શ્રી પ્રવીણભાઈ અરવિંદભાઈ કલોલિયા**
**અમદાવાદ. મો. ૯૭૨૪૪ ૪૩૦૩૧**

Ashok ®

# ASHOK FURNITURE

Mfg: Revolving Chairs and Steel Tube Furniture




| Boss Chair | A71 | B5 | B7 |
|---|---|---|---|
| ₹14750.00 | ₹ 4650.00 | ₹2650.00 | ₹2650.00 |

**Note:**

1) 18% G.S.T will be Applied on Each Product.
2) Cartage Charges will be extra as actual.

Ashok Dasadia : 9824021088
Ashwin Dasadia: 9824013565

Opp, Surendra Petrol Pump, H.L.Commerce College Road, Navrangpura, Ahmedabad.
Website: http://ashokfurniture.com O. 9898835306 E-mail : dasadia3210@gmail.com

'કોણ સોનલ ?'

'આજે પાર્ટીમાં ગોલ્ડન ડ્રેસમાં, એવું જ મેચિંગ પર્સ લઈને, હાઈહિલ ચપ્પલમાં, મોડર્ન હેરસ્ટાઈલ કરીને આવી હતી એ સોનલ.' રેણુ બોલી.

'એ છોકરી તો સરસ દેખાતી હતી. દેવુ, તને ગમતી હોય તો આપણે એ બાબતે આગળ વધીએ ?' મમ્મી પપ્પા એકસાથે બોલી ઉઠ્યા.

'તમે લોકો પણ શું, ભેંસ ભાગોળે છાશ છાગોળે અને ઘરમાં ધમાધમ ?' દેવેન્દ્ર બોલ્યો અને પછી ઉમેર્યું, મને હવે ઉંઘ આવે છે, આપણે એ વિશે ફરી ક્યારેક વાત કરીશું ?

'સારૂં. તને ઠીક લાગે ત્યારે કહેજે, પણ જરા જલદી કહેજે.' પપ્પાએ કહ્યું. દેવેન્દ્રને હાશ થઇ કે ચાલો આ ચર્ચા અહીં સમાપ્ત થઇ ગઈ. પણ બીજા દિવસે સવારે પપ્પાએ 'આ આરતી છે, અને આ નમ્રતા, બેમાંથી તને કોણ વધારે ગમે છે તે વિચારીને અમને કહેજે.' એમ કહેતા બે ફોટા દેવેન્દ્રને આપ્યા. દેવેન્દ્રએ ફોટા જોયા, તો ઘડીભર જોતો જ રહી ગયો. બંને છોકરીઓ ખૂબ સુંદર લાગતી હતી. એણે ફોટા પોતાના ટેબલના ડ્રોઅરમાં મૂક્યા. 'હવે જીવનસાથીની પસંદગી વિશે સિરિયસલી વિચારવું પડશે.' એવું દેવેન્દ્રને લાગ્યું. એને સોનલ યાદ આવી. સોનલ દેખાવમાં સરસ હતી, ટાપટીપથી એ હતી એના કરતાં પણ વધારે સુંદર લાગતી હતી.

'સોનલને જીવનસાથી બનાવી શકાય કે કેમ, કોને પૂછવું ?' દેવેન્દ્ર વિચારી રહ્યો. એને 'લગ્ન એટલે લાકડાના લાડુ, જે ખાય તે પણ પસ્તાય અને જે ન ખાય તે પણ પસ્તાય' એમ બોલતો કઝીન અમર યાદ આવ્યો. એ સાથે જ દેવેન્દ્રને વિચાર આવ્યો, 'ખરેખર આ વાત સાચી હશે ખરી ? જો સાચી હોય તો શું કરવું જોઈએ કે જેથી પરણ્યા પછી ઓછું પસ્તાવાનું આવે ? એણે અમરને ફોન કરીને પોતાની મૂંઝવણ જણાવી. અમરે કહ્યું, 'આવી વાતોની ચર્ચા ફોન પર નહીં કરાય, એ માટે તો સમય કાઢીને નિરાંતે મળવું પડે.'

'તો મળીએ. તું કહે તો હું તારા ઘરે આવી જાઉં ?' દેવેન્દ્ર બોલ્યો. 'જોજે એવું કરતો' 'કેમ ?' 'શું કેમ, જોતો નથી ઘરમાં સાક્ષાત જોગમાયા બેઠી છે?' અમર દબાયેલા અવાજે બોલ્યો. 'તો પછી ક્યાં અને ક્યારે મળવું છે ?' 'કેમ લગ્ન કરવાની બહુ ઉતાવળ છે તને ?' 'સાચું કહું તો મને તો જરાય ઉતાવળ નથી, પણ મમ્મી પપ્પા આદુ ખાઈને મારી પાછળ પડી ગયા છે. એમની પસંદગીની કોઈ છોકરી સાથે મને પરણાવી દે તે પહેલાં મારે તને એક વાત પૂછવી છે. તું આ બાબતમાં અનુભવી

> **અમરના જણાવ્યા પ્રમાણે દેવેન્દ્ર એને કોફીશોપમાં મળ્યો, એણે પૂછ્યું, 'લગ્ન એટલે લાકડાના લાડુ, જે ખાય તે પણ પસ્તાય અને જે ન ખાય તે પણ પસ્તાય.' મારે એ જાણવું છે કે તું આવું કેમ કહે છે ?'**

છે, એટલે મેં તારી સલાહ લેવાનું નક્કી કર્યું છે.' 'ઓ.કે. હું તને ક્યાં અને ક્યારે મળવું તે વોટ્સએપથી જણાવી દઈશ.'

અમરના જણાવ્યા પ્રમાણે દેવેન્દ્ર એને કોફીશોપમાં મળ્યો, એણે પૂછ્યું, 'લગ્ન એટલે લાકડાના લાડુ, જે ખાય તે પણ પસ્તાય અને જે ન ખાય તે પણ પસ્તાય.' મારે એ જાણવું છે કે તું આવું કેમ કહે છે ?' 'અરે, એ તો અમસ્તી મજાક.'અમરે કહ્યું. 'સાચું કહેને યાર, મારે લગ્નની બાબતમાં તારા માર્ગદર્શનની ખાસ જરૂર છે, પ્લીઝ' દેવુ બોલ્યો. દેવુના અતિ આગ્રહથી અમરે એની સમક્ષ પોતાનું હૈયું ખોલ્યું. 'મને અને અવની ઓફિસમાં સાથે કામ કરતા કરતા પ્રેમ થઇ ગયો. એ દરમ્યાન મારા માટે જ્ઞાતિમાંથી છોકરીઓના માંગાઓ આવવા શરૂ થઇ ગયા હતા. લગ્નની વાત નીકળી એટલે મેં મમ્મીપપ્પાને અવની વિશેની મારી ફીલિંગ્સ જણાવી તો એમણે કહ્યું, 'લગ્નથી માત્ર બે વ્યક્તિઓ જ નહીં પણ બે કુટુંબ જોડાય છે. એટલે બરાબર જોઈ વિચારીને પછી જીવનસાથીની પસંદગી કરવી જોઈએ.'

'એમની વાત બરાબર છે' દેવુ બોલ્યો. 'હા, પણ કહેવાય છે ને કે – 'Advice is seldom welcome, and one who needs it most, always likes it the least.' મેં પણ એમની સલાહ અવગણી. અવનીના રૂપ અને સ્માર્ટનેસથી હું ખુબ જ અંજાઈ ગયો હતો. મમ્મીપપ્પાએ મને ઘણું સમજાવ્યો કે 'અમે બતાવીએ એ છોકરીઓને પણ એકવાર મળી લે, એ પછી જ લગ્ન જેવો મહત્વનો નિર્ણય લે.' પણ મેં એમની એકપણ વાત કાને ન ધરી. અમરે કહ્યું.

'તો શું અવનીભાભીને કાકા–કાકી સાથે નથી બનતું ? 'સાચું કહું તો અવનીને માત્ર મારા મમ્મીપપ્પા સાથે જ નહિ પણ મારા કોઈપણ સગાવહાલા સાથે નથી બનતું.' 'એનું શું કારણ ?' 'એનું કારણ છે અવનીનો એના પિયરિયા પ્રત્યેનો અતિશય પ્રેમ. દરેક છોકરીને પિયરની માયા વધુ હોય એ સ્વાભાવિક છે, પણ જયારે એ લગ્ન કરીને સાસરે આવે ત્યારે એણે પરિવર્તન માટે થોડી તૈયારી તો રાખવી જોઈએ ને?' 'પણ પરિવર્તન તો બંને પક્ષે હોવું જોઈએ, ખરૂં કે નહીં ? 'દેવુએ કહ્યું.

'તું શું એમ માને છે કે અમે બધાએ એ માટે ટ્રાય નહિ કરી હોય ? સાંભળ, મને બહારનું મસાલેદાર ખાવાનું ઓછું અને ઘરનું સાદું ખાવાનું વધારે ભાવે છે, જયારે અવનીને બહારનું ચટપટું ફાસ્ટફૂડ જ વધારે ભાવે છે, એટલે મન થાય ત્યારે એ ઓર્ડર કરીને બહારથી ખાવાનું મંગાવી લે છે.' 'તો એમાં શું થયું ? કોઈવાર બહારનું ખાવાનું ય સારું લાગે.' 'હા, પણ કોઈવાર. વારંવાર આવું બંને ત્યારે એ આર્થિક અને આરોગ્ય બંને રીતે નુકસાન કરે છે.'

'ઓહ ! તો તું ભાભીને સમજાવતો કેમ

નથી ?' 'શું સમજાવું ? અહીં તો એક સાંધો ત્યાં તેર તૂટે, જેવી હાલત છે. મને સોફ્ટ મ્યુઝીકવાળા ઈન્ડિયન ગીતો ગમે છે, એને ઘોંઘાટવાળા વેસ્ટર્ન ગીતો ગમે છે. મને સારી સારી બુક્સ વાંચવી ગમે છે, એને બુક્સ વાંચવાને નામે જ માથું દુખે છે. મને ન્યુઝ, ક્રિકેટ, કે ક્વિઝ જેવા પ્રોગ્રામ જોવા ગમે છે, એને મેલોડ્રામાવાળી સિરિયલો અને ચીલાચાલુ હિન્દી મુવીઝ જોવા ગમે છે. મને રજાને દિવસે થોડો સમય ઘરમાં રહેવું ગમે છે, અને એને મારી એકપણ રજાના દિવસે ઘરમાં રહેવું પડે તો કીડીઓ ચટકે છે. એને શોપિંગનો ગાંડો શોખ છે, આડેધડ ખરીદીના કારણે પૈસા વેડફાય છે અને ઘરમાં નકામી ચીજોના ઢગલા થાય છે'

'ઓહ ...' 'દેવુ, અવની સંયુક્ત કુટુંબમાં રહેતી હતી, એટલે મને લાગ્યું હતું, કે મારા ઘરમાં એ સહેલાઈથી ભળી જશે, પણ એક તો એનું અકડું વર્તન અને ઉપરથી ખંજર જેવી ધારદાર વાણી. તો પણ 'કજિયાનું મોં કાળુ' એમ સમજીને એ ફાવેતેમ બોલે તો પણ અમે બધાં ચુપ જ રહીએ છીએ, દૂધમાં સાકરની જેમ ભળી જાય એવી પત્ની હોય તો જીવવાની મજા આવી જાય, એવી મારી કલ્પના હતી. પણ અવની તો મારી અને મારા પરિવાર વચ્ચે સેતુ બનવાને બદલે દિવાલ બનીને ઉભી રહી ગઈ છે. આ લગ્ન કરીને મેં ભયંકર ભૂલ કરી છે, મમ્મીપપ્પા અને ઈશાને દુઃખી કર્યા છે.' આટલું બોલતાં અમર ગળગળો થઈ ગયો.

'હું અવનીભાભીને સમજાવવાની ટ્રાય કરૂં ?' 'ના, એવું કરવાથી, એ તારું અપમાન તો કરશે જ, ઉપરથી ઘરની વાત બહાર કરવા બદલ મારી સામે પણ શીંગડા ઉગામશે. હું પણ જોઉં છું, થાય ત્યાં સુધી સહન કરીશ નહીતર પછી.... ચાલ જવા દે એ વાત. તું મારી સલાહ લેવા આવ્યો છે તો ફક્ત એક વાત જાણી લે કે પતિપત્ની બંનેની પસંદ– નાપસંદ મળતી આવતી હોય તો એકબીજા સાથે એડજસ્ટ થવામાં થોડી સરળતા રહે. નહીતર બંનેએ કોમ્પ્રોમાઈઝ કરવું પડે. શરૂઆતમાં આવી બધી બાબતો ભલે નાની લાગે, પણ એ જ બાબતો સમય જતાં મોટો ઈસ્યુ બની જાય.'

'હા, પણ એકબીજાની પસંદ– નાપસંદ તો સાથે રહીએ ત્યારે જ સમજાયને ?' દેવેન્દ્રએ પોતાની મૂંઝવણ રજુ કરી. 'હું પણ એવું જ માનતો હતો, પણ હવે મને ખ્યાલ આવ્યો કે પરણતા પહેલા સામેવાળા પાત્ર સાથે વાતચીત કરીને આ બધી બાબતો જાણી લેવી ખૂબ જરૂરી છે.' અમર બોલ્યો. 'યાર, લગ્ન પહેલા તો બંને એકબીજાને ઈમ્પ્રેસ કરવા પોતાની સારી સારી બાજુ જ બતાવે ને.' દેવુએ પોતાની શંકા પ્રગટ કરી. 'તારી એ વાત પણ સાચી છે. યાર, આ બાબતમાં શું કરવું જોઈએ અને શું નહીં તેનો ચોક્કસ ખ્યાલ આવતો નથી, હું ધારું છું કે લગ્નમાં જીવનસાથીની પસંદગીની બાબત મમ્મીપપ્પા પર છોડી દઈએ અને એ લોકો જે સૂચવે તે પાત્રને આપણે આપણી રીતે ચકાસી લઈએ તો કદાચ આપણા માટે અને એ લોકોના માટે પણ સારું રહે.'

> **દેવેન્દ્રની નજર એના ચોળાયેલા ગાઉન અને વિખરાયેલા વાળ પર પડી. સોનલ બોલી, 'આવને' એટલે દેવેન્દ્ર સહેજ ક્ષોભ સાથે ઘરમાં આવ્યો.**

મારા મમ્મીપપ્પાનું દામ્પત્યજીવન 'રણમાં મીઠી વીરડી' જેવું મધુરૂં અને આહલાદક કેમ લાગે છે તે ખબર છે ?' અમરે દેવુને પૂછ્યું. 'ના, પણ મને એનું કારણ જાણવાની ઉત્સુકતા છે.' 'મમ્મીએ ઘર અને બાળકોની સંભાળ માટે પોતાની ગાયિકાની કારકીર્દી અને પપ્પાએ કમાવા માટે પોતાનો ક્રિકેટ રમવાનો શોખ પડતો મૂક્યો હતો, એ બંને એકબીજાની લાગણીઓની ખૂબ કદર કરે છે.' 'હા, મારા મમ્મીપપ્પા પણ કહે છે કે લગ્નજીવનમાં પ્રેમ કરતાં પણ એકબીજા પ્રત્યે આદર હોય એ ખૂબ જરૂરી છે.' દેવુ બોલ્યો. 'યાર, મને તો લાગે છે કે પ્રેમ અને લગ્ન બંને ટકાવી રાખવા માટે જીવનમાં ઘણાબધા સમાધાન કરવા પડે છે.' અમરે કહ્યું.

અમર સાથેની મુલાકાત પછી દેવેન્દ્રએ સોનલને વારંવાર મળવાનું અને એની પસંદ– નાપસંદ વિશે જાણવાનું નક્કી કર્યું. એક દિવસ મમ્મીએ એને મીઠાઈ લેવા માર્કેટમાં મોકલ્યો, મીઠાઈની દુકાનમાં એની નજર ગુલાબજાંબુ પર પડી, એને ખબર હતી, કે સોનલને ગુલાબજાંબુ બહુ ભાવે છે. ગુલાબજાંબુ લઈને એ સોનલના ઘરે પહોંચ્યો. ગાર્ડનમાં અને કોફીશોપમાં બંને એકબે વાર મળ્યા હતા, પણ સોનલના ઘરે તો એ પહેલીવાર જ આવ્યો હતો. એની નજર સોનલના ફ્લેટની બહાર આડાઅવળા પડેલા બુટ–ચપ્પલોના ઢગલા પર ગઈ, આ દ્રશ્ય એને અરૂચિકર લાગ્યું. એણે ડોરબેલ વગાડી, સોનલે દરવાજો ખોલ્યો. દેવેન્દ્રને અચાનક આવેલો જોઈને એને નવાઈ લાગી. 'શું વાત છે જનાબ, આજે સવાર સવારમાં ઘરે ?' એ બોલી. દેવેન્દ્રની નજર એના ચોળાયેલા ગાઉન અને વિખરાયેલા વાળ પર પડી. સોનલ બોલી, 'આવને' એટલે દેવેન્દ્ર સહેજ ક્ષોભ સાથે ઘરમાં આવ્યો.

'બેસ.' કહેતા સોનલે સોફામાં અસ્તવ્યસ્ત પડેલા ન્યુઝપેપરના ઢગલાને એકબાજુ ખસેડીને એને બેસવાની જગ્યા કરી આપી. દેવેન્દ્ર સંકોચ સાથે બેસતાં બોલ્યો, 'મમ્મીએ મીઠાઈ મંગાવી હતી તે લેવા નીકળ્યો હતો, ગુલાબજાંબુ જોઈને તારી યાદ આવી એટલે તારે માટે લઈ આવ્યો' 'સો નાઈસ ઓફ યુ.' કહેતા સોનલે સ્માઈલ આપ્યું, સ્માઈલ આપતી વખતે એના ગાલમાં પડેલા ખંજનને દેવુ એકીટશે જોઈ રહ્યો. 'શું જુએ છે ?'

સોનલે પૂછ્યું એટલે દેવેન્દ્ર નજર વાળી લેતા બોલ્યો, 'કંઈ નહીં' 'મને આવા વેશમાં જોઇને ક્યાંક ગુલાબજાંબુ પાછા લઇ જવાનું તો વિચારતો નથી ને ?' ચબરાક સોનલે મજાક કરતાં કહ્યું. 'અરે, ના ના.' કહીને દેવેન્દ્રએ એની સામે ગુલાબજાંબુનું ટીન લંબાવ્યું, એ લઈને સોનલે ટીપોઈ પર પડેલા ચાના ખાલી કપ–રકાબી અને નાસ્તાની પ્લેટો હટાવીને ત્યાં મૂક્યું. દેવેન્દ્રની નજર ટીપોઈ પર ચાના કપના પડેલા ડાઘ/ગોળ કુંડાળાઓ પર પડી.

ત્યાં જ એક કબૂતર ગેલેરીના દરવાજામાંથી ઉડીને અંદર આવ્યું અને ફોલસિલીંગ પર બાંધેલા માળામાં ઘૂસ્યું. સોનલે પસ્તીમાંથી એક પેપર લઈને એને ઉડાડ્યું. દેવેન્દ્રને ઘરમાં કબૂતરનો માળો જોઇને નવાઈ લાગી. 'તારા માટે પાણી લઇ આવું' કહેતા સોનલ કિચનમાં ગઈ. દેવેન્દ્ર બેઠો હતો ત્યાંથી બેડરુમ દેખાઈ રહ્યો હતો, બેડ પરની ચાદર અસ્તવ્યસ્ત હતી, અને એના પર ઘડી કર્યા વિનાના કપડાંનો ઢગલો પડ્યો હતો. 'ડ્રોઈંગરૂમ અને બેડરૂમની આ હાલત છે તો કિચન અને બાથરૂમ તો કેવા હશે ?' દેવેન્દ્રને વિચાર આવ્યો..

દેવેન્દ્રને પોતાનું ચોખ્ખુંચણાક અને સુઘડ ઘર યાદ આવ્યું. એ સાથે જ 'સવારે ઉઠે એટલે રજાઈની સરખી રીતે ઘડી કરીને મૂકવાની' દેવેન્દ્રને મમ્મીના શબ્દો યાદ આવ્યા. 'બહારથી આવે ત્યારે બુટચપ્પલ શુરેકમાં ગોઠવીને મૂકવાના, કામ પતે એટલે વસ્તુ જ્યાંથી લીધી હોય ત્યાં પાછી સરખી મૂકી દેવાની, ઈસ્ત્રી થઈને આવેલા કપડા વોર્ડરોબમાં હેંગર પર લગાવીને મૂકવાના, ધોવાના કપડા ક્લોથબાસ્કેટમાં નાખવાના, રાઈટીંગ ટેબલ અને એના પરની તમામ ચીજો સાફસુથરી રાખવાની.' 'તું તો આદુ ખાઈને પાછળ પડી જાય છે, મારી મમ્મી છે કે મારી બોસ ?' ક્યારેક મમ્મીના હુકમથી અકળાઈને દેવેન્દ્ર કહી બેસતો. મમ્મી કહેતી, 'અમે બધા જ ઘરને ચોખ્ખું રાખવામાં મહેનત કરીએ છીએ, તો તું શાને કતરાય છે ? સ્વચ્છતામાં જ પ્રભુનો વાસ હોય છે, સમજ્યો ?' એનાથી અનાયાસ જ પોતાના અને સોનલના ઘરની સરખામણી થઇ ગઈ.

સોનલ સાથેની મુલાકાતો અને વાતચીત દરમ્યાન દેવેન્દ્રને ખ્યાલ આવવા માંડ્યો હતો કે – 'સોનલને ટાપટીપ પસંદ છે, અને પોતાને સાદાઈ પસંદ છે, સોનલને પાર્ટી– ફંક્શન પસંદ છે, અને પોતાને શાંતિ અને એકાંત પસંદ છે. સોનલ આળસુ છે, જ્યારે પોતે એક્ટિવ છે. જેમ જેમ સોનલ સાથે દેવેન્દ્રને

> **વિચારોમાં ખોવાયેલા દેવેન્દ્રને નમ્રતા અને આરતી શબ્દો સાંભળીને પોતાના ટેબલના ડ્રોઅરમાં ફોટાસ્વરૂપે બિરાજમાન બે રૂપસુંદરીઓ નજર સામે આવી અને એ મલકાયો.**

પરિચય વધતો ગયો, તેમતેમ એને ખ્યાલ આવતો ગયો કે સોનલ ઉત્તરધ્રુવ છે તો પોતે દક્ષિણધ્રુવ છે. તેમ છતાં સોનલ જો એનામાં થોડું પરિવર્તન કરે તો પોતે પણ પોતાનામાં થોડું પરિવર્તન કરવા તૈયાર હતો, કેમ કે સોનલ એને બહુ ગમતી હતી. આ દરમ્યાન પપ્પાએ બેત્રણ વાર નમ્રતા અને આરતી બાબતે એની પસંદ પૂછી હતી. છેવટે દેવેન્દ્રએ લગ્ન બાબતે સોનલ સાથે ચર્ચા કરી જ લીધી. સોનલને દેવેન્દ્ર સાથે લગ્ન કરવામાં કોઈ વાંધો નહોતો, પણ એને માટે થઈને એ 'I am what I am' 'હું જેવી છું તેવી છું' નો એટીટ્યુડ બદલવા તૈયાર નહોતી. દેવેન્દ્રને ખ્યાલ આવી ગયો હતો કે સોનલ સાથે રહેવું હશે તો એ તો જરાપણ બદલાશે નહીં, પણ પોતાને નહી ગમતા એવા ઘણાબધા એડજસ્ટમેન્ટ પોતે કરવા પડશે.


'દેવુ, પછી તેં નમ્રતા કે આરતીની બાબતે, લગ્ન વિશે કંઈ વિચાર્યું ?' દેવુના રૂમમાં પ્રવેશીને મમ્મીપપ્પાએ પૂછ્યું. વિચારોમાં ખોવાયેલા દેવેન્દ્રને નમ્રતા અને આરતી શબ્દો સાંભળીને પોતાના ટેબલના ડ્રોઅરમાં ફોટાસ્વરૂપે બિરાજમાન બે રૂપસુંદરીઓ નજર સામે આવી અને એ મલકાયો. પછી લગ્ન શબ્દ સાંભળતાં જ અમરના શબ્દો 'લગ્ન એટલે લાકડાના લાડુ જે ખાય તે પણ પસ્તાય અને જે ન ખાય તે પણ પસ્તાય....' યાદ આવ્યા તો એ ગભરાયો. પછી એની નજર મમ્મીપપ્પા તરફ ગઈ અને એને 'કિસ્સો કેવો સરસ મઝાનો છે, બેઉ વ્યક્તિ સુખી થયાનો છે. પહ્યું તારી તરફ નમ્યાનો તને; મુજને આનંદ ઊંચે ગયાનો છે !' શ્રી મુકુલ ચોકસીના આ મુક્તક જેવા મમ્મીપપ્પાના મજાના દામ્પત્ય જીવનથી એના મનમાં પ્રસન્નતા વ્યાપી. એને ગોલ્ડન ડ્રેસ અને સુંદર મેકઅપમાં સજ્જ થયેલી સોનલ પોતાના જીવનસાથીના રૂપમાં દેખાઈ, પણ પછી એની અસ્તવ્યસ્ત પર્સનાલીટી યાદ આવી અને એને વિમાસણ થઇ. 'આજે અમર અને અવનીના છૂટાછેડા થઇ ગયા.' પપ્પાના શબ્દો યાદ આવ્યા અને એની વિમાસણ વધી પડી.

અનાયાસ એની નજર ટેબલ પર મુકેલા કેલેન્ડરમાં લખેલા વાક્ય 'The more you Leave, the more you Live.' પર સ્થિર થઇ. 'કોને છોડું અને કોને અપનાવું?' એ મૂંઝાયો. 'શું કરવું અને શું ના કરવું'ના વિચારોમાં દેવેન્દ્ર અટવાયેલો હતો, બરાબર ત્યારે જ એના રૂમની ભીંત પર ટાંગેલી ઘડિયાળમાં દસના ડંકા વાગ્યા. દેવેન્દ્રની નજર ઘડિયાળના ડાબે જમણે ઘૂમતા લોલક પર સ્થિર થઇ ગઈ. એને લાગ્યું કે અત્યારે એના મનની સ્થિતિ પણ ઘડીમાં ડાબે તો ઘડીમાં જમણે ઘૂમતા.... આ ઘડિયાળના લોલક જેવી જ થઇ રહી હતી.

# મળેલા જીવ



> માધવ આરતીની કફોડી હાલત જોઇ ખુબ વ્યાકુળ થઇ ગયો હતો. તેણે ઈન્સ્પેકટરને કહ્યુ સર મારું નામ માધવ ગજ્જર છે. હું સોફટવેર એન્જિનિયર છું. આરતી મારી ફીયાન્સી છે. એટલુ બોલી માધવ મૌન થઇ ગયો. ઈન્સ્પેકટર વિજય બોલ્યા ઓ આઇ.સી. પણ તેની હાલત કેવી રીતે થઇ ?



ભાવિન કશ્યેચા

શીયાળાની કડકડતી ઠંડીની મૌસમ હતી. રાત્રીનો સાડા ત્રણ વાગ્યા જેવો સમય થવા આવ્યો હતો. રાજકોટની સરકારી હોસ્પિટલમાં પુરઝડપે એમ્બ્યુલન્સ દાખલ થઇ, ફરજ પર હાજર રહેલ સ્ટાફ દોડતો આવી પહોંચ્યો. આરતીને પ્રાથમિક સારવાર ૧૦૮માં જ શરૂ કરી દેવામાં આવી હતી. તે ખુબ ડરી ગયેલી, ઘબરાયેલી હતી. તેનું રડવાનું ચાલુ જ હતું. તેણે પહેરેલ ટીશર્ટ અને પેન્ટની હાલત સાવ ફાટેલી હતી. હોસ્પિટલ સ્ટાફને આરતીની હાલત જોતા જ ખ્યાલ આવી ગયેલો કે તેની સાથે કંઈક અજુગતો બનાવ બની ગયો છો.

ઈમરજન્સી વોર્ડમાં પણ આરતીનું રડવાનુચાલુ જ હતું. લેડી ડોકટરે તેના ખંભે હાથ રાખતા કહ્યું રડ નહી બેટા, નર્સે પાણીનો ગ્લાસ ધર્યો. આરતીએ ગ્લાસમાંથી એક ઘુંટડો માંડ પીધો. લેડી ડોકટરે પરિસ્થિતિની ગંભીરતા સમજી પોલીસ સ્ટાફને તરત જ બોલાવી લેવાની તજવીજ કરી લીધી પોલીસ સ્ટાફ ત્યાં આવી પહોંચ્યો. આરતીની ટ્રીટમેન્ટ ચાલુ જ હતી ત્યારે માધવ હોસ્પિટલમાં કયાં છે મારી આરતીની બુમો પાડતો છેક ઇમરજન્સી વોર્ડ સુધી દોડી આવ્યો. માધવને જો.ઇ આરતીને જાણે થોડો જીવ આવ્યો હોય માધવ તેની નજીક પહોંચ્યો. આરતી તેને ભેટી ખુબ રડવા લાગી અને ગાઢ નિંદ્રામાં સરી પડી.

નર્સે આરતીને પલંગ પર સુવડાવતા કહ્યું કે ગભરાવવાની કોઇ જરૂર નથી. ડોકટરે તેને ઘેનનું ઈન્જેકશન આપ્યું છે તેણે આરામની બહુ જરૂર છે. પ્લીઝ તમે બધા લોકો રૂમની બહાર જાઓ તેણે આરામ કરવા દો. જેઓ તેને હોશ આવશે ત્યારે તમને લોકોને બોલાવીશું. માધવ અને પોલીસ સ્ટાફ રૂમની બહાર ચાલ્યા ગયા. પોલીસ ઈન્સ્પેકટરે માધવને પુછયું કોણ છે એ યુવતી અને તમારે તેની સાથે શો સંબંધ ?

માધવ આરતીની કફોડી હાલત જોઇ ખુબ વ્યાકુળ થઇ ગયો હતો. તેણે ઈન્સ્પેકટરને કહ્યુ સર મારું નામ માધવ ગજ્જર છે. હું સોફટવેર એન્જિનિયર છું. આરતી મારી ફીયાન્સી છે. એટલુ બોલી માધવ મૌન થઇ ગયો. ઈન્સ્પેકટર વિજય બોલ્યા ઓ આઇ.સી. પણ તેની હાલત કેવી રીતે થઇ ? માધવે પાણી પીધું, સ્વસ્થ થતા કહ્યું મારી જોબ અમદાવાદ છે. પંદરદિવસ પહેલા જ વડીલોના આશીર્વાદ અને મહેમાનોની હાજરીમાં અમારી સગાઇ થઇ. તે સાંજે અમે બંને રેસકોર્ષ ફરવા ગયા. ગાર્ડનમાં બેસી એકબીજાની પસંદ–નાપસંદ, શોખ, સગા–સંબંધીઓ એકબીજાના મિત્રો વિશે ખુબ વાતો કરી. મે તેનો હાથ મારા હાથમાં લેતા કહ્યૂં કે સંબંધો એકબીજાના વિશ્વાસથી ચાલતા હોય છે. હું તને લગ્ન પહેલા જ વચન આપુ છુ કે તારા દરેક સુખ–દુઃખમાં તારી ઢાલ બનીને રહીશ. આરતીએ મુસ્કુરાતા કહ્યુ તું તો બહુ લાગણીસભર વાતો કરે છે ને કંઇ ! આરતી લાગણીસભર વાતો જ નહીં તેણો પુરેપુરો નિભાવવાની હામ પણ રાખુ છું. તેણે તેનુ માથુ મારા ખંભે રાખતા કહ્યું કે જીવનમાં હું પણ તારો પડછાયો બની સદા તારી સાથે જ રહીશ. જો તેણે નવો મોબાઈલ ગીફટ કર્યો અને તેના કપાળને ચુમી લેતા કહ્યું કે, હોઠો પર કરેલ ચુંબન કરતા કપાળે કરેલ ચુંબન વધુ વિશ્વાસપાત્ર હોય

છે. બીજે દિવસે હું અમદાવાદ ચાલ્યો ગયો. અમે બંને જણા રાત થવાની રાહ જોતા કે ક્યારે રાત પડેને એકબીજા સાથે વાતો થાય.

મારું કુટુંબ રાજકોટમાં રહે છે. શનિ–રવિ મારે જોબમાં વિકઓફ હોય છે એટલે અમદાવાદથી શનિવારે બપોરે જ હું રાજકોટ આવ્યો. સાંજે અમે બંને ફરવા ગયા, ડીનર કરી કોસ્મોપ્લેકસમાં દસ વાગ્યાના શોમાં અમે ગુજરાતી મુવી જોવા ગયા. સાડા બાર વાગ્યે મુવી પુરુ થયું. હું કોસ્મોપ્લેક્ષથી આરતીને તેના ઘરે મુકવા જઈ રહયો હતો. રસ્તામાં અમને બંનેને ખુબ તરસ લાગી એટલે હાઈવે પર એક સારી દુકાને મે બાઈક ઉભુ રાખી પાણીની બોટલ લેવા ગયો. ત્યાં પુરઝડપે આવેલી વેન કારમાંથી બે વ્યકિત ઉતરી આરતીને કારમાં ખેંચી લીધી કારને પુરઝડપે દોડાવી મુકી. હું ફટાફટ બાઈક પાસે પહોંચુ બાઈક શરૂ કરું ત્યાં સુધીમાં કાર આગળની ચોકડીથી કઈ દિશામાં વળાક લઈ ગઈ એ ખબર ના પડી. મેં ચારેકોર વારાફરતી બધી દિશાઓમાં બાઈક દોડાવી મુકયું. રસ્તા પરથી પસાર થતા લોકો અને દુકાનોમાં કારનું વર્ણન કરી પુછપરછ કરતો રહયો. ત્યારે એક વ્યકિતએ કયું કે તમે જે કારનું વર્ણન કરો છો એની તો ખબર નથી પણ એક યુવતી બેભાન અવસ્થામાં આ જ રસ્તે ચારચોકના ખુણે પડી હતી. એમ્બ્યુલન્સ તેણે સરકારી હોસ્પિટલ લઈ ગઈ હોવી જોઈએ. હું એ જ રસ્તેથી આવુ છું એટલે મને ખબર વડીલનું બોલવાનુ હજુ ચાલુ હતુ પણ મને તો આરતીની ચિંતા હતી એટલે બાઈકને સરકારી હોસ્પિટલ તરફ ભગાવી મુકયુ. આરતી સાથે શું બની ગયુ હશે એ તો ભાનમાં આવે ત્યારે જ તે કહી શકશે. મે મારા પપ્પા ધીરેનભાઈ અને સસરા જનાર્દનભાઈને ફોન કરી દીધો છે તે પણ અહીં પહોંચવા જોઈએ.

ઈ. વિજયે ડોકટરને કહ્યું આરતીને જેવો હોશ આવે એટલે તેનુ બયાન લેવા અમને ફોન કરજો. એટલું કહી તે ચાલ્યા ગયા. ધીરેનભાઈ, જર્નાદનભાઈ અને માધવ આખી રાત હોસ્પિટલમાં જ બેસી રહયા. સવારના સાત વાગ્યે પણ આરતી ભાનમાં આવી ન હતી. માધવે બંને વડીલોને ઘરે મોકલી દીધા. અને પોતે હોસ્પિટલમાં જ રહયો. નવ વાગ્યે આરતી ભાનમાં આવી એટલે નર્સે માધવને રૂમની અંદર બોલાવ્યો. આરતી માધવને જોઈ રડવા લાગી. માધવ તેને સાંત્વના આપતો રહયો. માધવને લાગ્યુ કે આરતીના આંસુઓથી તેનો ખંભો ભીનો થઈ ગયો છે. હું તારા

> **ત્રણેય જણાએ કારમાંથી મને નીચે ઉતારી, બે જણાએ મારા હાથ પકડયા અને ત્રીજાએ, ત્રીજાએ એટલું કહેતા આરતી હીબકા ભરવા લાગી.**

લાયક નથી રહી માધવ એટલુ બોલી આરતી ફરીથી રડવા લાગી. પ્લીઝ, રડ નહી આરતી માધવે તેને પાણી પીવડાવ્યું. આરતીના ભાનમાં આવતા જ ડોકટરે પોલીસને જાણ કરી દીધી હતી એટલે ઈ.વિજય ત્યાં આવી પહોંચ્યા અને આરતીનું સ્ટેટમેન્ટ લેવા લાગ્યા. માધવે આરતીના ખંભે હાથ રાખતા કહયુ આરતી જરાય ઘબરાયા વિના વિજય સાહેબને બધુ જણાવશે.

આરતી પહેલેથી પોતે બેભાન થઈ ત્યાં સુધીની વિગતો જણાવતી ગઈ. વચ્ચે વચ્ચે તેનો અવાજ ભીનો થતો ગયો. બે નરાધમોએ મને કારમાં ખેંચી લીધી. મેં ચીસાચીસ કરી મુકી એટલે એક જણાએ મારા બંને હાથ પકડી અને બીજાએ મારા મોંમા કપડુ નાખી દીધું અને મને ફડાકા મારવા લાગ્યો. તેઓના મોં પાસેથી શરાબની ખુબ જ ખરાબ દુર્ગંધ આવતી હતી. હું અર્ધબેભાન જેવી થઈ ગયેલી. તેઓ મને કોઈ અવવારું જગ્યાએ લઈ ગયા ખુબ અંધકાર હોવાને લીધે કંઈ જગ્યા છે એ ખબર ના પડી ત્રણેય જણાએ કારમાંથી મને નીચે ઉતારી, બે જણાએ મારા હાથ પકડયા અને ત્રીજાએ, ત્રીજાએ એટલું કહેતા આરતી હીબકા ભરવા લાગી. ત્રણેય નરાધમો મારા શરીર પર ભુખ્યા વરુઓની જેમ તુટી પડયા. તેઓમાં અમાનુષી ત્રાસથી મારામાં તેમનો હિંમત કરવાની ત્રેવડ ન હતી. હું બેભાન થઈ ગઈ અને સરકારી હોસ્પિટલ કેવી રીતે પહોંચી તેની ખબર ન પડી.

આરતી બોલતી ગઈ વિજય લખતા રહયા, શું તમે ત્રણેય વ્યકિત સામા મળે તો ઓળખી શકશો ? હા, સર એવા નરરાક્ષસોના વિકૃત ભરેલા ચહેરાઓને કેમ ભુલી શકું ? સારું માધવ અત્યારે એફઆરઆઈ લઈને જાવ છું, આરતીને રજા મળે એટલે તમે તેને લઈ પોલીસ સ્ટેશને આવી જજો. આરતીના વર્ણન પરથી ગુનેગારોના સ્કેચ તૈયાર કરાવીશું. ડોકટરે આવી આરતીને તપાસ બપોર પછી ઘરે લઈ જવાની પરવાનગી આપી. ધીરેનભાઈ અને જર્નાદનભાઈ હોસ્પિટલ આવી પહોંચ્યા. આરતી ભાનમાં આવી એ જાણી ખુશ થયા, તેના પર થયેલા નિદર્ય અત્યાચારો જાણી ખુબ વ્યથિત થઈ ગયા. બપોર પછી માધવ આરતીને મુકવા તેના ઘરે ગયો. આરતીને જોઈ સરોજબેન તેને ભેટી પડી ખુબ રડવા લાગ્યા. આરતીને પણ મમ્મીને ભેટીને ખુબ રડવુ હતુ પણ તેના આંખમાં આસુઓ જ જાણે સુકાઈ ગયા હોય ! સરોજબેન આરતીને તેના રૂમમાં લઈ ગયા. પપ્પાજી–મમ્મીજી તમે આરતીને એકલી ના મુકતા હું સાંજે આવીશ એટલું કરી માધવ પોતાની ઘરે ચાલ્યો ગયો.

માધવના પપ્પા આ બધુ જાણ્યા પછી એવી છોકરીને હવે હું આપણા ઘરની લક્ષ્મી

બનાવુ ? કે જેના પર બળાત્કાર થયો હોય ? પરિવાર, સમાજમાં કેવી કેવી વાતો થશે ટી.વી.માં સમાચાર પણ આવવા લાગ્યા છે, હાલ પુરતી તો આરતીની ઓળખને છુપાવવામાં આવી છે. પણ આવી વાતને ફેલાતા શું વાર લાગે ? હવે તો સો વાતની એક વાત આરતી આ ઘરની વહુ નહીં બને. હજુ આપણે માધવને પરણાવ્યા પછી રીતીકા માટે પણ સારો છોકરો, સારું ખાનદાન શોધવાનું છું. મારા માધવ માટે તો હું હવે આરતી કરતાંય સારી છોકરી શોધી લાવીશ. પરંતુ તારો નિર્ણય લેતા પહેલા એકવાર માધવનો તો અભિપ્રાય લે તો ખરા? ધીરેનભાઇ પોતાનુ વાક્ય પુરુ કરે તે પહેલા જ નીરૂબેન બોલ્યા માધવ મારો ફેંસલો કદી ના ઉઠલાવી શકે.

વાહ, મમ્મી વાહ આરતીની હાલત પુછવા કે તેને આશ્વાસન અને હિંમત આપવાને બદલે સંબંધને જ ફોક કરવાની વાતો કરો છો ? તમે એ તો વિચાર કરો કે આ બનાવમાં આરતીનો શો વાંક ? મેં એક નોવેલમાં વાચ્યું હતું કે પુરુષો કરતાં સ્ત્રીઓ જ સ્ત્રીઓની મોટી દુશ્મન હોય છે. જો આ બનાવ લગ્ન પછી થયો હોય તો અને આ ઘટના રીતિકા સાથે બની હોય તો ? નીરૂબેને સટાક કરતો તમારો માધવના ગાલ પર ચોડી દીધો. નાલાયક પોતાની બહેન વિશે આવુ અનર્થ બોલતા તને શરમ નથી આવતી ?

હું પણ એ જ કહું છું મમ્મી કે આવી વાત સાંભળવા માત્રથી તુ આટલી ક્રોધિત થઇ ગઇ તો આરતીની અત્યારે શું મનોદશા હશે તેનો તો વિચાર કર. લગ્ન એ માત્ર બે શરીરનો જ નહીં બે આત્માનો પણ મિલન છે. હું પરણીશ તો માત્ર આરતી સાથે તમે લગ્ન માટે આશીર્વાદ આપો તો પણ અને ન આપો તો પણ. વાહ, ભાઇ મને તારા પર ગર્વ છે. રીતીકા હોલમાં આવતા જ કહ્યું. અત્યારે આરતીને તારી ખાસ જરૂર છે. સાથે સુવાવાળા તો ઘણા મળી શકે પણ સાથે દુઃખમાં રડવાવાળા નથી મળતા. નીરૂબેન ક્રોધિત થતા રૂમમાં ચાલ્યા ગયા.

આરતીના પપ્પા મને લાગે છે કે વેવાણ આ સંબંધને ફોક કરી નાખે. માધવ આરતીને ખુબ ચાહે છે પણ વડીલો આગળ તેનું શું ચાલે ! કયું એવું કુટુંબ હોય જે બળાત્કાર થયેલી છોકરીને પોતાની વહુ બનાવે ? નીરૂબેન બહુ જુનવાણી વિચાર ધરાવનાર રૂઢિચુસ્ત છે. હવે જરૂર એ લોકોનો સંબંધ ફોક કરવા માટેનો ફોન આવશે. હા, સરોજ મને પણ સતત એવો જ ડર સતાવી રહયો છે. હવે તો ઠાકોરજી આપણી લાજ રાખે તેવી પ્રાર્થના કરું છું.

સાંજે પાંચ વાગ્યે માધવ આરતીના ઘરે

> **ના, માધવ માટે હવે ક્યાંય જવું નથી. તુ મને ભુલી જા માધવ, કોઈ સારે ઠેકાણે પરણીને સેટલ થજે. મારી સાથે તને બદનામી સિવાય કશું નહીં મળે હું પવિત્ર નથી રહી.**

આવી ગયો. મમ્મીજી બપોરે આરતીએ કંઇ જમ્યું ! ના, બેટા તે પોતાના રૂમમાં બેસી રડયા કરે છે. તમે ચા લઇ આવો હું તેને સમજાવું છું. માધવ આરતીના રૂમમાં ગયો ત્યારે આરતી બારી પાસે ઉદાસ ચહેરે ઉભી હતી. સાવ નીરસ, શોકમય હાલતમાં માધવ રૂમમાં કયારે પ્રવેશ્યો એ પણ તેને ખબર ના પડી. આરતીએ એક દૃષ્ટિ માધવ તરફ નાખી ત્યારે માધવને લાગ્યું કે બે દિવસમાં પોતાની આરતી મીણની એક પુતળી સમાન બની ગઇ છે. રમતી, નાચતી, કુદતી બોલતી ચંચળ કોયલ જેવી આરતી જ આ નથી. આરતી બીજા એ કરેલા પાપની સજા તુ પોતાની જાતને કેમ આપી રહી છે ? ચલ, ચા નાસ્તો કરી લે ત્યારબાદ આપણે પોલીસ સ્ટેશન જઇ વિજયસરને મળવાનું છે.

ના, માધવ મારે હવે કયાંય જવું નથી. તુ મને ભુલી જા માધવ, કોઇ સારે ઠેકાણે પરણીને સેટલ થજે. મારી સાથે તને બદનામી સિવાય કશું નહીં મળે હું પવિત્ર નથી રહી. નરાધમોએ મને અભડાવી મુકી છે. તુ આજે પણ મારા માટે પહેલા જેવીજ પવિત્ર છે ગંગા નદી જેવી પાવન પવિત્ર. આજે આ ઘટના તારી સાથે બની છે. નરાધમોને સજા નહી કરીએ તો આવી ઘટનાઓ ભવિષ્યમાં મારી આરતી જેવી કેટકેટલીય માસુમ યુવતીઓને નરાધમો પોતાની હવસ, વાસનાઓનો શિકાર બનાવશે. મારી બેન રીતીકા કે તારી બેન માધુરી સાથે પણ થઇ શકે. આવા નીચ, નરાધમો સમાજ માટે કલંક છે તેને સજા મળવી જ જોઇએ.

જીજુ ખરું કહે છે દીદી, માધુરી ચા–નાસ્તો રૂમમાં લઇ આવતા કહ્યું. આવા નરાધમોને આકરી સજા મળવી જ જોઇએ. આરતીએ વોશબેશનાં મોં ધોયું. ત્રણેય જણાએ ચા–નાસ્તો કર્યો. જનાર્દનભાઇ ઓફિસથી વહેલા જ ઘરે આવી ગયા અને માધવને પોલીસ સ્ટેશન સાથે જ જવાનો આગ્રહ કર્યો. પરંતુ માધવે તેને મનાઇ કરી.

નીરૂબેન પ્રવેશતા જ બોલ્યા આપણે વડીલોએ ત્યાં જવાની જરૂર નથી જર્નાદનભાઇ. નીરૂબેન સાથે ધીરેનભાઇ અને રીતીકા પણ ત્યાં આવ્યા. માધવે નીરૂબેન તરફ જોત કહ્યું મમ્મી શું તું લગ્ન માટે માની ગઇ ? હા, માધવ અમે કોણ હતા 'મળેલ જીવ'ને નોખા કરવાવાળા ? માધવ નીરૂબેનને ભેટી પડયો. નીરૂબેને આરતીને ગલે લગાવી લીધી હિંમત રાખજે બેટા દરેક પરિસ્થિતિઓમાં અમે તમારી સાથે જ છીએ. તમે બંને જણા પોલીસ સ્ટેશને જવા નીકળો અમારે વડીલોએ તમારા લગ્નની તારીખ નકકી કરવાની છે. માધવે આરતીનો હાથ પોતાના હાથમાં લઇ બંને રવાના થયા. આરતીનો આંખો ભીની હતી, પરંતુ આ વખતે આંસુઓ દુઃખના ન હતા.

# અથવા... અથવા... અથવા...(વાર્તા)



> શાંતાબહેન વિચારતાં હતાં - પોતાને બે દીકરા. ગમે તેની સાથે રહી શકાય. મોટા સાથે અથવા નાના સાથે. એક અથવા હોય એ બરાબર છે. આમ તો એ પણ ના હોવું જોઈએ. જે દીકરાના ઘેર રહેવું હોય ત્યાં રહી શકાય, મારી મરજી. તો બીજુ અથવા આવ્યું કેમ? અથવામાં વૃદ્ધાશ્રમ આવ્યું ક્યાંથી?



હસમુખ બોરાણિયા

શાંતા બહેન ચોંકી ઉઠ્યા જ્યારે નાની વહુ બોલી, ‘‘બા, તમારી પાસે ત્રણ વિકલ્પો છે. મોટા દીકરા સાથે રહો અથવા નાના સાથે રહો અથવા વૃદ્ધાશ્રમ તો છે જ...

નાની વહુ બોલી પણ કોઈએ એમ ના કહ્યું, ‘‘આવું ના બોલાય.’’ કારણ તેનો સ્વભાવ ઉગ્ર હતો અને મોટી વહુ તો પહેલેથી બાને સાચવતી જ નહિ. એ પરણીને આવી ત્યારથી બા સાથે ગેરસમજ ના લીધે બહુ જામતું નહિ.

પાછી છણકો કરતાં નાની વહુ બોલી, ‘‘અમને ખબર જ છે, તમને અમારી સાથે નહિ જ ફાવે માટે...’’

શાંતાબહેન વિચારતાં હતાં – પોતાને બે દીકરા. ગમે તેની સાથે રહી શકાય. મોટા સાથે અથવા નાના સાથે. એક અથવા હોય એ બરાબર છે. આમ તો એ પણ ના હોવું જોઈએ. જે દીકરાના ઘેર રહેવું હોય ત્યાં રહી શકાય, મારી મરજી. તો બીજુ અથવા આવ્યું કેમ? અથવામાં વૃદ્ધાશ્રમ આવ્યું ક્યાંથી?

બેમાંથી એક દીકરો ના બોલ્યો, ‘‘બા વૃદ્ધાશ્રમમાં નહીં જાય.’’

શાંતાબહેનને પોતાનું બાળપણ ને શાળા જીવન યાદ આવી ગયું. પરીક્ષામાં પ્રશ્નપત્રમાં પણ બે વિકલ્પો આપવામાં આવતાઃ મુદ્દાસર જવાબ લખો અથવા ટૂંક નોંધ લખો. ખાલી જગ્યા પૂરો અથવા ખરા–ખોટાંની નિશાની કરો. બેમાંથી એકપણનો જવાબ ના લખી શકાય તો એનાં પૂરતાં માર્કસ ન આવે. કંઈ આખી પરીક્ષા ના ગુમાવવી પડે. બહુ બહુ તો એ વિષયમાં નાપાસ જાહેર થઈએ, કૃપાગુણથી પ્રમોશન મેળવીને પાસ થઈ જવાય. અહીં તો જિંદગીની પરીક્ષામાં સીધા નાપાસ! ખાલી જગ્યા પૂરવાની વાત જ નથી, જગ્યા ખાલી કરવાની વાત છે. ખરાની વાત ક્યાં રહી? સીધાં ખોટાં સાબિત થઈએ ત્યાં?

પિયરમાં પણ એવું હતું. લગ્ન કરવા તૈયાર થઈ તો વિકલ્પ આવ્યો. નોકરિયાત છોકરો અથવા ધંધાદારી. શહેર અથવા ગામડું, નાનું કુટુંબ અથવા સંયુક્ત કુટુંબ. અથવા... અથવા... અથવા... શું સ્ત્રીની જીંદગી આમ અથવા માટે સર્જાયેલી છે?

નોકરિયાત છોકરો તો ના મળ્યો. ધંધાદારી કુટુંબ મળ્યું. શરૂઆતમાં સારું હતું. ધીમે–ધીમે કામ ધંધામાં મંદી આવી. સંયુક્ત કુટુંબ તૂટ્યું. અલગ થયાં ત્યારે મંદી નડી. ઘરખર્ચ માંડ નીકળે. બંને છોકરાને પેટે પાટા બાંધીને ભણાવ્યા.

શાંતાબહેન પોતાનાં જીવનને યાદ કરતાં વિચારી રહ્યાં, પોતે હાઈસ્કૂલમાં આવ્યાં ત્યારે શહેરમાં જઈ, હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરવાની ઈચ્છા પ્રગટ કરી તો ઘરમાં ઉત્પાત મચી ગયો હતો. ગામમાં બાર ધોરણ સુધી અભ્યાસની સગવડ છે. ગામમાં જ ભણો અથવા ભણવાનું છોડી દો. બાર ધોરણ પછી અપડાઉન કરીને શહેરની પ્રખ્યાત કોલેજમાં અભ્યાસ કરવાની ઈચ્છા હતી. ઘણી બહેનપણીઓ અપડાઉન કરતી હતી, પણ જવાબ તૈયાર હતો, ‘‘જુવાન દીકરી બસમાં અપડાઉન કરે એ અમને મંજૂર નથી. બીજી છોકરીઓ ભલે અપડાઉન કરે, ગામમાં સગવડ હતી ત્યાં સુધી ભણ્યાં. હવે ઘરકામ શીખો.‘‘

બીજી બાજુ ભાઈ માટે હોસ્ટેલ, મોંઘી ફી બધું મૂંગા મોઢે થતું રહ્યું.

બાર ધોરણ સુધી અભ્યાસ કરીને આગળ અભ્યાસની ઈચ્છાને અથવાની ઊંડી ખાઈમાં ધકેલીને ઘરકામમાં મન પરોવવું પડ્યું.

માએ રસોડામાં ધ્યાન દેવા પર ભાર મૂક્યો. દાળ, ભાત, શાક, રોટલી, ખીચડી, કઢી, ફરસાણ, મીઠાઈ બધું શીખવું પડે. સાસરે જશો ત્યાં મા આડી નહિ આવે બધું શીખવવા. મેણા ટોણા

સંભાળવા પડશે. અથવા અમારે સાંભળવુ પડશે. તમારી દીકરીને સારી રીતે રાંધતાય નથી શીખવ્યું?

સદ્ભાગ્ય ગણો કે, મેણા ટોણા સંભાળવા ના પડ્યાં. પણ રસોડાનો ભાર પોતાનાં માથે આખી જિંદગી રહ્યો. પોતે પરણીને ગઈ એટલે જેઠાણી તૈયાર હતાં, ‘‘અત્યાર સુધી રસોડામાં ગૂંગળાઈ મરી, હવે શાંતા રસોડું સંભાળશે. હું ઘરનો વહીવટ કરીશ અને પરચુરણ કામ સંભાળીશ. શાંતા માટે રસોડું તો ફરજિયાત છે. રહી વાત કપડાં ધોવાની તો એ કપડાં ધુએ અથવા કચરા પોતાં કરે. બેમાંથી એક કામ કરાવી લઈશું કામ વાળી પાસે, બાકી રસોડું તો..’’

જેઠાણીની વાતમાં સાસુમાએ પણ સાથ આપ્યો હતો. ફરજિયાત કામ સોંપીને વળી એક કામમાં અથવા મળ્યું. જે કામમાં અથવા જોઈતું હતું તે ફરજિયાત મળ્યું.

દસેક વર્ષ સંયુક્ત કુટુંબમાં રહ્યાં. પછી અલગ થયાં પણ રસોડું ના છૂટ્યું. પતિ ગોરધનદાસનો આગ્રહ હતો કે બધાં ઘરકામ કામવાળી પાસે કરાવી લે, પણ રસોઈ તો તારે જ બનાવવી પડશે. કામવાળી પાસે કામ કેમ કરાવવું? ઘરમાં આર્થિક સંકડામણ હતી ત્યાં!

ઘરનાં સભ્યોનો પૂરો ખ્યાલ રાખ્યો. છોકરાં ભણી ગણીને નોકરીએ લાગ્યા. એટલે થોડી સધ્ધરતા આવી. મોટા દીકરાના લગ્નની ખરીદી વખતે અથવા પાછું નડ્યું.

વાત એમ હતી કે લગ્નની ખરીદી કરવા જવાનું હતું. પોતે, ગોરધનદાસ, મોટો દીકરો અને નણંદબા જવાનાં હતાં. કેટલાં કપડાં કોનાં માટે લેવાં? એ યાદી બનતી હતી. મોટાની વહુ માટે છાબમાં કેટલી કેવી સાડી લેવી તેની યાદી બની ગઈ. હવે શાંતાબહેન માટે સાડીઓ લેવાની હતી. શાંતાએ કહ્યુ, ‘‘એક મંડપ મુહૂર્તની સાડી, બીજી બપોરે ભોજન સમારંભ માટે, ત્રીજી સાંજે મામેરા વખતે, રાત્રે રાસ ગરબાની ચોથી સાડી, પાંચમી સાડી લગ્નવિધિ વખતે અને જાન ત્યાંથી વિદાય થાય ત્યારે ભારે સાડી પહેરીને ના ફાવે માટે એક સાદી સાડી.’’

આટલી વાતમાં તો જાણે શું થઈ ગયું! કેટલી મોટી માંગણી કરી નાખી! તરત જ નણંદબા બોલ્યાં, ‘‘મારા ભાઈને દેવામાં ડૂબાડી દેવા છે કે શું? ભાભી, સાડી ખરીદવામાં માપ રાખજો. મંડપ મુહૂર્તની સાડી સાંજ સુધી ચાલે. રાત્રે રાસ ગરબાની સાડી લેવાની જરૂર પડે જ નહીં. એક બીજાની સાડી મેચ કરીને ચલાવી લેવાનું. રહી વાત લગ્ન વખતે પહેરવાની સાડીની. એ લઈ લેવાની ભારે સાડી. હું ક્યાં ના પાડું છું. પણ બહુ ભારે ના લેવાય. એક વખત પહેરીને પછી ક્યાં, ક્યારે પહેરશો? બદલાવવા માટે તો ઘરમાં એકાદ સારી સાડી હોય જ. માટે એક સાદી અને એક ભારે એમ બે સાડી ખરીદો અથવા ...’’

શાંતાને કુલ છ સાડી લેવી હતી ત્યાં નણંદબાનાં અથવા નો અજગર ચાર સાડી ગળી ગયો.

ઘરમાં કોઈ કંઈ બોલ્યું નહિ. શાંતાએ પોતાની રીતે મોટી બહેનને કહીને ત્યાંથી તેની સાડીઓ મંગાવીને બધું ચલાવ્યું.

નણંદ બા પ્રસંગ વખતે સગાં સંબંધીઓ પાસે સારાં થતાં હતાં, ‘‘ભઈલાએ તો ભાભીને જેવી ગમે તેવી મોંઘી સાડીઓ લઈ લેવા કહ્યું હતું. ભાભીની સમજદારી કેવું પડે હોં! ભાભી કહે ના... રે... ના... ખોટાં ખર્ચા હું ના કરાવું. ભાભી તો ભાભી છે, મા જેવી, પગે લાગવું પડે.’’

નણંદબાની વાત સાંભળીને શાંતાબહેન બબડ્યાં હતાં, ‘‘પગે તો તમે લગાવી દીધાં છે. આખી જિંદગી કેડો છોડતાં નથી.‘‘ પછી કામ કરવા લાગી ગયાં, વિચારતાં રહ્યાં, ‘‘આખી જિંદગી નણંદબાની જોહુકમી સહન કરવાની?’’

નણંદબા હતાં તો સાસરે પણ ગોરધનદાસના ઘરનો વહીવટ ત્યાંથી ચાલતો. પૂછ્યા વગર પાંદડું પણ ના હલતું અને પાંદડું હલ્યું હોય તો આખા ઝાડનો ખો નીકળી જતો.

છોકરાં મોટા થશે, વહુઓ આવશે. મને સાથ મળશે. એ આશામાં ને આશામાં અથવાનો ભાર વેંઢારતાં રહ્યાં, શાંતાબહેન.

ગોરધનદાસના લાંબા ગામતરા પછી નણંદબા ધીમાં પડ્યાં ત્યાં વહુઓનો ત્રાસ. વહુઓ બેફામ બની અને અથવાએ કેડો ના છોડ્યો તે ના છોડ્યો.

પણ નાની વહુની વાત સાંભળીને શાંતાબહેન આજે શાંત ના રહ્યાં. તેને પિતાજીના શબ્દો યાદ આવ્યા, ‘‘સહન થાય ત્યાં સુધી કરવું અથવા હિંમત કરીને સામું પડવું.’’ પિતાજી હયાત હતા ત્યાં સુધી , ‘‘વાંધો નહીં બેટા, સહન કરો, સહન કરો.’’ સલાહ આપતા રહ્યા. આમ ને આમ જિંદગી પૂરી થઈ ગઈ. હવે સહન થતું નથી. શાંતાબહેને બીજો વિકલ્પ પસંદ કર્યો અને તાડૂક્યાં, ‘‘મારી મરજી પડશે તે દીકરા સાથે રહીશ. બાકી વૃદ્ધાશ્રમમાં જાય મારી બલા. આ મકાન હજી ગોરધનદાસના નામે છે હોં! અને મારાં ઘરેણાં મારી પાસે છે તે હું...’’ શાંતાબહેન જે રીતે બોલ્યાં તે જોઈને સાંભળીને, બંને વહુઓ પણ ડઘાઈ ગઈ.

બાનાં આવાં અણધાર્યાં વલણથી નવાઈ પામીને બંને દીકરા ધીમેથી બોલ્યા, ‘‘બા, અમે ક્યાં ના પાડીએ છીએ? તમારી મરજી પડે તેની સાથે રહેજો.’’

અત્યાર સુધી શાંતાબહેન નિમાણા થઈને, ઓસરીની કોરે બેઠાં હતાં ત્યાંથી ઊભાં થયાં ને જ્યાં કાયમ ગોરધનદાસ બેસતાં તે જગ્યાએ જઈને ધીમેથી આરામ ખુરશીમાં બેઠાં. અદા તો એવી હતી, જાણે જીવનમાં તમામ અથવાનો ખાત્મો બોલાવી દીધો ના હોય!

**છોકરાં મોટા થશે, વહુઓ આવશે. મને સાથ મળશે. એ આશામાં ને આશામાં અથવાનો ભાર વેંઢારતાં રહ્યાં, શાંતાબહેન.**


KITCHEN SHUTTER
4 TYPES of Shutters
Made from Calibrated Red n Red Water Proof Plywood
Laminate Shutter • Back Painted Glass Shutter
MDF Foil Shutter • Acrylic Shutter
Also Available all Type of Customised
Modular Furniture | Bed | Wardrobe
Dressing | TV Units | Kitchen Carcase
Godown Road, Nr. Tagore Road,
Beside Shilp Tower, Rajkot - 2.
Mo. 94282 02697 / 98
ACCURATE
Bedroom - Kitchen - Living - Office


Authorized Dealer
JANATICS Pneumatic
Authorized Dealer
Uflow
Solenoid Valve
NOVA VALVES
All Type of Pneumatics Fittings, Hydraulic Hose & Fittings
Fitwell Hydraulics
Mfg.: High Pressure Flexible Hose Pipe for Oil,
Gas & Steam JCB Machine, Hydraulic Hose Pipe Etc.
Mansata Chowk, Opp. Poojara Telecom, Gondal Road, RAJKOT-360004. (Guj.) INDIA.
Tel.Fax : 0281-236 40 42 E-mail : fitwellhydraulics@yahoo.com
Contact : Yogesh Bhalodia - 99241 32332, 94997 55803



AEW
ALIGHT ENGINEERING WORKS
MANUFACTURER OF BRASS PARTS & M. S. PARTS AUTOMATIC MACHINERY
INDEXING SLOTTING MACHINE
SCREW SLOTTING MACHINE
SCREW CHEMPER MACHINE
Raw Type Shed No. 83/3, G.I.D.C.
Shankar Tekri, Udhyognagar,
Jamnagar - 361004. INDIA
Phone : +91 288 2568107
E-mail : alighteng@gmail.com
Website: www.alight.co.in
Contact Person:
Mukesh B. Gajjar +91 98251 32193
Hiren B. Gajjar +91 94272 75922
TAPPING MACHINE
TURNING MACHINE
VIBRATOR BOWL FEEDER
Design by: Ajay Sanchaniya (ajay@sanchaniya.com)



OM SANTI Tradelink
Dipak Gajjar - +91 98253 11220
Gates POWERING PROGRESS
Mfg. & Trad. Of :
Hydraulic Hoses
End Fittings
Hydraulic Hose, Pneumatic Hose
SS Teflon Hose, SS Corrugate Hose
Food Process Hose
MS Fitting, SS Fitting & All Type of Fittings
VERTICAL
HOSE CRIMPING MACHINE
MODEL : OMT – 210V
TECHNICAL PARAMETERS
Capacity Hose Size (ID) ¼" to 2" R2
1.½" R13
Max. Opening (mm) Die Size +24
Work Head Through Bore ϕ 120mm
Crimping Force (T) 300
Cycle Time 45 Sec. Max.
Motor (HP) 2 HP / 440V AC
Controls Micro Meter
Dei Segments ¼" to 2" (9 Nos.)
Master Die Shoe Length 100
Overall Dimension (WxLxH) 720 x 450 x 1050mm
Weight (Approx.) 250 Kg.
Hydraulic Assemblies MADE IN MINUTES
15,Rajan Estate, Near Reliance Petrol Pump, Gondal Road, Rajkot-2. Email : omsantitradelink@gmail.com



જ્યંતભાઈ : 98242 27603
જીતેનભાઈ : 99789 51916

BIS-916 100% HALLMARKED JEWELLERY

SINCE : 1918

# જ્યંતભાઈ મથુરાદાસ એન્ડ સન્સ જ્વેલર્સ

સોનાના ૨૨ કેરેટના
હોલમાર્કના દાગીના વેંચનાર.

શ્રી આશાપુરા માતાજીના મંદિરની બાજુમાં,
પેલેસ રોડ રાજકોટ-૩૬૦ ૦૦૧,
MOB: 94084 89151, ફોનઃ 0281 - 2224008

NEED GRAPHIC @ MO:97237 71105 -oct-22



જતિનભાઈ ગજ્જર - મો. ૯૮૯૮૭ ૦૪૬૦૧
નિખિલભાઈ ગજ્જર - મો. ૯૮૯૮૩ ૧૪૧૫૯
ઓફિસ : ૮૪૮૮૮ ૮૭૭૪૩



- પ્લાયવુડ
- સનમાઈકા
- ફલશડોર
- બિડીંગ પટ્ટી
- ફેવિકોલ
- ફર્નીચર ફિટીંગ

# આકાશદિપ પ્લાય & હાર્ડવેર

શ્રી બાલાજી કોમ્પલેક્ષ, દુકાન નં. ૧,
રાજનગર ચોક, નાના મૌવા મેઈન રોડ, રાજકોટ-૪.
Email : akashdipply@gmail.com



નિખિલભાઈ ગજ્જર
મો. ૯૮૯૮૩ ૧૪૧૫૯

ઓર્ડર માટે : ૯૦ ૩૩ ૯૦ ૧૪ ૧૪
૯૦ ૫૪ ૦૧ ૨૬ ૧૨



: ડિસ્ટ્રીબ્યુટર્સ / સ્ટોકીસ્ટ ઓફ (ઓલ સૌરાષ્ટ્ર-કચ્છ) :

Silvano Laminates QUALITY SPEAK INSELF
IMPERIO LAMINATES
craftwood laminates
IMPREZA DECORATIVE LAMINATES
IMPERIO LAMINATES SLIM

# આકાશદિપ લેમીનેટસ

સનમાઈકાના હોલસેલ વેપારી

ચંદ્રેશનગર મેઈન રોડ, આર્ય સ્કુલની બાજુમાં,
પાર્શ્વ હોસ્પિટલની બાજુમાં, રાજકોટ - ૪.
Email : akashdiplaminates@gmail.com


Hardik B. Jolapara - +91 95101 58321
ACCURATE CUT
SERVICE
CNC PLASMA & LASER CUTTING
Cutting According to Drawing on CNC Machine
1mm to 30mm SS
1mm to 30mm MS
આપના ડ્રોઈંગ મુજબ દરેક પ્રકારના ઈન્ટીરીયલ
ડિઝાઈન તથા ઈન્ડસ્ટ્રીયલ પાર્ટસ કટીંગ કરી આપીશું.
उपनिषद
Email :
acscut@gmail.com
Atika Industrial Area, Atika Street No.-2, Opp. Kishan Weighbridge, Dhebar Road, Rajkot(Guj.)


Regional Office
Saurashtra & Kutch
SINCE 1999
ALL INDIA COMPUTER
SAKSHARTA MISSION
Registered under Government of N.C.T. New Delhi
C WORLD
COMPUTERS
Since 2006
Education I Sales I Service
Umesh B Talsaniya
Managing Director
CALL 99254 56243
The Best Coding
Institute in the City
CodingJr
Web Development
App Development
Game Development
COMPUTER EDUCATION
CCC I MS Office I Tally - Miracle - Shri Sava I C & C++
Corel Draw - Photoshop - Illustrator I Diploma Courses
Engineering & Civil Drawing I Pyton I HTML & PHP
COMPUTER SALES & SERVICES
Computer I Laptop I Printers I Security System
CCTV Surveillance I Annual Maintenance Contract
Customize Website & Software Developers Networking Services
તમારા વર્કની અનુકુળતા મુજબ ની
કમ્પ્યુટર સિસ્ટમ્સ એસેમ્બલ કરી આપશું
આપનું ઘર-ઓફીસ-દુકાન-ગોડાઉન-ફેક્ટરી કે
વર્કશોપમાં CCTV કેમેરા લગાવવા માટે સંપર્ક કરો
207-213, RMC Complex, Guruprasad Chowk, Rajkot - 360 004.

# સંસ્કાર સિંચન (વાર્તા)



**જૈમિનીબેન અને અર્પિતભાઈની ઝુકી ગયેલી આંખો જયદીપભાઈ અને અવનીબેનને કહી રહી હતી કે ''કુમળીવયનાં બાળકમાં તમારી જેમ ધીરજ અને પ્રેમથી સંસ્કાર સિંચન કરવાનું અમે ચુકી ગયા''.**



જ્યોતિ ગજ્જર

''મમ્મી જોને પપ્પા આજે મને કેટલું વઢ્યાં, તું કઈક કે ને એમને કે આટલું બધું ન વઢાય.''

''શું કહું એમને? તુ જ કે ચાલ... રોજ પપ્પા વ્હાલ કરે છે ત્યારે તો મને નથી કહેતો કે પપ્પાને સમજાવ કે આટલું બધું વ્હાલ ન કરાય. બેટા આપણો વાંક હોય તો ક્યારેક પપ્પા વઢે પણ ખરા. અને પપ્પા તારા પર ગુસ્સે કેમ થઈ ગયા ખબર છે તને? કેમકે જ્યા સુધી નવા ચશ્મા નહિ આવે ત્યા સુધી દાદાજીને કેટલું હેરાન થવું પડશે એ વિચારીને પપ્પાને પણ તકલીફ થતી હતી. એટલે થોડો ગુસ્સો તારા પર નીકળી ગયો. ને આમ પણ બેટા પપ્પા, મમ્મી કે ઘરનું કોઈપણ વ્યક્તિ આપણા પર ક્યારેય ગુસ્સો કરી બેસે તો એ ગુસ્સા પાછળ પણ આપણા માટે પ્રેમ ને લાગણી જ છુપાયેલી હોય છે, મારી આ વાત જીવનમાં હંમેશા યાદ રાખજે.'' સોનુને વ્હાલ કરતાં અવની બોલી...

''મમ્મી, આજે હુ દાદાજીને બધા કામમાં મદદ કરીશ, એમને ચશ્મા વગર હેરાન ન થવું પડે એનું ધ્યાન રાખીશ'' કહીને હસતાં હસતાં સોનુ દાદાજી જોડે રમવા જતો રહ્યો...

અવની અને જયદીપના લાડકા સોનુથી રમતાં રમતાં આજે દાદાજીના ચશ્મા તુટી ગયા'તા , એટલે જયદીપે થોડો ગુસ્સો કર્યો હતો...

એક ગુસ્સો કરી બેસે તો બીજું એને વ્હાલથી સમજાવે એ એમનો પેરેન્ટિંગનો નિયમ હતો. આમ જ બંન્ને સોનુને સમજણ આપીને એના કુમળા મનમાં સંસ્કાર સિંચન કરી એને પ્રેમ થી ઉછેરતા...

સાંજે જ જયદીપ રમણભાઈ એટલે કે એના પપ્પા માટે બે જોડ નવા ચશ્મા બનાવીને લઈ આવ્યો... કદાચ સોનુંથી કે કોઈપણ કારણથી ચશ્મા તુટી જાય તો પપ્પાને ચશ્મા વગર હેરાન ન થવું પડે.

અને સોનુને સાથે લઈ દાદાજીના રૂમમાં જઈ સોનું ના હાથે જ દાદાજીને ચશ્મા પહેરાવડાવ્યાં.

હવે દાદાજી પણ ખુશ, સોનુ પણ ખુશ, ને બધાને ખુશ જોઈને જયદીપ ને અવની પણ ખુશ...

બસ આવી જ રીતે ઘરમાં બધા ગમે તેવી પરિસ્થિતિનો ઉકેલ એકબીજાને સમજીને એકબીજાની કાળજી રાખતાં રાખતાં, હળવાશથી લાવતાં...

બીજા દિવસે સવારે મોર્નિંગ વોક માટે નીકળેલા રમણભાઈ સોસાયટીના નાકે એમના પડોશી હિંમતભાઈ ના આવવાની રાહ જોતા ઊભા હતાં, એટલામાં હિંમતભાઈના ઘરમાંથી મોટે મોટેથી ઝઘડવાનો ને નાનકડાં પિંકુના રડવાનો અવાજ આવવા લાગ્યો.

હવે હિંમતભાઈ આજે વોક માટે નહિ આવે એમ વિચારીને હિંમતભાઈ સાથે દરરોજ કલાકેક ચાલતા રમણભાઈ આજે ફક્ત પાંચ દસ મિનિટ ચાલીને ઘરે પાછા જતા રહ્યા.

મહિનામાં બે ત્રણ વાર તો હિંમતભાઈના ઘરમાં આવી પરિસ્થિતિ સર્જાતી જ. હિંમતભાઈ ને દક્ષાબેન એમના પુત્ર અર્પિત પુત્રવધૂ જૈમિની અને પૌત્ર પિંકુ સાથે રમણભાઈના બાજુના જ ઘરમાં રેહતાં હતાં.

શોર્ટ ટેમપર્ડ જૈમિની અને અર્પિત

વાતવાતમાં ગુસ્સે થઈ જતાં, નાનકડા પિકું પર હાથ ઉપાડી બેસતાં.

સાસુ સસરાને છણકાથી જવાબ આપવો એ જૈમિનીનો રોજીંદો ક્રમ બની ગયો હતો. હિંમતભાઈ કે દક્ષાબેન કોઈ વસ્તુની જરૂર પડ્યે અર્પિતને કહે તો ''આખો દિવસ ઘરમાં નવરા જ બેઠાં હોવ છો ને ચાલી પણ શકો છો, તો જાતે જ લઈ આવતા હોય તો'' એવો જવાબ મળતો.

પિકુંને હોમવર્ક કરાવતી વખતે જૈમિની એને કઈક ન આવડે તો, ''તારામાં તો બુદ્ધિ જ નથી, આટલું પણ નથી આવડતું'' એમ કહી પિંકુને એક લાફો ઝીકી દેતી. ને રડતાં પિકુંને દાદાજી વ્હાલથી પંપાળે તો, ''આને પણ તમારા જેવો જ બનાવી દેશો તમે'' એમ બબડતી બબડતી જૈમિની પિંકુને ઝટકાથી ખેંચીને લઈ જતી.

ક્યારેક દક્ષાબેન કે હિંમતભાઈને કઈક નવીન ખાવાનું મન થાય, ને જૈમિની ને કહે તો રસોઈ કરતી વખતે વાસણો પછાડવાના કે કાચના વાસણ ફુટવાના અવાજો ચાલુ થઈ જતાં.

આમ એકબીજાને પરાણે સહન કરતાં કરતાં, અર્પિતના ઘરમાં બધા એકબીજા સાથે જીવ્યે જતાં હતાં.

આમને આમ વરસો વીતતા ગયા..

એક આખી પેઢી બદલાઈ ગઈ.


આજે વેલસેટલ્ડ સોનુએ દસ વર્ષ પહેલા બનાવેલા બંગલામાં રમણભાઈના ફોટાને સુખડનો હાર ચડાવી રહેલા જયદીપભાઈ એમના ૭૦મા જન્મદિવસે સ્વર્ગસ્થ રમણભાઈના આશીર્વાદ લઈ રહ્યા હતા, ત્યાં જ સોનુએ બુમ પાડી ''બધા તૈયાર થઈ ગયા હોય તો જલ્દી બહાર નીકળી ગાડીમાં બેસો, નહિતર શ્રીનાથજી પહોચવામા મોડું થઈ જશે.''

અને સોનું એની પત્ની, બાળકો, જયદીપભાઈ અને અવનીબેન સાથે શ્રીનાથજી દર્શન કરવા નીકળ્યો. રસ્તામાં આવતા વૃધ્ધાશ્રમમાં પપ્પા ના જન્મદિવસ નિમિત્તે વડીલોને પપ્પાના હાથે મિઠાઈ ખવડાવવા વૃધ્ધાશ્રમ ઓથોરિટીની પરમીશન લઈને બધા અંદર ગયાં, ને ત્યાં....

એ લોકો દસ વર્ષ પછી મળેલાં જુના પાડોશી જૈમિનીબેન અને અર્પિતભાઈને વૃધ્ધાશ્રમમાં અસહાય દષ્ટિએ જોઈ રહ્યા...

જૈમિનીબેન અને અર્પિતભાઈની ઝુકી ગયેલી આંખો જયદીપભાઈ અને અવનીબેનને કહી રહી હતી કે ''કુમળીવયનાં બાળકમાં તમારી જેમ ધીરજ અને પ્રેમથી સંસ્કાર સિંચન કરવાનું અમે ચુકી ગયા''....

# માઈક્રોફિક્શન : પ્રેમપત્ર




''જાણે કેમ કૃષ્ણનાં બધાં જ જવાબ રાધાએ આપી દીધાં હોય?? જાણે કેમ એ કૃષ્ણ વિના જીવી જ ન શકતી હોય? જાણે કેમ...??? ...એ મને રાધા જેવી જ લાગે છે!!!???...''

આવાં વિચારો સાથે હું પ્રેમપત્ર લખવાં બેઠો 'તો !! પણ મારી કલ્પનામાં તો રાધા જ રાધા હતી. એ આવી દેખાય છે, એ ખરેખર જ રૂપાળી છે, એ પણ કૃષ્ણરાધાની જેમ જ રેશમી ચણિયાચોલી પહેરે છે!! અને એ પણ...મારાં મનની રાધાની જેમ દુનિયાની શ્રેષ્ઠ સૌંદર્યવાન યુવતી છે. જોકે મારે એને સાવ ટ્રેડિશનલ રીતે પત્ર નહોતો લખવો. પણ મારો કવિ જીવ આવી બધી કલ્પનામાં એવો ખોવાયો કે અંતે મેં બધાંય શબ્દોને મરોડીને એક આગવો પરીપત્ર તૈયાર કર્યો;

માય ડિયર ઐશ્વર્યાજી!! તમારાં ચાહકો તો ઘણાં છે. હું પણ તમારો એક પ્રશંસકમાંનો જ એક છું. પણ થોડો વધારે સેન્સીટીવ છું. આ પત્ર માત્ર તમારાં વખાણ કરવાં માટે નથી લખી રહ્યો. પરંતુ તમારી એક્ટિંગથી પ્રભાવિત થઈને લખી રહ્યો છું. મારો પ્રેમ તમને ખલેલ પહોંચાડવા માટે નથી! પરંતુ અત્યાર સુધી મેં જોયેલા તમારાં ૫૦ ચલચિત્રો પરથી ઉદભવેલો છે. જોકે; એ પહેલાં પિક્ચરમાં જ શક્ય બન્યો હતો. પછી નવાં આવતાં ચલચિત્રો જોતાં એ વધ્યો હતો. આજે તમારો જન્મદિવસ હોવાથી આ પરિપત્ર લખી રહ્યો છું. અને આશા છે કે, પત્ર સાથે મોકલાવેલ ગિફ્ટ તમને પસંદ આવશે. તમને પૂરો હક્ છે જો એ નાપસંદ આવે તો અસ્વિકાર કરશો. પણ તેમ છતાંય આ ચાહકનો પ્રેમ એમ ને એમ અકબંધ રહેશે!

અરમાન

ઐશ્વર્યાજી અમુક દિવસો બાદ આ પરીપત્ર મેળવે છે. અને ગિફ્ટ ખોલે છે.........



**'મહેંદી'**
**હીના સિનરોજા, રાજકોટ**

# સમાધાનની લાપસી (હાસ્યલેખ)



**"અમારા કાકાથી ન રહેવાયુ એટલે કાકા મહાપરાણે એટલું જ બોલ્યા કે 'કુટુંબમાં સંપ હોય તો આ લાપસી જેવો જ હોવો જોય ! ગમ્મે એટલા 'ચમચા' ભેગા થાય પણ છુટા નહી પડવાનું તે નહીં જ પડવાનું"**



કે.રાજ

એકવાર અમારે એક પરિચિતના સમાધાનમાં જવાનું થયું. જો કે મારે જવાનું નહોતું, પણ અમારા કાકાએ એવું કહીને મને સાથે લીધો કે 'તુ લેખક છો ને એટલે બોલતા-સમજાવતા સારું આવડે !' અને હું યે મોઢાનો મોળો કે ના ન પાડી શક્યો.

સમાધાન કરાવવા માટે જે ગામ અમારે જવાનું હતું. ત્યાંની બસ જુનાગઢથી સવારે સાડા સાતની હતી. એટલે 'ઘટનાસ્થળે' સમયસર પહોંચવા સરદારગઢથી વહેલું નીકળવું ફરજીયાત હતું. અમારે જયાં જવાનું હતું એ ગામનું નામ તો નહિ કહું પણ ત્યાંની પરિસ્થિતિ અને એ લોકો વિશે અમારા કાકાએ મને આગોતરી જથ્થાબંધ માહિતી આપી દીધેલી. જેથી યોગ્ય સમજાવટ-કૂનેહથી સમાધાન કરાવવામાં સફળ થઇ શકાય. પણ આ બધી ચર્ચા કરવામાં રાતે અમે મોડા સુતા. સવારથી સાડા પાંચની બસ હતી એમાં કાકા તો વહેલી સવારે ઉઠી ગયા પણ મારે ઉઠવામાં મોડું થયું. નિત્યક્રમથી પરવારી પુજા-પાઠ તો થઇ શક્યા પણ મારો અતિપ્રિય એવો સવારનો ભાખરી-ચાનો નાસ્તો ન થઇ શક્યો. જો એમાં સમય આપું તો કદાચ બસ ચૂકી જવાય એટલે કાકાએ 'ચાલ હું તને જુનાગઢના પ્રખ્યાત ગાંઠીયા ખવડાવીશ !' એવું 'મજબુત આશ્વાસન' આપી મને સમજાવદી દીધો.

'સરદારગઢ-જૂનાગઢ' રૂટની ખખડધજ બસ જે ક્યારેય ધક્કા માર્યા સિવાય ઉપડતી જ નહોતી, એ અમારા બસ-સ્ટેશન પ્રવેશ સમયે જ પરમાત્માની પરમ કૃપાથી સ્ટાર્ટ થઇ એટલે ઇશ્વરનો આભાર માની હું ખુબ રાજી થયો. ડ્રાયવર-કંડકટર અને તમામ પેસેન્જરો સાથે બસ 'સમયસર' જુનાગઢના બસ-સ્ટેશનમાં પ્રવેશી, એની ઘાયને નવાઇ લાગી એથી વધારે નવાઇ મને લાગી. બસમાંથી ઉતરતાંની સાથે જ મેં કાકાને ગાઠીયાવચન યાદ દેવડાવ્યું પણ અમારી નજર સામે જ જયાં અમારે જવાનું હતું ત્યાંની બસ તૈયાર જ પડી હતી ! એટલે મારા મનોરથ પુરા ન થયા. 'હરિ ઇચ્છા બળવાન' અને 'ઠાકર કરે ઇ ઠીક' કહીને અમે એ બસમાં ગોઠવાયા.

જૂનાગઢ પછીની મુસાફરીમાં બસ તો સારી હતી પણ રસ્તો એવો હતો કે 'હરિ તું ગાડું મારું ક્યાં લઇ જાય ? કાંઇ ન જાણું !' આ ભજન અનાયસે જ યાદ આવી જતું. છેવટે અમે જયાં જવાનું તું ત્યાં સમયસર પહોંચી ગયા. ત્યાં પણ રસ્તામાં ગરમાગરમ ગાંઠીયાની સુગંધે મને રાજીના રેડ કરી દીધો. પણ કાકાએ 'યજમાન ગાંઠીયા ખવડાવશે ત્યારે ગાંઠીયા ખુટાડી નહી શકીએ તો 'આબરૂ' જાશે એવી ચેતવણી ઉચ્ચારી એટલે આવી 'આબરૂ' જાળવવા ખાતર મે બીજીવાર મન મનાવી લીધુ. આ વખતે પણ 'ગાંઠીયા-મોક્ષ' ન થઇ શક્યો. જયાં જવાનું હતુ તે જગ્યાએ આખરે પહોંચી ગયા.

ગામડાના નિયમ પ્રમાણે સર્વપ્રથમ ચા-પાણી આવ્યા. મને એમ કે હવે ગાંઠીયા પણ આવશે પણ ત્યાં તો સમાધાનવાળા બંને પક્ષો વચ્ચે એવી ઉગ્ર ચર્ચા થઇ શકે ફળિયાના કૂતરાં પણ બિચારા ઉઠીને બીજી શેરીમાં જતા રહયા. કાકાએ સમયસર વચ્ચે પડીને બન્ને પક્ષોને શાંત કર્યા. અને સારા ઉજળાં ભવિષ્ય માટે કુટુંબમાં સંપ અનિવાર્ય છે. એવું વિસ્તારથી સમજાવ્યા. એ લોકો વચ્ચે જે વાંધાવચકા હતા તેનું નિરાકરણ

ક્ર્યું. ભવિષ્યમાં કોને કેમ વર્તવું તેની સમજણ આપી. બે કલાકની ચર્ચા–દલીલો–સમજાવટને અંતે સમાધાન થવાના ૮૦ ટકા ઉજળાં સંજોગો જણાયા.

બીજીવાર ચા–પાણી આવ્યા. એટલે હળવેકથી કોણી મારીને કાકાને ગાંઠીયા યાદ દેવડાવ્યા. પણ 'આપણે સમાધાન કરાવવા આવ્યા છીએ ગાંઠીયા ખાવા નહીં !!' એવું ધીમેથી ઇશારામાં સમજાવી કાકાએ મને અમારી 'કપરી ફરજ' યાદ દેવડાવી. હું ક્યારેક એક હાથે માથું ખંજવાળી લઉ છું (મારું પોતાની જ સ્તો !) પણ કાકાના કઠોર વચન સાંભળી ફાટી આંખે બે હાથે માથુ ખંજવાળ્યું !! છેવટે મારાથી ન જ રહેવાયું એટલે સીધુ યજમાનને જ કહ્યું કે 'આ ચા–પાણી તો ઠીક છે પણ પ્લીઝ નાસ્તો ન લઇ આવતા !' એમણે પણ મારી માંગણી 'સ્વીકારતા' કહ્યું, 'જેથી તમારી મરજી !' હું પણ બરોબરનો મુંઝાયો કે આમા કાઠીયાવાડમાં ક્યાંથી ભુલો પડે ભગવાન ?

છેવટે સાડા અગિયારે તમામ ચર્ચાનો અંત આવ્યો. સુખદ સમધાન શક્ય બન્યું. મેં અને કાકાએ જવા માટે રજા માંગી પણ યજમાને 'જમ્યા વગર નહીં જ જવા દઉં ! મારા ગળાના સમ !!' કહીને પરાણે રોકી દીધા. એનું ગળું સલામત રહે એમાં અમને કોઇ વાંધો પણ નહોતો એટલે અમે રોકાઇ ગયા.

બપોરે બધા જમવા બેઠા. થાળીમાં ગરમાગરમ લાપસી પીરસાણી. સારી લાપસીનું જમણ કેવું હોય એ મારી જાણકારી અને અનુભવ મુજબ કહુ તો લાપસી હાથમાં લઇ ફુંક મારીએ અને દાણેદાણો હથેળીમાંથી વેરાઇ જાય એવી છુટ્ટી લાપસી હોય, એમાં ગામડાનું શુદ્ધ દેશી ઘી ભળે, ત્યારબાદ કોઇ વધારે ગળ્યુ ખાતા હોય તો વધારાનો ગોળ પણ ભળે અને એવી લાપસી હાથેથી ચોળીને, એક ઢીંચણ નીચે ઢીંચણીયુ રાખીને, ગામડાના ગાર–માટીવાળા મકાનમાં બેસીને–જેણે ખાધી હોય એને ક્યારેક પુછી જોજો કે લાપસી શું ચીજ છે ? અરે સાહેબ, તમે રાજકોટના તમામ ડેરીફાર્મની મીઠાઇ ભુલી જશો એવું હું મક્કમપણે માનું છું !!!

હવે ઉપર જે કાંઇ મેં લખ્યુ છે એવું અમારી થાળીમાં પીરસાયેલી લાપસીમાં હતું જ નહીં ! એ ખરેખર લાપસી હતી કે રબ્બર ઓગાળ્યુ હતું એ નક્કી કરવામાં કાકાએ બે વાર માથું ખંજવાળ્યું. શાસ્ત્રોમાં મનુષ્યથી થતા વિવિધ પ્રકારના પાપની કેવી–કેવી ભયંકર સજા હોય એવું આપણને વાંચવા મળે છે. પણ મારા મત મુજબ ફર્નીચરના કારીગરને ચણાના લોટ (ગાંઠીયા–ભજીયા જ સ્તો !) થી છેટો રાખવો એના જેવું ઘોર પાપ બીજુ એકેય નથી ! એ પાપની સજા કાકા અત્યારે બરાબરની ભોગવી રહ્યા હતા. અમે જ્યાં જમવા બેઠા હતા ત્યાં ઓસરીમાં છતમાં 'પરદેશ નળિયા' વચ્ચે એક પારદર્શક કાચ પણ હતો જે પ્રકાશ આવે તે માટે હોય છે. કાકા એ કાચ તરફ જોઇ રહ્યા. એ કાચમાંથી આકાશ ચોખ્ખુ દેખાતું હતું એટલે કદાચ આ લાપસી ખુટાડવા ઇશ્વર સમક્ષ પ્રાર્થના કરી 'એક્સ્ટ્રા શકિત' (અને સહનશકિત પણ!) માંગતા હોય તેવું મને લાગ્યું.

**કાકા એ કાચ તરફ જોઇ રહ્યા. એ કાચમાંથી આકાશ ચોખ્ખુ દેખાતું હતું એટલે કદાચ આ લાપસી ખુટાડવા ઇશ્વર સમક્ષ પ્રાર્થના કરી 'એક્સ્ટ્રા શકિત' (અને સહનશકિત પણ!) માંગતા હોય તેવું મને લાગ્યું.**

અત્યાર સુધી ધંધાર્થે મેં કુલ ચોવીસ ગામ/શહેરોનો પ્રવાસ ખેડયો છે. એટલે તમામ સ્વાદની રસોઇ મને કોઠે પડી ગઇ છે. જેમાં મીઠું નાખવાનું ભુલાઇ ગયું હોય એવી રસોઇથી માંડીને દેરાણી–જેઠાણી વારા ફરતે પોતપોતાના ભાગે પડતું મીઠું નાખે એવી રસોઇથી પણ મને પેટ કે માથું દુઃખવાની કોઇ ફરિયાદ હોય એવું મને યાદ નથી ! અને આમ પણ સવારના ન મળેલા ગાંઠીયા ઉપરની રીસ ઉતારવા આ લાપસીથી શ્રેષ્ઠ બીજું કંઇ હોઇ જ ન શકે. એમ પરાણે મન મનાવી હું તો મંડયો લાપસી ઝાપટવા ! અમે જમતા હતા એ દરમિયાન હું તો કાંઇ ન બોલ્યો પણ અમારા કાકાથી ન રહેવાયુ એટલે કાકા મહાપરાણે એટલું જ બોલ્યા કે 'કુટુંબમાં સંપ હોય તો આ લાપસી જેવો જ હોવો જોય ! ગમ્મે એટલા 'ચમચા' ભેગા થાય પણ છુટા નહી પડવાનું તે નહીં જ પડવાનું ! હું કેવુ જમ્યો એ વાત કહું તો જેણે આ હાસ્યલેખ નથી વાંચ્યો એ તમામના સમ ખાઇને કહું છું કે મેં ભરપેટ લાપસી ખાધી !!

જમીને અમે આરામ કર્યો. છેવટે મોડી સાંજે અમે યજમાનને ત્યાંથી રજા લીધી. પછી બસ સ્ટેશને પહોંચ્યા ત્યાં ગરમા–ગરમ ગાંઠીયા બનતા હતા હવે કાકાએ મને ગાંઠીયા યાદ દેવરાવ્યા !! પણ મેં જુનાગઢની બસ ચુકાઇ જશે તો ? અને ત્યાંથી સરદારગઢની બસ પણ સમયસર ગોતવાની છે. એ વિકટ પરિસ્થિતિનું બહાનું આડે ધરી દીધુ ! છેવટે આવી રીતે ગાંઠીયા–વિરહમાં અથડાતા–કૂટાતા અમે કાકો ભત્રીજો મોડી રાત્રે સરદારગઢ પહોચ્યા. ત્યારબાદ ચણાના લોટનો વિરહ કેવો કઠણ હોય છે એની ગળા સુધી ખાતરી કરાવ્યા બાદ કાકાને મેં મારા હાથે જ ગાંઠીયા બનાવીને ખવરાવ્યા.

હજી પણ અમને કોઇ ગામડામાં સમાધાન માટે બોલાવે તો અમે જઇએ જ છીએ અને ક્યારેક તો ઉપવાસનું બહાનું કાઢીને ફરાળનું આખુ ટીફિન પણ ભેગુ જ લઇ જઇએ છીએ બોલો !

# ભવ્યા ગજજરને ન્યુઝીલેન્ડમાં માસ્ટર ઓફ આર્કીટેકટની પદવી એનાયત

- પ્રવીણ ગજજર



## મુળ અમદાવાદના રાજેન્દ્રભાઇની બંને પુત્રી આર્કીટેકટ : ઉચ્ચ અભ્યાસ માટે માર્ગદર્શન આપવા રાજેન્દ્રભાઇ સદા તત્પર

અમદાવાદથી છેલ્લા ૨૦ વર્ષથી દુનિયાના પ્રથમ કહી શકાય તેવા ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં સ્થાયી થયેલા રાજેન્દ્રભાઇ બચુભાઇ ગજજર (મહીદડીયા) અને રાજેશ્રીબેનની પુત્રી ભવ્યાએ માસ્ટર ઓફ આર્કીટેકચરની પદવી મેળવી સમાજમાં અનેરૂ ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

તાજેતરમાં યોજાયેલ પદવીદાન સમારંભમાં તેમને પદવીની સાથોસાથ ૫ હજાર ડોલરની સ્કોલરશીપ સાથે એકસીલેન્સ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો.

મુળ બરવાળાના એવા રાજેન્દ્રભાઇ ગજજરનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેઓ અમદાવાદમાં જ સિવિલ એન્જિનિયર થયા અને અમદાવાદ મહાપાલિકામાં કોન્ટ્રાકટર તરીકે કન્ટ્રકશન ક્ષેત્રે ઝંપલાવ્યું. તેઓના લગ્ન ભાવનગર જીલ્લાના છોટુભાઇ કનોજીયા પરિવામાં થયા. તેઓ અમદાવાદથી ૨૦ વર્ષ પહેલા ન્યુઝીલેન્ડ ગયા અને ડીઝાઇન સ્ટુડીયોની સ્થાપના કરી રાજેન્દ્રભાઇ રેસીડેન્સીયલ, કોમર્શિયલ સહિતના બાંધકામ અને ડીઝાઇનના વ્યવસાયમાં છે.

રાજેન્દ્રભાઇની મોટી દીકરી કિંજલે પણ આર્કીટેકચર કર્યું છે. તેમના લગ્ન ન્યુઝીલેન્ડમાં જ થયા છે. કિંજલ સર્વિસ ઉપરાંત પિતાના ડીઝાઇન સ્ટુડીયોમાં પણ કાર્યરત છે.

તાજેતરમાં આર્કીટેકચરમાં માસ્ટર કર્યું છે. તે ભવ્યા ગજજરે આર્કીટેકટમાં ડીગ્રી હાંસલ કર્યા બાદ એક વર્ષ આર્કીટેકચર કોલેજમાં પ્રોફેસર તરીકે કામ કર્યું. હાલમાં તે ન્યુઝીલેન્ડની બહુ મોટી કંપનીમાં કાર્યરત રહેવાની સાથોસાથ પિતાના ડીઝાઇન સ્ટુડીયોમાં પણ કાર્યરત છે. આમ પિતાના પગલે આર્કીટેકટ



## પદવી સાથે ૫ હજાર ડોલરની સ્કોલરશીપ અને એકસીલન્સ એવોર્ડ :

થયેલ રાજેન્દ્રભાઇ ગજજરની બંને પુત્રીઓ કારકિર્દીના નવા સોપાન સર કરી રહી છે.

રાજેન્દ્રભાઇ ગજજરના પત્ની રાજેશ્રીબેન ગજજર કોમર્સ ગ્રેજ્યુએટ છે.

રાજેન્દ્રભાઇ ગજજર વિશ્વકર્મા વિશ્વ સાથેની વાતચીમાં જણાવ્યું હતું કે, ઓછા ખર્ચે ઉચ્ચ શિક્ષણ મેળવવા ન્યુઝીલેન્ડ બેસ્ટ છે. અને ત્યાંથી આપણા સમાજમાંથી જે કોઇને ઉચ્ચ શિક્ષણ માટે માર્ગદર્ન જોઇતુ હોય તો વિનામુલ્યે ન્યુઝીલેન્ડમાં અભ્યાસ કરવા તમામ પ્રકારનું માર્ગદર્શન આપવા હું સદા તત્પર રહીશ.

વોટસએપ નં. +૬૪૨૧૨૭૭૫૨૦૩

## “સમજીને” (ગઝલ)

હું ઉજવું છું તમારી યાદને તહેવાર સમજીને.
કર્યું અર્પણ બધું વહેવાર નહિ, પણ પ્યાર સમજીને.

કરૂં હું પ્રેમ,તો તમને થશે એવું જરૂરી નહિ,
પ્રણય થાતો નથી, આવો કોઈ વહેવાર સમજીને.

લઈને ભાગ્ય તેનું અવતરે છે આંગણે પુત્રી,
ઉછેરો નહિ તમારી દીકરીને, ભાર સમજીને.

મરદ છો, તો તમે મેદાનમાં આવો બતાવી દઉં
લૂંટો નહિ કોઈને છાને ખૂણે લાચાર સમજીને.

હા, મિત્રો તો ઘણા છે પણ મને વિશ્વાસ તારા પર,
કરૂં છું વાત અંગત મારી, પાક્કો યાર સમજીને.

જો વારંવાર થઈ તો ભૂલ એ કહેવાય નહિ દોસ્ત,
મળે છે ભૂલની માફી, તો બસ એકવાર સમજીને.

મળે છે કર્મ મુજબ ને સમય આવ્યે બધાને ફળ
“શીતલ“ જીવે છે જીવનને, ગીતાનો સાર સમજીને.



શીતલ બી. ભાડેશીયા, રાજકોટ.

## મનમાં હું, ખોટી (ગઝલ)

મનમાં હું, ખોટી આશ કદી રાખતો નથી,
હું, ખાલી ઘરનાં બારણાં ખખડાવતો નથી.

આપે છે રોજ ઝાંઝવા ભીનાશ દાનમાં,
સમજણ વિસારી, હાથ હું લંબાવતો નથી.

વિસામો દેખી થાક પણ અટવાય ચરણમાં,
અવરોધને હું, આમ પણ ગણકારતો નથી.

આવ્યા કરે છે રોજ કાં તું મળવા ખ્વાબમાં ?
હું તો મુજ આંગણે તને તેડાવતો નથી.

કરતા રહે છે લોકો ઉઝરડાં ઉજાસમાં,
મારો દીવો હું એટલે પેટાવતો નથી.

લપસી ગઈ આંખો ઘણી, રૂપાળાં દશ્યો પર,
મારી નજરને ક્યાંય હું રઝળાવતો નથી.

પથ્થર પર ફુંક મારીને ધબકતો કરી શકું,
ઈશ્વરથી મારી જાતને સરખાવતો નથી.



નટવર આહલપરા, રાજકોટ

# મન (કાવ્ય)

ભરવી છે ઉંચી ઊડાન પણ પાંખોની કમી ખલે છે,
આવે છે વ્હારે મન, એને સરહદ ક્યાં કોઈ નડે છે...
મનથી ભરાય છે ઉડાન, હવે આ વિશાળ ફલકની,
ભાઈ મજબુરીઓ તો બધી, તારા તનને જ નડે છે...

વ્હારે આવેલું મન હવે જીદે ચડી મનમાની કરે છે,
છોડી ઉંચી ઉડાન હવે એ વ્યર્થ વિષયોમાં ભટકે છે,
કઈક કરી બતાવવાની ચાહ માં ઉપડતાં ડગને,
સાચી દિશા ભુલીને ભટકી ગયેલુ મન જ નડે છે...

ઉંચી ઉડાનની લ્હાયમાં, ન સોંપ સત્તા તું મનને,
જોજે કરે ન તબાહ ક્યારેક, એ તારા જ જીવનને,
સરહદ બહુ જરુરી છે, મનની હોય કે પછી તનની,
ભર ઉડાન તારા કર્મો થકી, છોડીને ગુલામી મનની...

લલચાવશે, ભરમાવશે, ને સંસ્કાર પણ ભુલાવશે,
કરી મોહીત તારું મન, તને તારી દિશાથી ભટકાવશે,
પણ નિતી સાથે કરજે દિશા નક્કી તારા જીવનની,
બનાવજે વિશાળ વ્યક્તિત્વ, છોડી આસક્તિ મનની,



જ્યોતિ ગજ્જર, વડોદરા

# લખું તો શું લખું ?

વિચારું છું ! લખું તો શું લખું ?
વિચારુ છું આજ 'તમને જ લખી લવ'

આંખો તમારી કોઇ ગઝલ છે જાણે
વાતો તમારી શાયરીથી કમ નથી.
વિચારું છું ! લખું તો શું લખું ?

વિચારું છું ! આજ તમારો 'પ્રેમ જ લખી લવ
તમારો પ્રેમ જે મારી કહાનીમાં છુપાયેલો છે
લાવ ને આજ આંખોના કાગળમાં છુપાવી લવ એને
વિચારું છું ! લખું તો શું લખું ?



રૂપલ ગજ્જર

# રાજકોટના વિશ્વકર્મા પ્રભુજી મંદિરે ૬૦ વર્ષથી માતાજીની આરાધના









દિવાનપરામાં આવેલ વિશ્વકર્મા પ્રભુજીના મદિરે ૬૦ વર્ષ પહેલા ગરબીનો પ્રારંભ થયો. તે સમયના મંદિરના પુજારી સંગીત વિશારદ એવા ડાયાભાઇએ શરૂ કરેલ ગરબીમાં ધોતીયુ અને ઝભ્ભો પહેરીને ભાઇઓ ગરબા લેતા.

૬૦ વર્ષ પહેલા શરૂ થયેલ ગરબી આજે પણ ચાલુ છે. અને છેલ્લા ૫૦ વર્ષથી સુરેશભાઇ બદ્રકિયા પોતાની ગાયકી દ્વારા ગરબી જીવંત રાખી રહયા છે. તબલા વાદક શાંતિભાઇ વડગામા પણ સુરેશભાઇ સાથે ૫૦ વર્ષથી તબલામાં સંગત કરી રહયા છે. વિશ્વકર્મા મંદિર ગરબી મંડળના સુર–સંગીતના સાજીંદાઓના સથવારે ૯ થી ૧૪ વર્ષની ૩૨ જેટલી બાળાઓના બનેલા જ ગ્રુપની બહેનો અવનવા પ્રાચીન રાસ–ગરબા રજુ કરી રહી છે. નીતાબેન વડગામા, માધુરીબેન જાદવાણી નીરાલી કુંવારદીયા, પ્રિન્સી સાંકડેચા, જલ્પા બદ્રકિયા, આશા અઘેરા આ છએ બહેનો પાસેથી તાલીમ પામેલા અવનવા રાસ ગરબા રજુ કરે છે ત્યારે ભાવ અને ભકિતનું અનેરૂ પવિત્રમય વાતાવરણ સર્જાય હતું.

દર વર્ષે નવા નવા ગરબા લેવાય છે. ગયા વર્ષે સુરેશભાઇએ કોરોનાનો ગરબો તૈયાર કર્યો હતો. આ વર્ષ ભારત માતા અને વિશ્વકર્મા પ્રભુજીના ખાસ રાસ તૈયાર કર્યા હતા.

સુરેશભાઇ બદ્રકિયા, દામજીભાઇ ખારેચા, હિતેશભાઇ સંચાણીયા, નીખીલભાઇ સુરેલીયા, ભરતભાઇ બાવળેચા, શાંતિભાઇ વડગામા, ભરતભાઇ દુદકીયા, હિંમતભાઇ બાવળેચા, નિલેશભાઇ સુરેલીયા, ઘનશ્યામભાઇ કનોજીયા, વિનુભાઇ વડગામા, રમેશભાઇ વીસાવડીયા, કિરણબેન દુદકીયા, મીનાબેન ગજ્જર, ઉત્પલાબેન દુદકીયા વગેરેની ટીમ ગીત–સંગીતની રમઝટ બોલાવે છે. દરરોજ છેલ્લે આરતી બાદ બાળાઓને લહાણી આપવામાં આવતી હતી. પ્રમુખ રસીકભાઇ બદ્રકીયા અને અધ્યક્ષ મુકેશભાઇના માર્ગદર્શન હેઠળ કારોબારી સભ્યો કિશોરભાઇ અંબાસણા, હરીભાઇ સીનરોજા, દિલીપભાઇ પંચાસરા, હરકાંતભાઇ વડગામા વગેરેએ ગરબીની વ્યવસ્થા સંભાળી હતી. પ્રમુખ અધ્યક્ષ ઉપરાંત કાંતિભાઇ તલસાણિયાએ પણ હાજર રહી માતાજીની આરાધના કરી હતી.

હવનઅષ્ટમી નિમિત્તે દાદાના સાનિધ્યમાં હવન રાખવામાં આવ્યો હતો. જેમાં ભાવિક દિલીપભાઇ પંચાસરા અને અંકિતાબેન ભાવિક પંચાસરા યજમાન બન્યા હતા.

ગરબીની ૬૦ જેટલી બાળાઓને એક ગ્રામ ઉપરના સોનાનું પેન્ડલની લહાણી ગુર્જર સુતાર જ્ઞાતિ તરફથી હોદ્દેદારો અને કારોબારી સભ્યો અને મહેમાનોના હસ્તે આપવામાં આવી હતી. શરદ ઉત્સવના દિવસે અપાતી આ લહાણી આ વર્ષે પી.ડી.એમ. સામે જયાં અર્વાચીન રાસોત્સવ યોજવામાં આવ્યો હતો ત્યાં આપવામાં આવી હતી.

આયોજન સફળ બનાવવા કારોબારી ટ્રસ્ટી મંડળે જહેમત ઉઠાવી હતી.




॥ શ્રી વિશ્વકર્માય નમઃ ॥

CHAKRA BRAND®
WIRE NAILS

Mfg. of :
- Panel Pins
- Annular Ring Shank Nails
- Concrete Nails
- Stainless Steel Nails

# R. P. PRODUCTS

E-mail : wirenails@gmail.com

9 - Sadguru Nagar (Lati Plot), Rajkot - 360 003. **Ph. : 2454023, Fax : 2456683**



**Haresh Gajjar - +91 98248 20898**

Extra comfort in a digital world
with premium optical

# GAJJAR & Co.
OPTICAL AVENUE




Prahlad Road, Mahendra Mansion, Rajkot-360001.
Ph. : +91 281 2233322, E: gajjarharish@hotmail.com

Mansukh B. Ghorecha
Hardik M. Ghorecha

M. : 98242 18095
M. : 98258 18095
M. : 81401 12019
M. : 91048 12345

Monil
ENTERPRISE



MENU.:
PRECISION GEARS &
REDACTION GEAR BOX

16 - Atika Industrial Area, Near Delta Hydrolic,
Dhebar Road,(South), Rajkot 360 002
email : monilgears@hotmail.com

Silva
Mfrs. All Types of
Plastic Packaging Machines




PACK-WELL ENTERPRISE
17-Bhaktinagar Station Plot, Godown Road,
Nr. Ambika Weigh Bridge, Rajkot-2
Mob. 98242 10321 / 88661 99969
E-mail : packwellenterprise@gmail.com
Website : www.pack-well.com

**ડૉ. દેવેન સંચાણીયા**
M.B.B.S. (Reg. No. G-46090)
Fellowship In Diabetes
(Royal Liverpool Academy, UK)
D. MSc DM (RCGP, UK)
**Consultant Diabetologist**

**ડૉ. ઉર્વી સંચાણીયા**
B.H.M.S.
Ex. MO Doshi Hospital
Ex. MO VCC Hospital
**Diabetes Educator & Counselor**

**ડાયાબિટીસના નિષ્ણાંત**

અપોઈન્ટમેન્ટ / વધુ વિગત માટે

Gluco Care
Diabetes Centre
We Make You Healthier

**88497 35501** OR
Book Online @
glucocarediabetescentre.com

સવારે ૯.૦૦ થી ૧.૦૦, સાંજે ૪.૩૦ થી ૯.૦૦
(અપોઈન્ટમેન્ટ લઈને જ બતાવવા આવવું)

**ક્રિએટીવ ઈલેક્ટ્રોનિક્સ, જીત્રિયા હનુમાન મંદિર પાસે, મવડી મેઈન રોડ, રાજકોટ-૪.**

Shree Vishwakarma
HAPPY Diwali

Nitin V. Panchasara
Mo. : 99135 40304

Keval N. Panchasara
Mo. : 98259 40307

गीता
Geeta
Mould Tech

Foundry's Dies, Pattern & CNC/VMC Job

1, Patel Nagar, 80 Feet Road,
Nr. Sorathiyawadi Circle, Rajkot - 360002.
(Gujarat - India),
E-mail : geetamouldtech@gmail.com




: શુભેચ્છક :

સુનિલ ગજજર - ૯૮૨૪૨ ૧૦૯૧૦

જીજ્ઞેશ સંચાણિયા - ૯૮૯૮૦ ૧૦૯૧૦

INNOVATIVE
mould works

H.O. : Plot No. 72/2, Nr. Old tall Plaza, NH-8B Gondal Highway, Kothariya, Rajkot-04
Plant : Plot No. 1 to 4, Survey No. 35/2/7, Behind Shri Raj Casting, Pipaliya Gundasara Road, Pipaliya, Rajkot-360311

With Best Compliments....

Jayesh N. Kharecha
94262 35358

Sanjay N. Kharecha
98248 83840

KHARECHA
INDUSTRIES

Plastic Injection Mould, Blow Mould & Pressure Die Casting Die.

4, Navrangpara, Behind Bhaktinagar Station,
Rajkot 360 004 Tel. +91 281 2371865
Email : kharechaind@gmail.com

With Best Compliments...

Shailesh Khambhayata
Mo. 98242 16122

Sagar Khambhayata
87587 51523

RAVI
GLASS & METAL

All Type of Aluminium Section and Glass Traders

Shop No. 5/6, Krishna Complex-3, Rajnagar Chowk, Nana Mava Main Road, Rajkot.
E : rglassmetal@gmail.com

Piyush Sondagar Mo. 99799 18518
Mukesh Sondagar Mo. 88666 60058

Vishwakarma
.....Industries.....

Gondal Road, B/h. Rajkamal Petrol Pump,
Near Roger Motors, At. Kothariya Dist. Rajkot
Email : vishwkarma.industries3@gmail.com

Hiteshbhai Pitroda
pitroda138@gmail.com

CNC PLASMA CUTTING
CNC OXY-FUEL CUTTING

VISHWAKARMA
Profile Cutting

ડ્રોઈંગ મુજબ સી. એન. સી. માં કટીંગ કરી આપશું

15-Atika Ind. Area, Opp. Dhobisamaj Ni Wadi,
Rajkot-360002(Gujarat)
Mo. 98254 45264, 99241 55552
E-mil : vishwakarma.cutting@gmail.com

જય શ્રી કૃષ્ણ

Mo. 98254 45264
Mo. 94281 58782


Banding & Strait Work For Pipe, Pata, Square, Round, Also Work in Metal Gurder & Convair Varam Also Cutting in Square of Round Sape, Also ms/ss Cutting


VISHWARMA
Banding House

"Vishwakahma Krupa" Pipaliy Hall Main Road,
Damiji Mapa Plot, Nr. Samarpan School, Rajkot


# શ્રી વિશ્વકર્મા અર્વાચીન રાસોત્સવ ખેલૈયાઓએ મન ભરીને માણ્યો








રાજકોટ ગુર્જર સુતાર જ્ઞાતિ દ્વારા આયોજીત શ્રી વિશ્વકર્મા અર્વાચીન રાસોત્સવમાં પી.ડી.એમ. કોલેજ સામેના એક લાખ ચાલીસ હજાર સ્કવેર ફૂટના વિશાળ મેદાનમાં શિવરંજની ગ્રુપના ગીત સંગીતના સથવારે ખેલૈયાઓએ નવરાત્રિ નવ દિવસ મનભરીને રાસની રમઝટ બોલાવ્યા બાદ દશેરાના દિવસે ફાઇનલ સ્પર્ધા યોજાઇ હતી. નવ દિવસ દરમ્યાન ખેલૈયાઓમાંથી પ્રિન્સ પ્રિન્સેસ નક્કી કરવા પાંચ






જજોની સેવા લેવાયા બાદ ફાઇનલ સ્પર્ધામાં વધુ ચોકસાઇભર્યુ જજમેન્ટ લઇ શકાય તે માટે બે વધારાના જજો મળીને કુલ ૭ જજોએ ખેલૈયાઓના અવનવા રાસ નિહાળ્યા બાદ પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો.જેમાં પ્રથમ પ્રિન્સ તરીકે ભાવિક રમણીકભાઇ જાદવાણી જાહેર થયા હતા. જયારે પ્રિન્સેસ તરીકે ડીમ્પલ સુરેશભાઇ દુદકીયા જાહેર થઇ હતી. જયારે પ્રિન્સેસ–૨ તરીકે શિવાની






## ફર્સ્ટ પ્રિન્સ ભાવિક જાદવાણી અને પ્રિન્સેસ ડીમ્પલ દુદકીયાને ટ્રસ્ટીઓ અને કારોબારી તરફથી બાઇક અને સ્કુટરની ભેટ







અનુપભાઇ વડગામા, પ્રિન્સ–૨ તરીકે તેજસ પ્રવીણભાઇ પંચાસરા, પ્રિન્સેસ–૩ તરીકે જલ્વી દેવેનભાઇ વડગામા અને પ્રિન્સ–૩ તરીકે વિશાલ દિલીપભાઇ કલોલીયાની જાહેરાત કરવામાં આવી હતી.

જયારે બાળકોમાં ફર્સ્ટ પ્રિન્સેસ તરીકે ઝાંખી કલ્પેશભાઇ વાડેસા, ફર્સ્ટ પ્રીન્સ તરીકે પ્રિયુગ પિયુષભાઇ ખારેચા, સેકેન્ડ પ્રિન્સ તરીકે જેનીલ ધવલભાઇ સીતાપરા અને સેકન્ડ પ્રિન્સેસ તરીકે ધ્રુવા હીરેનભાઇ સીનરોજાની જાહેરાત કરવામાં આવી હતી.

ફર્સ્ટ પ્રિન્સને બાઇક ભેટમાં આપવામાં આવી હતી. અને ફર્સ્ટ પ્રિન્સેસને સ્કુટર અર્પણ કરવામાં આવ્યું હતું. આ ઇનામોના સ્પોન્સર ટ્રસ્ટીઓ અને કારોબારી સભ્યો હતા. બંને વિજેતાઓને આ ઇનામો અપાયા બાદ બંને વિજેતાઓએ બાઇક અને સ્કુટર પર બેસીને ગ્રાઉન્ડમાં ચકકર માર્યા હતા.


વિજેતાઓને પ્રમુખ રસીકભાઇ બદ્રકિયા, અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, ઉપાધ્યક્ષ જગદીશભાઇ સોંડાગર, ઉપપ્રમુખ કાંતીભાઇ તલસાણિયા, ખજાનચી અરવિંદભાઇ ત્રેટીયા, મંત્રી પ્રદીપભાઇ કરગથરા, સહમંત્રી ગોરધનભાઇ ચાંપાનેરા, સભ્યો હર્ષદભાઇ બકરાણિયા, કિશોરભાઇ બકરાણિયા, દિલીપભાઇ પંચાસરા, શાંતિભાઇ સાંકડેચા, મિતેષભાઇ ધ્રાંગધરિયા, હરીભાઇ સીનરોજા, જનકભાઇ વડગામા, કિશોરભાઇ બોરાણીયા, કેતનભાઇ મહીધરીયા, ઘનશ્યામભાઇ દુદકીયા, ટ્રસ્ટીઓ મુકેશભાઇ ભાડેશીયા, દિનેશભાઇ ખંભાયતા, વિનયભાઇ તલસાણિયા, કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રેશ ખંભાયતાએ વિજેતાઓને ઇનામો આપ્યા હતા. હોદ્દેદારો અને કારોબારી સભ્યોના ધર્મપત્નીઓ પણ ઇનામ આપવાના સહભાગી થયા હતા. પ્રથમ અને દ્વિતીય વિજેતા સિવાયના વિજેતાઓને સોનાની ૧ ગ્રામની ગીની ભેટ અપાઇ હતી.

દશ હજાર વોટની સાઉન્ડ સિસ્ટમના સંગાથે શિવરંજની ગ્રુપના મૌલિક ગજ્જર, દિપ્તી ગજ્જર અને જયંત ગજ્જરની ગાયકી સાથે ખૈલેયાઓ મન મુકીને નાચતા હતા. દરરોજ કાર્યક્રમના અંતે વંદેમાતરમ દ્વારા અનોખી રાષ્ટ્રભાવનાનું દર્શન થતું હતુ. એન્કરો નીતિન બદ્રકિયા અને ચાંદની ગજ્જરે આગવી ઢબથી કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. દરરોજ પ્રિન્સ પ્રિન્સેસને ઇનામો અપાયા હતા. મુખ્ય મહેમાનો જ ઇનામોના સ્પોન્સર હતા. સ્પોન્સરોમાં વિરલભાઇ અને હિતેશભાઇ તલસાણિયા, ભુદરજીભાઇ સંચાણિયા, સુનીલભાઇ સીનરોજા અને જીજ્ઞેશભાઇ સંચાણિયા, કુમારભાઇ પંચાસરા, જયસુખભાઇ ઉછડીયા, હિતેશભાઇ અને નિમેશભાઇ ધ્રાંગધરીયા, જીતેન્દ્રભાઇ વડગામા અને છગનભાઇ ભુરાભાઇનો સમાવેશ થાય છે.

દરરોજ વિજેતાની પસંદગીની પેનલ હતી. જેમાં સંજય રાવલ, અજય મેઘાણી, ઉમંગ દાવડા, સોનીયા ડોડીયા અને સંદીપ પીઠવાએ નવ દિવસ જજ તરીકેની ફરજ બજાવી હતી. દેશરાના દિવસે જજની પેનલમાં વધારો રકી મિતેશ ગોંડલીયા, સોનલ મારકણા, રીમ્પલ વડેરીયા, ક્રિષ્ન હીંગરાજીયા અને કાળુ બેલ્ટનો ઉમેરો કરવામાં આવ્યો હતો.

આ રાસોત્સવમા રાજકોટ શહેરના સંસદ સભ્ય શ્રી મોહનભાઇ કુંડારિયા ગુજરાત રાજ્યસભાના સાંસદ સભ્ય શ્રી રામભાઈ મોકરીયા, ધારાસભ્ય શ્રી ગોવિંદભાઈ પટેલ, રાજકોટ શહેરના મેયર શ્રી પ્રદીપભાઈ ડવ, રાજકોટ શહેરના ડેપ્યુટી મેયર શ્રી ડો. દર્શીતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ના ચેરમેન શ્રી પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષના નેતા શ્રી વિનુભાઈ ધવા, રાજકોટ શહેરના કોર્પોરેટર શ્રીમતી જયાબેન ડાંગર, શ્રી નીતિનભાઈ રામાણી, શ્રી સોનલબેન સેલારા, શ્રી નિલેશભાઈ જલુ વિગેરે રાજકીય આગેવાનો તેમજ જ્ઞાતિ આગેવાનોએ જ્ઞાતિના આમંત્રણને માન આપી ઉપસ્થિત રહી રાસોત્સવની શોભા વધારી હતી. આ ઉપરાંત જ્ઞાતિના વિશેષ સહયોગીઓ શ્રી અમુભાઈ ભારદીયા (ચેરમેનશ્રી રવિ ટેક્નોફોર્જ પ્રા.લી.), જગુભાઈ ભારદીયા, કિશોરભાઈ જાદવાણી, જયંતીભાઇ તલસાણિયા, શ્રી મહેન્દ્રભાઈ તથા શ્રી મુકેશભાઈ પંચાસરા (રૂપકલા એન્જીનીયરીંગ), શ્રી નીતિનભાઈ વડગામા (ભુ.પૂ.અધ્યક્ષ શ્રી ગુજ.ભવન,સૌરાષ્ટ્ર યુની.), શ્રી ચંદ્રકાંતભાઈ કરગથરા (કીર્તિ એન્ટરપ્રાઈઝ), તથા શ્રી ધર્મેન્દ્રભાઈ દેવળીયા(પ્રમુખશ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘ,અમદાવાદ) વગેરે ઉપસ્થિત રહી રાસોત્સવની શોભા મા વધારો કર્યો હતો.

# ઉદ્યોગમાં જરૂર પ્રમાણે ઓટોમેશન કરો : યોગેશભાઈ કથ્રેચા




## શ્રી વિશ્વકર્મા એજયુ. ટ્રસ્ટ જામનગર દ્વારા યોજાયો પ્રોત્સાહન સમારોહ

### ૧૫૦ વિદ્યાર્થીઓને રૂા. સાડા સાત લાખનો આર્થિક સહયોગ

શ્રી વિશ્વકર્મા એજયુકેશન ટ્રસ્ટ, જામનગર દ્વારા તા.૨૫/૯/૨૦૨૨, રવિવારનાં રોજ ઓશવાળ સેન્ટર, જામનગર ખાતે સતત ૧૪માં શિક્ષણ પ્રોત્સાહન સમારોહ–૨૦૨૨નું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી યોગેશભાઈ દામોદરભાઈ કથ્રેચા, કન્સલ્ટન્ટીંગ એન્જીનીયર, રાજકોટ તથા અતિથિ વિશેષ તરીકે શ્રી લલિતભાઈ બાબુભાઈ ખંભાયતા, પત્રકાર તથા લેખક, જી.એસ.ટી.વી., અમદાવાદ તેમજ શ્રીમતિ કીર્તિબેન આર.વઘાડીયા, શિક્ષિકા, એલ.જી.હરિયા હાઈસ્કુલ, જામનગર હાજર રહેલ.

કાર્યક્રમની શરૂઆત આમંત્રિત મહેમાનો તથા ટ્રસ્ટીઓ દ્વારા દિપ પ્રાગટયથી કરવામાં આવેલ. ત્યારબાદ આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરી ટ્રસ્ટ પરિવારના પ્રમુખ મનોજભાઈ પેશાવરીયા





તથા ટ્રસ્ટીશ્રીઓ જયદિપભાઈ ગોરેચા, રમેશભાઈ ભારદીયા, ભુપેન્દ્રભાઈ વેકરીયા તથા અમિતભાઈ ખારેચા દ્વારા આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવેલ.

ત્યારબાદ ટ્રસ્ટી જયદિપભાઈ ગોરેચાએ ટ્રસ્ટના અહેવાલ રજુ કરતાં જણાવેલ કે, આ ટ્રસ્ટ દ્વારા આપણા સમાજના તેજસ્વી બાળકોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવાની સાથે સાથે આર્થિક જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને આર્થિક સહાય પણ ચુકવવામાં આવેલ. આ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૦૭ થી ૨૦૨૧ સુધી કુલ–૧૪૦૦ જામનગર તથા દેવભૂમિ દ્વારકા જીલ્લાના ગુર્જર સુતાર જ્ઞાતિના વિદ્યાર્થીઓને રૂા.૮૬ લાખ જેટલી મોટી રકમની આર્થિક સહાય ચુકવવામાં આવેલ છે. તેમજ ચાલુ ૨૦૨૨ ના વર્ષમાં કુલ–

### બાળકની શકિત જાણી તેના ગુણને વિકસાવો : શ્રીમતી કિર્તીબેન વઘાડીયા


૭૭ વિદ્યાર્થીઓને રૂા.૭,૫૦,૦૦૦–૦૦ જેટલી રકમના ચેકનું વિતરણ કરવામાં આવેલ. સાથોસાથ ચાલુ વર્ષે ધોરણ–૧ થી કોલેજ અને પોષ્ટ ગ્રેજયુએટ સુધીના અંતિમ વર્ષના કુલ–૭૨ જેટલા તેજસ્વી તારલાઓને પ્રમાણપત્રો તથા બેકપેક કીટ આપી સન્માનિત કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં ધોરણ–૧૦ (એસ.એસ.સી.) માં ૯૪.૫ ટકા મેળવી આપણા સમાજમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીની પર્લ અમિતભાઈ બકરાણીયાના પરિચયનું વાંચન અમિતભાઈ ખારેચાએ કરેલ. કુ.પર્લને સ્વ.વજુભાઈ ખારેચા પારિતોષિક તથા રૂા.૧૧,૦૦૦–૦૦ નો પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવેલ.

મુખ્ય મહેમાન યોગેશભાઈ કથ્રેચાનાં પરિચયનું વાંચન રમેશભાઈ ભારદીયાએ કરેલ. યોગેશભાઈએ કરેલ ઉદબોધનમાં













## નબળી પરિસ્થિતિનો પણ સદપયોગ કરો : લલીત ખંભાયતા

તેઓએ આઈ.આઈ.ટી.મુંબઈમાં પ્રવેશ મેળવવાથી માંડીને અત્યાર સુધીમાં કરેલ અનેકવિધ પ્રોજેકટોમાં કરેલ કાર્યોના અનુભવમાંથી વિદ્યાર્થીઓ તથા ઉપસ્થિત જ્ઞાતિજનોને માર્ગદર્શન સાથે માહિતી આપેલ.

અતિથિ વિશેષ લલિતભાઈ ખંભાયાતાનાં પરિચયનું વાંચન ટ્રસ્ટી ભુપેન્દ્રભાઈ વેકરીયાએ કરેલ. લલિતભાઈએ વિદ્યાર્થીઓને સંબોધતાં પોતાના લખેલા પુસ્તકોમાંથી દાખલાઓ ટાંકી, ''વનમાં શિક્ષણ, કારકિર્દી અને ''વન ચરિત્રના મુખ્ય સ્તંભો જેવા કે, મક્કમ મનોબળ, ધિરજ, સખત મહેનત, પ્રમાણિક્તા વિગેરે ઉપર પોતાના વિચારો રજુ કરેલ.

તેમજ અતિથિ વિશેષ શ્રીમતિ કીર્તિબેનના પરિચયનું વાંચન શ્રીમતિ પલ્લવીબેન મનોજભાઈ પેશાવરીયાએ કરેલ. કીર્તિબેને તેઓના ઉદબોધનમાં વિદ્યાર્થીઓ તથા તેઓના વાલીઓને તેઓની આગવી શૈલીમાં અભ્યાસ ઉપર વધુ ધ્યાન આપવા અન્ય પ્રલોભનોથી દુર રહેવું. તેમજ યોગ્ય ખોરાક લેવા અને વ્યાયમ જેમ કે યોગ, રમત-ગમત વિગેરે નિયમિત કરવા ઉપર સવિશેષ અનુરોધ કરેલ.

તેમજ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા ઉપસ્થિત જ્ઞાતિજનોને પ્રાસંગિક ઉદબોધન અમુભાઈ ભારદીયા તથા નટવરભાઈ આહલપરાએ કરેલ.

આ કાર્યક્રમમાં રાજકોટ, અમદાવાદ,





સુરેન્દ્રનગર, મોરબી, પડધરી, જુનાગઢ, પોરબંદર, ભાણવડ, મજોધપુર, લાલપુર, ખંભાલીયા, ઉપલેટા, ધોરાજી તથા જામનગરની વિવિધ સંસ્થાઓના શ્રેષ્ઠીઓ તથા જ્ઞાતિ આગેવાનશ્રીઓ મોટી સંખ્યામાં હાજર રહેલ. સંજોગો વસાત આ કાર્યક્રમમાં હાજર ન રહી શકનાર બહારગામના આપણા સમાજના શ્રેષ્ઠીઓ તરફથી મળેલ શુભેચ્છા સંદેશાઓનું વાંચન કરવામાં આવેલ.

કાર્યક્રમમાં અંતમાં આ કાર્યક્રમના માનવંતા મહેમાનોનું શુભેચ્છા સ્મૃતિ ચિન્હ (મોમેન્ટો) આપી સન્માન કરવામાં આવેલ અને નાનુભાઈ આમરણીયા તથા ી કીરીટભાઈ બકરાણીયાએ આભાર વિધિ સાથે કાર્યક્રમનું સમાપન કરેલ. તેમજ કાર્યક્રમ પૂર્ણ થયાં બાદ હાજર આશરે ૨૦૦૦ જેટલાં જ્ઞાતિજનોએ સમુહ સ્નેહ ભોજન લીધેલ.

આ કાર્યક્રમ સફળ બનાવવા ટ્રસ્ટ પરિવારનાં સભ્યશ્રીઓ યતિનભાઈ છત્રાલીયા, ભુદરજીભાઈ સંચાણીયા, પ્રફુલભાઈ બકરાણીયા, મણીલાલ

## ટ્રસ્ટીઓનું અત્યાર સુધીનું આર્થિક યોગદાન ૧.૧૧ કરોડ



વડગામા, વિનોદભાઈ છત્રાલીયા, દેવરામભાઈ સુરેલીયા, રાજેશભાઈ ભારદીયા, અરવિંદભાઈ બકરાણીયા, ધીરૂભાઈ વાલંભીયા, અરવિંદભાઈ સુરેલીયા, વિનોદભાઈ બકરાણીયા, બિરેનભાઈ બકરાણીયા, હિતેષભાઈ વિશરોલીયા, પરેશભાઈ અધેરા, જીવનભાઈ બકરાણીયા, ભરતભાઈ જાદવાણી, મનીષાભાઈ વિરમગામા, ભરતભાઈ છત્રાલીયા, ચેતનભાઈ બકરાણીયા, સુરેશભાઈ વડગામા, મહેશભાઈ અંબાસણા, દિપકભાઈ વિશરોલીયા વિગેરેએ સહિયારી જહેમત ઉઠાવેલ.

## સ્વ. વજુભાઈ ખારેચાની સ્મૃતિમાં અપાતો રૂા. ૧૧,૦૦૦નો પુરસ્કાર પર્લ બકરાણિયાને



# જીવનભર અપગ્રેડ થતા રહો : કર્નલ પ્રમોદ અંબાસણા

- પ્રવીણ ગજજર

## અમદાવાદમાં શ્રી સૌ.ગુ.સુ. યુવક સંઘ દ્વારા વિદ્યાર્થીઓનું સન્માન અને શિષ્યવૃત્તિ પ્રદાન



અમદાવાદમાં આવેલ શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર સુતાર યુવક સંઘ દ્વારા મણીનગર પૂર્વમાં આવેલ શ્યામપ્રસાદ હોલ ખાતે ૧૮ સપ્ટેમ્બરના રોજ બપોરના બે વાગ્યાથી ઈનામ વિતરણ તથા શિષ્યવૃત્તિ પ્રદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૫૦ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ અને શિષ્યવૃત્તિ અપાઈ જે વિદ્યાર્થીના પિતા નથી તેને પણ શિષ્યવૃત્તિ અપાઈ.

કર્નલ શ્રી પ્રમોદભાઈ અંબાસણા અને મોહિતભાઈ લક્ષ્મણભાઈ છનિયારાના મુખ્ય મહેમાનપદે યોજાયેલ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે રાજકોટના પ્રમુખ રસીકભાઈ બદ્ધકિયા, પ્રો. પંકજભાઈ એન. ગજજર, ઉદ્યોગપતિઓ દિપકભાઈ ઘનશ્યામભાઈ વણોદીયા (શ્રી હરી કન્સ્ટ્રકશન), શ્રી પરેશભાઈ કલ્યાણજીભાઈ કલોલીયા (પી.એસ. ગજજર એન્જિ. એડ પેટર્ન), મૃગેન પ્રફુલભાઈ સુરેલીયા (યુનીવેવ એન્જિ.), નિશીત અરવિંદભાઈ ગજજર(અરીહંત પેનલ ફીટીંગ), જય ધર્મેન્દ્રભાઈ ખંભાયતા (વિજય એન્જિ. વર્કસ), અતુલભાઈ રતિલાલ અઘેડા ઉપરાંત અતુલ હિંમતભાઈ છનિયારા (એડ. સીએમ. કાર્યાલય), ડો. ભાવેશ મનસુખભાઈ તલસાણિયા (શ્રી રંગ



## ભણતર સાથે ગણતર જરૂરી : શીતલબેન અંબાસણા









ઈમેજીન્સ સેન્ટર), ભાવિક રમેશભાઈ તલસાણિયા (ધ રો પ્રોજેકટસ), ગ્રુવીશ પરેશભાઈ છનીયારા (એશીયા પેસીફીક કોલેજ), રાજ અશોકભાઈ છનિયારા (સોફટવેર એન્જિ.), શ્રીમતી શીતલબેન પ્રમોદભાઈ અંબાસણા (પ્રિન્સીપાલ આર્મી પ્રી. પ્રાઈમરી હાઈસ્કુલ), તેમજ ભાનુબેન કિશોરભાઈ ગજજર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં મહેમાનોના હસ્તે દીપ પ્રાગટય થયા બાદ જાણીતા ગાયક કલાકાર હંસાબેન ગજજરએ પ્રાર્થના ગીત રજુ કર્યું હતું.

પ્રાર્થના બાદ મુખ્ય મહેમાન કર્નલ પ્રમોદભાઈ અંબાસણાનું શ્રી લક્ષ્મણભાઈ છનિયારા, પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયા, રસીકભાઈ બદ્રકિયા, પરેશભાઈ છનિયારાએ સ્મૃતિ ચિન્હ તેમજ શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. જયારે અન્ય મુખ્ય મહેમાન રોહિતભાઈ છનિયારાનું સન્માન રમેશભાઈ તલસાણિયા (મારૂતિ) અને ઘનશ્યામભાઈ વણોદીયાએ કર્યું હતું.

અન્ય મહેમાનોનું પણ શાલ ઓઢાડી સન્માનપત્ર આપી સંસ્થાના અને અન્ય સંસ્થાના હોદ્દેદારો અને કાર્યકરોના હસ્તે

## નિષ્ફળતા મળે તો ગોલ બદલો : ડો. પંકજ ગજજર



સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બીપીનભાઈ જાદવાણી(વિશ્વકર્મા વંશજ), કાંતિભાઈ વઘાડીયાનું ઉપપ્રમુખ અશોકભાઈ દશાડીયા, ધર્મેન્દ્ર કથ્રેચા વગેરેએ સન્માન કર્યું હતું. જયારે વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણભાઈ ગજજરનું સન્માન રમેશભાઈ તલસાણિયા

## મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા શુભેચ્છા સંદેશ

અને ધર્મેન્દ્રભાઈ ખંભાયતાએ કર્યું હતું.

રાજકોટ કન્યા છાત્રાલયના ચેરમેન જગુભાઈ ભારદીયા અને મગનભાઈ બોરણીયાનું પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયા અને તેની ટીમે કર્યું હતું. પ્રો. બાવળેચાનું પણ પ્રમુખ ધર્મેન્દ્રભાઈ અને સાથીદારોએ સન્માન કર્યું હતું.

મહેમાનોના સન્માન સમારંભ બાદ મુખ્ય મહેમાનોનો પરિચય આપવામાં આવ્યો હતો. અને મુખ્ય મહેમાન અને મહેમાનોના હસ્તે કોલેજ સુધીના તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું અને શિષ્યવૃત્તિ પ્રદાન કરવામાં આવી હતી.

આ પ્રસંગે મહાનુભાવોએ પ્રાસંગીક ઉદબોધન કર્યા હતા.

શીતલબેન અંબાસણાએ પ્રાસંગીક ઉદબોધનમાં કહયું કે, ખાલી ભણવુ અધુરુ છે. ભણતર અને સાથે ગણતર જરૂરી છે. આપણામાં કૌશલ્ય પડેલું જ છે. બધા એક થઈ કામ કરે તો આપણે કયાં પહોંચીએ.

ડો. ભાવેશ તલસાણિયાએ જણાવ્યું હતું કે, અભ્યાસ માટે એકાગ્રતા જરૂરી છે. ફકત વાંચવાના બદલે ડોકયુમેન્ટેશન





કરવું જોઇએ. આમ કરવાથી આત્મવિશ્વાસ જાગશે.

શ્રીમતી ભાનુબેન ગજ્જરે પ્રાસંગીક ઉદબોધનમાં હાલની યુવા કમિટી સરસ કામ કરે છે તેમ જણાવી અભિનંદન આપ્યા હતા.

રાજ છનીયારાએ આ પ્રસંગે ટાઇમનો સદપયોગ કરવાની વિદ્યાર્થીઓને શીખ આપી હતી. સાથોસાથ સમાજમાંથી મેળવ્યું હોય તે સમાજને પરત આપવું જોઇએ તેમ જણાવી આવકના ભાગ કરીને ઇન્વેસ્ટમેન્ટ કરવાની સલાહ આપી હતી.

મુખ્ય મહેમાન કર્નલ પ્રમોદ અંબાસણાએ વિદ્યાર્થીઓને ડીસીપ્લીનનું પાલન કરવાની શીખ આપવાની સાથોસાથ ફીઝકિલી સ્ટ્રોંગ બનવાની પણ શીખ આપી હતી. તેમણે લક્ષ્ય નકી કરી તેને સાકાર કરવા તેના પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઇએ. જીવનના કોઇ તબક્કાઓ કયારેય ડર નહીં રાખવાની શીખ આપવાની સાથોસાથ જીવનભર શીખતા રહેવાનું જણાવી સતત અપગ્રેડ થતા રહેવાની શીખ આપી હતી.

તેમણે અગ્નિવીર યોજનાનો વિસ્તૃત માહિતી આપી યુવાનોને અગ્નિવીર યોજનામાં જોડાવા આહવાન કર્યું હતું.

પ્રો. પંકજભાઇ ગજ્જરે પ્રાસંગીક ઉદબોધનમાં કોઇપણ ક્ષેત્રમાં નિષ્ફળતા મળે તો હિંમત હારવાને બદલે ગોલ બદલવો જોઇએ તેમ જણાવી તમે જે ક્ષેત્રમાં હો તે ક્ષેત્રના આઇકોન બનવા



પ્રયત્ન કરવો જોઇએ તેમ જણાવ્યું હતું.

અતુલભાઇ છનિયારાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઇ પટેલના શુભેચ્છા સંદેશનું વાચન કરી પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું.

આ પ્રસંગે જુનાગઢના પ્રમુખ રાજુભાઇ મિસ્ત્રી અને સાથીદારોએ કર્નલ પ્રમોદ અંબાસણાનું અને પ્રમુખ ધર્મેન્દ્ર દેવળીયાનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર–ગુજરાતના વિવિધ શહેરોના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. જેઓનું પણ સમાજ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ વિશ્વકર્મા કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રેશભાઇ ખંભાયતા, રાજકોટના અધ્યક્ષ મુકેશભાઇ વડગામા, પ્રગતિ મંડળના અધ્યક્ષ અરવિંદભાઇ ગજ્જર વગેરેનો સમાવેશ થાય છે.

કાર્યક્રમનું સંચાલન દિનેશ ગજ્જર(સુરેન્દ્રનગર) કર્યું હતું. શિક્ષણમંત્રી હિતેભાઇ મહેમદાવાદીયા અને વિનુભાઇ મહિધરીયાએ સહયોગ આપ્યો હતો.

આયોજનને સફળ બનાવવા યુવક સંઘના યુવા પ્રમુખ ધર્મેન્દ્રભાઇ દેવળીયા અને તેની ટીમના ઉપપ્રમુખો ધર્મેન્દ્રભાઇ કથ્રેચા, અશોકભાઇ દશાડીયા, મંત્રી રાજેશભાઇ પંચાસરા, સહમંત્રી નીતિનભાઇ પિલોજપરા, સહમંત્રી મુકેશભાઇ સંચાણિયા, ખજાનચી ધર્મેન્દ્રભાઇ જોલાપરા, શિક્ષણમંત્રી હિતેશભાઇ મહેમદાવાદીયા, રાહતમંત્રી કૃણાલભાઇ બદ્રકીયા, ઉત્સવમંત્રી મનહરભાઇ અઘેડા, પ્રચારમંત્રી સંજયભાઇ તલસાણિયાએ જહેમત ઉઠાવી હતી.

અમદાવાદની સહભાગી સંસ્થાઓના પ્રમુખો શ્રી હસમુખભાઇ શંખલપરા, વિનોદભાઇ મહીધરીયા, મહેન્દ્રભાઇ વડગામા, મહેશભાઇ જાદવાણી, શાંતિભાઇ ખોડદીયા, ચેતનભાઇ પિલોજપરા, અંકિતભાઇ પિલોજપરા, દિલીપભાઇ સાંથલીયા, રાજેશભાઇ વણોદીયા તેમજ જ્ઞાતિ ગ્રુપ શ્રી સૌ.ગુ.સુ. મિત્ર મંડળ, ગજ્જર ગ્રુપ ઇસનપુર, વિશ્વકર્મા સહિયર ગ્રુપ, સૃસ્ટીકરણ મિત્ર મંડળ વગેરેની હાજરી અને સહયોગ પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમમાં અંદાજે ૧૩૦૦ લોકોએ પ્રિતીભોજન લીધું હતું.





# અમદાવાદ યુથ ફોરમ દ્વારા યોજાયો પ્રતિભા બિરદાવલીનો અનેરો કાર્યક્રમ

## સમાજની વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓની સાથે વિદ્યાર્થીઓનું પણ સન્માન





- પ્રવીણ ગજ્જર

અમદાવાદમાં આવેલ શ્રી સૌરાષ્ટ્ર ગુર્જર જ્ઞાતિ યુથ ફોરમ નવા વાડજ દ્વારા વિશ્વકર્મા પુજનના પવિત્ર દિવસે સમાજના વિવિધ ક્ષેત્રમાં સારુ યોગદાન આપતી રહેલી પ્રતિભાઓને સન્માન કરવાનો કાર્યક્રમ પ્રતિભા બિરદાવલીનું સુંદર અને શાનદાર આયોજન પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા અને તેની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

અમદાવાદના ડેપ્યુટી ઇન્કમટેક્ષ કમિશનર શ્રી કેતન પિલોજપરા ગાંધીનગર સમાજના પ્રમુખ બકુલભાઇ ખારેચા, સુરેન્દ્રનગરના પ્રમુખ બાબુભાઇ કરગથરા, ધ્રાંગધ્રાના પ્રમુખ રતિભાઇ ધ્રાંગધરિયા, વિરમગામના પ્રમુખ રસીકભાઇ જાદવાણી, આણંદના પ્રમુખ સુરેશભાઇ છત્રાલીયા અને લીંબડીના પ્રમુખ ભરતભાઇ મહિધરીયાના અતિથિ વિશેષ પદે યોજાયેલા કાર્યક્રમનું મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યા બાદ સંસ્થાના શ્રી નરેન્દ્રભાઇ અડીએચાએ સ્વાગત પ્રવચન કરીને સૌને આવકાર્યા હતા. આ પ્રસંગે લીંબડીના ભરતભાઇ મહીધરીયાએ દુહા છંદ રજુ કરીને નવા વાડજના આ સંગઠનની પ્રવૃત્તિ બિરદાવી હતી.

વ્હાલાભાઇ ગજ્જરે પ્રાસંગીક ઉદબોધનમાં વિશ્વકર્મા પુજન દિવસનો મહિમા શાસ્ત્રોકત છણાવટ કરી હતી.

અતિથિ વિશેષ કેતનભાઇ ગજ્જરે આ પ્રસંગે શિક્ષણનું મહત્વ સમજાવતા કહ્યુ કે, શિક્ષણમાં કરેલું ઇન્વેસ્ટમેન્ટ સૌથી મોટું ઇન્વેસ્ટમેન્ટ છે. આ સંસ્થા આવા કામમાં ઘણી સારી કામગીરી કરે છે તે પ્રસંશનીય છે.

પ્રાસંગીક ઉદબોધન બાદ અરૂણભાઇ સોનીના નેતૃત્વમાં બહેનો અને બાળકોએ મંત્રમુગ્ધ કરી દે તેવા કરાટેના દાવો રજુ કર્યા હતા.

પ્રતિભા બિરદાવલી કાર્યક્રમ અંતર્ગત સમાજમાં સેવાકીય પ્રવૃત્તિ અને સમાજના સર્વાંગી વિકાસમાં અનુદાન આપતા રહેલા મહાનુભાવો વેજલપુર સંસ્થાના પ્રમુખ પ્રવીણભાઇ કલોલીયા, હીરાભાઇ સોલગામા, વેજલપુરના ટ્રસ્ટી અને જાણીતા દાતા રમેશભાઇ તલસાણિયા (મારૂતિ) અને હરેશભાઇ ભાલારાનું શાલ ઓઢાડીને અને સન્માનપત્ર આપીને સંસ્થાના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા અને અન્ય હોદ્દેદારોએ સન્માન કર્યું હતું.

શિક્ષણ સાથે સંકળાયેલા અને શિક્ષણ માટે સતત ચિંતા કરતા રહેલા ડો. પરેશભાઇ છનિયારા (એશીયા પેસીફીક), હસમુખભાઇ કરગથરા (આઇ.આઇ.એમ. ઇન્દોર), ભુપેન્દ્રભાઇ દુદકીયા, વિપુલભાઇ આમરણીયાનું શાલ ઓઢાડી સન્માનપત્ર આપી સન્માન કરાયું હતું.

(વધુ પાના નં. ૯૫ ઉપર)





HAPPY Diwali

Hitesh Vishrolia
M: +91 9898078111

## HI-TECH METAL INDUSTRIES

Plot No : 3076, GIDC - III
Jamnagar - 361004.
E-mail : hitechmetal@gmail.com

With Best Compliments..

ANIL R. AHALPARA
Mo. 98243 62050

## LABHAM KITCHEN 888



- Bakery Machinery
- Hotel and Restaurant Kitchen Equipment
- S.S. Tabel, Rack, Sink Etc.

Address : Labham Kitchen
Trapaj Market, Alang Road, Alang, Gujarat.
E-mail : anilahalpara@gmail.com

દિવાળી તથા
નૂતન વર્ષનાં સૌને
ખૂબ ખૂબ અભિનંદન



**દિલિપભાઈ સિંહાર**
સિંહાર સ્કૂલ, પંચાયત ચોક, યુનિ. રોડ.
રાજકોટ. મો. ૯૦૯૯૯ ૮૦૭૦૭


## ૧૫મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



**સ્વ. ઉષાબેન કૌશિકભાઈ ભારદિયા**
તા. ૨૩-૧૦-૨૦૦૭

અણમોલ ગુણોનું ધન, નિર્મલ એમનું મન.
સૌ સાથે સ્નેહ સંબંધ, ઉત્તમ હતું એમનું જીવન.
પ્રાર્થે સૌ એકી અવાજે, જીવન જીવ્યા અન્ય કાજે.
ખોટ પડી છે એમની આજે, સૌના હૃદયમાં બિરાજે

લી.
કૌશિકભાઈ અમૃતલાલ ભારદિયા
સોહમ કૌશિકભાઈ ભારદિયા
હેમાલીબેન નિલેશકુમાર જોલાપરા(પુત્રી)
નિલેશકુમાર કેશવલાલ જોલાપરા (જમાઈ)

# DUNEX®

steeling your senses

## The Measure of Intelligence is the Ability to 'Do Next'




Door Hardware
Architectural Glass Fitting
Bathroom Accessories
Furniture Fittings
Modular Stairway & Railing Solution
MISC. Harware







Manufacturer & Exporter of AISI 316L, 316 & 304 Grade Stainless Stell Architectural Hardware

GOOD DESIGN 2015

reddot design award honourable mention 2009



International Quality Excellence Award



International Business Excellence Award



Bhartiya Vikas Ratan Award

## DUNEX ARCHITECTURAL PVT. LTD.

www.dunex.in

**Amit M. Kadecha**
Mo. 99044 72737
99748 22737





Panel, CNC, VMC, SPM, Cover Parts &
All Type of Sheet Metal Precision Works

# Vishvkala
Engineering works

16, Swaminarayan Estate, Near Shajanand Foundry, Virani Aghat, Dhebar Road(South),
Rajkot-360002. Gujarat. E-mail : amitkadecha999@gmail.com
GSTIN No. 24CEYPK7014J1Z2

જયેશ એમ. વડગામા — મો. ૯૯૭૮૯૬૫૦૭૪
તેજશ એમ. વડગામા — મો. ૯૯૭૪૦૯૧૩૧૬
કિશન જે વડગામા — મો. ૯૯૨૫૯૬૫૦૭૪

ૐ

ACTIVE

મેન્યુફેકચર : ટર્બાઈન પંપ, પલ્વેરાઈઝર, નેઈલ મેકીંગ મશીન પાર્ટસ
1, Aarati Society, Dhebar Road South, Rajkot-2


મહેશ વિરમગામા
૯૯૨૫૪ ૦૯૯૪૨
૯૪૨૬૪ ૬૦૦૯૬

॥રામ॥
# સંદિપ
બોડી વર્કસ એન્ડ ફેબ્રીકેશન
અતુલ શકિત થ્રી વ્હીલર્સ, સ્ટાન્ડર્ડ ડબા, પીયાગો રીક્ષાના સ્પેશ્યાલીસ્ટ



ગોંડલ રોડ, ૮- બી નેશનલ હાઈવે, શાપર ચોકડી, પરફેક્ટ હોટલની બાજુમાં, શાપર (વેરાવળ)

કલા, કારીગરી અને કૌશલ્યને ઉજાગર કરતું એક માત્ર મલ્ટી મીડિયા મેગેઝીન
# વિશ્વકર્મા વિશ્વ
ઘર બેઠા લવાજમ ભરો
ઘેર બેઠા વિશ્વકર્મા મેળવો



**લવાજમ ભરવા**

Paytm OR G Pay કરો

મો.૯૦૯૯૯ ૪૯૫૬૫ પર લવાજમ ભરી આજ નંબર પર વોટસએપ પર એડ્રેસ મોકલી આજ નંબર પણ જાણ કરો...

આપને ઘેર બેઠા વિશ્વકર્મા જયંતી અને દિપોત્સવી વિશેષાંક સાથે આખુ વર્ષ વિશ્વકર્મા વિશ્વ મળતુ રહેશે.

વિશ્વકર્મા વિશ્વ

વિશ્વકર્મા વિશ્વ વિનામુલ્યે વાંચવા અને રોજેરોજના સમાચાર મેળવવા આજે જ મોબાઈલ એપ ડાઉનલોડ કરો...
www.vishwakarmavishwa.com

# હાર્દિક શ્રદ્ધાંજલી

સૌ સાથે હળીમળીને રહેવાના
સ્વભાને કારણે સૌના
હૃદયમાં બિરાજીને આપે પ્રેમનું
અનેરું સામ્રાજય ઉભુ કરી અનેરી
સુવાસનુ સર્જન કર્યું,
હરેનભાઈ,
આપની કારકિર્દીનો સુર્ય મધ્યાહને
પહોંચ્યો ત્યારે જ આપે વિદાય લીધી.
આપની વિદાયથી અમો
મધ્યાહને સુર્યાસ્ત થયો હોવાની
લાગણી અનુભવીએ છીએ.
ક્રિકેટ જ નહીં તમામ ક્ષેત્રે તમે
દાખવેલી ખેલદિલી
અમારા હૃદયમાં સદાય જીવંત રહેશે.



**હરેન પ્રફુલભાઈ અનુવાડિયા**
**(ઉ.વ. ૪૦ વર્ષ)**

**લી.**

**શ્રી ગુર્જર સુથાર યુવક મંડળ**
**મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ**

**શ્રી ગુર્જર સુતાર વિશ્વકર્મા**
**ભજન મંડળ - મુંબઈ**

**મુંબઈ ક્રિકેટ ટીમ**





પરેશભાઇ છનિયારાએ આ પ્રસંગે સમાજમાં રહેલી પ્રતિભાઓનું સન્માન કરવાની પહેલ કરવા બદલ સંસ્થાને અભિનંદન આપ્યા હતા. સમાજમાં વિવિધ ક્ષેત્રે પોતાનું યોગદાન આપતા રહેલાઓને સમાજમાં ઓળખ મળે અને તેમને બિરદાવવાની આ પ્રવૃત્તિ વખાણવા લાયક હોવાનું જણાવાયું હતું.

ત્યારબાદ સુર અને સંગીતની દુનિયામાં જેમણે નામના મેળવી છે તેવા કોકીલકંઠી ગાયિકા હંસાબેન ગજ્જર, ભરતભાઇ કરગથરા, અનિલભાઇ ગજ્જર, વસંતભાઇ આમરણીયા અને રાજકોટના જયંતભાઇ ગજ્જરનું પણ સન્માનપત્ર અને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. હંસાબેનનું સન્માન દીપાબેન ગજ્જર અને કૈલાશબેને કર્યું હતું



રાજકીય ક્ષેત્રે જેમણે યોગદાન આપ્યું છે. તેવા અમદાવાદના પૂર્વ કાઉન્સેલર ધર્મીષ્ઠાબેન ગજ્જર, તલોદ નાગરીક બેંકના ડીરેકટર કૌશલભાઇ ગજ્જર, કાઉન્સીલર વિજયભાઇ વિશ્વકર્માનું પણ શાલ ઓઢાડી સન્માનપત્ર આપી સન્માન કરાયું હતું.

સાહિત્ય સર્જન, નિર્માણ, ઉદ્‌ઘોષણા અને લલીતકલા ક્ષેત્રે યોગદાન આપનાર સુરેન્દ્રનગરના દિનેશભાઇ ગજ્જર (ચારોલા), વ્હાલાભાઇ ગજ્જર અને કાંતિભાઇ વઘાડિયા (કાર્ટુનીસ્ટ–ચિત્રકાર), સંચાર માધ્યમમાં યોગદાન આપતા રહેલા વિશ્વકર્મા વિશ્વના તંત્રી પ્રવીણભાઇ ગજ્જર અને વિશ્વકર્મા વંશજના બિપીન જાદવાણીનું કાનુન અને ન્યાયક્ષેત્રમાં યોગદાન આપનાર દિલીપભાઇ કનોજીયા અને એડવોકેટ અનિલભાઇ પિલોજપરા, ધર્મક્ષેત્રમાં યોગદાન આપનાર અરવિંદભાઇ ખારેચા અને બલદેવભાઇ વિસનગરનો સમાવેશ થાય છે.


આ ઉપરાંત ચેમ્પિયન યુથ ફોરમ ઇલેવન અમદાવાદની ટીમનું તેમજ સી.એ. માલવભાઇ મહેતા, બેંકર દિલીપભાઇ મેવાડા, પ્રાઇડ ઓફ પંચાલના સુનિલભાઇ મેવાડા, અને રીટા. પીએસઆઇ વિનોદભાઇ સીનરોજાનું પણ સન્માન કરાયું હતું.

આ ઉપરાંત સમાજના છાત્રો કે જેમણે વિવિક્ષ ધોરણમાં તેજસ્વીતા પ્રાપ્ત કરી છે. તેવા શાળા–કોલેજના વિદ્યાર્થીઓને પણ સન્માનવામાં આવ્યા હતા.

સંસ્થાના પ્રમુખ શાંતિભાઇ ખોડદીયા, ઉપપ્રમુખ રાજેશભાઇ પાનસિણીયા, મંત્રી મહેશભાઇ જાદવાણી, સહમંત્રી પ્રકાશભાઇ જાદવાણી, વાડીભાઇ વડગામા, ખજાનચી જીતેન્દ્રભાઇ વડગામા, ઉત્સવમંત્રી નરેન્દ્રભાઇ અડીયેચા, સ્પોર્ટસ મંત્રી નરેન્દ્રભાઇ એમ. અડીયેચા, શિક્ષણમંત્રી અનિલભાઇ કંસોડા, સહશિક્ષણમંત્રી દિનેશભાઇ ધોરેચા, પ્રચારમંત્રી પ્રવીણભાઇ સંચાણિયા તેમજ સભ્યો પ્રકાશભાઇ બોરસાણીયા, પંકજભાઇ છનિયારા, ભાવેશભાઇ પંચાસરા, ગીરીશભાઇ પિલોજપરા, જયંતીભાઇ વીશરોલીયા, ભીખાભાઇ માથાસુરીયા, ભરતભાઇ વડગામા, તેજસભાઇ અનોવાડીયા, મોન્ટુભાઇ છનીયારા, વિમલભાઇ ધોળકીયા વગેરેના હસ્તે સન્માન, વિદ્યાર્થી સન્માન કરવામાં આવ્યું હતુ. આયોજન માટે આ તમામે જહેમત ઉઠાવી હતી.

# વિશ્વકર્મા બાગ-મુંબઇના નવા પ્રમુખ તરીકે આસીતભાઇ ધોરેચાની વરણી

## ઉપપ્રમુખ વિઠ્ઠલભાઇ અઘેરા, મંત્રી તરીકે તુષારભાઇ કથ્રેચા અને ખજાનચી તુષાર ધ્રાંગધરીયા




દેશભરમાં જેની નામના છે તેવા મુંબઇના વિશ્વકર્મા બાગના ટ્રસ્ટીઓની ૧૮ સપ્ટેમ્બરના રોજ ચુંટણી યોજાયા બાદ વિજેતા થયેલ સાતેય ટ્રસ્ટીઓની તા. ૧ ઓકટોબરના રોજ મળેલ પ્રથમ બેઠકમાં વર્ષ ૨૦૨૨ થી ૨૦૨૫ માટે હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.જેમાં પ્રમુખ તરીકે આશીતભાઇ ધોરેચા, ઉપપ્રમુખ તરીકે વિઠ્ઠલભાઇ અઘેરા, મંત્રી તરીકે તુષારભાઇ કથ્રેચા, ખજાનચી તરીકે તુષારભાઇ ધ્રાંગરીયાનો સમાવેશ થાય છે. જયારે ટ્રસ્ટીઓ તરીકે રસીકભાઇ વઘાડીયા, રમેશભાઇ અંબાસણા અને સુરેશભાઇ અનુવાડીયાનો સમાવેશ થાય છે. હોદ્દેદારો નકકી થયા બાદ સમાજના આગેવાનોની હાજરીમાં ચુંટણી અધિકારી હિતેશ પ્રભુભાઇ પંચાસરા અને મિતલ જોલાપરાએ નવા હોદ્દેદારોને હોદ્દાના શપથ લેવડાવ્યા હતા.

શપથવિધિ બાદ પૂર્વ પ્રમુખ જયંતભાઇ જોલાપરા અને પંકજભાઇ ભેસાણીયાએ નવા હોદ્દેદારનું સન્માન કરીને આવકાર્યા હતા. ઉપસ્થિત સમાજના આગેવાનોએ પણ નવી ટીમના મો મીઠા




કરાવ્યા હતા. ત્યારબાદ નવી કમિટીએ પૂર્વ કમિટી પાસેથી વહીવટી ચાર્જ સંભાળી લીધો હતો. આ પ્રસંગે પૂર્વ મંત્રી હર્ષદભાઇ ધોરેચા, રાજુભાઇ પંચાસરા, બટુકભાઇ ભાડેશીયા, મણીભાઇ વડગામા, ધીરુભાઇ વડગામા, કિશોરભાઇ સીતાપરા, સુરેશભાઇ સુરેલીયા, જગદીશભાઇ ભાડેશીયા, પ્રવીણભાઇ બોરાણીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ પહેલાના ઘટના ક્રમ પ્રમાણે તા. ૧૮ સપ્ટેમ્બરના રોજ વિશ્વકર્મા બાગ ખાતે ચુંટણી અધિકારી હિતેશ પ્રભુદાસ પંચાસરા અને મિતલ જોલાપરાના નેતૃત્વમાં ચુંટણી યોજાઇ હતી. બપોરથી સાંજ સુધીમાં અત્યાર સુધી યોજાયેલ ચુંટણીમાં સૌથી વધુ મતદાન થયું હતુ. મતદાન બાદ થયેલ મતગણતરી બાદ જય હો પેનલના ચાર મને જય વિશ્વકર્મા પેનલના ૩ ઉમેદવારો વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. સૌથી વધુ મત તુષારભાઇ ધ્રાંગધરીયાને મળ્યા હતા. રસીકભાઇ વઘાડીયાને ૪૯૧, આશીતભાઇ ધોરેચાને ૪૪૯ મત, અને સુરેશ અનુવાડીયાને ૪૪૭ મત મળ્યા હતા. વિઠ્ઠલભાઇ અઘેરાને બીજા ક્રમે સૌથી વધુ મત ૪૯૪ મત, તુષારભાઇ કથ્રેચાને ૪૮૦ મત અને રમેશભાઇ અંબાસણાને ૪૬૨ મત મળ્યા હતા. કિશોરભાઇ સીતાપરા અને ધીરુભાઇ વડગામાએ મત ન આપવાની જાહેરાત કરી હતી છતા કિશોરભાઇ સીતપરાને ૯૧ અને ધીરુભાઇ વડગામાને ૭૦ મત મળ્યા હતા. પેનલ સિવાયના આ ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લીધા હોત તો ચુંટણીનું પરિણામ અલગ આવી શકે તેમ હતું.

શાંતિપૂર્વક મતદાન અને પરિણામો જાહેર થયા બાદ વિજેતા ઉમેદવારોની ૧લી ઓકટોબરના રોજ પ્રથમ મિટીંગ મળી જેમાં નવી ટીમ જાહેર થઇ.

બંને ગ્રુપમાંથી બે-બે હોદ્દેદારોની વરણી કરવામાં આવી તેને સમાજમાંથી સારો આવકાર મળ્યો છે.

# મશીન ટુલ્સ શો-૨૦૨૨ને જબ્બર પ્રતિસાદ ૫૩૦૦૦ વીઝીટર્સ આવ્યા : ૩૯૫ કરોડનો બીઝનેસ

## એકઝીબીશન-પ્રદર્શન સમૃદ્ધિનો વ્યાપ વધારનાર બની રહયું









રાજકોટના મશીન ટુલ્સ મેન્યુ. એશોસીએશન અને કે.એમ. ન્યુ બીઝનેસ ટેકનોલોજીના સંયુકત ઉપક્રમે એમએસઆઇસી ગ્રાઉન્ડ ખાતે તા. ૨૧ થી ૨૪ સપ્ટેમ્બર દરમ્યાન યોજાઇ ગયેલ રાજકોટ મશીન ટુલ્સ શો–૨૦૨૨ને જબ્બર પ્રતિસાદ મળ્યો હતો. ચાર દિવસ દરમ્યાન ૫૩,૦૦૦ જેટલા વીઝટર્સએ આ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. બરામતી, પુના, ભાવનગર, જામનગર, કચ્છ, મોરબી, અમદાવાદ, સુરેન્દ્રનગર વગેરે શહેરના ઇન્ડ. એશો.ના ડેલીગેટસો ઉપરાંત પશ્ચિમ બંગાળ, ઝારખંડ, તામિલનાડુ, કેરળ પંજાબથી પણ મુલાકાતીઓ આવ્યા હતા. વિદેશમાંથી પણ ઉદ્યોગકારોએ આ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આ પ્રદર્શનમાં ૫૭૦ મશીનોનું સ્થળ પર જ વેચાણ થયું હતું. જે બીઝનેસ ૩૯૫ કરોડથી વધુ છે.

મશીન ટુલ્સ શો–૨૦૨૨નું ઉદ્દ્ઘાટન ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ કર્યું હતું. ગુજરાતના બીજા નંબરના ગણાતા આ પ્રદર્શનમાં યુએસએ, જર્મની, નેધરલેન્ડ, સીંગાપુર જેવા અલગ અલગ દેશોમાંથી તેમજ રાજકોટ–ગુજરાત અન્ય અન્ય શહેરના ઉદ્યોગપતિએ સ્ટોલ નાખ્યા હતા. ૧૬૫૦૦૦ ચોરસ ફૂટમાં પથરાયેલા આ પ્રદર્શનમાં કુલ ૧૨ હોલમાં ૩૫૦ જેટલા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. ૩૨૮૦૦ ચોરસ ફુટમાં ઉભા કરાયેલા ડોમ પૈકી ૨ મોટા જર્મન ડોમ સેન્ટ્રલી એ.સી. કરવામાં આવ્યા હતા.

કે.એમ.જી. અને મશીન ટુલ્સ મેન્યુ. એશોસીએશન–રાજકોટના સંયુકત ઉપક્રમે ૨૦૦૩ થી રાજકોટ મશીન ટુલ્સ શોનં આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં યોજાઇ ગયેલ એ આઠમું પ્રદર્શન હતું. પ્રદર્શનાં લેથ મશીન, હેકસો મશીન, વુડ વર્કિંગ મશીન, શેરીંગ મશીન, મીલીંગ મશીન, પાવર પ્રેસ, હાઇડ્રોલીક પ્રેસના અદ્યતન મોડલ મુકવામાં આવ્યા હતા. આ પ્રદર્શન વ્યવસાયિક, સમૃદ્ધિનો વ્યાપ વધારનારું બની રહ્યું હતું.

આ એકઝીબીશન માટે મશીન ટુલ્સ મેન્યુ. એશોસીએશનના પ્રમુખ યોગીન છનિયારા, ઉપપ્રમુખ હરેશભાઇ પટેલ, મંત્રી તેજસ દુદકીયા, જોઇન્ટ સેક્રેટરી દેવલ ઘોરેચા, ખજાનચી કનકસિંહ ગોહીલ, ડાયરેકટરો સચીન નગેવાડિયા, બ્રીજેશભાઇ સાપરીયા, કરણભાઇ પરમાર, પિયુષભાઇ ડોડીયા, અશ્વિનભાઇ કવા, કેતનભાઇ ગજેરા, બીપીનભાઇ સિદ્ધપુરા, ઘનશ્યામભાઇ પરમાર, હરેશભાઇ ડોડીયા અને કે.એમ.જી. બીઝનેસ ટેકનોલોજી અમદાવાદના કમલેશભાઇ ગોહીલ, અમિતભાઇ મિસ્ત્રી અને તેની ટીમે જહેમત ઉઠાવી હતી.

# રાજકોટ ગ્રેટર ચેમ્બર દ્વારા અમૃતલાલ ભારદીયા સહિત નવ ઉદ્યોગપતિઓને બીઝનેશ આઇકોન એવોર્ડ




રાજકોટ ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા ગુજરાતમાં ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતમાં વિકાસમાં અમુલ્ય ફાળો આપનાર નવ જેટલા ઉદ્યોગપતિઓને બીઝનેશ આઇકોન એવોર્ડ અર્પણ કરવામાં આવ્યા હતા. જેમાં અમૃતલાલ ભારદીયા (રવિ ટેકનોફોર્જ), મનસુખભાઇ પાણ, રમેશભાઇ ટીલારા, જયેશભાઇ શાહ, હરીશભાઇ લાખાણી, રૂપેશભાઇ મહેતા, અચ્યુતભાઇ જસાણી, પ્રવીણસિંહ વાઘેલા તથા રાજેશભાઇ માલવીયાનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં કલેકટર મહેશબાબુ તેમજ એડીશ્નલ જનરલ ઓફ પોલીસ કમિશનર શ્રી રાજુ ભાર્ગવને ગ્રેટર ચેમ્બર કર્તવ્ય નિષ્ઠા સન્માનથી સન્માનવામાં આવ્યા હતા. એસબીઆઇના ડેપ્યુટી ડાયરેકટર સમશેરસિંહ, ચીફ ઇન્કમટેક્ષ કમિશનર બી.એલ. મીના, મ્યુ. કમિ. રાજકોટ અમિત અરોરા, રેલ્વેના ડીઆરએમ અનિલકુમાર જૈન, આઇટીએસ જોઇન્ટ કમિશનર જે.એમ. બીશ્નોઇ, આસી. ડાય. એમએસએમઇ સ્વાતિ અગ્રવાલ, એસજીએસટીના જોઇન્ટ કમિશનર રિદ્ધેશ રાવલ, ઉદ્યોગ કચેરીના જનરલ મેનેજર કે.વી. મોરી, વગેરેના હસ્તે આ એવોર્ડ અપાયા હતા. સંસ્થાના ચેરમેન ધનસુખભાઇ વોરા, પ્રમુખ રાજીવ દોશી, માનદમંત્રી ઉર્ચન મોરી, વાઇસ પ્રેસીડેન્ટ ઇશ્વરભાઇ બાંભોલીયા તથા કારોબારીના સભ્યોએ આયોજનને સફળ બનાવ્યો હતો.

# એઇડસગ્રસ્ત બાળકોને મીઠાઇ-ફરસાણનું વિતરણ





રાજકોટ જીલ્લામાં એચ.આઇ.વી. પોઝીટીવ બાળકો માટે જગદીશભાઇ પટેલ સ્થાપિત સંસ્થા આરડીએનપી દ્વારા ૨૫૦થી વધુ શહેરમાં એઇડસગ્રસ્ત બાળકો અને પરિવારની ખેવના કરવામાં આવે છે. સંસ્થા દ્વારા દશેરાએ રાજકોટની જુની કલેકટર કચેરી ખાતે જગદીશ પટેલ અને પુજા વાઘમરે સહિતના દાતાઓના સહયોગથી ૧૦૦ બાળકોને મીઠાઇ ફરસાણનું વિતરણ કરાયું હતું. રવિ ટેકનોફોર્જના ચેરમેન અમૃતલાલ ભારદીયા અને ડાયરેકટર રંજનબેન ભારદીયા તરફથી દરેક બાળકને ૧ કિગ્રા મીઠાઇ અપાઇ હતી. પરેશભાઇ દ્વારા ૫૦૦ ગ્રામ મીઠાઇ અને બે ફરસાણ, હિતેશભાઇ સલાણી, ભારત ડેરી ફાર્મ અને બાલાજી ડેરી ફાર્મ તરફથી અપાયું હતું. મીઠાઇ વિતરણ પો. કમિશનર રાજુભાઇ ભાર્ગવ, ફુલછાબના મેનેજર નરેન્દ્ર ઝીબા, અમૃતલાલ ભારદીયા તથા રોટરી કલબના મહાનુભાવોના હસ્તે થયું હતું.

॥ ૐ શ્રી વિશ્વકર્મણે નમઃ ॥

ટ્રસ્ટ રજી. નં. એ-૨૦૫૮

# શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ-રાજકોટ

## શ્રી વિશ્વકર્મા પ્રભુજીનું મંદિર

શ્રી વિશ્વકર્મા પ્રભુજી માર્ગ, દિવાનપરા મેઇન રોડ, રાજકોટ.
ફોન : ૦૨૮૧-૨૨૨૨૪૪૫, મો. ૮૪૦૫૮૪૦૫૦૮

શ્રી વિશ્વકર્મા પ્રભુજીની મુર્તિ પ્રાણપ્રતિષ્ઠા

100


૧૯૨૨-૨૦૨૨

## શતાબ્દી વર્ષ ઉજવણી

સુવર્ણ સિંહાસન મહાસંકલ્પ



શ્રી વિશ્વકર્મા પ્રભુજી મંદિર, રાજકોટ



## દાદાના સુવર્ણ સિંહાસન માટે
## સુવર્ણદાન માટે
## સુવર્ણ અવસર...

આપ પણ આ સુવર્ણ દાન ભેટ આપીને ધર્મસેવાનો લાભ લઈ શકો છો. આ દાનની રકમ મંદિરના બેંક એકાઉન્ટમાં સીધી જ જમા કરાવી શકો છો. ૧-ગ્રામ સુવર્ણ દાનની રકમ રૂા. ૫૧૦૦/- નક્કી કરેલ છે.

| શ્રી રસિકભાઈ ડી. બદ્રકીયા | શ્રી પ્રદિપભાઈ કે. કરગથરા | શ્રી મુકેશભાઈ આર. વડગામા |
|---|---|---|
| પ્રમુખશ્રી | માનદ્ મંત્રીશ્રી | અધ્યક્ષશ્રી |
| +91 92276 12073 | +91 98244 79356 | +91 98256 19915 |

ટ્રસ્ટીશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ - શ્રી ગુર્જર સુતાર જ્ઞાતિ, રાજકોટ.

**આપનું અનુદાન સીધુ જ ટ્રસ્ટના બેંક એકાઉન્ટમાં જમા કરી શકો છો.**

Account Name : SHRI GURJAR SUTAR GNATI-RAJKOT
Account No.: 310110100001280
Bank : BANK OF INDIA, LAKHAJIRAJ ROAD, RAJKOT.
RTGS/NEFT IFSC : BKID0003101
Type of Account : SAVINGS ACCOUNT

સૌજન્ય : વિશ્વકર્મા વિશ્વ | વિશ્વકર્મા વિશ્વ NEWS Today | Ramy Publication | GUJARAT360

# દિવાળી સ્પેશ્યલ વાનગીઓ



શુભદ્રા ભટ્ટી

## ૧. સમોસા પુરી :

**સામગ્રી :**

- ઘઉંનો લોટ જીણો – ૧/૨ કપ
- મેંદાનો લોટ – ૧/૨ કપ
- હીંગ – ચપટી
- હળદર – ચપટી
- અધકચા ક્રશ કરેલી કાળા મરી – ૨ ચમચી
- અજમો – ૧/૨ ચમચી
- કસુરી મેથી – ૧ ચમચી
- મીઠુ – સ્વાદ મુજબ
- તેલ – જરૂર મુજબ

**બનાવવાની રીત :** એક વાસણમાં ઉપરની બધી જ સામગ્રી લઈને મિક્સ કરો. તેલ અહીં લોટ બાંધવામાં મુઠ્ઠી પડતુ લેવું અને નવસેકુ લેવુ. હવે પાણીથી લોટ બાંધવો થોડોક કઠણ રાખવો. હવે તેમાંથી સમોસા આકારની ત્રિકોણ પુરી વણવી. ગરમ તેલમાં ધીમા ગેસે તળી લેવી.

## ૨. દાબેલી મસાલા પુરી :

**સામગ્રી :**

- દાબેલી મસાલો : ૪ થી ૫ ચમચી
- ચણાનો લોટ : ૧ ચમચી
- ઘઉંનો લોટ – ૧/૨ કપ
- હીંગ – ચપટી
- મીઠુ – સ્વાદ મુજબ
- તેલ – જરૂર મુજબ

**બનાવવાની રીત :** એક બાઉલમાં ચણાનો લોટ, ઘઉંનો લોટ, હીંગ, મીઠુ, હુફાળુ તેલ લો. મોણ મુઠ્ઠી પડતું લેવું. પાણીથી થોડો કડક લોટ બાંધવો. મોટો લુવો લઈને રોટલો વણી લેવો. તેમાં દાબેલી મસાલો છાંટવો. પછી



તેનો રોલ કરીને તેમા નાના લુઆ કટ કરો. આ લુઆ વણીને પુરી બનાવો તેમાં કાણા પાડીને તેલમાં ધીમા ગેસે તળી લો.

## ૩. પાલક પુરી :

**સામગ્રી :**

- ઘઉંનો લોટ – ૧ કપ
- પાલકનો પલ્પ – ૧/૨ કપ
- આદુ–મરચાની પેસ્ટ – ૨ ચમચી
- સફેદ તલ – ૧ ચમચી
- લાલ મરચુ પાવડર – ૧ ચમચી
- મરી પાવડર – ૧ ચમચી
- ગરમ મસાલો – ૧ ચમચી
- મીઠુ – સ્વાદ મુજબ
- હળદર – ૧/૨ ચમચી
- જીરૂ પાવડર – ૧ ચચી
- તેલ – જરૂર મુજબ

**બનાવવાની રીત :** એક બાઉલમાં ઉપરની બધી જ સામગ્રી લો. મોણ મુઠ્ઠી પડતુ લેવું. પાણીથી થોડો કઠણ લોટ બાંધો. તૈયાર થયેલ લોટમાંથી પુરી વણી કાટાની મદદથી કાણા પાડી ગરમ તેલમાં તળી લો.

## ૪. કોન ચીપ્સ :

**સામગ્રી:**

- ચોખાનો લોટ – ૧/૪ કપ
- અડદનો લોટ – ૨ ચમચી
- મકાઈનો લોટ – ૧/૪ કપ
- પાણીમાં પલાળેલ લાલ મરચુ પાવડર – ૨ ચમચી
- સંચળ – સ્વાદમુજબ
- આમચુર પાવડર – ૧ નાની ચમચી
- ગરમ મસાલો – ૧ નાની ચમચી
- મીઠુ – સ્વાદમુજબ
- પેરીપેરી મસાલો – સ્વાદ મુજબ
- તેલ – જરૂર મુજબ

**બનાવવાની રીત :**

ચોખાનો લોટ, અડદનો લોટ, મકાઈનો લોટ લો. તેમાં મરચુ પાવડર, સંચળ, આમચુર, મીઠુ, ગરમ મસાલો, ૨ ચમચી તેલ લો. પાણીથી લોટ બાંધવો. ચકરીનો લોટ જેવો સોફ્ટ લોટ બાંધવો. હવે ૧૦ મિનિટ રેસ્ટ આપવો. ૧૦ મિનિટ પછી કણકને કેળવી લેવી. ચિપ્સની ચકરીવાળા સંચામાં લોટ ભરીને તેલમાં ચીપ્સ પાડવી.



## ૫. કાજુ-મલાઈ પેંડા

**સામગ્રી :**

- કાજુ પાવડર – ૧ વાટક
- મિલ્ક પાવડર – ૧/૨ વાટકી
- મલાઈ – ૧/૨ વાટકી
- દળેલી ખાંડ – ૧/૨ વાટકી
- દુધ – ૧ થી ૨ ચમચી
- દુધમાં પલાળેલ કેસર – ૧ ચમચી
- ઈલાચી પાવડર – ૧ ચમચી

**બનાવવાની રીત :** એક પેનમાં કાજુપાવડર, મિલ્ક પાવડર, મલાઈ, ખાંડ, દુધ ઉમેરી કરવું. હવે ગેસ પર મુકીને મિશ્રણ એકદમ ઘટ્ટ થાય અને પેન છોડે ત્યાં સુધી હલાવવું. એક વાસણમાં કાઢીને તેમાં ઈલાચીપાવડર ઉમેરી મિક્સ કરવું. મિશ્રણ રૂમ ટેમ્પ્રેચર પર ઠંડુ થાય એટલે તેમાં પેંડાનો શેઈપ આપવો. તેના પર દુધમાં પલાળેલ કેસર ઉપર લગાવવું.

# હરેનભાઈનું અવસાનઃ મધ્યાહને સુરજ આથમ્યો

**શબ્દાંજલી : પ્રવીણ ગજ્જર**



મુંબઈમાં મીરા રોડ વિસ્તારના મંગલનગરમાં રહેતા પ્રફુલ્લભાઈ અનુવાડિયાના એકમાત્ર સંતાન હરેનભાઈ અનુવાડીયાનું ૪૦ વર્ષની યુવાન વયે બેંગલોરમાં થયેલ અકસ્માતમાં કરુણ મોત થયું. મુંબઈની ક્રિકેટ ટીમમાં વર્ષોથી ક્રિકેટ રમવાની સાથોસાથ મુંબઈ ગુર્જર સુતાર જ્ઞાતિની સેવાકીય પ્રવૃત્તિથી સૌમાં પ્રિય થયેલા હરેનભાઈની કારકિર્દીનો સુર્ય ઉગ્યો હતો તેવામાં જ તેમની અણધારી વિદાયથી મધ્યાહને સુર્યાસ્ત થયો હોવાની લાગણી સમગ્ર સમાજે અનુભવી. અને એટલે હરેનભાઈની પ્રાર્થના સભામાં મુંબઈનો સમગ્ર સમાજ ઉમટી પડયો હતો અને વિશ્વકર્મા બાગના હોલ પણ નાના પડયા હતા.

મીરા રોડ પર રહેતા પ્રફુલભાઈ અનુવાડીયા મુળ જામનગર જિલ્લાના પીપરી ગામના વર્ષોથી તેઓ મુંબઈમાં રહે છે અને તેઓ હાલ રીટાયર્ડ છે. હરેનભાઈ તેમનો એકનો એક પુત્ર. પ્રફુલભાઈએ હરેનને ઉચ્ચ શિક્ષણ આપી સોફટવેર ઈજનેર બનાવ્યો. હિરેનના લગ્ન ૨૫ વર્ષની વયે મુંબઈના જ મણીભાઈ વઘાડીયાની પુત્રી અલ્પા સાથે થયા. હરેનભાઈને બે સંતાનો છે. મોટી પુત્રી દિયા ૧૪ વર્ષની છે અને પુત્ર વિવાન ૬ વર્ષનો છે અને ફર્સ્ટમાં અભ્યાસ રહે છે.

હરેને સોફટવેર એન્જિનિયર થયા બાદ અબાક્સ નામની મુંબઈની જ સોફટવેર કંપનીમાં કારકિર્દી શરૂ કરી હતી. આવડત સરળ સ્વભાવ અને કુશળતાને કારણે તેણે સતત પ્રગતિ કરી. 'અબાક્સ' કંપનીએ બેંગ્લોરની સાયબર કંપની ટેક ઓવર કર્યા બાદ તેમને ત્યાંની જવાબદારી સોંપવામાં આવી હતી અને છેલ્લા ૫ વર્ષથી હરેનભાઈ બેંગ્લોર સ્થિર થયા હતા. અને અવારનવાર મુંબઈ આવવાનું થતું હતું. મુંબઈ વિશ્વકર્મા બાગની ચુંટણી માટે બેંગ્લોરથી તે ખાસ મુંબઈ આવ્યા હતા. મુંબઈથી બેંગ્લોર ગયા બાદ ઓફીસની ક્રિકેટ મેચ હોવાથી કંપનીનું ટી શર્ટ પહેરી સ્કુટર પર ક્રિકેટ ગ્રાઉન્ડ પર જવા રવાના થયા હતા. પરંતુ ક્રિકેટ ગ્રાઉન્ડ પર પહોંચે તે પહેલા વરસાદને કારણે સ્કુટર સ્લીપ થયું અને સ્થળ પર જ તેમનું અવસાન થયું હતું. હરેનભાઈ મુંબઈની ક્રિકેટ ટીમમાં વર્ષોથી રમતા મીડ ડેની ક્રિકેટ મેચમાં પણ વર્ષોથી ભાગ લેતા.

અકસ્માત થયો તેના ત્રણેક દિવસ પહેલા જ મુંબઈ સ્થિર થઈ પરિવાર સાથે જ રહેવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ આ નિર્ણય સાકાર થાય તે પહેલા જ તેનું કરૂણ મૃત્યુ થયું.

હરેનભાઈના પત્ની અલ્પા અનુવાડીયા ઉચ્ચ શિક્ષિત છે અને મુંબઈમાં પોતાને ઘેર વિદ્યાર્થીઓને ટયુશન કરાવે છે. મુંબઈમાં ચાલતા બહેનોના અનોખી ગ્રુપમાં તે સક્રિય છે. અને વિશ્વકર્મા બાગમાં યોજાતા કાર્યક્રમમાં પણ તેઓ સક્રિય રહે છે. અલ્પા અનુવાડીયા વિશ્વકર્મા વિશ્વને કહે છે, હરેન ઘરમાં એક જ કમાનાર દીકરો હતો. અને તેમને કોઈ ભાઈ-બહેન નથી એમ બધી જવાબદારી અચાનક આવી ગઈ છે.

હરેન અનુવાડીયા હવે આપણી વચ્ચે નથી પણ તેમણે સમાજ સેવા ક્ષેત્રે સેવાની જે સુગંધ પાથરી છે તે સદાય મઘમઘતી રહેશે.

# ભનુભાઇ બકરાણિયાની સેવા-સુગંધ સમાજમાં સદાય મધમધતી રહેશે

**શબ્દાંજલી : પ્રવીણ ગજજર**



જામજોધપુરમાં વર્ષો સુધી સમાજના પ્રમુખ તરીકે રહીને સમાજના સર્વાંગી વિકાસ કરવાની સાથોસાથ અન્ય સમાજમાં પણ સેવાકાર્ય કરનાર શ્રી ભનુભાઇ મોહનભાઇ બકરાણિયાએ ૮૨ વર્ષની વયે વિદાય લીધી. તેઓ હવે આપણી વચ્ચે નથી પરંતુ તેમણે આજીવન જે સમાજ સેવા કરી છે તેની સુગંધ સદાય મધમધતી રહેશે.

ભનુભાઇ બકરાણિયા મુળ જામજોધપુરના જ. નાનપણથી જ શિક્ષણપ્રેમી એવા ભનુભાઇએ પીટીસી કર્યા બાદ જામનગર જીલ્લાના રાવલ ગામની સરકારી શાળામાં શિક્ષક તરીકે જોડાયા. રાવલ ઉપરાંત સીદસરમાં પણ તેઓ શિક્ષક તરીકે રહયા અને તેમના શિક્ષણ કાર્યથી પ્રભાવિતા ઉભા કરી. પરિણામે તેઓ ગીગણી તાલુકાના આચાર્યપદે નિયુકત થયા. અને નિવૃત્તિ સુધી આ સ્કુલમાં પ્રિન્સીપાલ તરીકે રહીને અનેક વિદ્યાર્થીઓને શિક્ષિત કર્યા.

શિક્ષક તરીકે નિમણુંક થયા બાદ તેઓના લગ્ન આમરણીયા પરિવારના વિઠ્ઠલભાઇની પુત્રી ભાનુબેન સાથે થયા. ભાનુબેને પણ પીટીસી સુધીનો અભ્યાસ કર્યો હતો અને તેઓ પણ શિક્ષિકા તરીકે ફરજ બજાવતા હતા. શિક્ષક દંપતિ એવા ભનુભાઇ અને ભાનુબેન બંનેના શિક્ષણ પ્રેમે અનેક બાળકોને શિક્ષિત કર્યા. તેમની પાસેથી શિક્ષણ મેળવેલા વિદ્યાર્થીઓ આજે પણ તેમના શિક્ષણ પ્રેમને યાદ કરી રહયા છે. ભનુભાઇ અને ભાનુબેને શિક્ષણનું મહત્વ સમજી તેમના ત્રણ સંતાનોને પણ ઉચ્ચ શિક્ષણ આપ્યું. તેમના ત્રણ સંતાનો પૈકી અતુલભાઇ સૌથી મોટા તેમણે બી.એસસી. સુધીનું શિક્ષણ મેળવ્યું. શિક્ષણ મેળવ્યા બાદ તેમણે જામજોધપુરમાં ઇલેકટ્રોનીકસ આઇટમોનું રીપેરીંગ સેન્ટર ચાલુ કર્યું. છેલ્લા ૧૧ વર્ષથી તેઓ રાજકોટ સ્થિર રહયા છે. અને ગોંડલ રોડ પી.સી. ઇન્ડસ્ટ્રીઝ સાથે જોડાઇને હાલ સોડા મશીનના પાર્ટસ બનાવવાનું એકમ સંભાળી રહયા છે.

અતુલભાઇ અને તેમના પત્ની પન્નાબેન એ પણ પોતાના સંતાનોને ઉચ્ચ શિક્ષણ અપાવ્યું છે. તેમની પુત્રી ધાર્મીએ એમબીએ કર્યું છે અને હાલ વેરાવળ મર્કેન્ટાઇલ બેંકમાં ઓફીસર છે. અતુલભાઇનો પુત્ર રીશીત એચએસસીમાં અભ્યાસ કરી રહયો છે.

ભનુભાઇની મોટી પુત્રી ચંદ્રીકાબેને પણ એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો. તેઓના લગ્ન રાજકોટમાં ગોંડલ રોડ સ્થિત પી.સી. ઇન્ડસ્ટ્રીઝ નામથી ઔદ્યોગિક એકમ ચલાવતા પ્રદીપભાઇ કરગથરા સાથે થયા. પ્રદિપભાઇ ગુર્જર સુતાર જ્ઞાતિમાં મંત્રી તરીકે ફરજ બજાવે છે.

ભનુભાઇની નાની પુત્રી નીલુબેને પણ એમ.કોમ. સુધીનો ઉચ્ચ અભ્યાસ કર્યો છે. તેમના લગ્ન બોટાદના યજ્ઞેશભાઇ દુદકીયા સાથે થયા છે.

ભનુભાઇ સમાજ સેવામાં તો રસ લેતા જ હતાં. પરંતુ તેઓ નિવૃત્ત થયા કે તરત જ ગુર્જર સુતાર સમાજે પ્રમુખ બનાવ્યા અને આજીવન પ્રમુખ રહયા. પ્રમુખ તરીકે તેમણે જામજોધપુર સમાજનો સારો એવો વિકાસ કર્યો તેમના કાર્યકાળ દરમ્યાન જ સમાજના પ્રથમમાળનું બાંધકામ તેમજ રીનોવેશન કાર્ય થતું. સમાજમાં કોઇપણ જાતનું પરચુરણ કામ જાતે જ કરતા.

ભનુભાઇ છેલ્લા ૧૧ વર્ષથી રાજકોટમાં ગીરનાર સોસાયટીમાં પુત્ર સાથે સ્થિર થયા હતા. રાજકોટ સ્થિર થયા બાદ પણ તેઓ મહિનામાં ૧૫ દિવસ જામજોધપુર જતા ને સમાજનું કાર્ય કરતા. છેલ્લા એક વર્ષથી તેઓ અંબિકા ટાઉનશીપમાં રહેતા હતા.

ગીગણીમાં શિક્ષક તરીકે ફરજ દરમ્યાન તેઓ કીર્તન મંડળમાં પણ જોડાયેલા રહયા હતા.

વિશ્વકર્મા વિશ્વનો પ્રારંભ ૨૦૦૪થી શરૂ થયો ત્યારથી ભનુભાઇએ વિશ્વકર્મા વિશ્વના પ્રતિનિધિ બનીને જામજોધપુર વિસ્તારમાં વિશ્વકર્મા વિશ્વનો પ્રચાર પ્રસાર કરવાની અનેરી સેવા કરી હતી. વિશ્વકર્મા વિશ્વ સાથે પારીવારીક ભાવનાથી જોડાયેલા રહયા અને તેથી 'વિશ્વકર્મા વિશ્વ' પણ ભનુભાઇના જવાથી પારીવારીક વડીલ ગુમાવ્યાની લાગણી અનુભવે છે.

ભનુભાઇ બકરાણિયા આપણી વચ્ચે નથી. પરંતુ તેમની સમાજ સેવાના હૃદયમાં સદાય જીવંત રહેશે.

# શ્રદ્ધાંજલી



## સ્વ. ભનુભાઈ મોહનભાઈ બકરાણિયા

(પ્રમુખશ્રી, ગુર્જર સુતાર જ્ઞાતિ – જામજોધપુર)

સ્વ. તા. ૦૧-૧૦-૨૦૨૨, શનિવાર (ઉ.વ. ૮૨)

સૌજન્ય, સદ્ભાવ, સ્નેહ, સૌમ્યતા જેનો સ્વભાવ હતો,
સહજતા અને ઉદારતા જેના સદ્ગુણો હતા, પરમાર્થ અને પુરૂષાર્થ જેની કર્મનિષ્ઠા
હતી તેવા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**ગં.સ્વ. ભાનુબેન ભનુભાઈ બકરાણીયા**
**અતુલભાઈ ભનુભાઈ બકરાણીયા • પન્નાબેન અતુલભાઈ બકરાણીયા**
**પ્રદિપભાઈ કાંતિભાઈ કરગથરા • ચંદ્રીકાબેન પ્રદિપભાઈ કરગથરા**
**સ્વ. યજ્ઞેશભાઈ જેન્તીભાઈ દુદકીયા • નયનાબેન યજ્ઞેશભાઈ દુદકીયા**
**અમી, ધાર્મી, કૃપાલી, રીશીત, તનિશા**


RAJ LAXMI
FLUID POWER CREATIVES
HI-TECH HYDRAULIC HOSE CRIMPING MACHINES
HYDRAULIC, PNEUMATIC, HYDRO POWERED , AUTOMATIC, SEMI-AUTOMATIC, MANUAL
4MM TO UPTO 200MM
Model : RLC - 206 Hose Crimping Machine (Vertical) Upto 2" Cap.
Hand Operated HoseCrimping Machine Upto 1" Cap.
Model :RLC - 208 Hose Crimping Machine (Horizontal) Upto 4" Cap.
Model : RLC - 207 Hose Crimping Machine (Horizontal) Up to 2" Cap.
Model: RLC -208 Hose Crimping Machine Upto 2" (Horizontal) Automatic
Model: CH -215 Hose Crimping Machine Upto 2"(Horizontal) Automatic
Low Pressure Motorised Hose Crimping Machine Upto 1"
Hand Operated Low Pressure Hose Crimping Machine
Hose Skiving Machine
Hose Testing Machine
Hose Cutting Machine
Roll MarkingM achine
Ramnik J. Gajjar : 98250 75288
Vijay P. Gajjar : 82386 57687
Bhavesh R. Gajjar :98250 14494
Manufacturer :
RJ INDUSTRIES
1 - Paresh Estate,
Opp. Jaynath Complex,
Makkam Chowk,Gondal Road,
Rajkot 360 002
Email : r.jgajjar78@gmail.com.
rjinds@yahoo.co.in

# ONE STOP SOLUTION FOR HYDRAULIC HOSES & FITTINGS

Authorised Distributor :
(Saurashtra & Kutch)

Gates USA

POWERING PROGRESS

Manufacturer :


**R.J INDUSTRIES**

THE WORLD'S MOST TRUSTED NAME IN HYDRAULICS HOSES AND FITTINGS

Ramnik J. Gajjar : 98250 75288
Vijay P. Gajjar : 82386 57687
Bhavesh R. Gajjar : 98250 14494

1, Paresh Estate, Opp. Jaynath Complex, Makkam Chowk, Gondal Road, Rajkot 360 002. Email : r.jgajjar78@gmail.com / rjinds@yahoo.co.in





MANUFACTURE OF :
HYDROAULIC
HOSES END FITTINGS

Gates POWERING PROGRESS

HYDROAULIC HOSES, BELTS END FITTINGS

## PRESSURE OR RANGE, NO LIMITS....

- RUBBER BARIDED & SPIRAL HIGH PRESSURE HOSE
- AIR LESS PAINT SPRAY HOSE
- PNEUMATIC TOOL HOSE
- CEMENT GROUTING HOSE
- CHEMICAL HOSE
- WATER SUCTION/DISCHARGE HOSE
- PETROL DISPENSING HOSE
- MOBILE EQUIPMENT & EARTHMOVING HOSE
- OIL GAS ON OFF SHORE HOSE
- PVC BRATDED CLEAR HOSE
- JACK HOSE (MORE SAFE ECONOMICAL)
- TEFLON HIGH TEMPERATURE & PRESSURE HOSE
- STEAM HOSE
- HEAT RESISTANT CARBON FREE CABLE
- COOLANT HOSE
- ASBESTOS STANLESS STEEL CORRUGATED HOSE

FOR CATER PILLER, HITACHI, TEREX, JCB, POCLAN AND ALL TYPES OF EARTHMOVING MACHINERIES.
WE ALSO SUPPLY LOOSE HYDRAULIC HOSE & FITTINGS.

## વિશ્વકર્મા જયંતીની સૌને હાર્દિક શુભેચ્છા...



**Jagubhai Bharadia**
Managing Director
Mob.: 98250 74693

**Ankit J. Bharadia**
M.Tech. In UK
Director (Technical)
Mob.: 93289 99942

SINCE 1981

# SIFCO ENGINEERING PVT. LTD.

- Specialist in major kiln repair/maintenance, brick lining, commissioning, erection, system retrofit, fabrication & machining
- Service provider to major cement & chemical plants across North-West-Central India & Overseas (Africa & UAE)

SiFCO sealing solutions

## SIFCO ENTERPRISE

- Authorised Distributors of DICHTA Switzerland made oil seals

DICHTA®

**Corporate Office :** 16,17 & 32 Ankur Comm. Centre, Opp. Swaminarayan Gurukul, Gondal Road, Rajkot-360 002.Tele. : (O) 0281-2381464 E-mail : sif567@yahoo.com

**ISO 14001:2004, OHSAS 18001:2007 and ISO/TS 16949:2009 Certified**

**Branch Office**

| | | | |
|---|---|---|---|
| Porbander | Kodinar (Ambuja) | Beawer (Raj.) | Dubai (UAE) |
| Jafrabad | Raipur (M.P.) | Pune (MH.) | Nairobi-Kenya (Africa) |

# ELGON CEMENT LTD.

BRAND Hi-Bond CEMENT

**Manufacturers And Supplier Of 43/53 OPC & PPC Grade Cement**

Factory Add. : UASIN GISHU ELDORET
At. Turbo East / Leseru Block 7 (Leseru)/581
P.O. Box 8589,Eldoret-30100 - Kenya. (Africa)
Mob.: +254-797 260991,
E-mail: info@epilkenya.com

Corporate Office : 10, Mogotyo Road,
P.O. Box 43414-00100 Nairobi - Kenya.(Africa)
P.O. Box 8589,Eldoret-30100 - Kenya.(Africa)
E-mail: info@epilkenya.com

# Forging the Future

"આંતરરાષ્ટ્રીય ગુણવતા પ્રમાણે મોડર્ન ફોર્જીંગ ટેકનોલોજી તેમજ સી.એન.સી. મશીન દ્વારા બેરીંગ રીંગ, ગીયર બ્લેન્ક અને ઓટોમોટીવ પાર્ટસ્‌ના ઉત્પાદક. ભારત, અમેરીકા તથા યુરોપની નામાંકિત કંપનીઓ જેવી કે SKF, SCHAEFFLER, TIMKEN, TACO, NTN-SNR-ICSA, KOYO, NACHI, NBC, MAHINDRA GEARS & DANA-OERLIKON ના ગ્રીનફ્લો કેટેગરીના સપ્લાયર."







RTL

## રવિ ટેકનોફોર્જ પ્રા.લી.

IATF 16949 : 2016, ISO 14001 : 2015 & ISO 45001 : 2018

ઉત્પાદક : બેરીંગ રીંગ, ગીયર બ્લેન્ક અને ઓટોમોટીવ પાર્ટસ્‌

રજીસ્ટર્ડ ઓફિસ એન્ડ ફેક્ટરી : સર્વે નં. 50/પી, ટોલનાકાની પાછળ, રાજકોટ-ગોંડલ નેશનલ હાઈવે નં.27, પીપળીયા, તા. ગોંડલ, જી. રાજકોટ. ગુજરાત (ભારત) ફોન : +91-2827-350200

E-mail : info@ravitechnoforge.com | Web : www.ravitechnoforge.com

VISHWAKARMA VISHWA(Gujarati), MONTHLY, RNI Regd. No. GUJGUJ/2013/49269. Post Reg. No. RAJKOT/497/2021-2023. Posted at Rajkot RMS on 10th of Every Month




VISHWAKARMA VISHAWA (GUJARATI-MONTHLY)
Editor-Publisher-Owner & Printer: Pravin Dayaljibhai Gajjar (Bhadeshia), Printed & Published at Ramy Printers, 'Meghavi', R.M.C. Nagar, Near Jain Boarding, Airport Road, Rajkot-360007, (Gujarat)
**If Undelivered Please Return : રમ્ય પબ્લીકેશન, ૩૨૦-હીરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ-૩૬૦૦૦૧**